

# શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર

## એક અધ્યયન

સંપાદન : ગુણવંત બરવાળિયા



# શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર

## એક અધ્યયન

**સંપાદન : ગુણવંત બરવાળિયા**

: પ્રકાશક :

**સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રીસર્ચ સેન્ટર**

અર્હમ સ્પિરીચ્યુઅલ સેન્ટર, એચ નં. ૨૩૧, શાસ્ત્રીનગર, બુદ્ધ મંદિર સામે,
પંતનગર, ઘાટકોપર (ઈ), મુંબઈ-૪૦૦૦૭૫ ફોન : ૨૫૦૧૦૬૫૮

# UVASAGGAHAR
## EK ADYAYAN

Edited by : Gunvant Barvalia
February 2010


- પ્રકાશન સૌજન્ય :
  **ઉવસગ્ગહરં સાધના ટ્રસ્ટ**
  પારસધામ, ઘાટકોપર.

- મૂલ્ય : **રૂા. ૧૫૦/-**

- સંપાદન :
  **ગુણવંત બરવાળિયા**

- પ્રકાશક :
  **સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લીટરરી રીસર્ચ સેન્ટર** - ઘાટકોપર (મુંબઈ)
  ફોન : ૦૨૨ - ૨૫૦૧૦૬૫૮ (મો) ૦૯૮૨૦૨ ૧૫૫૪૨

- પ્રાપ્તિસ્થાન :
  - **નવભારત સાહિત્ય મંદિર**
    પ્રિન્સેસ સ્ટ્રીટ, મુબઈ - ૨.
  - **સરસ્વતી પુસ્તક ભંડાર**
    હાથીખાના, રતન પોળ, અમદાવાદ.
  - **પાર્શ્વ પ્રકાશન**
    નિશા પોળને નાકે, રીલીફ રોડ, અમદાવાદ.

- મુદ્રક :
  **સસ્તું પુસ્તક ભંડાર, અમદાવાદ.**

# મંગલ આશીર્વચન...



આત્મીય જ્ઞાન આરાધકો,

જે **સમયનો સદુપયોગ**
**જ્ઞાન** આરાધનામાં કરે છે...
તેમનો **સમય**
**શુભ** અને **શ્રેષ્ઠ** બની જાય છે...

પરમાત્મા પાર્શ્વનાથની સ્તુતિ

## શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર ઉપર

આપનું સંશોધન... આપનું ચિંતન... આપનો પુરુષાર્થ...
પ્રશંસનીય છે...

આપના સંશોધનને સમાજના જનજન સુધી
પહોંચાડવાના પ્રયાસની પ્રશસ્તિ કરું છું...
ઉવસગ્ગહર સ્તોત્રનું અધ્યયન સૌના ઉપસર્ગોને
શાંત–પ્રશાંત કરી સમાધિ ભાવ અપાવે
એ જ મંગલભાવ સાથે...

આપનું જ્ઞાન સમ્યક્ રૂપે પરિણમે એ જ...

**મંગલ આશીર્વાદ...**



# શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની પ્રભાવકતા

શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર... પરમાત્મા પાર્શ્વનાથની સ્તુતિ...

જે યુગદૃષ્ટા યુવાહૃદય સમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. એ ન ક્યારેય વાંચ્યો હતો કે ન ક્યારેય સાંભળ્યો હતો... છતાં પૂર્વજન્મના સંસ્કાર અને સાધનાના કારણે... જીવનની અંતિમ ક્ષણે સ્વયં સ્ફુરિત થયો અને નવજીવનનો શ્વાસ બની ગયો... શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનું સતત સ્મરણ જ એમની સાધના બની ગઈ. હૃદયના અતલ ઊંડાણથી અને ચિત્તની એકાગ્રતાથી સતત રટણ કરવાથી એ સ્તોત્ર સ્વયં સિધ્ધ બની ગયો... આરાધનાના અર્કથી પુટ થયેલાં એ સ્તોત્રમાં એક અદૃશ્ય શક્તિ ઉત્પન થઈ ગઈ અને એની પ્રભાવક્તાને અનેક લોકોએ અનુભવી...

શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની આરાધનાથી પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. જીવલેણ રોગથી બચી ગયા હતાં.

શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનું શ્રવણ કરતાં કરતાં અનેક ભાવિકો કાર અકસ્માતમાં પણ સલામત રહી ગયાં. શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનું હૃદયસ્થ ચિંતન કરતાં કેટલાય કેન્સર આદિ રોગથી અશાતા મુક્ત બન્યાં. શ્રી ઉવસગ્ગહર સ્તોત્રથી કેટલાય આર્થિક મુંઝવણમાં અટવાયેલાં પરિવારો સુખ સમૃધ્ધિમય અને સમાધિમય બન્યાં. શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની આરાધનાથી કેટલીય આફતો - ઉપસર્ગોમાં સપડાયેલાં આત્માઓને રાહતનો અનુભવ થયો છે.

શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની આરાધનાથી કેટલાય શ્રેષ્ઠિવર્યોએ પોતાના આર્થિક ક્ષેત્રમાં ન ધારેલી સફળતા મેળવી અને શાસનના ચરણે સંપતિનું દાન કરેલ છે.

શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની આરાધનાથી કેટલાય મનોરોગથી પીડિત આત્માઓના મન શાંત થતાં પરિવારોએ રાહત અનુભવી છે.

પંચમકાળના આધિ વ્યાધિ ઉપાધિથી ઘેરાયેલાં કેટલાય જૈન પરિવારો તાંત્રિકો અને અઘોરીઓની મિથ્યાત્વકારકવિધિઓથી બચીને પરમાત્મા પાર્શ્વનાથની ભક્તિ સ્તુતિ દ્વારા અશુભકર્મને ખપાવીને જીવનમાં શાંતિ-સમતા અને સફળતા સાથે પરમાત્મ્ ભક્તિમાં શ્રધ્ધાવાન બન્યાં છે.

શ્રી ઉવસગ્ગહર સ્તોત્રના પ્રભાવથી પ્રભાવિત થયેલાં અનેક અજૈન શ્રેષ્ઠિઓ, રાજપુરુષો અને જનસમુદાયે પોતાના જીવનમાંથી માંસાહાર, દારૂ, જુગાર અને અનેક અવગુણોને છોડીને સાત્વિક સમાધિમય જીવન જીવવાનો સંકલ્પ કરેલ છે.

શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર વર્તમાન પંચમકાળના વેસ્ટર્ન વાતાવરણથી સર્જાતા નિમિત્તજન્ય દુઃખ, અસંતોષ અશાંતિથી બચાવીને સુખ, સમૃધ્ધિ, શાંતિ અને સફળતા તરફ લઈ જનાર પ્રગટ પ્રભાવક મહા ચમત્કારિક મહા લબ્ધિવંત કલિકાલ કલ્પતરૂ સમાન મહા સિધ્ધિદાયક અને ભગવાનના સ્મરણથી સમકિતદાયક છે.

# અર્પણ

જેના જીવનમાં સ્વયં

**શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર**

આત્મસાત થયું છે એવા

શાસન અરૂણોદય

**પૂ. ગુરૂદેવ શ્રી નમ્રમુનિ**

મહારાજ સાહેબને

વિનમ્ર ભાવે...

# શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર

ઉવસગ્ગહરં પાસં, પાસં વંદામિ કમ્મઘણમુક્કં
વિસહર વિસનિન્નાસં, મંગલ કલ્લાણ આવાસં ॥ (૧)

વિસહર ફુલિંગમંતં, કંઠે ધારેઇ જો સયા મણુઓ ।
તસ્સ ગહ-રોગ-મારી-દુટ્ઠ જરા જંતિ ઉવસામં ॥ (૨)

ચિટ્ઠઉ દૂરે મંતો, તુજ્જ પણામો વિ બહુફલો હોઈ ।
નર-તિરિએસુ વિજીવા, પાવંતિ ન દુકખ-દોગચ્ચં ॥ (૩)

તુહ સમ્મતે લદ્ધે, ચિંતામણિ કપ્પપાયવબ્ભહિએ ।
પાવંતિ અવિગ્ઘઘેણં, જીવા અયરામરં ઠાણં ॥ (૪)

ઈઅ સંથુઓ મહાયસ, ભતિબ્ભર નિબ્ભરેણ હિયએણ ।
તો દેવ દિજ્જ બોહિં, ભવે ભવે પાસ જિણચંદ ॥ (૫)

# ભાવાર્થ

ઉપસર્ગોને હરનારા, કર્મ સમુદાયથી મુક્ત,
એવા શ્રી પાર્શ્વનાથપ્રભુને વંદન કરું છું,
જેઓ વિષનો નાશ કરનારા અને
મંગલ-કલ્યાણના આવાસ રૂપ છે. ॥ ૧ ॥

જે મનુષ્ય સદા વિસહર સ્ફુલિંગ મંત્રને
કંઠમાં ધારણ કરે છે, તેમના દુષ્ટ ગ્રહો,
રોગો, માહામારી, જ્વર અને
જરા અવસ્થા ઉપશાંત થાય છે. ॥ ૨ ॥

પ્રભુના મંત્રનું સ્મરણ તો દૂર રહ્યું,
પરંતુ તેમને કરેલા પ્રણામ પણ ઘણા ફળદાયક છે.
જેનાથી મનુષ્ય અને તિર્યંચ જીવો દુઃખ
અને દુર્ગતિ પામતા નથી. ॥ ૩ ॥

કલ્પવૃક્ષ અને ચિંતામણિ રત્નથી વધુ મહિમાવંત
તારું સમ્યક્દર્શન જીવો પ્રાપ્ત કરે છે,
જેનાથી કોઈપણ પ્રકારના વિઘ્નવિના
અજર-અમર સ્થાન - મોક્ષની પ્રાપ્તિ થાય છે. ॥ ૪ ॥

હે મહા યશસ્વી પ્રભુ !
ભક્તિ ભરેલા પૂર્ણ હૃદય વડે આ સ્તુતિ કરું છું.
માટે હે પાર્શ્વ જિનચંદ્ર ! તીર્થંકર દેવ !
મને ભવોભવ આપની ભક્તિ આપજો. ॥ ૫ ॥

# નિયમ

શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રમાં
શ્રી પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ છે.

આ સ્તોત્રના સાધના સમયે ઊર્જા અવાહક
ઊન વગેરેનાં આસન ઉપર બેસવું.

પ્રતિદિન ઓછામાં ઓછું નવવાર
શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રનું વિધિવત્ સ્મરણ કરવું.

આ સ્તોત્રના માળાના માધ્યમે ૧૦૮ વાર જાપ
કરવા હોય તો માળાને મધ્યમા આંગળી ઉપર
સ્થાપિત કરી, અંગૂઠાથી મણકા ફેરવવા અને
માળા નાભિથી ઉપર રહે, તેમ રાખવી.

આ સ્તોત્રનું સ્મરણ દિવસ-રાત્રિના કોઈપણ
સમયે કરી શકાય.

આ સ્તોત્રની પ્રત્યેક ગાથામાં ૪-૪ પદ છે.
પ્રથમ પદનું ઉચ્ચારણ - હંસગતિ,
બીજા પદનું ઉચ્ચારણ - સિંહગતિ,
ત્રીજા પદનું ઉચ્ચારણ - હસ્તિગતિ અને
ચોથા પદનું ઉચ્ચારણ - સર્પગતિ
જેવી સ્વરગતિથી કરવું.

આ સ્તોત્ર જપ સાધના માટે સૂતર કે કાષ્ઠ માળાનો
ઉપયોગ કરવો. પ્લાસ્ટિક કે મેટલ વગેરે
ઊર્જાવાહક માળા વર્જ્ય ગણાય છે.

# સંપાદકીય

ઉવસગ્ગહરં સાધના ટ્રસ્ટ, ઘાટકોપર પ્રેરિત, સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટટરી રીસર્ચ સેન્ટર આયોજિત ઉવસગ્ગહરં શ્રુત એવોર્ડનું આયોજન શાસન પ્રભાવક પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.ની પ્રેરણાથી કરવામાં આવેલ હતું.

આ આયોજન અંતર્ગત પૂ. ગુરુભગવંતો, પૂ. સાધ્વીજીઓ, શ્રાવક-શ્રાવિકાઓના ઉવસગ્ગહરં સ્તોત્રના વિવિધ વિષયો પર નિબંધ - શોધપત્રો મોકલવા આમંત્રણ આપવામાં આવ્યું હતું. જેમાં ૪૨ વ્યક્તિઓએ પોતાનાં લખાણો પાઠવ્યાં હતાં.

આ લખાણોમાંથી કેટલાંક લખાણોનું સંકલન કરી અને શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર એક અધ્યયન નામે ગ્રંથસ્થ કરી પ્રકાશન કરતાં આનંદ અનુભવીએ છીએ.

વિદ્યાનોએ આ યોજનામાં પોતાના શોધપત્રો અને નિબંધો મોકલ્યા છે, તેનો હૃદયપૂર્વક આભાર માનું છું.

આ ગ્રંથને પૂજ્ય ગુરુદેવશ્રી નમ્રમુનિ મ. સા.નાં મંગલ આશીર્વચન સાંપડ્યા છે, તે આપણે માટે ગૌરવની ઘટના છે.

પાવનકારી ઉવસગ્ગહરં સ્તોત્રના હાર્દ સુધી પહોંચવામા અભ્યાસુ વિદ્વાનો અને ભક્તિવંતોને આ ગ્રંથ ઉપયોગી થશે એવી આશા સાથે વિરમું છું.

જિનાજ્ઞા વિરુધ્ધ કાંઈપણ પ્રગટ થયું હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડં.

૬૦૧, સ્મિત ઉપાશ્રય લેન, - ગુણવંત બરવાળિયા
ઘાટકોપર (ઈસ્ટ)
E-mail : gunvant.barvalia@gmail.com

# અનુક્રમણિકા


| અનુ. નં. | વિગત | પેજ નંબર |
|---|---|---|
| ૧. | **ઉવસગ્ગહરં સ્તોત્રમ્ કાવ્યંની સર્વાંગીણ સમીક્ષા** - પ્રવર્તક મુનિશ્રી મૃગેન્દ્ર વિજય મ. (જ્ઞાનતીર્થ) | ૧ |
| ૨. | **'ઉવસગ્ગહરં સૂત્ર'નું રહસ્યાત્મક તત્ત્વજ્ઞાન** - પંન્યાસ ડૉ. અરુણવિજય મહારાજ | ૯ |
| ૩. | **ઉવસગ્ગહરં સ્તોત્ર મહિમા** - પૂજ્ય જિનચંદ્રવિજયજી 'બંધુત્રિપુટી' | ૭૧ |
| ૪. | **ઉવસગ્ગહરંની પ્રત્યેક ગાથામાં મંત્ર અને યંત્રની ગૂંથણી** - ડૉ. શોભના આર. શાહ | ૮૧ |
| ૫. | **ઉવસગ્ગહરં સ્તોત્ર - સર્વાંગી સમીક્ષા** - ડૉ. નિરંજના વોરા | ૯૩ |
| ૬. | **ઉવસગ્ગહરં સ્તોત્ર - કાવ્યની સર્વાંગી સમીક્ષા** - અમીબહેન શાહ | ૧૦૯ |
| ૭. | **ઉવસગ્ગહરં સ્તોત્રના રચયિતા આચાર્ય ભદ્રબાહુનું જીવન ને કવન** - ડૉ. કલાબહેન શાહ | ૧૩૮ |
| ૮. | **ઉવસગ્ગહરં સ્તોત્ર - એક સમીક્ષા** - અરુણ જોષી | ૧૫૧ |
| ૯. | **શાંતિ અને કલ્યાણ માટેનાં પરમ ઉપકારક સ્તોત્ર-કાવ્ય તરીકે ઉવસગ્ગહરં સ્તોત્રનું મહત્ત્વ** - ભારતી મહેતા | ૧૫૯ |
| ૧૦. | **શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રનાં વૈજ્ઞાનિક રહસ્યો** - રેણુકાબહેન પોરવાલ | ૧૬૯ |
| ૧૧. | **ઉવસગ્ગહરં સ્તોત્ર-કાવ્યની સર્વાંગી સમીક્ષા** - પ્રવીણભાઈ સી. શાહ | ૧૭૬ |

# ઉવસગ્ગહરં સ્તોત્રમ્ કાવ્યની સર્વાંગીણ સમીક્ષા

લેખક : પ્રવર્તક મુનિશ્રી મૃગેન્દ્ર વિજય મ. (જ્ઞાનતીર્થ)

## મંગલાચરણ

कमठे धरणेन्द्रे च, स्वोचितं कर्म कुर्वति ।
प्रभुस्तुल्य मनोवृत्तिः पार्श्वनाथ श्रियेस्तु वः ॥

*- સકલાર્હત્ સ્તોત્ર*

अर्हं परब्रह्म रवि स्फुलिंग, ॐ ह्रीँ नमः श्री नमद् इन्द्र वृन्द ।
प्रणम्यसे पार्श्व ! विषं हर त्वम्, जिनर्षम श्रीँ भवते नमो ह्रीँ ॥

**પરબ્રહ્મરૂપ** : સૂર્યના સ્ફુલિંગ જેવા, પ્રણામ કરતાં (૬૪) ઈન્દ્રોના સમૂહથી યુક્ત, જિનોમાં વૃષભ સમાન. એવા હે પાર્શ્વપ્રભો ! તું અમારા વિષને દૂર કર. અમે તને નમસ્કાર કરીએ છીએ.

*- જૈન સ્તોત્રસંગ્રહ ભાગ-૨*

મહાપ્રભાવક 'ઉવસગ્ગહરં' નામ અને ગુણથી સંપન્ન સ્તોત્ર છે. જે પુરુષાદાનીય પાર્શ્વનાથ પ્રભુને સમર્પિત થયું છે. જે સમસ્ત જૈન સંઘની અમૂલ્ય નિધિ છે. ભગવદ્-ભક્તિનું ભવ્ય ભેટણું છે.

'ઉપસર્ગ' એટલે કહેવાતા ઉપદ્રવ, વિઘ્ન, અંતરાય, અનિષ્ટ, અમંગલ, અપશુકન, અડચણ, નડતર - **Obstacle** વગેરેને જે આમૂલચૂલ નષ્ટ કરનાર છે, તેથી જ આ સ્તોત્રનું નામકરણ પણ તદ્દન સાર્થક છે.

'સ્થાનાંગ સૂત્ર'માં ઉપસર્ગો ચાર પ્રકારના બતાવ્યા છે, જેમાં દેવ, મનુષ્ય, તિર્યંચકૃત અને આત્મસંવેદનીય - આ તમામ ઉપસર્ગો - ઉપદ્રવોની ઉપશાંતિ થાય છે, પરિણામે સદંતર ક્ષય થાય છે.

નવસ્મરણ યા સપ્તયુગમાં નિર્ધારિત સ્તોત્ર-પાઠોમાં 'ઉવસગ્ગહરં'નું અનન્ય સ્થાન છે. શ્રી પાર્શ્વનાથપ્રભુને સમર્પિત થયેલાં સ્તોત્રોમાં ત્રણ નામ મોખરે છે - (૧) ઉવસગ્ગહરં, (૨) નમિઉણ અને (૩) કલ્યાણ મંદિર સ્તોત્ર. જેમાં નમિઉણ સ્તોત્રનું ભયહર સ્તવ કે સ્તોત્ર તરીકે નામ હોવા છતાં 'નમિઉણ'થી જ વધુ પ્રસિદ્ધ છે.

પૂર્વાચાર્યોએ સ્તોત્રની પરિભાષા આપતાં કહ્યું છે -

"स्तोत्रं तु बहुश्लोक मानं"

(પંચાશકપ્રકરણ) એટલે કે એકથી વધુ પદ્યોવાળી કૃતિને સ્તોત્ર-સંજ્ઞા મળે છે. 'કરોડગણી પૂજા બરાબર એક સ્તોત્ર હોય છે' એવું પણ સમીકરણ છે. અજ્ઞાતકર્તૃક 'चऊव्विह ज्हाण थंत्तं' (ગાથા-૧૨) અને આચાર્ય શ્રી અભયદેવસૂરિ વિરચિત 'जय तिहुअण' સ્તોત્ર અનુક્રમે પ્રાકૃત અને અપભ્રંશ ભાષાની ઉત્તમ શ્રેષ્ઠ રચનાઓ છે, તેમ જ સકલાર્હત્ વીતરાગ સ્તવ, દેવાગમ સ્તોત્ર જેવાં સંસ્કૃત સ્તોત્રો અને અયોગ - અન્યયોગ, વ્યવચ્છેદ, દ્વાત્રિંશિકા જેવી દાર્શનિક કૃતિઓથી સંસ્કૃત સાહિત્યનો ભંડાર ભરપૂર છે.

પ્રસ્તુત उवसग्गहरं એ પ્રાકૃત ભાષાનું પદ્યમય મૂર્ધન્ય ભક્તિ-કાવ્ય છે. તે સ્તોત્રોનું આભૂષણ છે.

આ સ્તોત્રના રચયિતા ચતુર્દશ પૂર્વજ્ઞાનના ધારક - શ્રુતકેવળી, આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામીજી ભગવાન છે. તેથી આ સ્તોત્રનું અનુસંધાન પૂર્વશ્રુત સાથે યોજાય છે. આ ઘટનાનો આધાર આપણને 'ચતુર્વિંશતિ પ્રબંધ'માં મળે છે, ત્યારે તેની મૂળરચના પાંચ ગાથાની હતી, તેનો પણ ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. જે આજે ઉપલબ્ધ છે. 'પ્રિયંકરનૃપ કથા'નો શ્લોક પણ પાંચ ગાથાનું જ પ્રમાણપત્ર આપે છે, તે આ પ્રમાણે છે -

एकया गाथायाप्यस्य स्तवस्य स्मृत मात्रया ।
शांन्तिः स्यात् किं पुनः पूर्णँ पत्र्चगाथा प्रमाणकम् ॥ तथा
स्तोत्रस्यास्याष्टातिरिक्तं शतं यः कुर्याज्जापं पचगाथा मुकस्य
तस्यावश्चंमंक्षु नश्चन्ति विघ्नास्तं निः शेषा वृण्वते सिद्धयश्च

આ પ્રમાણે ગાથાના નિર્ણય અંગે માન્યતા-ભેદ પણ જોવા મળે છે. આજે ઉપસગ્ગહરંની ગાથાઓનું જ વૈવિધ્ય જોવા મળે છે, તેમાં ૨૦, ૧૩ તથા ૯ ગાથાના ઉવસગ્ગહરં સ્તોત્રનો સમાવેશ થાય છે. આ બધી જ રચનાઓ આજે મુદ્રિત છે. ઉવસગ્ગહરંની ૬ ગાથા પણ હતી અને તેના સ્મરણ-જાપમાત્રથી સ્તોત્રના અધિષ્ઠાતાદેવને હાજર - પ્રત્યક્ષ થવું પડતું હતું, કારણ કે દેવો મંત્રાધીન હોય છે.

એકવાર શ્રી ધરણેન્દ્રદેવે આચાર્ય શ્રી ભદ્રબાહુ સ્વામીજીને વિજ્ઞપ્તિ કરી કે - "પ્રભો, મંત્રાધિષ્ઠિત સ્તોત્રના કારણે મારે અનિવાર્યરૂપે ભૂતલ ઉપર આવવું પડે છે, તો કૃપા કરીને પુનઃ તેને તિરોહિત કરી દો, અર્થાત્ ભંડારી દો. માત્ર પાંચ ગાથાના સ્મરણથી પણ હું સાંનિધ્યમાં રહીશ." ગીતાર્થ આચાર્યશ્રીએ પણ ભાવિનાં એંધાણને પારખીને ધરણેન્દ્રદેવની આ વાતને માન્ય રાખી. બસ, ત્યારથી ૬ટ્ઠી ગાથા લુપ્ત મનાય છે. આ કિંવદન્તી - લોકવાયકાને પણ ટેકો આપવો રહ્યો.

સારાંશ એ કે - સત્તરમા શતક પૂર્વે ક્યાં ય પણ પાંચ ગાથાથી વધુ ગાથા હોવાનો ઉલ્લેખ મળતો નથી. આ અભ્યાસનો સાર એ જ કે - 'આજે ઉપલબ્ધ ઉવસગ્ગહરં સ્તોત્ર પરત્વે ટીકાઓ, વૃત્તિઓ પણ રચાઈ છે. આ બધાંનો રચનાકાળ બારમી શતાબ્દીથી લઈને સત્તરના ઉત્તરાર્ધ સુધી જાય છે. આ ઉપરાંત ઉવસગ્ગહરં સ્તોત્રની પાદપૂર્તિરૂપ રચનાઓ પણ મળે છે, તેમ જ સ્વતંત્ર કલ્પ પણ છે.'

હવે આપણે આ સ્તોત્રના મંત્ર-યંત્ર વિશે વિચારીશું. પૂર્વાચાર્યો વિરચિત વિશિષ્ટ સ્તોત્રની સાથે મંત્ર-જપ અને યંત્રનાં આલેખનની પણ પ્રાચીન પરંપરા છે. (તુલનાત્મક દૃષ્ટિએ - વૈદિક પરંપરામાં પણ આદિ શંકરાચાર્ય 'સૌન્દર્યલહરી'માં મંત્ર અને યંત્રના સંયુક્ત પ્રતીકરૂપે શ્રીયંત્ર જેવાં જુદાં જુદાં સો યંત્રોની વિવિધ આકૃતિઓ દર્શાવી છે.)

પૂર્વાચાર્ય વિરચિત ચોવીશ તીર્થંકર ભગવાન સંબંધિત ચોવીશ અનાહત મંત્ર-યંત્ર આજે પણ સુરક્ષિત છે. તેવી જ રીતે 'સંતિકરં સ્તોત્ર'માં **'ૐ નમો હ્રી સ્વાહા'** તથા **'સૌં હ્રીં નમઃ'**નો ઉલ્લેખ છે. *(ગાથા-૨/૩)*

'તિજયપહુત્ત સ્તોત્ર'માં **'હ ર હું હઃ'**, **'સ ર સું સઃ'** તથા **'ક્ષિ પ ૐ સ્વાહા'** જેવા બીજાક્ષરો સાથે સર્વતોભદ્ર યંત્ર નિબદ્ધ છે, તેમ જ તેના ઉપયોગની પણ માહિતી મળે છે.

'નમિઊસ્તોત્ર' અપરનામ 'ભયહરસ્તોત્ર'(ગાથા-૨૩)માં પાર્શ્વનાથ ભગવાનનો અઢાર અક્ષરનો મંત્ર સ્થાપિત છે.

'ભકતામર સ્તોત્ર'માં શ્લોક દીઠ મંત્ર અને યંત્ર પ્રભાવાત્મક રીતે આલેખાયાં છે. એક એક મંત્રગર્ભિત શ્લોકની રચના દ્વારા આચાર્ય માનતુંગસૂરિજીએ રાજા ભોજની સભામાં ચમત્કાર કરી લોખંડી બેડીઓ તોડીને તેઓ બહાર આવ્યા તે કોણ નથી જાણતું ?

આ જ ક્રમે અહીં પ્રસ્તુત ઉવસગ્ગહરં સ્તોત્રમાં પણ ચિંતામણિ મંત્ર તિરોહિત છે, જેને વિસહર - સ્ફુલિંગ મંત્ર પણ કહેવાય છે, અથવા સ્ફુલિંગ મંત્રરૂપે પણ ઓળખાય છે. તેનાં ત્રણ પાદ - ચરણ આ રીતે છે -

(૧) **ૐ હ્રીં શ્રીં અર્હં નમિઉણ** = ૮ અક્ષર
(૨) **પાસ વિસહર વસહ** = ૯ અક્ષર
(૩) **જિણ ફુલિંગ હ્રીં નમઃ** = ૮ અક્ષર

આ રીતે મંત્રનો સંપૂર્ણ મંત્રદેહ તૈયાર થયો. આ મંત્રાત્મક આકૃતિ એટલે જ ઉવસગ્ગહરં સ્તોત્ર. જે અક્ષરરૂપ મંદિરમાં મંત્રરૂપ દેવ બિરાજમાન છે તે આપણા સૌના ઉપાસ્ય, આરાધ્ય અને સાધ્ય છે.

# उवसग्गहरं स्तोत्रम्

## ગાથા-૧ : અર્થ પ્રાગટ્ય

उवसग्गहरं पासं, पासं, वंदामि कम्मघणमुक्कं ।
विसहर विसनिन्नासं, मंगल कल्लाण आवासं ॥१॥

ચતુર્વિધ ઉપદ્રવોને દૂર કરનાર પાર્શ્વયક્ષ જેમને છે (જેમની સેવામાં છે) તથા કર્મોરૂપ વાદળોથી અથવા ગાઢ કર્મોથી વિમુક્ત, વિષધરો - સર્પોના ઝેરનો સંપૂર્ણ નાશ કરનારા, મંગલ અને કલ્યાણનાં ક્રીડાસ્થાન એવા શ્રી પાર્શ્વનાથ પ્રભુને હું વંદન કરું છું.

## ગાથા - ૨

विसहर-फूलिंगमंतं, कंठे धारेइ जो सया मणुओ ।
तस्सगह-रोगमारी-दुट्ठ-जरा जंति उवसामं ॥२॥

જે મનુષ્ય અથવા તો મંત્રવેત્તા વિષહર એ ફુલિંગ શબ્દગર્ભિત મંત્રનો સદા જાપ કરે છે, તેના પ્રતિકૂળ ગ્રહો અને ભૂત વગેરેના ઉપદ્રવો શાંત થાય છે. રોગ, મરકી, દુષ્ટજ્વર વિનાશ પામે છે.

## ગાથા - ૩

चिट्ठउ दूरे मंतो, तुज्ज पणामो वि बहु फलो होइ ।
नर तिरिएसु वि जीवा, पावंति न दुक्ख दोगच्चं ॥३॥

પૂર્વોક્ત મંત્રનો પ્રભાવ તો એકબાજુ રહો, પરંતુ તેમને વિશિષ્ટ કોટિએ કરેલો પ્રણામ પણ ધન-ધાન્યાદિ અનેક ફળને આપે છે. એવા જીવો જો (કદાચ) મનુષ્ય કે તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થાય તો પણ તેને દુઃખ, દારિદ્રય કે દુર્ભાગ્ય સ્પર્શી શકતા નથી.

## ગાથા - ૪

तुह सम्मत्ते लद्धे, चिंतामणि कप्पपायवब्भहिए ।
पावंति अविग्घेणं, जीवा अयरामरं ठाणं ॥४॥

હે ભગવન્, ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષ કરતાં પણ અધિક - ઉત્કૃષ્ટ એવું તારું સમ્યક્ત્વ પ્રાપ્ત થતાં જીવાત્માઓ નિર્વિઘ્નપણે અજર-અમર એવા મોક્ષપદને પામે છે.

ईय संथुओ महायस-भत्तिभर-निब्भरेण हियएण ।
ता देव ! दिज्ज बोहिं, भवे भवे पास ! जिणचंद ! ॥५॥

હે મહાયશસ્વી, ભક્તિથી સંપૂર્ણ સભર એવા હૃદય વડે મેં આપની સ્તુતિ કરી છે, તેથી હે આરાધ્યદેવ ! જિનોમાં ચંદ્રસમાન હે પાર્શ્વપ્રભો ! મને જનમોજનમ જિનધર્મની પ્રાપ્તિરૂપ બોધિ આપો. ભક્ત ભગવાન પાસે એવું વરદાન ઇચ્છે છે.

ઉવસગ્ગહરં સ્તોત્રનું અર્થ-વૈવિધ્ય અને ગાંભીર્ય પણ આશ્ચર્ય ઉપજાવે તેવું છે. આર્ષવાણીનો આ ચમત્કાર જ ગણાય ! શબ્દ સાથે તેના અર્થનો ઘણો જ ઘનિષ્ઠ સંબંધ છે. 'शब्दार्थाविव संपृत्कौ, पार्वती-परमेश्वरो' (રઘુવંશ) શિવ-પાર્વતીની જેમ શબ્દ અને અર્થ પરસ્પર અનુસરે છે. અથવા માતા અને બાળકના ઉદાહરણથી પણ સમજી શકાય, વાછરડું જેમ ગૌમાતાની પાછળ પાછળ જાય છે, તેમ શબ્દની પાછળ અર્થ અનુસરે છે. 'वाचां अर्थोऽनुधावति ।'

પરંતુ ગીતાર્થ (આર્ષ) પુરુષોની વાણીનો પ્રભાવ એવો હોય છે કે - 'અર્થને તેમના શબ્દને વશ થવું પડે છે.' આટલું સમજ્યા પછી હવે આપણે ઉવસગ્ગહરં સ્તોત્રની ચમત્કૃતિ અંગે દૃષ્ટિપાત કરીશું.

આ સ્તોત્રમાં આ. ભદ્રબાહુ સ્વામીજીએ અર્થનો જે ભંડાર ભર્યો છે તે ખરેખર અદ્‌ભુત છે. 'આટલી અઢળક લક્ષ્મી અર્થાત્ અર્થરૂપ સંપત્તિને સાચવવા માટે આ સ્તોત્ર એક રત્ન-મંજૂષા (તિજોરી) જેવું છે.' એવી કલ્પના અસ્થાને નથી. સમગ્ર સ્તોત્રમાં ભગવાન પાર્શ્વનાથપ્રભુની સ્તુતિની ૧૨૮૦૦ પ્રકારે વિવક્ષા થઈ છે.

તેમાં પહેલી ગાથાના ૮૦ અર્થ. બીજી-ગાથાના ૪૦

૮૦ x ૪૦ = ૩૨૦૦ પ્રકાર ત્રીજી-ગાથાના બે અર્થથી
૩૨૦૦ x ૨ = ૬૪૦૦ પ્રકાર ચોથી-ગાથાનો એક પ્રકાર એટલે
૬૪૦૦ x ૧ = ૬૪૦૦ પ્રકાર પાંચમી-ગાથાના બે અર્થ
૬૪૦૦ x ૨ = ૧૨૮૦૦ કુલે સંખ્યા થઈ.

આમ, દર્પણની જેમ સ્પષ્ટ રીતે અર્થ-છાયા પ્રતિબિંબિત થાય છે. હવે આપણે ગાથા દીઠ એ અર્થ જોઈએ -

**પહેલી-ગાથાનાં ચાર પદ** અહીં અભિપ્રેત છે -

**૧. उवसग्गहरं पासं :**

તેના કુલ પાંચ અર્થ આ પ્રમાણે છે -

(૧) ઉપસર્ગોને હરનાર પાર્શ્વયક્ષ જેમની સેવામાં છે.

(૨) ઉપસર્ગોને હરનાર ધરણેન્દ્રદેવ જેમના સમીપવર્તી રહીને સેવા કરે છે. (સ્પૃશ ધાતુ)

(૩) ઉપસર્ગોને હરનાર અને ત્રિકાલવર્તી જ્ઞાનથી જગતને જોનાર (દશ્-પશ્ય્ ધાતુ)

(૪) ઉપસર્ગોને હરનાર અને આશા - આકાંક્ષાથી રહિત. (પ્ર + આશા)

(૫) ઉપસર્ગોને હરનારી અને જેના હાથમાં પાશ નામનું આયુધ છે તેવી પદ્માવતીદેવી જેમની સેવામાં છે.

**૨. कम्मघणमुक्कं :**

(૧) કાર્મણ વર્ગણારૂપી મેઘ-વાદળથી મુક્ત અથવા ગાઢ-નિબિડ ઘાતી કર્મથી રહિત.

(૨) 'કમ્મ' એટલે મનોહર ઘન-શરીરથી જોનારને મુદ હર્ષ આપનારા એવાં દિવ્ય તેજસ્વી દેહધારી પદ્માવતીદેવીથી પરિવૃત્ત.

**૩. विसहर विसनिन्नासं :**

(૧) નાગકુળના વિષધર - ઝેરી સર્પોના વિષને દૂર કરનાર ગારુડિક - માંત્રિક જેવા.

(૨) વિષ-જળ છે ગૃહ જેનું - વિષગૃહ એવા ગંગા નદીના કાંઠે એટલે કે - વારાણસીના મણિકર્ણિકાના ઘાટે પંચાગ્નિ તપ કરનાર કર્મઠ તાપસના હિંસારૂપ ધર્મ(વૃષ)ના વિનાશક.

(૩) વિષ-પાણી-વિષધર એવા મેઘમાલી નામે કમઠાસુરે ભગવાન ઉપર કરેલા મેઘ-તાંડવને પોતાની ફૂણા વિકુર્વીને છત્ર વડે તેનું નિવારણ કરનાર ધરણેન્દ્રથી પરિપૂજિત.

(૪) મિથ્યાત્વ, કષાયાદિ ભાવ-આંતરિક વિષને દૂર કરનાર.

**૪. मंगल कल्लाण आवासं :**

(૧) 'મંગલ' એટલે વિપત્તિઓનું ઉન્મૂલન. 'કલ્યાણ' એટલે સંપત્તિઓના ઉત્કર્ષરૂપ છે.

આમ, મંગલ અને કલ્યાણ બંનેનાં નિવાસસ્થાન ભગવાન છે. બંનેના અનન્ય કારણભૂત છે.

(૨) કલ્યાણકારી ભગવાનની આજ્ઞા - શાસનથી ભાવિત હૃદય-મનવાળા એવા ધરણેન્દ્રથી પૂજિત.

આ ગાથામાં ઉપયુક્ત ત્રણ વિશેષણો પૈકી **'कम्मघणमुक्कं'** વિશેષણ સ્વાર્થસંપત્તિસૂચક છે. **'विसहर विसनिन्नासं'** પદ પરાર્થસંપત્તિસૂચક છે; જ્યારે **'मंगल कल्लाण आवासं'** વિશેષણ ઉભય (સ્વાર્થ અને પરાર્થ-સંપત્તિસૂચક છે.)

આવું વિશ્લેષણ કરી શકાય.

**બીજી-ગાથાના ચાર પદ** આ પ્રમાણે છે - તેમાં પહેલા પદના પાંચ અર્થ આ રીતે છે -

**૧. विसहर-फुलिंगमंतं :**

(૧) વિસહર અને ફુલિંગ - આ બે મંત્રપદ ગર્ભિત તથા અઢાર અક્ષરાત્મક મંત્ર અને મુખ્યત્વે વિવક્ષા છે.

(૨) વિસહર ફુલિંગ સ્વરૂપ વિશિષ્ટ મંત્રમાં જેમનું સંનિધાન છે, અર્થાત્ પ્રતિષ્ઠિત છે એવા પાર્શ્વપ્રભુ.

(૩) પ્રસ્તુત મંત્ર શ્રી ધરણેન્દ્રદેવ, પદ્માવતીદેવી તથા પાર્શ્વયક્ષથી અધિષ્ઠિત છે.

(૪) વિષધરસર્પ અને અગ્નિકણ (સ્ફુલિંગ) આ શબ્દના ઉપલક્ષણથી બીજા પણ નાના-મોટા ક્ષુદ્ર ઉપદ્રવોના નિવારક.

(૫) કેટલાક આચાર્યો જુદાં જુદાં મંત્રબીજોથી આ અઢાર અક્ષરવાળા મૂળમંત્રને પરિવર્ધિત કરે છે, તે સર્વોનો અહીં સમાવેશ થાય છે.

**૨. मणुओ :**

(૧) મનુષ્ય - એટલે જે ભવ્યજીવ.

(૨) માંત્રિક - મંત્રના આમ્નાય, વિધિ-નિષેધ, ગુરુ પરંપરા વગેરેનો જાણકાર મંત્રવેત્તા.

૩. दुठ्ठ :

(૧) દુર્જન, શત્રુ અથવા ક્રોધિત રાજા વગેરે.

(૨) દુષ્ટ જ્વર, દાહજ્વર, શીતજ્વર, વિષમજ્વર જેવી વ્યાધિઓ.

૪. उवसामं :

(૧) ઉપશાંત થવું, વિરામ પામવું, અટકી જવું.

(૨) ઉ + વસામં = મુજબ વશ-આધીન થવું અર્થ કરીએ ત્યારે શાંતિક, પૌષ્ટિક, આકર્ષણ; વશીકરણ વગેરે કરવામાં પણ આ મંત્ર સમર્થ છે એવું ફલિત થાય છે.

**ત્રીજી-ગાથાનું પદ એક જ છે - 'नरतिरिएसु.'** તેના બે અર્થ વિવક્ષિત છે:

(૧) મનુષ્ય અથવા તિર્યંચ ગતિમાં રહેલા જીવો.

(૨) નરની આકૃતિમાં પશુતુલ્ય (નરપશુ) બાળક, ગોવાળ જેવા મૂઢ જીવો.

**ચોથી-ગાથા : 'चिंतामणि कप्पपायवब्भइए' :**

(૧) સમ્યક્ત્વ ગુણ, ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષ કરતાં પણ અધિક છે.

(૨) અત્યંત ઉત્કૃષ્ટ છે. કારણ કે ઉપર્યુક્ત બંનેમાં પારલૌકિક ફળ આપવાની ક્ષમતા નથી.

**પાંચમી-ગાથા : 'महायस'** પદના બે અર્થ છે :

(૧) ભગવાનને સંબોધન - 'હે મહાયશસ્વી પાર્શ્વનાથ પ્રભુ.'

(૨) પાર્શ્વયક્ષ પાસે સમ્યગ્દષ્ટિદેવ પાસેથી મિત્રભાવે માગણી - યાચના કરી છે. જે માન્ય છે.

આ સમગ્ર અર્થ-વિસ્તારનો મૂળ સ્તોત્ર ચૌદમા શતકમાં થયેલા આચાર્ય શ્રી જિન પ્રભુસૂરિજી વિચરિત અર્થ - કલ્પનાવૃત્તિ છે. આ ગ્રંથ પ્રકાશિત છે. આપણે તેમના અનુગૃહિત છીએ

પ્રાંતે વર્તમાન સમયમાં ઉવસગ્ગહરં સ્તોત્રને મૂર્તિમંત કરતું 'શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વતીર્થ' *(નાગપુર, દુર્ગ, મ.પ્ર.)* તેમ જ 'શ્રી ૧૦૮ પાર્શ્વનાથ તીર્થદર્શન' ગ્રંથ (ભાગ-૧-૨) બંનેનું સ્મરણ કરીને ઉવસગ્ગહરં સ્તોત્રનું પાવન સાંનિધ્ય માણીએ, એવી ભાવના સાથે હું આ નિબંધ સમર્પિત કરું છું.

# 'ઉવસગ્ગહરં સૂત્ર'નું રહસ્યાત્મક તત્ત્વજ્ઞાન

પંન્યાસ ડો. અરુણવિજય મહારાજ

## ઉવસગ્ગહરં સ્તોત્ર

**ઉવસગ્ગહરં પાસં, પાસં વંદામિ કમ્મઘણમુક્કં ।**
**વિસહર વિસનિન્નાસં, મંગલ કલ્લાણ આવાસં ॥૧॥**

**વિસહર-ફૂલિંગમંતં, કંઠે ધારેઈ જો સયા મણુઓ ।**
**તસ્સગહ-રોગમારી-દુટ્ઠ-જરા જંતિ ઉવસામં ॥૨॥**

**ચિટ્ઠઉ દૂરે મંતો, તુજ્જ પણામો વિ બહુ ફલો હોઈ ।**
**નર તિરિએસુ વિ જીવા, પાવંતિ ન દુક્ખ દોગચ્ચં ॥૩॥**

**તુહ સમ્મત્તે લદ્ધે, ચિંતામણિ કપ્પપાયવબ્ભહિએ ।**
**પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં ॥૪॥**

**ઈય સંથુઓ મહાયસ-ભત્તિભર-નિબ્ભરેણ હિયએણ ।**
**તા દેવ ! દિજ્જ બોહિં, ભવે ભવે પાસ ! જિણચંદ ! ॥૫॥**

પરમાત્મા પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ-સ્તવના રૂપ આ સ્તોત્રની રચના ચૌદપૂર્વધર ચરમ પૂર્વજ્ઞ મહાપુરુષ શ્રી ભદ્રબાહુસૂરિ મહારાજ દ્વારા કરવામાં આવેલ છે. આરાધ્ય અને ઉપાસ્ય દેવ પરમાત્મા પાર્શ્વનાથ ભગવાન છે, અને આ સ્તોત્રના રચયિતા ચરમ-અંતિમ ચતુર્દશ પૂર્વધર મહાપુરુષ હોઈ. બંનેબાજુ સર્વોચ્ચતા પ્રાપ્ત થતી હોય પછી તેની રચના કે કૃતિમાં શંકા-સંદેહને સ્થાન રહેતું જ નથો. પુરુષવિશ્વાસે વચન વિશ્વાસના નિયમાનુસાર આરાધ્ય-આરાધક, ઉપાસ્ય-ઉપાસક બંને ટોચના છે, માટે વિશ્વસનીયતા, ઉપાદેયતા હજારગણી વધી જાય તે સ્વાભાવિક છે.

આ સ્તોત્રની રચના પાછળ કારણભૂત નિમિત્ત જૈન શાસન ઉપર, જૈન સંઘ ઉપર, આરાધકો ઉપર આવી પડેલા ઉપસર્ગ-ઉપદ્રવને નિવારવાર્થે છે, માટે આ સ્તોત્ર સમસ્ત જૈન શાસન, જૈન સંઘના હિતમાં છે, લાભાર્થે છે. સકળ શ્રી સંઘના પ્રત્યેક વર્ગના હિતાર્થે છે. એકમાત્ર વ્યક્તિગત કષ્ટ કે વિઘ્ન-નિવારણ પૂરતું જ સીમિત નથી. આ રીતે પણ એની વ્યાપકતા જણાય છે.

મોટા ભાઈ વરાહમિહિર અપમાનિત અને અપ્રતિષ્ઠિત થઈ રોષે ભરાયા. જો કે પ્રથમથી પોતાના લઘુ ભાઈ ઉપર વિદ્વેષ ધરાવતા હતા. સંસારની વિચિત્રતા કેવી છે ? સગા ભાઈ હોવા છતાં પણ, અને મોટા ભાઈ હોવા છતાં પણ પોતાના નાના ભાઈ ઉપર વિના-કારણે દ્વેષ ધરાવતા હતા, ઈર્ષ્યા થતી હતી. 'સાતમા દિવસે પુત્રનું મૃત્યુ બિલાડી દ્વારા થશે' તેવા ભવિષ્ય-કથનના શબ્દો ભદ્રબાહુના સાચા પડ્યા અને પોતે મહાન રાજજ્યોતિષી હોવા છતાં પોતાનું ભાવિફળકથન ખોટું ઠર્યું હોવાથી, વધુ અપકીર્તિ થવાથી તેમ જ પરભવનો મત્સ્ય પણ કુંડાળાના કાંઠે પડ્યું આદિ બાબતોમાં ભદ્રબાહુ કે જેના ઉપર નિષ્કારણ દ્વેષ હતો, તેની યશકીર્તિ ખૂબ વધી અને પોતાની તેથી વિપરીત અપયશ-અપકીર્તિ ઘણી થવાથી અપમાનિત થયેલા વરાહમિહિરે બદલો લેવાની મનમાં ગાંઠ બાંધી. કોઈની પણ યશકીર્તિ એના યશનામ-કર્માદિ પુણ્ય-પ્રકૃતિથી વધે છે, માટે કોઈના વધતા-જતા યશાદિ નિમિત્તે વિદ્વેષ કરવો કે ઈર્ષ્યા રાખવી એ નિરર્થક કષાય કરી કર્મ બાધવાં જેવાં છે.

વરાહમિહિર માટે જ્યોતિષાદિ વિદ્યા આજીવિકા-ઉપાર્જન હેતુ હતી, જ્યારે ભદ્રબાહુ જૈનાચાર્ય હતા, જ્ઞાતા હતા, પરંતુ નિષ્કારણ તેનો ઉપયોગ નહોતો કરતા. જૈનશાસનના હિતમાં ન છૂટકે સંઘના દબાણને વશમાં થઈને કરવી પડે ત્યારે જ કરતા હતા. તે કાળે જ્યારે ધર્મને રાજ્યાશ્રય હતો, ત્યારે કરવી ઉચિત લાગતા તેમના દ્વારા કરવામાં આવવાથી જૈન ધર્મની યશકીર્તિ-પ્રતિષ્ઠા વધતી હતી. પોતાની કીર્તિ વધારવા તેઓ નહોતા કરતા અને આવા પવિત્ર ઉદ્દેશ્યથી કરવા છતાં પણ વરાહમિહિરના મનમાં ઈર્ષ્યા-દ્વેષ વધે, તો તેમાં ભદ્રબાહુ સ્વામી શું કરી શકે ? તેઓ મહાન જ્ઞાની-ગીતાર્થ તો હતા જ. ઈર્ષ્યા-દ્વેષની વૃત્તિવાળો વરાહમિહિર 'રાજ-અપમાનિત થઈ અપકીર્તિનો બદલો લેવા શું કરશે ? શું કરી શકશે ?' તેનો અણસાર સ્વાભાવિક રીતે આવી શકે તેવો હતો. પરંતુ સમસ્ત જૈન શાસનનું, સકળ સંઘનું હિત, ધર્મની રાજપ્રતિષ્ઠા આદિ હિતોનો વિચાર કરીને જ ફળકથન કર્યું હતું, અન્યથા કોઈને ત્યાં પુત્ર જન્મે, કેટલો જીવે, કેટલાં વર્ષે મરે આદિ વ્યક્તિગત બાબતોથી જૈનાચાર્ય ફળકથન કરવા નથી પ્રેરાતા. તેઓ સંસારનું આવું જન્મ-મરણનું ચક્ર સારી રીતે સમજે છે, માટે નિર્લેપ રહે છે. તેમ છતાં પણ વિદ્યાના જ્ઞાતા છે. શાસન-હિતાદિના પ્રસંગે ઉચિત સદુપયોગ કરવાનું ટાળતા નથી. વરાહમિહિર રાજ તરફથી અપમાનિત થઈને ખૂબ જ છંછેડાઈ ગયો છે. ઈર્ષ્યા-દ્વેષની એની આગમાં દિવેલ રેડાયું હોય તેવો ભડકો વધ્યો, અને તે કંઈ પણ અજૂગતું કરે એમાં નવાઈ પણ નથી.

એવું જ બન્યું, વરાહમિહિર મૃત્યુ પામી વ્યંતર બન્યો. વિભંગાવધિ જ્ઞાનથી બધી હકીકત જાણી વેર વાળવા સમસ્ત સંઘ ઉપર આફત ઊભી કરી. વૈમનસ્ય-ભાવની દ્વેષવૃત્તિ કરનારો કંઈ કચાશ રાખે ખરો ? સકળ સંઘ ઉપર અને જૈન શાસન ઉપર આવેલા આ ઉપસર્ગ-ઉપદ્રવનું નિવારણ કરવા માટે ભદ્રબાહુ સ્વામી સ્વયં સમર્થ હતા. ચૌદમા પૂર્વોમાં નવમું પૂર્વ વિદ્યાપ્રવાદ પૂર્વે છે, જે અનેક વિદ્યાઓ મંત્ર-તંત્ર-યંત્રનો ખજાનો મનાય છે. ભદ્રબાહુ સ્વામી તેના સારા જ્ઞાતા હતા. તે કાળ પણ મંત્ર-તંત્ર-યંત્ર યુગનો હતો. શાસન ઉપર આવેલા આ ઉપદ્રવને ટાળવો અને સકળ શ્રી સંઘની રક્ષા કરવાની જવાબદારી તેમને માથે લીધી. 'આ વરાહમિહિર વ્યંતરના ઉપદ્રવને ખાળવા શું ઉચિત છે ? શું જેવાની સાથે તેવા થવું ? એટલે શું વ્યંતર થઈને તે વ્યંતરને મ્હાત કરવો ? ના, પોતાનું અહિત પણ ન થાય, કોઈનું પણ અહિત ન થાય, સાપ મરે નહિ અને લાકડી તૂટે નહિ તે રીતે કોઈ ઉપાય વહેલી તકે કરવો ઘટે.' મહાન જ્ઞાની-ગીતાર્થ મહાપુરુષે શાસન અને સિદ્ધાંતની મર્યાદામાં રહીને યોગ્ય મંત્ર-તંત્ર-યંત્રનો આશ્રય લઈને ઉપાયરૂપે જે સ્તોત્રની રચના કરી, તે સ્તોત્ર ઉવસગ્ગહરં સ્તોત્ર છે. સાથે સાથે તેઓએ દીર્ઘ ભવિષ્યનો, લોકોની માનસિકતા વગેરેનો પણ ઊંડો વિચાર કરેલો. શું લોકોને માત્ર ટૂંકો મંત્ર જ આપી દેવો ? કે પછી શું ફક્ત યંત્ર જ બનાવી આપવાં ? અથવા શું કોઈ વધુ શક્તિશાળી દેવી-દેવતાના મંત્ર કે યંત્રની સ્થાપના કરવી ? શું લોકોને ગણવા-જપવા પણ ન પડે અને ફક્ત ગળે બાંધી દેવા(કંઠે ધારેઈ)થી કામ પતાવી દેવું ? અથવા શું કોઈ દેવી-દેવતાને હાજર રાખી લેવા ? અથવા આ બધી લાંબી પંચાતમાં પડવા કરતાં ફક્ત નમસ્કાર (પણામો વિ) પ્રણામ કરવામાત્રથી કામ પતી જાય તેવું કરવું ? ઘણા બધા વિકલ્પો તેમની સમક્ષ હતા, અને તેઓ બધી રીતે સક્ષમ-સમર્થ હતા. સામે જેટલો તીવ્ર ઉપદ્રવ-ઉપસર્ગ છે, તેટલો જ અને તેથી વધારે સક્ષમ જલદ ઉપાય કે ઉપચાર ગોઠવે તો જ ઉપસર્ગનું નિવારણ થાય તેમ છે. વાત પણ સાચી છે કે - 'રોગની જેટલી તીવ્રતા વધુ પડતી દેખાય તેનાથી દશગણી વધુ અસરકારક દવા હોવી જોઈએ, તો તેટલી જ ઝડપથી રોગ પણ પાછો ઠેલાય.'

અહીં પણ ઉપસર્ગ-ઉપદ્રવની તીવ્રતા તેટલી જ ભારે હતી. એ વ્યંતર થઈને ત્રાટક્યો હતો. મારી-મરકીના ઉપદ્રવમાં દરરોજ કોઈ ને કોઈનું મૃત્યુ થતું હોય તે કેવી રીતે ચાલે ? સકળ શ્રી સંઘમાંથી આગેવાનો-વડીલો, મોવડીઓ વગેરે એક પછી એક મૃત્યુનો કોળિયો થઈને ઊપડતા જ જાય.

એ કેવી રીતે પાલવે ? સંઘ સમસ્તની કાકલુદીભરી વિનંતી ઘણી હૃદયદ્રાવક હતી, તેથી ભદ્રબાહુ સ્વામીની પણ ફરજ અને જવાબદારી પણ ઘણી મોટી હતી. અને જલદપ્રભાવી ઉપાય અજમાવવામાં વિલંબ કરાય તેમ નથી, પાલવે તેમ પણ નથી. વીરપ્રભુની પાટે બિરાજમાન મહાન પ્રભાવી આચાર્ય સુકાની છે. આવી પરિસ્થિતિમાં ઉપેક્ષા કેવી રીતે કરે ? અને શા માટે કરે ? જ્યારે ચૌદમાપૂર્વધર મહાપુરુષ છે. ચૌદમા પૂર્વની વિદ્યાઓ યંત્રો-મંત્રો-તંત્રોનો ખજાનો તેમની પાસે હાથમાં છે, તો નિશ્ચિત જ તેઓ તેના જ્ઞાત અધિકારી મહાપુરુષ હતા. પરંતુ તેમની સમક્ષ મૂંઝવણ એ હતી કે - 'વધુમાં વધુ પ્રભાવી અને ઓછામાં ઓછા પ્રયત્નથી, ઓછામાં ઓછા સમયમાં ઝડપી કામ કરે તેવો ઉપાય કયો અને કેવી રીતે અજમાવવો ? શું બીજા કોઈ બલવત્તર વ્યંતરને તેની સામે ઊભો કરી દેવો ? કે આખા સંઘમાં ઘરે ઘરે જાપ કરાવવા ? કે પછી ફક્ત બધા લોકોના ગળે (કંઠે ધારેઈ) બાંધી દેવા ? કે પછી ફક્ત નમસ્કાર (પણામો વિ) પ્રણામ જ કરાવવા ? કે પછી તત્પૂરતો લાભ કરાવવા સામે આવી પડનારાં અનિષ્ટોનો પણ પહેલેથી જ વિચાર કરીને સમજદારીથી પ્રયોગ કરવો ?'

જો એકબાજુ **'તુજ્જ પણામો વિ બહુ ફલો હોઈ'** - માત્ર તેને પ્રણામ કરવાથી પણ ઘણું મળે છે... તેઓ પોતે આ શબ્દો વાપરે છે અને જાણે છે. બીજીબાજુ **'કંઠે ધારેઈ'** - ફક્ત કંઠ(ગળા)માં ધારણ કરી દેવામાત્રથી પણ કામ સરે તેમ છે, તો પછી મોટા લાંબા સ્તોત્રની શી જરૂર ? ગળામાં ધારણ કરવા માટે આખો સ્તોત્ર લાંબો હોય ખરો ? કે માત્ર મંત્રથી ચાલે ? મંત્રો હંમેશાં હોય છે, જ્યારે સ્તોત્રો તો સ્વાભાવિક લાંબા-મોટા જ હોય છે. વધુ સારાં કયાં ? વધુ પ્રભાવી કયાં ? પરંતુ પોતે જ પાછા ઉત્તર આપવા શબ્દો વાપરે છે કે - **'ચિટ્ઠઉ દૂરે મંતો'** - તારો મંત્ર તો દૂર રહો. ઘણા મંત્રો પણ લાંબા લાંબા અને પાછા એવા એવા બીજાક્ષરો વગેરેથી જોડાયેલા બનેલા હોય છે કે ઉચ્ચાર કરવામાં પણ ઘણાંને નથી ફાવતા, તો પછી શું કરવું ? મંત્રોમાં અશુદ્ધિ ન ચાલે, એટલે ઘણા તો આવા જટિલ મંત્રો જપવાથી ડરતા હોય છે. બીજીબાજુ મંત્રો ગૂઢ હોય છે અને જલદી અર્થો પણ ન નીકળે, ન સમજાય. અને જો ફક્ત **'કંઠે ધારેઈ'** ગળામાં જ ધારણ કરવાના હોય તો તેટલા બનાવીને બધાને આપવા પડે. એટલા બધા હજારોની સંખ્યામાં ક્યારે બને ? કેવી રીતે બને ? કેટલા જણ બનાવે ? બધા જ શુદ્ધ જ લેખાશે કે કેમ ? અને **'કંઠે ધારેઈ'**નો અર્થ શું

ગળામાં માદળિયું પહેરી રાખવું એટલો જ છે ? કે કંઠમાં નિયમિત લોકો જપતા-રટતા રહે તેમ કરવું છે ? જો હજારો લોકોને યંત્રો, માદળિયામાં બનાવીને પહેરવા જ આપી દેવાય તો આરાધના-સાધના કોણ કરશે ? દેવતાથી અધિષ્ઠિત હોવાથી તે બધા પાછા ક્યારે લેવા ? શું બધાં પાછા આપશે ખરા કે નહિ ? ભદ્રબાહુ સ્વામીને પોતે આપેલા ઉપાયમાં આત્મ-વિશ્વાસ પૂરતો છે, એટલે ચોક્કસ તે ઉપાય પ્રભાવી-બલવત્તર નીવડશે અને અસરકારક હોવાથી ચોક્કસ પરિણામ લાવશે. અને દેવતાની ઉપસ્થિતિ-વાળો દૈવી ઉપાય છે, માટે અલ્પકાળમાં જ કાર્યસિદ્ધિ તો થઈ જશે. એટલી બધી ખાતરી છે. પછી શું ?' માટે ઘણા લાંબા વિચારને અંતે તે મંત્રવેત્તા મહાપુરુષે મંત્રને ગુપ્ત રાખીને સ્તોત્રમાં વણીને બધાને આપવાનો કીમિયો ઠરાવ્યો. જેમ કોઈને ઔષધિ દૂધમાં, છાશમાં, દાળમાં વગેરેમાં સંતાડીને આપવી. સામેવાળાને ખબર પણ ન પડે અને અસર કરી રોગને ઝડપથી મટાડે; તેવી જ રીતે સ્તોત્રની વચ્ચે સંતાડીને મંત્ર આપવો. બહારથી તે સ્તોત્ર સાવ સાદો-સરળ, પ્રભુભક્તિપ્રધાન અર્થવાળો લાગે, પરંતુ અંદર અર્થ-ગંભીરતા ભરેલી હોય અને મંત્ર ગૂંથેલો-વણેલો હોય, તે તેનો પ્રભાવ દેખાડે. જેથી કોઈ મંત્રનો દૂરુપયોગ પણ ન કરી શકે. આવી યોજના ગોઠવી.

**માનતુંગસૂરિ મ.** જેવા તો વળી ખુલાસો કરીને સ્પષ્ટ જ કરી દે છે કે -

**'एआस्स मज्मयारे अट्ठार अक्खरेहिं जो मंतो - जो जाणइ सो माणइ'**

આ સ્તોત્રમાં અઢાર અક્ષરનો જેમ મંત્ર ગુપ્ત રીતે ગૂંથીને (વણીને) સંતાડવામાં આવ્યો છે અને તેને જે જાણી જશે, ઓળખી જશે, તે તેનું જપ-ધ્યાન કરશે તે... લાભ પામશે. અહીં પણ માનતુંગસૂરિ જેવી જ યોજના ગોઠવાઈ છે. ભદ્રબાહુ સ્વામી પણ આ જ નિર્ણય ઉપર આવ્યા અને તેમના એક નાનકડા સ્તોત્રમાં ગુપ્ત મંત્ર વણી આપ્યો. એ કાળમાં આ પદ્ધતિ પ્રચલિત હતી. જૈનશાસનમાં એવાં સેંકડો સ્તોત્રો મળે છે.

હવે જો સ્તોત્ર કે મંત્રરચના કરે, તો કોની કરે ? કેવી કરે ? શું તારક તીર્થંકર પરમાત્માની કરે કે પછી દેવ-દેવીની ઉપાસના કરવામાત્રથી ચાલી જશે ? શું દેવ-દેવીઓ મોક્ષ અપાવી શકશે ? સંભવ છે ? ચારે ય નિકાયના કોઈ પણ દેવ-દેવીઓની મંત્રાદિ દ્વારા કરવામાં આવેલી સાધના મોક્ષસાધક બની શકે ? ભવિષ્યનાં હજારો વર્ષોનો પણ વિચાર કરવો ઘટે. તેઓ મહાવીરની પાટે બિરાજેલા મહાપુરુષ છે. ચૌદપૂર્વી છે. કોઈ દેવ-દેવીઓના માત્ર ઉપાસક નથી કે અઘોરી બાવા કે તાંત્રિક માત્ર નથી;

એટલે માત્ર ઉપસર્ગ-નિવારણ પૂરતો... તત્પૂરતો ઉપાય જ શોધવો બને તેમ નથી. તે કરતાં તો... તારક તીર્થંકર પરમાત્માનું લક્ષ રાખીને સમસ્ત લોકોને મોક્ષલક્ષી બનાવવા અને તે રસ્તે ચાલતા-ચાલતા આગળ વધતા ઉપસર્ગો-ઉપદ્રવો ટળી જાય તેવું કરવું. માટે **'પાવંતિ અવિગ્ઘેણં જીવા અયરામરં ઠાણં'** આ શબ્દો વાપર્યા છે. એના ઉપર ધ્યાન આપ્યું. પાર્શ્વયક્ષ અને પાર્શ્વનાથ. એકબાજુ પાર્શ્વ (પાસં) યક્ષ છે બીજીબાજુ પાર્શ્વનાથ ભગવાન (પાસં) પણ છે. એટલું જ નહિ પાર્શ્વ (પાસં) યક્ષ જેમ સાવ પાસે (પાસં) છે, અને તે પણ કેવો છે ? જેવો તેવો નથી. **'ઉવસગ્ગહરં પાસં'** - ઉપસર્ગો-ઉપદ્રવોને હણી નાંખે તેવો, હણવામાં સક્ષમ-સમર્થ છે તેવો છે અને તેવો પાર્શ્વયક્ષ પાર્શ્વપ્રભુની સાવ પાસે જ છે. આવા સંજોગોમાં ભદ્રબાહુ સ્વામીની મૂંઝવણ એવી બધી છે કે શું કરવું ? Shortcut સાવ ટૂંકો રસ્તો તો પાર્શ્વયક્ષની જ ઉપાસનાનો છે. જ્યારે ઉપસર્ગો સામે છે અને તેનું નિવારણ તાત્કાલિક કરવાનું છે અને બીજીબાજુ ઉપસર્ગોને હણવામાં સક્ષમ સમર્થ પાર્શ્વયક્ષ પણ સામે જ છે. સાવ જ પાસે છે, તો પછી પાર્શ્વયક્ષની સાધના કરીને કાર્યસિદ્ધિ સાધવાની તક શું કામ જતી કરવી ? શું કરવું ?

'પાસં' શબ્દ પાસે - સમીપના અર્થમાં પણ છે. પણ કોની પાસે છે, જેમાં પાર્શ્વનાથ ભગવાનની પાસે છે, તેમ જ સાધક એવા ભદ્રબાહુ સ્વામીની પણ સાવ પાસે છે. દૃઢ વિશ્વાસમાં સાવ પાસે છે. ભદ્રબાહુ સ્વામીને દૃઢ વિશ્વાસ છે કે - 'ઉપસર્ગોને તે ખાળી શકશે, નિવારી શકશે.' ભદ્રબાહુ સ્વામી શંકાશીલ નથી. તેમને અધૂરો કે અપૂરતો વિશ્વાસ નથી, દૃઢ વિશ્વાસ છે. માટે **'ઉવસગ્ગહરં'**નું વિશેષણ તેમણે કોની સાથે જોડ્યું છે ? **'ઉવસગ્ગહરં પાસં'** કે પછી **'ઉવસગ્ગહરં પાસં, પાસં વંદામિ ?'** ઉપસર્ગોને હણનાર કોણ ? ફક્ત પાર્શ્વયક્ષ જ છે કે પાર્શ્વનાથ ભગવાન છે ? આ પ્રશ્ન ઘણો જટિલ છે. શું પાર્શ્વયક્ષની શ્રદ્ધાથી જ **'પાવંતિ અવિગ્ઘેણં જીવા અયરામરં ઠાણં'** - અજરામર(મોક્ષ)ના સ્થાનને વિના-વિઘ્ને જલદી પામી શકાશે કે પછી પાર્શ્વનાથ પરમાત્માની ઉપાસનાથી ? કોઈ પણ દેવ-દેવીઓની શ્રદ્ધા, ભક્તિ કે ઉપાસનાથી અજરામરપદની પ્રાપ્તિ સુલભ નથી.

વર્તમાનકાળના ભક્તોએ ભદ્રબાહુ સ્વામીની દૃઢ શ્રદ્ધા, પ્રાર્શ્વપ્રભુ પ્રત્યેની ભક્તિ અને તે પણ મોક્ષલક્ષી કેવી છે ? કેવું તેમનું સમ્યગ્દર્શન છે, તેનાં રહસ્યોને વહેલી તકે સમજી લેવાં જોઈએ. વર્તમાનકાળમાં ઘણાં લોકો તીર્થંકર પદવી વિશુદ્ધ કક્ષાની મોક્ષલક્ષ્યવાળી સર્વોચ્ચ સાધના-

ઉપાસનાનું લક્ષ છોડીને એકમાત્ર જે દેવ-દેવીઓની ઉપાસનામાં જ પડી જાય છે, તે અજરામર પદની પ્રાપ્તિથી વંચિત રહી જાય છે. અને કદાચ પાર્શ્વનાથાદિ પરમાત્માની ભક્તિ કરતા પણ હશે, પરંતુ માત્ર ઉપસર્ગ-ઉપદ્રવ-વિઘ્નો કે ગ્રહ - રોગ - મારી આદિના નિવારણનાં લક્ષ પૂરતાં જ કરતા જ હશે ? ભૌતિક-લાભ ખાતર જ કરતા હશે અને અજરામર પદનો લક્ષ સર્વથા નહિ હોય તો શું પામશે ? ભક્તિ કરવી, ના નથી, અવશ્ય કરવી. પરંતુ સુયોગ્ય આશય-લક્ષથી સારી રીતે અને સાચી રીતે જ કરવી. ભક્તિ કરતા જૈન ધર્મના કોઈ સિદ્ધાંતો સાચવવાની આવશ્યકતા નથી. તેવો વિચાર પણ ન કરવો. ના... ના..., ભક્તિમાં શું છે ? આપણા મનમાં જે આવે, જેમ ફાવે ? જેવી ઇચ્છા થાય તેમ કરતા જવું ! બસ, ભક્તિમાં વળી શું જોવું. ના... આવું બોલતા કે વિચારતા પહેલાં હજારવાર વિચાર કરવો. અત્રે પ્રસ્તુત ઉવસગ્ગહરંના કર્તા ભદ્રબાહુ સ્વામીનું અંતરમન પણ વિચાર કરજો. સમજવાની તકલીફ લેવી. ખરેખર ખૂબ ઊંડાં રહસ્યો આમાં છે તે સમજવાની તકલીફ ચોક્કસ લેવી.

ભદ્રબાહુ સ્વામી લોકોને ફક્ત આંધળી શ્રદ્ધાને ઊંધા રવાડે ચડાવે તેવા નથી. તે વખતે તત્પૂરતા લક્ષને સાધવામાત્ર પાર્શ્વયક્ષની સ્તુતિ કે ઉપાસના કરી નથી લેતા. અને જ્યારે એક સ્તોત્રની રચના કરીને હજારો વર્ષો સુધી લાખો લોકોના માટે એક રસ્તો ચીંધી રહ્યા છે, તો પછી શા માટે ફક્ત પાર્શ્વયક્ષનો કે કોઈ પણ દેવ-દેવી પૂરતો જ માર્ગ શા માટે દેખાડે ! જો કે તેમના ઉદ્દેશ્ય પૂરતો તે વખતે ઉપસર્ગ-ઉપદ્રવ-નિવારણ પૂરતું કામ પાર્શ્વયક્ષથી સરી જાત, ના નથી. પરંતુ સ્તોત્રરચના કર્યા પછી જે હજારો વર્ષો સુધી લાખો લોકો સુધી ઉપયોગમાં આવવાનો છે, તો પછી શા માટે તત્કાલીન ઉપદ્રવ પૂરતો જ ટૂંકો લક્ષ રાખે ? તેમને ખાતરી હતી કે - 'ઉપસર્ગ-ઉપદ્રવ તો તરત ટળી જ જવાનો છે, તે કંઈ કાયમી રહેવાનો નથી. પરંતુ લોકો કાયમ-હંમેશાં માટે આરાધના-ઉપાસના કરતા રહેશે, માટે માત્ર ઉપસર્ગ-નિવારણ જ રાખવા કરતાં અજરામરપદ પ્રાપ્તિકારક લક્ષ સાધક માટે રાખવો વધુ ઉચિત લાગે છે.

શું પાર્શ્વયક્ષ સદાકાળ રહેવાનો છે કે પાર્શ્વનાથ ભગવાન સદાકાળ રહેવાના છે ? પાર્શ્વયક્ષ તો વ્યંતર જાતિનો દેવમાત્ર છે. તેનું પોતાનું આયુષ્ય કર્મ છે. તેને પણ ત્યાંથી જવાનું જ છે. પરંતુ પાર્શ્વનાથ ભગવાન જેઓ હવે સિદ્ધ, બુદ્ધ, મુક્ત થઈ જ ચૂક્યા છે, તેઓ સદાકાળ નિત્ય રહેવાના જ છે. તેમનું નામ પણ નિત્ય રહેવાનું જ છે. માટે કોની ભક્તિ વધારે

કરવી ? **'પાસં'**-થી પાર્શ્વયક્ષની કે પછી **'પાસં'**-થી પાર્શ્વનાથ ભગવાનની ? પાર્શ્વનાથ ભગવાનને ભૂલીને, છોડીને કે પછી બાજુમાં મૂકીને માત્ર પાર્શ્વયક્ષ અથવા ધરણેન્દ્ર કે ફક્ત પદ્માવતીની પણ એકલી એકાંતે ભક્તિ કરવી હિતાવહ નથી, સમ્યગ્દર્શનવર્ધક નથી કે અજરામરપદ' પ્રાપ્ત નથી.

**પ્રમુખ ત્રણ લક્ષો :**

લક્ષ કે સાધ્ય વિના કંઈ સાધના થતી નથી. ઉવસગ્ગહરં સ્તોત્રમાં મુખ્યરૂપે ત્રણ લક્ષો ભદ્રબાહુ સ્વામીએ રજૂ કર્યા છે - **(૧) 'ગહ-રોગ-મારી-દુટ્ઠજરાજંતિ ઉવસામં'** - ગ્રહ - રોગ - મારી - દુષ્ટ - જ્વરાદિ ઉપશાંત થાય. **(૨) 'પાવંતિ અવિગ્ઘેણં જીવા અયરામરં ઠાણં'** - જીવો વિના-વિઘ્ને અજરામરપદ(મોક્ષ)ને પામે અને **(૩) 'દિજ્જ બોહિં'** - બોધિબીજને આપો' (પામવું). આવી રીતે બીજી, ચોથી અને પાંચમી - આ ત્રણ ગાથાઓમાં આ શબ્દો વાપર્યા છે. બોધિબીજ માટે **'તુહ સમ્મત્તે લદ્ધે'** શબ્દોથી તારું સમ્યક્ત્વ (સમ્યગ્દર્શનની વાત... આવા ભાવ રજૂ કર્યો) જો કે અંતમાં જતા પાંચમી-ગાથામાં **'તા દેવ ! દિજ્જ બોહિં'** - શબ્દોથી જે સમ્યગ્દર્શનની પ્રાર્થના કરી છે, અને તેમાં પણ પાછા **'ભવે ભવે'** શબ્દનો બેવાર ઉપયોગ કરીને પાર્શ્વનાથપ્રભુ આગળ રજૂઆત કરાઈ છે કે તે જ વધુ મહત્ત્વની મોટી પ્રાર્થના છે, માગણી છે.

આ દૃષ્ટિથી ઉવસગ્ગહરં સ્તોત્રને કેવો ગણવો ? શું ફક્ત ઉપસર્ગો હરનાર ? કે પછી સમ્યગ્દર્શન બોધિબીજની પ્રાપ્તિ માટે ? કે પછી અજરામર-પદની પ્રાપ્તિ માટે ? માત્ર ઉપસર્ગોનું નિવારણ થાય એટલું જ ટૂંકું લક્ષ તે મહાપુરુષે નથી રાખ્યું. ઉપસર્ગ-નિવારણ કદાચ તત્કાલીન. તે સમયની માગણી હોય, બનવાજોગ છે, ના નથી. પરંતુ હજારો વર્ષો સુધી કંઈ તે જ ઉપસર્ગો રહેવાના નથી. તેવા જ ઉપસર્ગો કંઈ સદાકાળ રહેતા નથી. **'જંતિ ઉવસામં'** ઉપશાંત થઈ જ જાય છે. આટલો દૃઢ વિશ્વાસ જ્યારે તેઓ રજૂ કરે છે, તો પછી ઉપસર્ગો તો નિશ્ચિતપણે દૂર થઈ જ જવાના છે. પછી શું કરીશું ? ઉપસર્ગો દૂર થઈ ગયા પછી શું કરવું ? તે તો તત્કાલીન છે, તત્પૂરતા છે. કોઈ પણ દેવાદિ આખી જિંદગી સુધી કાયમ માટે કે પછી આવતા ભવોમાં પણ ઉપસર્ગ કરતો જ રહે તેવું બનતું નથી. પરંતુ બોધિબીજની જરૂરત ભવે ભવે પડે જ છે. માટે મોટું લક્ષ બોધિનું છે.

**બે વિભાગમાં લક્ષની વહેંચણી -** (૧) સામાન્ય તત્કાલીન, (૨) વિશિષ્ટ દીર્ઘકાલીન.

એક લક્ષ સાવસામાન્ય કક્ષાનું છે. તે છે... ઉપસર્ગ-હરણ. જ્યારે વિશિષ્ટ લક્ષ છે... અજારમર-પદપ્રાપ્તિનું અને ભવે ભવે બોધિબીજનું ઉપસર્ગ-

હરણ તત્કાલીનમાત્ર છે. બધાને જ કંઈ ઉપસર્ગો હોયે જ છે એવું નથી પણ હોતું. પરંતુ બધાને અજરામરપદની તેમ જ બધાને ભવે ભવે બોધિબીજની પ્રાપ્તિની આવશ્યકતા ચોક્કસપણે હોય જ છે. એટલે ઉપસર્ગોનું નિવારણ થઈ ગયા પછી પણ લોકો આ સ્તોત્રની નિરંતર ઉપાસના કરી શકે તેવા પ્રકારના સ્તોત્રની રચના પૂજ્યશ્રીએ કરી છે. ઉપસર્ગો-ઉપદ્રવો ટળે તે બહારનાં ભૌતિક નિમિત્તો છે, જ્યારે બોધિબીજની ઉપલબ્ધિ આધ્યાત્મિક-લાભની છે. અજરામરપદની પ્રાપ્તિ એ જ કક્ષાની આત્મિક-લાભની છે.

એ રીતે આ મહાન સ્તોત્ર બાહ્ય અને આભ્યંતર બંને કક્ષાના લાભો અપાવનારું છે. પરંતુ મોટા ભાગના અધિકાંશ લોકો ભૌતિક-બાહ્યલાભ પૂરતું જ લક્ષ રાખે છે. દીર્ઘલાભ પ્રત્યે લક્ષ નહિ જેવું અથવા સાવ ગૌણ છે. સર્વસામાન્ય રીતે જીવોનું લક્ષ ઉપસર્ગ-નિવારણ પૂરતું જ હોય છે. કારણ કે અજરામર-પદની પ્રાપ્તિ માટે ઉપસર્ગોનું ન હોવું મહત્ત્વનું નથી. તેથી તે તેનું કારણરૂપ નથી, પરંતુ બોધિબીજની પ્રાપ્તિનું કારણ નિશ્ચિત-રૂપે છે. કાર્ય-કારણભાવનો સંબંધ નિશ્ચિત છે. હા, કારણ હોય તો કાર્ય નિશ્ચિત થાય. કાર્ય માટે કારણનું હોવું અનિવાર્ય છે. અજરામર-પદની પ્રાપ્તિ કાર્યરૂપે છે અને તેના માટે કારણરૂપે બોધિબીજ કારણરૂપ છે. માટે બોધિબીજનું કારણ નિશ્ચિતરૂપે હોય તો અજરામર-પદની પ્રાપ્તિરૂપ કાર્યની સિદ્ધિ નિશ્ચિત થાય. પરંતુ કારણ જ ન હોય, તો કાર્યસિદ્ધિ સંભવ જ નથી. અગ્નિના કારણ વિના ધુમાડારૂપી કાર્યની સિદ્ધિ થઈ જ ન શકે, તેમ જ બોધિબીજની પ્રાપ્તિરૂપ કારણ વિના અજરામર-પદની પ્રાપ્તિરૂપ કાર્ય કોઈકાળે પણ સિદ્ધ થઈ જ ન શકે. માટે ચોથી-ગાથામાં અજરામર-પદરૂપી કાર્યનું લક્ષ રાખવાનું જણાવીને પાંચમી-ગાથામાં બોધિબીજની પ્રાપ્તિનું દર્શાવી તેની પ્રાર્થના કરી છે અને તે પણ ભવે ભવે મળે તેવી પ્રાર્થના કરી છે. પરંતુ ભવોભવના બધા ઉપસર્ગો ટળી જાય તેવી પ્રાર્થના નથી કરી. આ અગત્યની વાત ચોક્કસ ધ્યાનમાં લેવા જેવી છે. સાધક જે સાધના કરવાના લક્ષવાળો હોય તે - 'મને બોધિબીજની પ્રાપ્તિનો હેતુ સાધવા મથવું જોઈએ.' તે જ અગત્યનું છે. સાધ્યરૂપે જે અજરામર-પદ છે તેનું બોધિબીજ સાધનરૂપ (કારણ) છે, અને જે મોક્ષની નિસરણીનું પ્રવેશદ્વાર કહ્યું છે, તે મિથ્યાત્વથી લઈને મોક્ષપ્રાપ્તિ સુધીમાં આત્માને ચૌદ ગુણસ્થાનોનાં સોપાનો ચઢવાનાં હોય છે.




આ ચૌદ સોપાનોમાં પહેલું મિથ્યાત્વનું ગુણસ્થાન છે. વિપરીત વૃત્તિ અજરામર-પદને માનવા જ તૈયાર નથી થતી, તેવી તેની માનસિકતા જ નથી. હા... મિથ્યાત્વી - જીવ પણ ઉપસર્ગોને માનવા તૈયાર છે અને તેમાં પણ ગ્રહ-રોગ-મારી-દુષ્ટજ્વર વગેરે બધી જ જાતના ઉપસર્ગો શાંત થઈ જતા હોય, તો તે માટે મિથ્યાત્વી-જીવ પહેલાં તૈયાર થઈ જાય, ના ન પાડે. ત્યારે તે ના નહિ પાડે. અને એમ કહો કે - 'પ્રણામ કરવા માત્રથી જ દુઃખ-દારિદ્ર્ય બધું જ ટળી જાય છે, ગ્રહો સાનુકૂળ થઈ જાય, રોગ-બીમારીઓ બધી મટી જાય છે, મારી-મરકીનો ઉપદ્રવ પણ ટળી જાય છે, દુષ્ટ વિષમજ્વર પણ શાંત થઈ જાય છે - બધી જ જાતનાં દુઃખો ટળી જાય છે અને દારિદ્ર્ય-દુર્ગતિ પણ થતી નથી. આ બધા દુન્યવી લાભો માટે મિથ્યાત્વી-જીવને ચોથી-ગાથામાં કહ્યા પ્રમાણે અજરામર-પદની પ્રાપ્તિ અને તે પણ 'અવિગ્ઘેણં' - વિનાવિઘ્ને મળતો પણ હોય, તો પણ ના પાડી દે, તૈયાર નથી. અને પાંચમી-ગાથામાં દર્શાવ્યા પ્રમાણે બોધિબીજ માટે પણ ચોખ્ખી ના પાડી જ દેશે. કારણ કે બોધિબીજ અજરામર-પદને માનવા માટે છે, સ્વીકારવા માટે શ્રદ્ધારૂપ છે. ભવોભવ આવું બોધિબીજ મળે તેવી તેની પ્રાર્થના-ભક્તિ વગેરે કંઈ જ મિથ્યાત્વીમાં ન રહે. મિથ્યાત્વ વિપરીત વૃત્તિવાળું હોવાના કારણે તેને બોધિબીજની પ્રાપ્તિની ઇચ્છા જ ન થાય. કારણ બોધિબીજની પ્રાપ્તિ થાય તો અજરામર-પદ માનવાની વૃત્તિ થાય, સમ્યગ્દર્શન શ્રદ્ધા થાય અને પછી તેને મેળવવા મથવું પડે. અને આવા અજરામર-પદને મેળવવા માટે સંસારનાં બધાં સુખો તજી દેવાં પડે. ઉપસર્ગો, રોગો, દુઃખો બધાં ભલે આવે. જેટલાં આવે તેટલાં ભલે આવે. ગમે તેટલાં હોય કે ગમે તેવા હોય તો પણ તેને સ્વીકારવાની તૈયારી રહે, ટાળવાની તીવ્ર તમન્ના ન રહે. આવી માનસિકતા થઈ જાય છે. એટલે આ બધી વાતોનો મિથ્યાત્વીને ઘણો મોટો વાંધો પડે

છે. જ્યારે બોધિબીજવાળા સમ્યગ્દષ્ટિ-જીવ માટે આ બધું સાવ સહેલું હોય છે, સરળ કામ છે. બોધિબીજ મેળવવા તરફડે તે જ સાચો સાધક કહેવાય. મિથ્યાત્વી ક્યારે ય સાચો સાધક-ઉપાસક બની જ ન શકે, સંભવ જ નથી ઉપસર્ગો... ગ્રહપીડા, રોગ-બીમારીઓ, દુષ્ટજ્વર-દુઃખો-દારિદ્ર્ય આદિ વિઘ્નો વગેરે ટળે, તેટલામાત્રથી કંઈ સાધક ન કહેવાય. અજરામર-પદ પ્રાપ્ત કરવાની તીવ્ર તમન્ના સાથે બોધિબીજને પ્રાપ્ત કરેલ અને તે દિશામાં આગળ વધતો હોય, તે જ ઉપાસક સાચો સાધક કહેવાય. ઉપસર્ગો કે ઉપદ્રવો નાશ પામે તે સાધક માટે બહુ મોટી મહત્ત્વની વાત નથી. ટળે કે ન પણ ટળે, તો પણ સાધકને તેથી કંઈ જ ફરક નથી પડતો. ઉપસર્ગોને સહન કરવાની તૈયારી હોય છે, દુઃખને ખમી લેવા પણ તે તૈયાર હોય છે. ગ્રહપીડા, રોગ-બીમારીઓને તો તે હસતે મોઢે આવકારતો હોય છે. મૃત્યુતી ન ડરનારો અને ઉપરથી મૃત્યુને આવકારનારો મૃત્યુને મહોત્સવ બનાવી શકવાની તૈયારીવાળો આત્માર્થી-સાધક જ સાચો સાધક કહેવાય છે. સમ્યગ્જ્ઞાનથી તત્ત્વોને જાણી લીધાં છે. સમ્યક્ચારિત્રથી આચરણ કરતો કરતો મુક્તિનાં સોપાનો ઉપર આગળ વધતો સાધક સમ્યગ્તપ તપતો તપતો પોતાનું વીર્ય સાચા પુરુષાર્થરૂપે વધુ ને વધુ ફોરવતો કર્મનિર્જરા કરતો કરતો સાધ્ય મંજિલને સાધતો સાધક જ સાચો સાધક ગણાય છે. સાધકે સાધનની સહાયતાથી સાધના કરતા પહેલાં સાધ્ય સાચું ઠરાવી લેવું પડે છે. સાધ્યને અનુરૂપ સાધના થતી હોય છે, માટે તે સાધ્યને સ્થિર ન કરી શકનારા સાચી સાધના કરી નથી શકતા. આસનમાં સ્વને સ્થિર થવાનું હોય છે, જ્યારે અંતરમાં સર્વપ્રથમ સાધ્ય સ્થિર કરી લેવાનું હોય છે, તેને અનુરૂપ સાધના કરવાની હોય છે. ઉવસગ્ગહરં સ્તોત્રમાં સાધ્ય-સ્વરૂપે અજરામર-પદની પ્રાપ્તિને કરાવવામાં આવ્યું છે. તેની પ્રાપ્તિમાં સાધન-સ્વરૂપે બોધિબીજની પ્રાપ્તિ કારણરૂપ છે. તેના માટે સાધક સ્વયં પાર્શ્વનાથપ્રભુનાં ચરણોમાં પ્રાર્થના કરતો હોય છે.

'ભવોભવ મને બોધિબીજની પ્રાપ્તિ થાઓ' - આ પ્રાર્થના વારંવાર પાર્શ્વ જિનચંદ્ર સન્મુખ કરાતી હોય છે. કારણ કે બોધિબીજની પ્રાપ્તિ ઘણા ભવો પછી મળતી હોય છે, સામાન્ય નથી. આ ભવસંસારના અનંતા ભવોના પરિભ્રમણમાં અનંતીવાર અનંતી વસ્તુઓ મળી શકે છે, મળતી પણ હોય છે. દુન્યવી સુખો ભૌતિક સાધનસામગ્રીઓ અનંતીવાર સુલભ બની જતી હોય છે અને આવા ઉપસર્ગો-ઉપદ્રવો પણ ટળી જતા હોય છે. વિઘ્નો-રોગો

વગેરે પણ શમી જતા હોય છે. એની વાત તો સાવ ક્ષુલ્લક જ લાગતી હોય છે. એકમાત્ર દુર્લભ બોધિબીજની પ્રાપ્તિ છે. જો બોધિબીજની પ્રાપ્તિ એટલી દુર્લભ ન હોત તો અહીંયાં એ માટે પ્રાર્થના ન કરી હોત.

**'લોગસ્સ સૂત્ર'**માં **'આરૂગ્ગ બોહિલાભં સમાહિવર'** - આ પાઠમાં પણ બોધિલાભની તે જ પ્રમાણે **'જયવીયરાય'** જે પ્રણિધાન સૂત્ર છે, પ્રાર્થના સૂત્ર જ છે. તેમાં પણ **'દુક્ખખઓ, કમ્મખઓ સમાહિ મરણં ચ બોહિલાભો અ'** - આ ગાથામાં પણ બોધિબીજની પ્રાપ્તિની પ્રાર્થના સ્વયં ગણધર ભગવંતો પોતે કરે છે. એ જ પરિપાટીને અનુસરતા ચૌદપૂર્વી પૂ. ભદ્રબાહુ સ્વામી પણ ઉવસગ્ગહરં સ્તોત્રમાં છેલ્લી લીટીમાં **'દિજ્જ બોહિં'** - બોધિની પ્રાપ્તિ માટે પ્રાર્થના કરે છે. જો ગણધર ભગવંતો જેવા મહાપુરુષો આવી રીતે બોધિ-સમ્યગ્જ્ઞાન-દર્શન માટે પ્રાર્થના કરતા હોય, ચૌદપૂર્વી પણ કરતા હોય, તો તે વાતની ગંભીરતાની નોંધ લેવી જોઈએ. અને આપણે પણ એ જ લક્ષ રાખીને એની પ્રાપ્તિ માટે મથવું જોઈએ, ભગીરથ પુરુષાર્થ કરવો જોઈએ, એના વિના કોઈ સંજોગોમાં ચાલે તેમ જ નથી. આવી પ્રબળ દઢતા અંદર દઢ થઈ જ જવી જોઈએ. પછી ઉપસર્ગો-ઉપદ્રવો વગેરે ગૌણ લાગશે, એની ચિંતા નહિ સતાવે.

અજરામર-પદ અને બોધિની પ્રાપ્તિ વચ્ચે કાર્યકારણ-ભાવ સંબંધ છે. બોધિબીજ કારણરૂપે છે, જ્યારે અજરામર-પદ કાર્યરૂપે છે. જેમ આગ લાગે તો જ ધુમાડો નીકળે. આગ કારણરૂપે છે અને ધુમાડો કાર્યરૂપે છે. આગ વિના ધુમાડો ક્યારે ય નથી સંભવતો. આગ લાગે તો જ ધુમાડો નીકળે છે. એવી જ રીતે બોધિબીજની પ્રાપ્તિ થાય તો જ અજરામર-પદ મળે છે, તે વિના સંભવ જ નથી. માટે ઉવસગ્ગહરં સ્તોત્રમાં પૂજ્યશ્રીએ ચોથી-ગાથામાં અજરામર-પદની પ્રાપ્તિની વાત કરી અને તેની પ્રાપ્તિ માટે કારણરૂપે પાંચમી-ગાથામાં બોધિબીજની પ્રાપ્તિ માટે દેવાધિદેવ પાર્શ્વજિનચંદ્ર પાસે પ્રાર્થના કરી છે.

આ અજરામર-પદ આજેનું આજે તરત તો મળી નથી જવાનું. આ જ ભવમાં મળી જશે તે પણ નિશ્ચિત નથી. ભવાંતરમાં ભાવિ ભવોમાં ક્યારે મળે તેની કોઈ નિશ્ચિત ખાતરી નથી. માટે ભવોભવ એટલે જનમોજનમમાં બોધિબીજ નિશ્ચિતરૂપે મળતું રહે, તેવી પ્રાર્થના કરી છે. કારણ નિશ્ચિત છે કારણ હાથમાં હોવું અનિવાર્ય છે કારણ જ જો હાથમાં નિશ્ચિતરૂપે નહિ હોય તો કાર્યપ્રાપ્તિ અસંભવ થઈ જશે. અજરામર-પદ એક જ વાર મળે છે, અને અનેકવાર મળી ગયા પછી ફરીથી જતું નથી રહેતું. તે નિશ્ચિતપણે

સ્થિર જ રહે છે, પરંતુ બોધિબીજ મળે અને સંયોગો, નિમિત્તો અને પરિસ્થિતિવશ જઈ પણ શકે છે. પાછું ચાલ્યું પણ જાય, તો શું કરવું ? ચાલ્યું જાય તો ફરીથી લાવવું પડે. કારણ કે તે જ અજરામર-પદની પ્રાપ્તિનું એકમેવ કારણ છે. તેના વિના પ્રાપ્તિ થતી જ નથી, થવી શક્ય જ નથી. માટે ભવોભવ મળે તેવી પ્રાર્થના 'ભવે ભવે' શબ્દથી કરે છે.

**બોધિબીજની સાથે અજરામર-પદની નિશ્ચિતતા :**

બોધિબીજ અર્થાત્ સમ્યગ્દર્શન અને તેનું કારણીભૂત સમ્યગ્જ્ઞાન પણ છે. સમ્યગ્દર્શન એટલે સાચી શ્રદ્ધા. જો સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાનપૂર્વક થયું હશે, તો નિશ્ચિત સાચી શ્રદ્ધારૂપે હશે; અને જો સાચા જ્ઞાન વિના દેખાદેખી શ્રદ્ધા થઈ હોય તો તે અંધશ્રદ્ધા, મિથ્યા-ખોટી શ્રદ્ધા કહેવાશે. જે શ્રદ્ધામાં તત્ત્વદષ્ટિ જ નથી ઊઘડી, તેમાં ફક્ત દુઃખનિવૃત્તિ અને સુખપ્રાપ્તિનું જ લક્ષ હોય છે. માટે આવી અંધશ્રદ્ધા કે મિથ્યાશ્રદ્ધામાં ભૌતિક-દુઃખો ટાળવાં અને ભૌતિક સાંસારિક-સુખો મળે તેટલું જ એકમાત્ર લક્ષ હોય છે. અજરામર-પદ અંધશ્રદ્ધા કે મિથ્યાશ્રદ્ધાનો વિષય બની નથી શકતો. એ એકમાત્ર સમ્યગ્જ્ઞાનજન્ય સાચી શ્રદ્ધા સમ્યગ્દર્શનનો જ વિષય બને છે. ઉવસગ્ગહરંની પાંચમી-ગાથામાં પૂજ્યશ્રી જેઓ ચૌદપૂર્વીશ્રુતધર મહાપુરુષ છે, તે આવી આંધળીશ્રદ્ધા કે મિથ્યાશ્રદ્ધાની પ્રાપ્તિની માગણી નથી કરતા. તે તો આજે પણ સુલભ છે. દુર્લભમાં દુર્લભ એકમાત્ર અજરામર-પદ યોગ્ય સમ્યગ્દર્શન જ છે.




અંધશ્રદ્ધા કે મિથ્યા-વિપરીત-શ્રદ્ધામાત્ર પ્રથમ મિથ્યાત્વના ગુણસ્થાને જ હોય છે. જ્યાં તત્ત્વોનો કોઈ બોધ જ નથી હોતો. મતિ-બુદ્ધિ સર્વથા વિપરીત જ હોય છે. તેથી મિથ્યાત્વી-જીવો બિચારા એકમાત્ર દુઃઅ કેમ ટળે અને સુખ કેમ મળે, એટલી જ ચિંતામાં રહે છે, તે સ્વાભાવિક સાચી લાગે છે.

જ્યારે અજરામર-મોક્ષપદ મિથ્યાત્વ-વૃત્તિવાળા જીવના જ્ઞાનમાં બેસી શકે તેમ જ નથી, માટે નિશ્ચયથી અજરામર-પદની પ્રાપ્તિ તેની પ્રાપ્તિ સંભવ છે. સમ્યક્ત્વીનું લક્ષ સંસાર અને સંસારનાં સુખો જ હોય છે. તે માટે વચ્ચે બાધક બનતા ભૌતિક-દુઃખો કારણભૂત હોય છે. તેથી મિથ્યામતિ-જીવો અંધશ્રદ્ધા રાખીને દુઃખો ટાળવાં અને સુખો મેળવવાનાં લક્ષથી દેવ-ગુરુ-ધર્મની આરાધના કરી લેતા હોય છે. પરંતુ બોધિબીજ પામેલા



સમ્યગ્દષ્ટિ જીવો આ ઉદ્દેશને ફગાવી દે છે અને શાશ્વત આત્મિક-સુખ, સચ્ચિદાનંદ-સ્વરૂપ અજરામર-પદની પ્રાપ્તિ માટે થતા હોય છે. કારણ સમ્યગ્જ્ઞાન મળવાથી તે સમજી ચૂક્યા છે કે - 'અંધશ્રદ્ધા - મિથ્યાશ્રદ્ધા - મિથ્યાત્વના કારણે જ છે, અને તે માત્ર સંસારમાં ભટકાવનારા જ છે. જ્યારે એકમાત્ર બોધિબીજ એમાંથી બહાર કાઢનાર છે અને સંસાર ચક્રમાંથી બહાર કાઢી કાયમ માટે અજરામર-પદની પ્રાપ્તિ કરાવનાર છે, મોક્ષલક્ષી બનાવી દેશે. અને એકવાર અજરામર-પદની મોક્ષની પ્રાપ્તિ થાય એટલે કાયમ માટે સંસારચક્રનું પરિભ્રમણ ટળી જાય છે. મિથ્યાત્વના કારણે અનંતાનંત કાળ સંસારચક્રમાં ભટકતા જ રહ્યા. જેમાં કર્મો બાંધવાં અને ઉદય કાળે દુઃખો ભોગવવાં એ જ ચાલતું રહ્યું. ક્યારેક વળી થોડાં શુભકર્મો ઉપાર્જન કર્યાં, તેથી ઘણું સુખ મળ્યું, છતાં અંધશ્રદ્ધા તો ન જ ટળી.

**સમ્યક્ત્વીનું ઊર્ધ્વગમન - મિથ્યાત્વીનું અધઃપતન :**

આ સંસારના તળમાં બધા જીવો છે. એક જીવ પાસજિણચંદ જિનેશ્વરોમાં ચંદ્રસમાન પ્રાર્શ્વનાથ પ્રભુનાં ચરણોમાં ભવોભવ - ભવે ભવે બોધિબીજ મળે **'દેવ ! દિજ્જ બોહિં'** તે માટે સતત પ્રાર્થના કરે છે, અને બીજું બધું ગૌણ કરે છે. ઉપસર્ગો ટળે કે ન ટળે, ગ્રહપીડા મટે કે ન મટે, રોગ-બીમારીઓ મટે કે ન મટે, મારી-મરકીના ઉપદ્રવો શાંત થાય અથવા ન પણ થાય, દુષ્ટજ્વરાદિ પણ આવે કે ન આવે, પરંતુ અડીખમ રહીને અવિઘ્ને અજરામર-પદ પામવાની સાચી દિશામાં **'પાવંતિ અવિગ્ઘેણં જીવા અયરામરં ઠાણં'** આગળ વધતાં જ જાય છે. અજરામર-પદ - મોક્ષની પ્રાપ્તિનું જ એકમાત્ર સાધ્ય સાધવા માટે ગુણસ્થાનોનાં સોપાનો એક પછી એક આગળ ચઢતા જ જાય છે. જો કે ચોથી-ગાથામાં **'અવિગ્ઘેણં'** શબ્દ વાપર્યો છે. કોઈક વિરલા મહાપુરુષો જ કદાચ વિના-વિઘ્ને મોક્ષ સુધી પહોંચી શકતા હશે. ભગવાન મહાવીર જેવાને બાર વર્ષો સુધી મોક્ષમાર્ગનાં સોપાનો ઉપર આગળ વધવામાં જ વિઘ્નો આવ્યાં હતાં. ગજસુકુમાર મુનિ, ઢંઢણ ઋષિ, મેતારજ મુનિ આદિ અનેકોને અજરામર-પદ પામવામાં ઉપસર્ગો અને ઉપદ્રવોના જે અને જેટલાં અને જેવાં વિઘ્નો આવ્યાં... તેમ છતાં તેઓ **'અવિગ્ઘેણં'** વિઘ્નો સાથે પણ આગળ વધ્યા અને અજરામરપદ - મોક્ષ મેળવીને જ રહ્યા.

પરંતુ મલ્લિનાથાદિ કેટલા ય મહાન પુણ્યાત્માઓ 'અવિગ્ઘેણં' વિના વિઘ્ને પણ મુક્તિ-પદ મેળવ્યું છે. મુક્ત-પદ મળવું મહત્ત્વનું છે. વિઘ્નો અગત્યનાં નથી. મરણે શૂરા - ધમ્મે શૂરા થયા પછી વિઘ્નોને શું જોવાં ? તેઓ તેને ગૌણ ગણે છે અને પાર ઊતરી જાય છે. આવા સાધક આત્માઓની સેવા કરવા તેમના માર્ગમાં આવતાં વિઘ્નો ટાળવાં પાર્શ્વયક્ષાદિ સેંકડો દેવી-દેવતાઓ પણ તત્પર રહેતાં હોય છે.

સંસારમાં જે જીવો મિથ્યાત્વ-મોહનીય કર્મના ભારે ઉદયમાં જીવી રહ્યા છે, તેવા જીવોને અજરામર-પદ પ્રત્યે કોઈ શ્રદ્ધા કે સદ્ભાવના જ નથી જાગતી, ઇચ્છા જ થતી નથી. તેમનું લક્ષ એકમાત્ર સંસારનાં દુન્યવી-ભૌતિક સુખો મેળવવાનું હોય છે. યેનકેન ઉપાયેન પણ તેઓ તે મેળવવા મથતા હોય છે. બોધિબીજ સમ્યગ્ જ્ઞાન અને દર્શન ન મળ્યાં હોવાના કારણે સાચી શ્રદ્ધા બિલકુલ નથી જાગતી. તેથી દેવ-ગુરુ-ધર્મ અને તત્ત્વો તરફ બિલકુલ નથી વળતા. તેમ છતાં જો દેવ-ગુરુ-ધર્મની ભક્તિ-ઉપાસના આદિ બધાં દુ:ખો - વિઘ્નો ટળતાં હોય અને બધાં સુખો મળી જતાં હોય, તો તે માટે તે મથે છે, બધો જ પ્રયાસ કરે છે. તેવા મિથ્યામતિ જતા હોય તે માટે તે મથે છે, બધો જ પ્રયાસ કરે છે. તેવા મિથ્યામતિ જીવોને પણ એ પણ ખબર નથી હોતી કે મારાં દુ:ખો મારાં કરેલાં કર્મોના કારણે છે. તે દુ:ખો-વિઘ્નો-સંકટો-આપત્તિઓ આદિ ઈશ્વર-પ્રદત્ત નથી, એટલું પણ સાચું જ્ઞાન, સાચી સમજ નથી હોતી. મિથ્યાત્વીનું બધું ઊંધું જ હોય છે. તેની વૃત્તિ પણ ઊંધી, બુદ્ધિ-મતિ તેમ જ આચાર-વિચાર વગેરે બધા જ સાવ વિપરીત ઊંધાં જ હોય છે. તેથી તેઓ અજરામર-પદની પ્રાપ્તિની દિશામાં એક ડગલું પણ આગળ વધી જ નથી શકતા. પ્રવેશદ્વાર જે બોધિબીજની પ્રાપ્તિનું છે, ત્યાં સુધી પણ નથી જઈ શકતા, તો પછી આગળ વધવાની તો વાત જ ક્યાં રહી ! જેમ માખી ફૂલોની સુગંધવાળા બગીચામાં પણ જાય, તો ઉકરડામાંથી મળની ગોળી બનાવીને પોતાના નાક આગળ ચોંટાડીને જ સાથે લઈ જાય છે. પછી ભલેને આખા બગીચામાં બધાં ફૂલો ઉપર બેસીને ફરીને આવે, દેવ-ગુરુ-ધર્મની આરાધના-દર્શન-જાપ આદિ કરીને પણ આવે, તો પણ મુક્તિની ગંધ પણ નથી આવતી, ઇચ્છા પણ નથી આવતી, આત્માભિમુખ થઈ જ નથી શકતા, સંસારાભિમુખ જ રહે છે. સુખની લાલસા જ રહે છે. માટે તેવા જીવો નીચે નીચે ઊતરતા જ જાય છે અને સંસારનાં ચકરડામાં ફરતા જ જાય છે. એમ જે દુ:ખો નથી

જોઈતાં, વિઘ્નો નથી ઇચ્છતાં, તે છતાં પણ ઘણાં દુઃખો, વિઘ્નો, આપત્તિઓ, દુર્ગતિ આદિ આવી જાય છે. તે પણ કર્મોના કારણે આવ્યાં છે, તેનું પણ તેને ભાન નથી થતું. ઉપરથી તે દુઃખો આદિ ઈશ્વરે-દેવી-દેવતાઓએ આપ્યાં લાગે છે. તેમના તરફથી આવતાં હોય તેવું લાગે છે. તેથી દુઃખો ટાળવાનાં લક્ષથી કદાચ દેવ-દેવીઓની વધુ ભક્તિ-ઉપાસના કરી લેતાં હોય છે. આટલું બધું કરી લેવા છતાં પણ જ્યારે તેમનાં દુઃખો નથી ટળતાં, વિઘ્નો નથી શમતાં, આપત્તિઓ દૂર નથી થતી અને ધારેલાં સુખો ને સંપત્તિઓ નથી મળતી ત્યારે ખૂબ જ નિરાશા વ્યાપે છે. ઘણા ડૉક્ટરો પાસે ભટકવા છતાં રોગ મટવાના બદલે ઉપરથી વધતું જ જતું હોય, ત્યારે ઘણા ઉપાયો કરીને થાક્યો હોય ત્યારે દેવ-ગુરુ-ધર્મીની ઉપાસના તરફ વળે, આરાધના કરવા પણ લાગે. પરંતુ મિથ્યાત્વ જે અનાદિ કાળથી ગાઢ-નિબિડ ગ્રંથીરૂપે પડેલું જ હોય છે, તે ઓચિંતુ - જાદુથી જેમ ટળી નથી જાતું. માટે સુખેષણા - સુખલાલસાથી જ ધર્મારાધના કરી લેતો હોય છે. પરંતુ બોધિબીજની પ્રાપ્તિ ન થવાથી અજરામર-પદ-પ્રાપ્તિ તરફ લક્ષ જ નથી જતું. સંસારનાં સુખોની સંપત્તિ, સમૃદ્ધિની પ્રાપ્તિની લાલસામાં જીવો જેટલાં દુઃખો અને આપત્તિઓ અનિચ્છાએ પણ સહન કરે છે, તેનાં કરતાં તો બોધિબીજ-સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને અજરામર-પદની પ્રાપ્તિની દિશામાં આગળ વધતા જે ઉપસર્ગો, ઉપદ્રવો કે વિઘ્નો, આપત્તિઓ આવે તે ૨% થી ૫% પણ નથી હોતાં અને તે સ્વેચ્છાએ હસતાં મોઢે આત્મ-બળની ખુમારીથી સહન કરી લેવાના જેટલાં ઢગલાબંધ કર્મોની નિર્જરા થાય છે, તેટલા જ વિપરીત મિથ્યાભાવમાં ભારે ઢગલાબંધ કર્મો બંધાય પણ છે.

મિથ્યાત્વની ઓળખ કરાવીને સંસારનાં દુઃખોથી વિમુખ કરાવવા પૂજ્ય શ્રી ભદ્રબાહુ સ્વામીએ ઉવસગ્ગહરં સ્તોત્રમાંથી ચોથી-ગાથામાં જીવોને અજરામર-પદપ્રાપ્તિનું લક્ષ દેખાડ્યું છે અને તે અજરામર-પદ કેવું છે ? તેમ જ પ્રભુનું સમ્યક્ત્વ કેવી રીતે સહેલાઈથી વિના-વિઘ્ને જે મળી શકે તે દર્શાવ્યું છે અને તે સમ્યક્ત્વ કેવી રીતે મળી શકે તે માટે પાંચમી-છેલ્લી-ગાથામાં બોધિબીજની પાર્થના પરમાત્મા પાસે કરી છે.

### પરમાત્મા પાસે શું માંગવું :

ભગવાન વીતરાગી સર્વજ્ઞ છે અને જેઓ સ્વયં અજરામર-પદ પામી ચૂક્યા છે, તેમની પાસે શું માંગવું ? શેની શેની યાચના કરવી ? સર્વસામાન્ય રીતે જીવો જે બોધિબીજ - સમ્યગ્દર્શન વિનાના હોય છે, તે પત્ની, પુત્ર,

સુખ, સંપત્તિ, આરોગ્ય, ઋદ્ધિ, સિદ્ધિ, સમૃદ્ધિ, સાધન, સામગ્રી આદિની જ યાચના કરતા હોય છે. પછી ભલે ને ભગવાન ગમે તે હોય, અને લોકો પણ ગમે તે ધર્મની માન્યતાવાળા હોય કે ગમે તે ઈશ્વરની માન્યતાવાળા હોય, પરંતુ સંસારગ્રસ્તતા અને સંસારાસાક્તિવાળા મિથ્યામતિ હોવાના કારણે બધા એકસરખી જ યાચના કરતા હોય છે. વર્તમાનકાળે તેમની નજર સમક્ષ જે દુઃખ - દુર્ગતિ આદિ હોય છે તે ટળે, વિઘ્નો ટળે, રોગો મટે, પત્ની-પુત્ર-પરિવાર મળે ઈત્યાદિ વિષયોની જ યાચના કરતા હોય છે. પરંતુ મિથ્યાત્વની નિવૃત્તિ થાય અને બોધિબીજની પ્રાપ્તિ થાય તેવી પ્રાર્થના સોમાંથી નવ્વાણું નથી કરતા હોતા. પૂ. પૂર્વધર મહાપુરુષ ભદ્રબાહુ સ્વામીએ ખાસ ચોથી-ગાથામાં પહેલા સમ્યક્ત્વ કેવું છે ? ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષ કરતાં પણ કેટલું અધિક વધારે ફળદાયી છે. ચિંતામણિ **'કપ્પપાયવબ્ભહિએ'** એવા સમ્યક્ત્વની પ્રાપ્તિ થાઓ. એ સમ્યક્ત્વ કેવી રીતે મળે ? તેનો ઉપાય પાંચમી-ગાથામાં દર્શાવ્યો છે. **'તુહ સમ્મત્તે'** - તમારું (પાર્શ્વનાથ ભગવાનનું) સમ્યક્ત્વ (શ્રદ્ધા) **'લદ્ધે'** (મળે) તેવી ભાવના જાગવી જોઈએ, અને તેની પ્રાપ્તિ માટે તે જ પરમાત્માનાં ચરણોમાં ભવોભવ **'ભવે ભવે'** - પ્રાર્થના કરવાનો નિર્દેશ કર્યો છે. આ દિશાભૂલેલા મૂઢ મિથ્યામતિ-જીવો સંસારી-સુખો મળવાની તેમ જ દુઃખો ટળવાની જ યાચના કરતા હોય છે.

આ ઉવસગ્ગહરં સ્તોત્રમાં સાંસારિક-સુખોની યાદી નથી દર્શાવી, પણ દુઃખોનાં નામો ગણાવીને નિર્દેશ કર્યો છે. પૂજ્ય ભદ્રબાહુસ્વામી પૂરેપૂરા મનોવિજ્ઞાની હતા. સંસારી-જીવોનાં મનના અભ્યાસી હતા. સંસારમાં જીવોને સુખપ્રાપ્તિની તમન્ના કરતાં પણ દુઃખો-વિઘ્નો વધારે પજવતાં હોય છે, માટે તે કેમ વહેલી તકે ટળે તે તરફ જ વધુ લક્ષ હોય છે. દુઃખો ટળે, દુર્ગતિ ટળે, વિઘ્નો શમે, રોગ-બીમારીઓ ટળે, ગ્રહપીડા ટળે; પછી તો સુખનો રસ્તો ખુલ્લો થઈ જ જાય છે. પ્રથમ આવશ્યકતા જીવોની આવી હોય છે. માટે ભદ્રબાહુ સ્વામીએ સુખોની યાદી ન આપતાં વિઘ્નો-દુઃખો ટળે તેનો નિર્દેશ પહેલી, બીજી અને ત્રીજી ગાથામાં કર્યો છે. પ્રથમ-ગાથામાં અને તેમાં પણ પ્રથમ શબ્દ જ **'ઉવસગ્ગહરં'**નો વાપરીને તેમને સર્વસામાન્ય જનમાનસને આકર્ષી લીધાં છે. બીજી-ગાથામાં તો યાદી મોટી આપીને **'ગહ-રોગ-મારી-દુટ્ઠ-જરા જંતિ ઉવસામં'** બધાં લોકોને આ તરફ વાળી

લીધા છે, અને ત્રીજી-ગાથામાં તો કમાલ જ કરી દીધી છે. **'પાવંતિ ન દુક્ખ દોગચ્ચં'** - દુઃખ અને દુર્ગતિ-દારિદ્રતા પામતા જ નથી.

આવી રીતે એક-બે-ત્રણ ગાથાઓમાં આટલી મોટી યાદી આપીને તેમને બધા જીવોને આ તરફ વાળી લીધા છે, આકર્ષ્યા છે અને એમાં જોડવા પ્રયત્ન કર્યો છે. હવે વિચાર કરો કે - 'સંસારના કયા જીવોને ઉપરની યાદી મુજબનાં બધાં દુઃખો-ઉપસર્ગો વગેરે ટાળવામાં - ટળે તેમાં રસ ન હોય ? કોણ એવો હોય ? શતપ્રતિશત કહી શકાય તેવા બધા આવી વૃત્તિવાળા હોય. સંસારમાં અનાદિ કાળથી જીવોમાં જે સુખેષણા પડી છે અને દુઃખની અનિચ્છા પડી છે, તેથી સ્વાભાવિક જ જીવો આવી વૃત્તિવાળા હોય છે. તેથી ઝડપથી આ દુઃખો ટાળવાં તરફ વળી જતા હોય છે. અને એમાં પણ પૂજ્યશ્રીએ સરળતા દર્શાવવા તેમનો વધુ પુરુષાર્થ પણ ઓછો થાય અને સાવ ઓછી મહેનતે આ હેતુ પાર પડે તે માટે ત્રીજી-ગાથામાં **'ચિટ્ઠઉ દૂરે મંતો'** શબ્દનો પ્રયોગ કરીને લાંબા-મોટા ભારે મંત્રો તો દૂર રહો **'તુજ્જ પણામો વિ'** માત્ર તને (પાર્શ્વપ્રભુને) પ્રણામ - નમસ્કાર કરવામાત્રથી પણ **'બહુ ફલો'** હોઈ ઘણું ફળ મળી જાય છે. જીવોને તો આટલું જ જોઈતું હતું. બસ, કહેવત છે ને કે - 'જોઈતું હતું અને વૈદ્યે કીધું...' એટલે બસ કામ થઈ ગયું. કોણ આટલા બધા લાંબા લાંબા મંત્રો ગણવા જાય ? અને પાછા મંત્રોના તો લાખોની સંખ્યામાં જાપ કરવા પડે. ખાલી પ્રણામ-નમસ્કાર કરવામાત્રથી કામ થઈ જાય તો વધુ સારું, આવી ધારણા - ઈચ્છા ઘણાઓની હોય છે. એવા જીવોને પણ પૂજ્યશ્રીએ પરમાત્મા તરફ વાળ્યા છે, જોડ્યા છે. પરમાત્માનો પ્રભાવ તેમ જ પ્રભુને કરેલા પ્રણામનો પ્રભાવ બંનેને રજૂ કર્યા છે. ક્યાં ય પણ લોકોને માત્ર દેવ-દેવી તરફ વાળીને છોડી નથી દીધા. ઉપરથી ચોથી-પાંચમી ગાથામાં ઉત્કૃષ્ટ ફળ અજરામર-પદની પ્રાપ્તિનું દર્શાવ્યું છે અને તે ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષથી પણ વધુ ફળદાયી સમ્યક્ત્વથી કેવી રીતે મળે છે ? તેનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે.

ઉવસગ્ગહરં સ્તોત્રમાં પ્રથમ ત્રણ ગાથાની માગણીઓ અને છેલ્લી બે (ચોથી અને પાંચમી) ગાથાની માગણીઓમાં બરોબર નિરીક્ષણ કરીએ તો બે વિભાગમાં વહેંચાઈ જાય છે. સર્વસામાન્ય માગણીઓ, સંસારના સામાન્ય કક્ષાના સર્વજીવો જેમની મુખ્ય ઈચ્છાઓ - (૧) ઉપસર્ગો-ઉપદ્રવો ટળે, (૨) ગ્રહ-પીડા, રોગ-બીમારીઓ, મારી-મરકીના ઉપદ્રવો, દુષ્ટજનો અને વિષમ આદિ જ્વરો અને (૩) દુઃખ, દુર્ગતિ, દારિદ્રયાદિ ટળે. એક

વિભાગ એક વર્ગનો આ પ્રમાણેની વૃત્તિવાળો છે. જે એક-બે-ત્રણ ગાથામાં જણાવ્યું છે. જ્યારે ઉત્કૃષ્ટ કક્ષાની સર્વોચ્ચ કક્ષાની માગણી અજરામર-પદની અને તેની કારણભૂત બોધિબીજની છે. આ બંને મળે તે લક્ષ છે. છેવટે તેમને લોકમાનસનો અભ્યાસ કરીને પહેલાં જીવોના ઉપસર્ગો-ઉપદ્રવો-વિઘ્નો, ગ્રહપીડાદિ તેમ જ દુઃખ-દુર્ગતિ-દારિદ્રચતા ટળશે તો જ જીવો સમ્યક્ત્વનું મહત્ત્વ સમજશે અને અજરામર-પદની પ્રાપ્તિ માટે બોધિબીજ ભવોભવ મેળવવા તરફ વળશે. ઉપસર્ગાદિ નહિ ટળે તો જીવો બોધિબીજ તરફ નહિ વળી શકે.

ખરા અર્થમાં પરમાત્માનાં ચરણોમાં બોધિબીજ જ માંગી શકાય. એ મળે એ માટેની પ્રાર્થના - ભાવો વ્યક્ત કરી શકાય. બીજી બધી માગણીઓ તો સામાન્ય કક્ષાની છે. ભવોભવ - જનમોજનમ જો બોધિબીજ મળી જાય, સમ્યક્ત્વ મળી જાય, તો **(તુહ સમ્મત્તે લદ્ધે)** અજરામર-પદની પ્રાપ્તિ બહુ સહેલી થઈ જશે. ઉપસર્ગો આદિ તો ઘણા જન્મોમાં ઘણી વખત ટળ્યા છે. દુઃખો ઘણી વખત ઘણાનાં ટળ્યાં છે, પરંતુ બોધિબીજ સમ્યક્ત્વ નથી મળી શક્યું. માટે અજરામર-પદ પામી નથી શક્યા. માટે વારંવાર ઉપસર્ગો આદિ આવતા જ રહે છે અને વારંવાર તેને ટાળવા આપણે મથતા જ હોઈએ છીએ. માટે કંઈ વળતું નથી. ઉપસર્ગો-વિઘ્નો, ગ્રહપીડાદિ, દુઃખો અનેકવાર ટાળવા પડશે. અનેકવાર ટળશે. પરંતુ એકવાર જો સમ્યક્ત્વ-બોધિબીજ પામી ગયા, મળી ગયું, તો તેની સાથે અજરામર-પદ પણ નક્કી થઈ જાય જ છે.

## સમ્યક્ત્વ મળતા જ મોક્ષ નક્કી થઈ જાય છે :

ચોથી-ગાથામાં જે સમ્યગ્દર્શનનો મહિમા પ્રથમ લીટીમાં દર્શાવ્યું છે કે - ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષ કરતાં પણ ઘણું વધારે - અધિક ફળદાયી સમ્યક્ત્વરત્ન છે. પરંતુ સમ્યક્ત્વરત્નની કિંમત ન સમજી શકતા લોકો માત્ર 'ચિંતામણિ' અને 'કલ્પવૃક્ષ' આ શબ્દો વાંચીને જ લોભવૃત્તિ જગાડી દે છે કે - 'આ... હા... હા... ઉવસગ્ગહરં શું મળ્યું છે, જાણે સાક્ષાત્ ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષ મળી ગયું છે. બસ હવે તો આપણી બધી ઈચ્છાઓ પૂરી થઈ જશે. ચિંતામણિરત્નથી તો બધી ચિંતાઓ ટળી જશે, મટી જશે અને કલ્પવૃક્ષથી બધી ઈચ્છાઓ પૂરી થઈ જશે, પરંતુ આવા લોભવૃત્તિવાળા અને મોહવૃત્તિવાળા જીવો એટલું સમજી નથી શકતા કે

ગાથામાં **'વબ્ભહિએ'** શબ્દનો પ્રયોગ છેલ્લે કર્યો છે. **'ચિંતામણિ કપ્પપાયવબ્ભહિએ'** આ બે શબ્દો વાપરીને છેલ્લો મહત્ત્વનો શબ્દ છે જે **'વબ્ભહિએ અધિક'** - અર્થવાળો વાપર્યો છે. તે ઘણો મહત્ત્વનો છે. એટલે આવાં ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષ કરતાં પણ ઘણું અધિક' છે તે... પણ તે કોણ ? લોકોને જ્યાં ફક્ત ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષ પૂરતી જ ખબર છે, તેથી અધિકની માહિતી જ નથી. તે બિચારા અધિકની કલ્પના પણ શું કરી શકે ? કારણ પણ સાચું છે. સંસારની સેંકડો ચિંતાઓ માથે લઈને ફરતાં હોય, તેવા જીવોને બધી ચિંતા ટાળે તેવા ચિંતામણિરત્નની જ આશા-અપેક્ષા રહે તે સ્વાભાવિક છે. તેથી વધારેની ઇચ્છા ક્યાંથી થાય ? અને બીજી તરફ કલ્પવૃક્ષ મળી જાય, જેથી ઇચ્છા કરતાંની સાથે જે ઇચ્છો તે મળી જાય, એટલે બસ. કોઈપણ સંસારીજીવને પૂછી જુઓ... સંસારીજીવનું અંતરમન તપાસી જુઓ... એટલે ખ્યાલ આવશે... 'કેમ ભાઈ ! બોલો આ સંસારમાં તમારી બધી ચિંતાઓ ટળી જાય અને તમારી બધી ઇચ્છાઓ પૂરી થાય એથી વધારે તમારે શું જોઈએ ? જ્યારે-જ્યારે જે જે ઇચ્છા કરો તે કલ્પવૃક્ષ પાસેથી મળી જાય અને જો કોઈ પણ જાતની ચિંતા હોય તો ટળી જાય પછી એનાથી વધારે શું જોઈએ ?' ખરેખર સંસારીજીવો બિચારા એટલા બધા રાજીના રેડ થઈ જશે કે જેની કોઈ કલ્પના જ નહિ કરી શકે અને ત્રીજી-ગાથામાં તો દુઃખ-દુર્ગતિ-દારિદ્રય બધું જ ટળી જાય, પછી વધારે શું જોઈએ.

પરંતુ શું આ દિવાસ્વપ્ન જેવું નથી લાગતું ? આટલાં બધાં ભારેકર્મો બાંધીને બેઠેલા જીવોને શું સહેલાઈ સંભવ લાગશે ! કર્મો જન્મ-જન્માંતરોનાં એટલાં બધાં ભારે બાંધેલાં છે કે - 'તમને આટલું મળી જવું, બધી ચિંતાઓ સર્વથા ટળી જાય અને બધી ઇચ્છાઓ પૂર્ણ થઈ જાય' એવા ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષ મળી જાય એવું સંભવ છે ખરું ? કોને માટે સંભવ થઈ શક્યું હતું ? કયા રાજા-મહારાજાને માટે આવું સંભવ થયું હતું ? શું ચક્રવર્તીઓને ત્યાં આવું સંભવ થયું હતું ? કેટલા ચક્રવર્તીઓ નરકે ગયા છે ? તેમના માટે પણ કેમ ન બની શક્યું ? માટે માનવીએ માત્ર આવાં દિવાસ્વપ્નો જોઈને ઉવસગ્ગહરં સ્તોત્ર પામીને આવી ઇચ્છાઓ કરીને રાજીના રેડ થઈ જવાનું નથી. પણ એમાં **'વબ્ભહિએ અધિકં'** - અધિક વધારે અર્થમાં જે શબ્દ વપરાયો છે, તેનો અર્થ પણ બરોબર બેસાડવો જોઈએ. તે શું ?

ચિંતાઓને ચૂરનારા ચિંતામણિરત્ન કરતાં પણ અનેકગણો અધિક અને

ઈચ્છાઓ પૂરી કરનાર કલ્પવૃક્ષ કરતાં પણ અધિક એવું સમ્યક્ત્વરત્ન **'તુહ સમ્મત્તે લદ્ધે'** - પ્રાપ્ત થઈ જાય, તો અજરામર-પદની પ્રાપ્તિ નિશ્ચિત થાય તેમ છે. કદાચ બંનેમાં તુલના કરીને અધિકપણું શેમાં છે. તેની સરખામણી કરી જોઈએ, જેથી ખ્યાલ આવે. શું ચિંતામણિરત્ન કે કલ્પવૃક્ષ અજરામર-પદ આપવામાં સમર્થ છે ? શું એનાથી મળી શકે ખરું ? શું વીતેલા અનંત ભૂતકાળમાં પણ કોઈને મળ્યું છે ખરું ? શું સંભવ છે ખરું ? ના... અજરામર-પદ - મોક્ષની પ્રાપ્તિ એકમાત્ર સમ્યક્ત્વ-રત્નથી જ સંભવ છે, તે વિના સંભવ જ નથી. માટે ચોથી-ગાથામાં માત્ર ચિંતામણિરત્ન કે કલ્પવૃક્ષની મહત્તા દર્શાવી નથી. તે જ એકમાત્ર પ્રભાવી છે. જે છે તે એકમાત્ર સમ્યક્ત્વરત્ન છે. પૂજ્યશ્રીનું લક્ષ લોકોને માત્ર ચિંતામણિરત્ન કે કલ્પવૃક્ષ તરફ જ વાળવાનું નથી. મોક્ષલક્ષી બનાવીને સમ્યક્ત્વરત્નની પ્રાપ્તિ કરાવવાનું છે. માટે ગાથામાં **'વબ્ભહિએ'** અધિક શબ્દ વાપરીને તે બંનેથી અર્થાત્ ચિંતામણિરત્નથી પણ ઘણું અધિક અને કલ્પવૃક્ષથી પણ ઘણું અધિક કીમતી રત્ન સમ્યક્ત્વરત્ન છે. કારણ કે ચિંતામણિરત્ન માત્ર સંસારની ચિંતાઓને જ ચૂરી શકશે, પણ અજરામર-પદ પ્રાપ્ત ન જ કરાવી શકે. એવી જ રીતે કલ્પવૃક્ષ સંસારની વસ્તુઓ અપાવવા પૂરતો જ છે, તે સંસારી જીવોની સાંસારિક-પદાર્થો આપવાની ઈચ્છાઓ પૂરી કરી શકે. બસ તેથી અધિક અજરામર-પદની પ્રાપ્તિ તો કરાવી જ નથી શકતા.

જ્યારે સમ્યક્ત્વરત્ન એક જ એવો છે જે અજરામર-પદની પ્રાપ્તિ કરાવી શકે છે. માટે સમ્યક્ત્વરત્ન તે બંને કરતાં અનેકગણો પ્રભાવી છે.

શું સમ્યક્ત્વ પ્રાપ્ત થતાંની સાથે જ અજરામર-પદ મળી જાય છે ખરું ? ના, કાળાન્તરે મળે છે. કેટલા કાળ પછી ? કદાચ તે જ ભવમાં, અથવા કદાચ ઘણા ભવો પછી પણ મળે છે. હા. ઈન્દ્રભૂતિ, ગૌતમ આદિ અગિયાર ગણધરોને તે જ ભવમાં સમ્યક્ત્વ અને તે થકી તે જ ભવમાં અજરામર - મોક્ષપદની પ્રાપ્તિ થઈ હોવા છતાં પણ બીજાં કર્મો તે પહેલાંના બાંધેલા સત્તામાં પડ્યા હતા, માટે ઉપરથી નરકમાં જવાનું થયું. જો કે એક એક જીવ અનંતવાર નરકમાં ગયા જ છે, તેથી એકવાર વધારે જવાથી શું ફરક પડે ? પણ જો કોઈ એવો અર્થ કરે છે... સમ્યક્ત્વરત્ન પામ્યા પછી પણ શ્રેણિકરાજા નરકમાં ગયા, તો પછી પામવાનો શો અર્થ ? શું ફાયદો ? પરંતુ એવું નથી. સમ્યક્ત્વ પામવા પહેલાં તેમને શિકારની ક્રીડામાં

પંચેન્દ્રિય હરિણ વધ કરીને જે નરક ગતિ યોગ્ય ભારેકર્મ ઉપાર્જન કર્યું હતું. તેના કારણે નરકમાં જવાનું નિશ્ચિત થઈ ગયું હતું, તેથી તેમને નરકમાં અવશ્ય જવું પડ્યું. પરંતુ નરકમાં જવાથી તેમનું સમ્યક્ત્વરત્ન જતું નથી રહ્યું. ક્ષાયિક સમ્યક્ત્વ પામેલા તે પુણ્યાત્મા વર્તમાનકાળે 'નરકમાં હોવા છતાં પણ સમ્યક્ત્વની શ્રદ્ધાની મસ્તીમાં છે, અને તીર્થંકર નામકર્મ પણ બાંધીને સાથે લઈને ગયા છે. એકબાજુ સમ્યક્ત્વ દુર્લભ રત્નની પ્રાપ્તિ અને બીજીબાજુ અમૃતમાં પણ સાકર સમાન તીર્થંકર નામકર્મનો ઉમેરો થવાથી નરકમાંથી તરત બહાર નીકળીને તીર્થંકર પદ્મનાભ સ્વામી બનીને તે જ ભવમાં મોક્ષમાં પણ જશે જ. એટલે સમ્યક્ત્વથી અજરામર-પદ - મોક્ષની પ્રાપ્તિ તે જ ભવમાં ભલેને થાય કે ન પણ થાય, અથવા ભલેને ભવાંતરમાં થાય, પણ થવાની નિશ્ચિત જ છે.

સમ્યક્ત્વની સાથે અજરામર-પદ - મોક્ષની પ્રાપ્તિનો નિયમ અફર નિશ્ચિત જ છે, એમાં બેમત નથી. શાસ્ત્રમાં એવો નિયમ છે કે -

अंतोमुहूर्त-मित्तंपि, फासिअं दुज्ज जेहिं सम्मत्तं ।
तेसिं अवड्ढ प्रग्गल, परिअट्टा चेव संसारो ।।प्र।। - *નવ તત્ત્વ*

જે આત્મા એકવાર ગ્રંથિભેદ કરીને અંતમુહૂર્ત-માત્ર પણ સમ્યક્ત્વ પામી જાય છે, તેનો મોક્ષે જવાનો કાળ પણ નિશ્ચિત થઈ જ જાય છે. મિથ્યાત્વના કારણે જે સંસારનો કાળ અનંતકાળનો હતો, તે ગ્રંથિભેદ પછી સમ્યક્ત્વ પામતાંની સાથે જ માત્ર અર્ધપુદ્ગલ-પરાવર્તકાળનો જ રહી જાય છે. ક્યાં અનંત પુદ્ગલ-પરાવર્તકાળ અને ક્યાં માત્ર અર્ધપુદ્ગલ પરાવર્તકાળ ? કદાચ બીજા સાદા શબ્દોમાં સરખામણી કરતાં ખ્યાલ આવી શકતો હોય તો તે છે - ક્યાં મહાસાગરનું અગાધ જળ અને ક્યાં તેની સામે માત્ર એક ગ્લાસભર પાણી ? અનંત પુદ્ગલ-પરાવર્તકાળ મહાસાગર સમાન છે. જ્યારે અર્ધ-પુદ્ગલ-પરાવર્તકાળ તે ફક્ત એક ગ્લાસ પ્રમાણ જ છે. સામાન્ય લોકો જેઓ પુદ્ગલ-પરાવર્ત આદિ શાસ્ત્રીય શબ્દોથી અજાણ છે, તે આ ઉપમાના દૃષ્ટાંતથી સમજી શકશે. આવો અનંતકાળ - અનંત પુદ્ગલ-પરાવર્તકાળ જ્યારે જીવો મિથ્યાત્વમાં વિતાવતા વિતાવતા સંસારચક્રમાં પરિભ્રમણ કરતા જ હોય છે, ત્યારે **'તુહ સમ્મત્તે લદ્ધે'** - હે પ્રભુ ! તારું સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી **'પાવંતિ અવિગ્ઘેણં'** - વગર-વિઘ્ને જીવો **'જીવા અયરામરં ઠાણં'** અજરામર એવા મોક્ષપદને પામે છે. અજર - જન્મ વગરનું, અમર

- મરણ વગરનું. આવી રીતે જન્મ-મરણરહિત આ સંસારમાં જે કોઈ પણ સ્થાન હોય તો તે એકમાત્ર મોક્ષ જ છે. એવો મોક્ષ જ સમ્યક્ત્વની પ્રાપ્તિથી - બોધિબીજથી મળે છે. આના જેવું બીજું કોઈ સર્વોચ્ચપદ, ફળ કે સ્થાન છે જ નહિ.

સર્વ પ્રથમ જીવે નિગોદમાં પણ અનંતકાળ. અનંતજન્મ - મરણો વિતાવ્યાં છે અને નિગોદમાંથી બહાર નીકળ્યા પછીથી આજ દિવસ સુધીના સંસાર-ચક્રમાં પરિભ્રમણ કરતા કરતા પણ અનંતો કાળ અને અનંતા જન્મ - મરણો વિતાવ્યાં છે. અનંતા ભવો થયા છે; પરંતુ નિબિડ ગ્રંથિ મિથ્યાત્વની ભેદવા માટે જીવાત્માએ યથાપ્રવૃત્તિકરણ - અપૂર્વકરણ - અને અનિવૃત્તિ-કરણાદિ કરણો કરીને ઉત્કૃષ્ટ સિત્તેર ક્રોડાક્રોડી સાગરોપમાદિની સર્વ કર્મોની ઉત્કૃષ્ટ બંધ-સ્થિતિ-કાળ લાવે છે અને સમ્યક્ત્વ પામીને મોક્ષે પહોંચવા માટેનો પોતાનો કાળ માત્ર અર્ધપુદ્ગલ-પરાવર્તનો નક્કી કરી લે છે. **'तुह सम्मत्ते लद्धे'** અને **'दिज्ज बोहिं'**થી સમ્યક્ત્વરત્ન પામ્યા પછી જીવને ફક્ત આટલા જ કાળમાં નિશ્ચિતપણે મોક્ષ મળવાનું, એટલે મળવાનું જ છે, તેમાં બેમત નથી. એટલે સમ્યક્ત્વ મળતાંની સાથે જ મોક્ષ મળી નથી જતું, પણ મોક્ષ મળવાનું છે તે નિશ્ચિત થઈ જાય છે. જે સંસારમાં સર્વથા લક્ષવિહોણા થઈને અનંતકાળ સુધી પરિભ્રમણ કરી રહ્યા હતા, તેના બદલે હવે મોક્ષ મળવાનું નક્કી થઈ જાય, તો પણ કેટલા આનંદની વાત છે. આ પણ સામાન્ય વાત નથી.

બસ, એકવાર મોક્ષ મળવાનું ચોથા સમ્યક્ત્વપ્રાપ્તિના ગુણસ્થાને નક્કી થયા પછી ભલેને કાળ વીતે, અને ભલેને સંસારચક્રમાં જન્મ-મરણ-ભવો કરવા પડે, તો પણ જીવ ભટકી ભટકીને કેટલો ભટકવાનો ? તો કહે છે - 'ફક્ત અર્ધપુદ્ગલ-પરાવર્તકાળ સુધી જ. બસ, એટલા કાળમાં તો નિશ્ચિત મોક્ષે જવાનો જ.'

કદાચ સમ્યક્ત્વ જે પામેલો હતો તે વમી પણ નાંખે, તો પણ અર્ધ-પુદ્ગલ-પરાવર્તકાળમાં તો નિશ્ચિત મોક્ષે જવાનો એટલે જવાનો જ. કારણ કે પ્રથમવાર પામવું જ અત્યંત અઘરું છે. કારણ અનાદિની નિબિડ ગ્રંથિનું ભેદ કરવાનું હતું. પરંતુ એકવાર પામીને સ્વાદ ચાખી ચૂક્યો છે, ફરીથી પ્રાપ્ત કરવું, પહેલાં જેટલું અઘરું રહેતું નથી, તે સહેલાઈથી પામી શકે છે અને મોક્ષપ્રાપ્ત કરવાની દિશામાં આગળ વધી શકે છે.

આપણા ચરમ તીર્થાધિપતિ ચોવીસમા મહાવીરપ્રભુ નયસારના પ્રથમ ભવમાં ગ્રંથિભેદ કરીને પ્રથમ વાર સમ્યક્ત્વ પામ્યા અને ત્રીજા મરીચિના ભવમાં **'કવિલા ઈત્થંપિ ઈહયંપિ'**-ના વિચારો અને શબ્દપ્રયોગોથી વમી પણ ગયા. ભલે વમન થઈ ગયું, કેટલાક નાના ભવો પણ વધ્યા. જેની ગણના સત્તાવીસ ભવોમાં ગણી નથી. તે છતાં પણ પાછા સમ્યક્ત્વ પામી ગયા અને સત્તાવીસ ભવોના કાળમાં સત્તાવીસમા ભવે મોક્ષ પામી ગયા. આ સત્તાવીસ ભવોનો કાળ બધો ભેગો કરીએ તો પણ તે અર્ધપુદગલ-પરાવર્તકાળ જેટલો થતો નથી. સમ્યક્ત્વ પામ્યા પછી ફરીથી જીવો બીજાં કર્મો વધારે બાંધી દે, તો સંસાર વધી જાય. કેટલાક ભવો વધારે કરવા પડે. પરંતુ તે બધાનો કાળ મળીને પણ અર્ધપુદ્ગલ-પરાવર્તકાળથી વધારે તો ન જ થાય.

આ રીતે સમ્યક્ત્વરત્નને **'ચિંતામણિ કપ્પપાયવબ્ભહિએ'** - ચિંતામણિ-રત્ન અને કલ્પવૃક્ષ કરતાં પણ વધારે પ્રભાવી અને અગત્યનું અત્યંત કીમતી કહ્યું છે. માટે 'ઉવસગ્ગહરંના જાપાદિથી ચિંતામણિરત્ન મળી જશે, કે કલ્પવૃક્ષ આપણા ઘરમાં ફળી જશે.' આવી સાંસારિક લોભ-લાલસાવાળી વૃત્તિ રાખવી ઉચિત નથી. **'વબ્ભહિએ આધિકં'** - આ શબ્દનો મહત્ત્વનો પ્રયોગ કરીને યુગપ્રધાન મહાપુરુષ પૂ. ભદ્રબાહુ સ્વામીએ સર્વસામાન્ય લોકોની આંખ ઉઘાડી છે. લક્ષ સામે માત્ર ભૌતિક-દુઃખો જ ટાળવાં અને સુખો જ મેળવવાં માત્ર આટલો જ લક્ષ રાખનારા જીવોની દૃષ્ટિ થોડી ઉપર અજરામર-પદની પ્રાપ્તિ કરવા તરફ રાખવાનું અને તે માટે સમ્યક્ત્વરત્નને પ્રાપ્ત કરવા માટેની પ્રેરણા આપી છે. કારણ કે ચિંતામણિરત્ન કલ્પવૃક્ષ પણ જે અજરામર-પદ - મોક્ષની પ્રાપ્તિ કદાપિ કરાવી જ નથી શકતું તે મોક્ષની પ્રાપ્તિ સમ્યક્ત્વરત્ન નિશ્ચિત પણ કરાવે જ છે, એમાં રતીભાર - અંશમાત્ર પણ શંકાને સ્થાન નથી. આ વાતને પુરવાર કરવા માટે ખાસ **'વબ્ભહિએ - અધિકં'** - શબ્દને જોડીને તેની આગળ ચિંતામણિ **'કપ્પપાય'** ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષ કરતાં પણ અત્યંત અધિક ફળદાયી, મહા-પ્રભાવી છે. માટે આ રીતે સમ્યક્ત્વ કેટલું કીમતી છે તેની ઓળખ કરાવી છે અને એની સામે ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષ કેટલાં વામણાં છે ? કેટલાં ઊણાં ઊતરે છે, તે દર્શાવવા **'વબ્ભહિએ'** - શબ્દનો પ્રયોગ કરીને અત્યાધિક મહાનતા દર્શાવીને આ સ્તોત્રને મોક્ષદાયી સ્તોત્ર તરીકે પુરવાર કરેલ છે અને અજરામર - મોક્ષપ્રાપ્તિ માટે સમ્યક્ત્વરત્ન કારણભૂત છે. ચિંતામણિરત્ન

કે કલ્પવૃક્ષ કારણભૂત નથી તે સ્પષ્ટ કર્યું છે અને **'લદ્ધે'** - શબ્દનો પ્રયોગ કરીને સ્પષ્ટ રીતે પામી ચૂકેલા જીવોને વિશ્વાસ દેવરાવ્યું છે કે - 'તમે શંકા રાખતા જ નહિ - કે સમ્યક્ત્વ મળી ગયા પછી પણ અજરામર-પદ - મોક્ષ મળશે કે નહિ !'

સમ્યક્ત્વની સાથે અજરામર-પદ - મોક્ષનો અને અજરામર-પદ - મોક્ષનો સમ્યક્ત્વની સાથે અવિનાભાવિ - કાર્યકારણ ભાવનો નિશ્ચિત સંબંધ અભેદ રીતે રહે જ છે. જેમ આગ લાગવાથી ધુમાડાની અને ધુમાડાની સાથે આગનો નિશ્ચિત કાર્ય-કારણભાવ સંબંધ છે, એવી જ રીતે સમ્યક્ત્વ પામી જવાથી **'લદ્ધે'** અજરામર-પદ પામશે તે નિશ્ચિતપણે સમ્યક્ત્વી જ હોય છે. અને તે જ પામશે. માટે સમ્યક્ત્વી વિના બીજા મિથ્યાત્વી આદિ જીવો અજરામર-પદ પામી જ નહિ શકે, એ પણ એટલું જ નિશ્ચિત છે. માટે મોક્ષ પામવાની ચિંતા સાધકે વર્તમાનમાં કરવાની જરૂર નથી. તેને તો વર્તમાનકાળે માત્ર સમ્યક્ત્વરત્ન પામવાની જ ચિંતા કરવાની છે. તે માટે પુરુષાર્થ કર્યા પછી તે મળી ગયા પછી નિશ્ચિતપણે અજરામર-પદ - મોક્ષ મળવાનું જ છે. મોક્ષ ભવિષ્યકાળમાં અથવા ભાવિ ભવોમાં મળશે, પરંતુ સમ્યક્ત્વ ભાવિ ભવોમાં નહિ પણ વર્તમાનકાળમાં મળે અને પાછું ભવોભવમાં મળે તે માટે ભગીરથ પુરુષાર્થ કરવો અનિવાર્ય છે. ચિંતા મોક્ષની નહિ પણ સમ્યક્ત્વની પ્રાપ્તિની કરવાની છે.

એ માટેના પુરુષાર્થોમાં પાંચમી-ગાથામાં **'ભવે ભવે'** - સમ્યક્ત્વ મળે તેની અને તેવી પ્રાર્થના કરવાની છે. **'દિજ્જ બોહિં'** - બોધી આપો. પ્રશ્ન એ થાય છે કે - 'ભગવાન પાસે જ સમ્યક્ત્વ - બોધિની પ્રાપ્તિ માટે પ્રાર્થના કેમ કરાય છે ?'

ઉત્તરમાં સ્પષ્ટ શબ્દપ્રયોગ ચોથી-ગાથામાં કરેલ છે કે - **'તુહ સમ્મત્તે'** - હે પરમાત્મા તારું સમ્યક્ત્વ એટલે તારા ઉપરની દૃઢ શ્રદ્ધા થાય, એ વાત વળી બીજે કે બીજા પાસે ક્યાં માગવા જવી ? શા માટે બીજે માગવી ? બીજે ક્યાં મળવાની છે ? તારા ઉપર મારી શ્રદ્ધા કાયમ રહે... તારું આ સમ્યક્ત્વ તારી પાસે જ મળશે. બીજે ક્યાં ય મળવું સંભવ જ નથી. માટે પાંચમી-ગાથામાં ત્રણ વિશેષણો પાર્શ્વનાથ ભગવાન માટે વાપરીને **'દિજ્જ'** - આપોની યાચના કરી છે. **'(૧) મહાયસ, (૨) દેવ, (૩) જિણચંદ'** - આ ત્રણ વિશેષણો સાથે પાસં પાર્શ્વનાથ ભગવાનનું પણ નામ વાપર્યું છે અને તેમની પાસે ભવિષ્યના લાંબા કાળ - ભાવિના ભવોમાં પણ તારું

સમ્યક્ત્વ - બોધિ મળો, જેથી અજરામર-પદ વહેલું મળે. જો આજે સમ્યક્ત્વ મળે અને પછીના ભવોમાં તારી શ્રદ્ધા ન મળે તો શું થાય ? તો મોક્ષપ્રાપ્તિ લંબાઈ જાય. એકવાર મારું મન તારી શ્રદ્ધામાં લાગી ગયા પછી, તારું સમ્યક્ત્વરત્ન મને ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષો કરતાં પણ ઘણું વધારે કીમતી સમજાઈ ગયા પછી અને તેની પ્રાપ્તિ આ ભવમાં થઈ ગયા પછી ભાવિના બીજા ભવોમાં ન મળે તો કેમ ચાલે ? ન મળે તો શું થાય ? આવો સાધક પ્રભુ વિના અને પ્રભુની શ્રદ્ધા - સમ્યક્ત્વ વિના જાણે પાણી વિના માછલી તરફડે, તેમ તરફડવા લાગે. માટે પહેલેથી જ નક્કી કરી લીધું છે કે - ભવોભવ બોધિરત્ન મળે તે માટે **'ભવે ભવે દિજ્જ બોહિં'** શબ્દો પાંચમી-ગાથામાં વાપર્યા છે અને ભવે ભવે મળે તે માટેની પ્રાર્થના કઈ કક્ષાની કરી છે ? કેવી પ્રાર્થના ફળે ?

પાંચમી-ગાથામાં પ્રાર્થના કરી છે. તે પ્રાર્થના અત્યંત ઉત્કૃષ્ટ કક્ષાની થાય. તેની ગુણવત્તા ઉચ્ચ કક્ષાની સચવાય તે માટે **'ભત્તિભર નિબ્ભરેણ હિયએણ'** - શબ્દનો પ્રયોગ પાંચમી-ગાથામાં કર્યો છે. આ પાંચમી-ગાથાને ઉપસંહાર રૂપે અંતમાં લખતાં છેલ્લે **'ઈઅ સંથુઓ'** - આ સ્તવના... સમ્યગ્ સ્તુતિ જે કરી છે. તે કેવી રીતે કરી છે અને કેવી રીતે આપણે બધાંએ કરવી જોઈએ ? અને કેવી રીતે કેવા પ્રકારની કરેલી સ્તુતિ ફળદાયી નીવડે તે દર્શાવવા આ બે-ત્રણ માર્મિક શબ્દો વાપર્યા છે. ભક્તિથી ભરેલા હૃદયપૂર્વક - આ શબ્દાર્થ કેટલો મહત્ત્વનો છે ? જે ક્રિયા, જે સ્તુતિ ભક્તિ-સભર હૃદયપૂર્વક થાય, તો જ તે તેટલી ફળદાયી નીવડે છે, નહિતર નહિ. એથી એ પણ સ્પષ્ટ થાય છે કે - 'જે સ્તુતિ - સ્તવના આદિ પરમાત્માની ભક્તિ હૃદયના ભક્તિસભર ભાવપૂર્વક નથી થતી તે ફળદાયી નથી નીવડતી'.

વર્તમાનયુગ તર્કબુદ્ધિનો યુગ થતો જાય છે. લોકો હૃદયની લાગણી-ઓને અને ભાવ અને ભાવનાને ગૌણ કરતા જાય છે, તેથી શ્રદ્ધાનો યુગ આથમતો જાય છે. વિજ્ઞાનયુગમાં બુદ્ધિ બળવાન થતી જાય છે. બુદ્ધિનું કામ તર્કો લડાવવાનું છે, જ્યારે શ્રદ્ધાયુગમાં બુદ્ધિ અને તર્કો ગૌણ હોય છે. હૃદયની સરળતા, સહૃદયતા, સદ્ભાવના, લાગણીશીલતા, ગુણોપાસના, પૂજ્યભાવાદિ શ્રદ્ધાયુગમાં હજારગણા વધારે વધતા જતા હોય છે. આ તો પરમાત્માની ભક્તિ છે અને તેમાં પણ ભવોભવ પ્રભુ તારા પ્રત્યેની નિષ્ઠા - શ્રદ્ધા વધુ ને વધુ દૃઢ બનતી જાય, ભવોભવ - એટલે દરેક જન્મોમાં ફરી ફરી તારું સમ્યક્ત્વ - તારા પ્રત્યેની શ્રદ્ધા મળતી જાય, તે માટે

પછી કેવી પ્રાર્થના કરવી ? હૃદયની કાકલૂદીપૂર્વકની કરવી કે બુદ્ધિપૂર્વકની કરવી ? યાચના - માગણી જ્યારે કરવાની હોય ત્યારે તેમાં બુદ્ધિ કે તર્ક કામે નથી લાગતા, તેમાં તો ભાવના - લાગણી જ કામ લાગે છે, અને સામાન્ય યાચના હોત તો વાત જુદી હતી. અહીંયાં તો **'ભવે ભવે'** - જનમો-જનમ મળે, ફરી ફરી મળતી રહે તેવી તીવ્ર ઈચ્છા છે. તો પછી યાચના કેવા ભાવપૂર્વક કરે ?

વર્તમાનકાળમાં બુદ્ધિ અને તર્કમાત્રથી ભગવાનને ઓળખવા જનારા બુદ્ધિશાળીઓને, તર્કશાસ્ત્રીઓને ભદ્રબાહુ સ્વામીએ આ શબ્દોના પ્રયોગોથી પાઠ ભણાવ્યો છે કે - 'ભગવાન, સમ્યક્ત્વ, અજરામર-પદની પ્રાપ્તિ આદિ ફક્ત બુદ્ધિગમ્ય કે ફક્ત તર્કગમ્ય જ નથી. પણ **'ભત્તિભર નિબ્ભરેણ હિયએણ'** - ભક્તિથી નીતરતા હૃદયપૂર્વકના ભાવથી પરમાત્માની પ્રાપ્તિ સુલભ છે.

ઘણી વખત એકલી બુદ્ધિ અને તર્ક જ હોય, પણ સાથે સહૃદય ભક્તિ-સભરતા નથી હોતી, તો તે શુષ્ક નીવડે છે. તેમાં નીરસતા, શુષ્કતા હોય છે અને જો ભક્તિસભર હૃદયના ભાવપૂર્વક કરવામાં આવે તો કેવી ફળદાયી નીવડે છે ? દ્વિસંયોગી ચાર ભંગની ચતુર્ભંગી આ વિષયમાં આ પ્રમાણે થાય છે -

(૧) બુદ્ધિ અને તર્ક હોય પણ ભક્તિસભર સહૃદયતા ન હોય.

(૨) બુદ્ધિ અને તર્ક હોય અને સાથે સાથે ભક્તિસભર સહૃદયતા પણ હોય.

(૩) બુદ્ધિ અને તર્ક ન હોય છતાં પણ ભક્તિસભર સહૃદયતા હોય.

(૪) બુદ્ધિ અને તર્ક ન હોય અને ભક્તિસભર સહૃદયતા પણ ન હોય.

ઉપરોક્ત ચાર પ્રકારના ભંગોમાં ચતુર્ભંગીમાં ચાર પ્રકારના જીવોનું ચિત્રણ કરવામાં આવ્યું છે. સંસાર છે... જેમાં અનંતા જીવો છે. તે બધાનો સમાવેશ ઉપરોક્ત ચાર પ્રકારોમાં થઈ જાય છે. પ્રથમ પ્રકારના જીવો જેઓ બુદ્ધિ અને તર્કપ્રધાન હોય, પરંતુ ભક્તિસભર સહૃદયતા ન હોવાને કારણે નીરસ-શુષ્કતા લાવતા હોય છે. તેમનામાં માત્ર જ્ઞાનગમ્યતા હોય છે, પરંતુ શ્રદ્ધાગમ્યતા ભારપૂર્વકતા નથી હોતી. જ્યારે બીજા પ્રકારના જીવોમાં જેમાં બંને સાથે હોય તો ખરેખર સોનામાં સુગંધ ભળે છે. બુદ્ધિ અને તર્ક-યુક્તિગમ્યતા પણ પૂરેપૂરી વાપરતા હોય અને સાથે સાથે શ્રદ્ધાપૂર્વક સરળતા, સહૃદયતા, પૂજ્યભાવપૂર્વકની લાગણીશીલતાવાળી ભક્તિ આદિ પણ સાથે ભળે, તો નિશ્ચિતપણે એવા જીવો પૂર્ણ લાભ પામતા

હોય છે. જ્યારે ત્રીજા નંબરના જીવો બુદ્ધિ - તર્કયુક્તિ બિલકુલ નથી રાખતા, નથી વાપરતા, એટલે જ્ઞાનગમ્યતાને સાવ જ ગૌણ કરી દેતા હોય છે. માત્ર ભક્તિસભર હૃદય વાપરતા હોય છે, તેઓ શ્રદ્ધાગમ્યતા વાપરતા હોય છે, અને એમ માની લેતા હોય છે કે - 'અમે જ સાચી ભક્તિ કરતા હોઈએ છીએ. પરંતુ આ બીજા ભંગમાં ઘણીવાર અંધશ્રદ્ધાળુ-ઓનો વધારો હોય છે. સ્વાર્થાંધતા ભળી જાય છે. જ્ઞાનદશા વિના અને પરમાત્માની સાચી ઓળખ વિના અંધશ્રદ્ધામાં પોતાનાં દુઃખો ટાળવાં અને સુખો મેળવવાનાં સ્વાર્થથી પણ વધુપડતી ભક્તિસભરતા દાખવતા હોય છે. માટે તે પણ તેટલી લક્ષસાધક નથી નીવડતી.

ચોથા ભંગમાં તો કંઈ જ ભલીવાર નથી હોતી. બંને ન હોવાના કારણે સાવ નિષ્ફળ જાય છે. બુદ્ધિમત્તા પણ નથી, જ્ઞાનગમ્યતા પણ નથી અને ભક્તિસભર સહૃદયતા પણ નથી. એવા તો મિથ્યાત્વીઓ ઘણાં પોતાનું જીવન સાવ નિરર્થક ગુમાવતાં હોય છે. જ્યારે ત્રીજા ભંગમાં પણ ઘણાં મિથ્યાત્વી-જીવોનો પણ સમાવેશ થઈ જાય છે. કારણ કે સાચી સમ્યગ્ જ્ઞાનદશા ન હોવાના કારણે ઘણી વાર પરમાત્માને સાચા અર્થમાં ઓળખી પણ નથી શકતા, તેમના પ્રત્યે સમ્યગ્શ્રદ્ધા, સમ્યગ્દર્શન પણ પૂર્ણ વધારી નથી શકતા અને અજરામર-પદની સમજણ પણ પૂર્ણપણે મેળવી નથી શકતા અને તેથી તેઓ અંધશ્રદ્ધા તરફ વળી જતા હોય છે અને ભવોભવ સમ્યક્ત્વની પ્રાપ્તિ ચૂકી જતા હોય છે.

સમ્યગ્ - સાચીશ્રદ્ધા અને મિથ્યાશ્રદ્ધામાં આસમાન - જમીનનું અંતર છે. મિથ્યાશ્રદ્ધા સંસારમાં જ ભટકાવશે. અજરામર-પદની પ્રાપ્તિ તરફ એક ડગલું પણ આગળ નહિ વધારે. તેવી જ રીતે અંધશ્રદ્ધા પણ ભૌતિકાદિ દુઃખોની નિવૃત્તિનું જ લક્ષ રાખશે, ભૌતિક-સુખોની પ્રાપ્તિ તરફ જ લક્ષ રાખશે. જ્યારે અજરામર-પદની પ્રાપ્તિ તરફનું લક્ષ જ નહિ થાય, અથવા સાવ ગૌણ થઈ જશે. જ્યારે એ જ પાર્શ્વનાથ પરમાત્મા - દેવ-ગુરુ-ધર્માદિ ઉત્કૃષ્ટ કક્ષાના પામીને પણ તે જીવો માત્ર પોતાના સાંસારિક ભૌતિક-દુઃખો ટાળવાં માટે ભક્તિસભર હૃદયપૂર્વક બધું જ વિનવશે. એટલું જ નહિ... ઉવસગ્ગહરં સ્તોત્રમાં વપરાયેલા **'ચિંતામણિ કપ્પપાયવ'** - ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષ જેવાની પ્રાપ્તિ પોતાને થાય અને તેનાથી મારું ઈચ્છિત બધું જ મને મળે. બસ ચિંતામણિરત્ન મળે તો મારી બધી ચિંતાઓ ટળી જશે અને ચિંતાઓ વિષયક બધાં જ કાર્યો સિદ્ધ થઈ જશે,

બધા મનોરથો ફળીભૂત થઈ જશે અને ઉપસર્ગો આદિ ટળી જશે. ગ્રહ-પીડાદિ મટી જશે, દુઃખ-દારિદ્રય ટળી જશે. 'દુઃખ' શબ્દનો વિચાર સુદ્ધાં નહિ કરે, અર્થાત્ ચિંતામણિરત્ન કરતાં પણ અધિક અને કલ્પવૃક્ષ કરતાં પણ વધારે ઉપયોગી અને ઉપકારી સમ્યક્ત્વરત્ન છે, જે અત્યંત દુર્લભ છે, તેનો ખ્યાલ સુદ્ધાં નહિ આવે. ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષને દુર્લભ નથી કહ્યાં, તે તો વધુ સુલભ છે; જ્યારે સમ્યક્ત્વરત્ન અત્યંત દુર્લભ છે. ચિંતામણિ-રત્ન અને કલ્પવૃક્ષ ભવોભવ **'ભવે ભવે'** મળે તેવી પ્રાર્થના કર્તાએ નથી કરી, કારણ કે તે સ્વયં સમજે છે કે - જેના થકી અજરામર-પદની પ્રાપ્તિ સંભવ જ નથી. જ્યારે એકમાત્ર બોધિ-સમ્યક્ત્વરત્ન થકી જ અજરામર-પદની પ્રાપ્તિ સંભવ છે. માટે ભવે-ભવે - જનમોજનમ **'દિજ્જ બોહિં'** બોધિબીજ આપો એવી પ્રાર્થના પાર્શ્વ જિનચંદ્ર... **'પાસ જિણચંદ'** પાસે કરી છે અને સર્વસામાન્ય જીવો પણ ક્યાં ય આવી ભૂલ કરી ન બેસે, માટે **'વબ્ભહિએ'** - અધિક અર્થનો શબ્દ ખાસ વાપરીને તેના ઉપર ભાર મૂક્યો છે. આ અને આવાં રહસ્યો સાધકે આ સ્તોત્રમાંથી શોધવાં જ રહ્યાં છે. પૂ. ભદ્રબાહુ સ્વામી તો રચયિતા-સ્તોત્રકર્તા છે. પૂર્વધર યુગ મહાપુરુષ છે. સર્વજીવોને માર્ગ દર્શાવવાની તેમની મોટી જવાબદારી છે. તે શા માટે ભૂલ કરે ? **'વબ્ભહિએ'** - અધિક અર્થનો શબ્દ ન વાપર્યો હોત, સમ્યક્ત્વ શબ્દ ન વાપર્યો હોત તો કદાચ ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષની જ મહત્તા જીવો સમજી બેસત. પરંતુ તેવુ નથી થવા દીધું. તેમને બરોબર યોગ્ય શબ્દો વાપરીને અજરામર-પદની પ્રાપ્તિનો માર્ગ ચીંધ્યો છે અને તે માટે **'તુહ સમ્મત્તે લદ્ધે'**નો એકમાત્ર ઉપાય - 'હે પ્રભુ ! તારા સમ્યક્ત્વ (તારી સમ્યગ્શ્રદ્ધા)થી જ સંભવ છે' તે દર્શાવ્યું છે. આ કાર્ય-કારણભાવ અને તેનો અવિનાભાવ - સંબંધ જીવોને સ્પષ્ટ સમજાઈ જવો જોઈએ.

આટલી વાત ચોથી-ગાથામાં સ્પષ્ટ કરીને આખા સ્તોત્રનો અંતિમ ઉદ્દેશ્ય સ્પષ્ટ કરી દીધો છે અને પાંચમી-ગાથામાં તે સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે શું કરવું ? તેનો ઉપાય પણ બતાવી દીધો છે. તેમાં ઉચ્ચ કક્ષા લાવવા માટે ખાસ **'ભત્તિભર-નિબ્ભરેણ હિયએણ'** - ભક્તિસભર ભક્તિની નીતરતી સહૃદયતા-પૂર્વક **'ભવે ભવે'** જનમોજનમ **'દિજ્જ બોહિં'** - બોધિબીજ આપો (મળો) તેવી પ્રાર્થના **'પાસ જિણચંદ'** - પાર્શ્વ જિનચંદ્ર પાસે કરવામાં આવી છે.

પ્રભુ પાસે બીજું શું મંગાય ? જે જિનેશ્વરોમાં ચંદ્ર સમાન શ્રેષ્ઠ છે

અને અજરામર-પદની પ્રાપ્તિ માટે તે જ એકમાત્ર મહાન આલંબનરૂપ છે. માધ્યમરૂપ છે. જે અજરામર-પદને તેઓ સ્વયં પામી ચૂક્યા છે. માટે તેમની જ ભક્તિ એવા ભક્તિરસ-ઝરતા હૃદયપૂર્વક જો કરવામાં આવે તો નિશ્ચિતપણે બોધિબીજની પ્રાપ્તિ ભવોભવ - **'ભવે ભવે'** થાય, મળે.

'જયવીયરાય જેવા 'પ્રણિધાન સૂત્ર'માં પણ **'તુહ સમત્તે તહવિ મમ હુજ્જ સેવા ભવે તુમ્હ ચલણાણં'** - હે પ્રભુ તારા સિદ્ધાંતમાં, તારા શાસન-માર્ગમાં મારી સેવા ભવોભવ હોજો, તારા ચરણકમળની સેવા ભવોભવ મળજો એવી પ્રાર્થના સ્પષ્ટ રીતે કરી છે. અને કદાચ ભવ ભવ **'ભવે ભવે'** મળજો શબ્દથી જો તેને નિયાણું ગણવામાં આવતું હોય તો પણ ભલે.. ભક્તહૃદયની સહૃદયતા એટલી બધી ભાવ ભરી છે કે તે માટે કદાચ આને જો નિયાણું કહેવાતું હોય તો પણ ભલે. હું તે નિયાણું જાણીબૂજીને કરવા તત્પર છું. જો કે **'વારિજ્જઈ જઈવિ નિયાણ બંધણં વીયરાય'** - આવા શબ્દો **'જયવીયરાય સૂત્ર'**માં વાપરીને શાસ્ત્રાજ્ઞા સ્પષ્ટ જણાવે છે કે - 'હે પ્રભુ ! જો કે આપના શાસનમાં નિયાણું બાંધવાનું વર્જ્ય ગણવામાં આવ્યું છે, તેનો નિષેધ કરવામાં આવ્યો છે. તેમ છતાં પણ **'ભવે ભવે તુમ્હ ચલણાણં'** - ભવોભવ તમારા (પ્રભુનાં) ચરણકમળની પ્રાપ્તિ અને તેમાં મારી સેવા, તેમ જ **'તુહ સમતે તહવિ મમ હુજ્જ સેવા'** - તમારા શાસનમાં, તમારા કર્મ સિદ્ધાંતમાં મારી સેવા ભવોભવ (ભવે ભવે) હોજો(હુજ્જ)ની ઉત્કૃષ્ટ ભાવના વ્યક્ત કરવામાં આવી છે.

જો કે આને નિયાણું ગણવામાં નથી આવતું. નિયાણાનું સ્વરૂપ આવું નથી. તીવ્ર રાગ-દ્વેષાત્મક વૃત્તિના કલેશ-કષાયાદિના કારણે નિયાણાં બંધાતાં હોય છે. જ્યારે પરમાત્માના ચરણકમળની પ્રાપ્તિ, પ્રભુના શાસન અને સિદ્ધાંતની પ્રાપ્તિ ભવોભવ મળે અને તેમાં મારી સેવા સદા રહે... આવી ભક્તિસભર હૃદયની ઉત્કૃષ્ટ ભાવના તે જ ઉપલબ્ધ કરાવનારી છે. પ્રશસ્ત અને પ્રશક્ય ભાવની આ ઉત્કૃટ ભાવના જ આ ભવમાં અને ભવાં-તરમાં પ્રાપ્ત કરાવનારી છે.

**'જયવીયરાય જેવા પ્રણિધાન સૂત્ર'**માં તેમ જ 'ઉવસગ્ગહરં સ્તોત્ર' બંનેમાં સમાનતા એ છે કે - બંનેમાં **'ભવે-ભવે'** શબ્દોનો પ્રયોગ અને બોહિલાભો - **'દિજ્જ બોહિં'** બંને સમાન સ્વરૂપમાં સમાન અર્થમાં રાખવામાં આવ્યા છે. આવી ભક્તિસભર સહૃદયતાપૂર્વક રજૂઆત ન થાય તો ઉત્કૃષ્ટ ભાવના વ્યક્ત ન થાય અને તેના ફળસ્વરૂપે ભવાંતરોમાં ઉપલબ્ધ

ન થાય. અને જો બોધિબીજ - સમ્યક્ત્વરત્ન ભવોભવે પ્રાપ્ત ન થાય તો અજરામર - મોક્ષપદ મળે કેવી રીતે ?

**સમ્યક્ત્વને ક્ષાયિક કરવાની તમન્ના :**

'જયવીયાય' અને 'ઉવસગ્ગહરં **સ્તોત્ર**' બંનેમાં **'ભવે ભવે'** શબ્દોનો પ્રયોગ કરી તેમ જ **'દિજ્જ બોહિં'** અને બોહિલાભો શબ્દના પ્રયોગો વડે સમ્યક્ત્વરત્નની પ્રાપ્તિ ભવાંતરોમાં જનમોજનમમાં મળતી જ રહે તેવી **'ભત્તિભર-નિબ્ભરેણ હિયએણં'** - ભક્તિસભર સહૃદયતાપૂર્વકની ઉત્કૃષ્ટ ભાવપૂર્વકના પ્રાર્થના જ ઔપશમિક-સમ્યક્ત્વથી ક્ષાયિક કરવાની પ્રક્રિયા છે. ઔપશમિક સમ્યક્ત્વ તો આવીને કદાચ પાછું ચાલ્યું પણ જાય. પરંતુ ક્ષાયિક-સમ્યક્ત્વ ક્યારે ય પાછું ન જાય. અહીંથી પ્રાપ્ત કરીને ભવાંતરોમાં પણ સાથે રહે અને છેક મોક્ષમાં પણ સાથે આવે, મોક્ષમાં પણ રહે. આવા ક્ષાયિક-સમ્યક્ત્વને પ્રાપ્ત કરવાની પ્રક્રિયા આવા શબ્દોથી અને આવા ભાવોથી આ બંને સૂત્રોમાં દર્શાવવામાં આવેલ છે. એવી જ રીતે **'નામસ્તવ લોગસ્સ સૂત્ર'**માં પણ **'બોહિલાભ'** શબ્દથી પણ એ જ બોધિ સમ્યક્ત્વરત્નની પ્રાપ્તિ માટે પ્રાર્થના કરવામાં આવી છે, ભાવના રજૂ કરવામાં આવી છે.

શ્રેણિક જેવો સમ્રાટ પણ એક દિવસ શું હતો અને કેવો હતો ? તે છતાં પણ એવું તો શું કર્યું કે જેથી ક્ષાયિક-સમ્યક્ત્વ પામી શક્યો અને પાછું સોનામાં સુગંધરૂપ તીર્થંકર નામકર્મ પણ ઉપાર્જન કરી લીધું અને આગામી ચોવીશીમાં પ્રથમ તીર્થંકર બનીને મોક્ષે જશે. ભલેને કદાચ બાંધેલાં કર્માનુસાર નરકમાં જવું પડ્યું અને ગયા, તેમાં ના નથી, પરંતુ ત્યાં પણ ક્ષાયિક-સમ્યક્ત્વની ઉપલબ્ધિ સાથે જ છે, તેનો અનહદ લાભ તેમને ત્યાં નરકમાં પણ પ્રતિક્ષણ છે. તેથી પળે-પળે આર્ત-રૌદ્રધ્યાનથી, કૃષ્ણાદિ તીવ્ર લેશ્યાના કષાયો અને કર્મબંધથી બચે છે. ખરેખર ક્ષત્રિય કુળમાં જન્મેલા અને શિકારની આખેટ ક્રીડામાં રાચેલા, તેમજ બૌદ્ધ ધર્મ તરફ વળેલા આત્મા અને મોક્ષાદિ તત્ત્વોને માનનારા શ્રેણિક જેવાના જીવનમાં પાછલી ઢળતી ઉંમરે પરમાત્મા મહાવીર જેવા પારસમણિનો સંયોગ મળતાં જ બોધિબીજ - સમ્યક્ત્વરત્નની પ્રાપ્તિ થતાં જ કથીરમાંથી કંચન બનાવીને અદ્‌ભુત અનોખી પ્રક્રિયા ચમત્કારની જેમ ઘડાઈ ગઈ. ભલેને કદાચ તીર્થંકર નામકર્મ ઉપાર્જન ન પણ કર્યું હોત, તો પણ સમ્યક્-ત્વની પ્રાપ્તિ સાથે જ તેમનો મોક્ષ-અજરામર-પદ પ્રાપ્ત થવાનું નિશ્ચિત

થઈ જ ચૂક્યું હતું. આ તો ઉત્કૃષ્ટ **'ભત્તિભર નિબ્ભરેણ હિયએણ'** - ભક્તિસભર સહૃદયતાપૂર્વક વૃદ્ધિ પામતા ઉત્તમ ભાવથી તેઓ 'સવિ જીવ કરું શાસનરસી'ની ઉત્કૃષ્ટ ભાવના તરફ વળી ગયા અને તેથી આત્મામાં શુચિ-પવિત્ર રસ ઝરતો થઈ ગયો. તેના યોગે તીર્થંકર નામકર્મ બંધાઈ ગયું. તેમને ક્યાં વીસ-સ્થાનકોની વીસેવીસ પદોની આરાધના કરી હતી ? ક્યાં એટલા બધા ઉપવાસાદિ કર્યા હતા ? પરંતુ વીસ સ્થાનકોમાં પણ એક સમ્યગ્દર્શન(બોધિબીજ)નું પદ છે. અથાગ શ્રદ્ધાનું પદ છે. એના થકી પણ તીર્થંકર નામકર્મ બંધાઈ શકે છે, શ્રેણિક જેવા સમ્રાટે પુરવાર કરી આપ્યું. આ અદ્ભુત દાખલો છે.

**આ સ્તોત્રમાં પણ તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરવાની પ્રક્રિયા :**

શ્રેણિકના જીવનમાં ઘટિત થઈ ચૂક્યું તે બીજા કોઈના જીવનમાં કેમ ઘટિત ન થઈ શકે ? શ્રેણિક જેવો આત્મા બોધિબીજ પામીને એકમાત્ર સમ્યગ્દર્શન-પદની ભક્તિસભર હૃદયપૂર્વક આરાધના કરી તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરી શકે છે, તો નિશ્ચિતપણે બીજા પણ ચોક્કસ કરી શકે. વીસ સ્થાનકની આરાધના કરવાનું મૂળબીજ બોધિબીજ જ છે. સમ્યગ્દર્શન સાચી શ્રદ્ધા જ છે. શ્રેણિકની શ્રદ્ધા વર્ધમાન સ્વામી ભગવાન મહાવીર ઉપર હતી. ઉવસગ્ગહરં સ્તોત્રમાં **'પાસ જિણચંદ'** પાર્શ્વનાથ ભગવાન કેન્દ્રમાં છે. માટે પાર્શ્વપ્રભુ સમ્યગ્શ્રદ્ધા પણ તે જ પરિણામ લાવી શકે છે. નામ તો વ્યક્તિ-વાચી છે, તત્ત્વ પરમાત્માનું જ છે. પાર્શ્વપ્રભુનું આલંબન લઈને છેવટે તો **'તુહ સમ્મત્તે લદ્ધે'** - તમારું સમ્યક્ત્વ મેળવીને અને તે પણ કેવું ? **'ચિંતા-મણિ કપ્પપાયવબ્ભહિએ'** - ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષ કરતાં પણ જે અનેકગણું વધારે છે, તેની જ પ્રાપ્તિ **'ભવે ભવે'** થાય હે મહાન યશસ્વી, હે દેવાધિદેવ ! હે જિનેશ્વરોમાં ચંદ્રસમાન પાર્શ્વનાથ ભગવાન ભવોભવ **'દિજ્જ બોહિં'** - બોધિબીજ આપજો. આવી પ્રાર્થના **'ભત્તિબ્ભર નિબ્ભરેણ હિયએણ'** - ભક્તિસભર હૃદયપૂર્વક કરવામાં આવે તો... તેનાથી જગતના સમસ્ત જીવોને તે પમાડવાનો ભાવ પણ જાગે. આ જગતમાં આત્માનું કલ્યાણકારી તત્ત્વ જે હું પામ્યો છું અને જેનાથી મારું કલ્યાણ થાય છે તે જ સર્વ માટે તેટલું જ કલ્યાણકારી છે. તે સૌ પામો, સૌનું કલ્યાણ થાઓ. આવી રીતે સવિ જીવ કરું શાસનરસીનાં બીજ વવાઈ જાય. પછી તો ફક્ત ભાવોની વિશુદ્ધિ વધારવાની જ આવશ્યકતા છે. જેનાથી શુચિરસ ઝરવા

માંડે. અને તે માટે **'ભત્તિભર નિબ્ભરેણ હિયએણ'** શબ્દો જે વાપર્યા છે. તે જ ઉત્કૃષ્ટ ભાવો વધારવા તરફ સંકેત કરે છે. જો એવા સાચા હૃદયના ભક્તિથી ઝરતા ભાવો પ્રગટ થવા લાગી જાય, તો ચોક્કસ તીર્થંકર નામકર્મ પણ ઉપાર્જન થઈ શકે છે. વીસમાં વીસેવીસ પદોની આરાધના કરવી અનિવાર્ય છે, એવું નથી. એક પદની આરાધના થકી પણ તીર્થંકર નામકર્મ ઉપાર્જન થઈ શકે છે, એવી શાસ્ત્રાજ્ઞા છે. અને આ વીસમાં એક પદ સમ્યગ્દર્શનનું પણ છે, જેને બોધિ (બોહિં) પદથી સંક્ષિપ્ત નામથી સ્તોત્રની છેલ્લી પાંચમી-ગાથામાં રજૂ કર્યો છે અને આખા ઉવસગ્ગહરં સ્તોત્રનો સૌથી સારભૂત શબ્દ છે. કારણ એ છે કે વીસેવીસ પદોની આરાધનાના કેન્દ્રમાં અનિવાર્યતા સમ્યગ્દર્શન-બોધિની છે. જો બોધિબીજ-પ્રાપ્તિ ન હોય તો બીજા કોઈ પણ પદની પ્રાપ્તિ સંભવ જ નથી. આ બધા કોઈ વીસ પદોને માનવા જ તૈયાર નહિ થાય - જાણવા માટે સમ્યગ્જ્ઞાન છે, તો માનવા સ્વીકારવા માટે સમ્યગ્દર્શન છે અને આચરવા માટે સમ્યક્ચારિત્ર છે. આ ત્રણે ય પદોનો સમાવેશ **'બોહિં'**થી અપેક્ષિત છે. સાંકળના કડાની જેમ આ ત્રણે ય પરસ્પર એકબીજામાં સંકળાયેલા છે, જોડાયેલા છે, એક વિના બીજાનું મહત્ત્વ નથી.

સમ્યગ્જ્ઞાન વિના સમ્યગ્દર્શન સંભવ નથી અને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન બંને વિના સમ્યક્ચારિત્ર સંભવ નથી. ત્રણે ય ભેગા સાથે મળશે તો જ અજરામર-પદ - મોક્ષની પ્રાપ્તિ થાય છે. કોઈ એક પણ એમાંથી અનુપસ્થિત રહેશે તો સંભવ નથી.

**(૧) સમ્યગ્જ્ઞાન, (૨) સમ્યગ્દર્શન, (૩) સમ્યક્ચારિત્ર, (૪) મોક્ષ :**

'તત્ત્વાર્થ સૂત્ર'માં સમ્યગ્જ્ઞાન-સમ્યગ્દર્શન-ચારિત્રાણિ મોક્ષમાર્ગ-સ્વરૂપે આ ત્રણેયનો સંયુક્ત અમલ જ મોક્ષના માર્ગે આત્માને આગળ ધપાવે છે. આ સ્તોત્રમાં શ્રી પાર્શ્વનાથ પરમાત્માની સાચી ઓળખ, તેમના સ્વરૂપની સાચી ઓળખ સમ્યગ્જ્ઞાનથી કરી આપી છે, અને એવી જ રીતે અજરામર-પદનું સ્વરૂપ જણાવ્યું છે, તેમ જ સમ્યક્ત્વરત્ન, ચિંતા-મણિરત્ન અને કલ્પવૃક્ષ કરતાં પણ કેટલું અધિક કેવી રીતે લાભદાયી ઉપયોગી અને ઉપકારી છે તે પણ જણાવ્યું છે. ચોથી-ગાથામાં સમ્યગ્-જ્ઞાનમાર્ગે આ સ્વરૂપ સમજાવ્યું છે અને પછી પાંચમી-ગાથામાં તેવા સાધવીભૂત સમ્યગ્દર્શન-બોધિબીજની પ્રાપ્તિ થાય તે માટે **'ભવે ભવે'** તે મળે તેવી પ્રાર્થના કરવામાં આવી છે. આ રહસ્ય ખાસ સમજવા જેવું છે.







ઉપર બે ત્રાજવાનાં ચિત્રો રજૂ કર્યા છે. તેમાં પહેલાં ત્રાજવામાં નમેલા ભારે પલ્લામાં સર્વસામાન્ય લોકોની ઇચ્છાનું પ્રતિબિંબ રજૂ કર્યું છે. જેમાં (૧) ઉપસર્ગોનું હરણ થાય, ઉપદ્રવો ટળે, વિષધર સાપનું વિષ નષ્ટ થાય, ગ્રહ-પીડા ટળે, રોગ મારી-મરકી, દુષ્ટ-દુર્જન-શત્રુ ભય ટળે અને જ્વર-તાપાદિ મટે, દુઃખ-દારિદ્ર્ય ટળે. આ ઇહલૌકિક ફળોની પ્રાપ્તિની વાતો કરી છે. સર્વસામાન્ય જીવો માટે આ અભિપ્રેત છે. તેની પ્રાપ્તિ પહેલાં થવી જોઈએ. જ્યારે સમ્યક્ત્વરત્નની પ્રાપ્તિ અને તે થકી અજરામર-પદની પ્રાપ્તિ બીજા પલ્લામાં, જે ગૌણ છે, તેનું મહત્ત્વ હજી નથી સમજાયું.

બીજા ત્રાજવામાં પહેલા કરતાં વાત ઊંધી છે. જે સાધકોને સમ્યક્ત્વ-રત્નની કિંમત સમજાઈ ગઈ છે, ખરેખર તે ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષ કરતાં પણ ઘણી વધારે છે અને અજરામર-પદ - મોક્ષ વિના-વિઘ્ને સમ્યક્-ત્વની પ્રાપ્તિ થકી મળી શકે છે. અને તે સમ્યક્ત્વ પાર્શ્વજિનચંદ્રનાં ચરણોમાં પ્રાર્થના કરવાથી ભવોભવ મળી શકે છે, તેની યાચના કરી છે. તે જ સાધક માટે સાધ્ય છે. બાકી બીજા પલ્લામાં જે ઉપસર્ગો દૂર થાય, વિઘ્નો ટળે, વિષનાશ થાય, ઝેર ઊતરે, ગ્રહપીડા મટે, રોગ-બીમારીઓ

ટળે, દુષ્ટ-દુર્જન - શત્રુઓનો ભય ટળે કે ન ટળે, જ્વરે-તાપાદિ મટે કે ન મટે, દુઃખ-દારિદ્ર્ય આદિ ટળે કે ન ટળે. કોઈ દુન્યવી દુઃખો, ભૌતિક-આધિભૌતિક દુઃખો ટળે કે ન ટળે, તેની કોઈ પરવા નથી. પરંતુ અજરામર-પદની પ્રાપ્તિ માટે સમ્યક્ત્વરત્ન - બોધિ ભવોભવ મળે તે અનિવાર્ય છે, તે જ અગત્યના છે. તેની અગત્યતા જેને સમ્યગ્ રીતે સમજાઈ ગઈ છે, તે તેની જ ઉપાસના કરે છે. તેવા સત્ત્વશીલ સાવ ઓછા છે, પણ છે અવશ્ય, ના તો ન જ કહી શકાય.

**ફળની દૃષ્ટિએ સ્તોત્રની બે વિભાગમાં વહેંચણી :**

(૧) ૧-૨-૩ ગાથાનુસારી

(૨) ૪-૫ ગાથાનુસારી

આ ઉવસગ્ગહરં સ્તોત્રની ફળની દૃષ્ટિએ બે વિભાગમાં વહેંચણી કરીએ તો અનુચિત નહિ ગણાય. જેનું પૂજ્ય શ્રી ભદ્રબાહુસ્વામીએ જાતે જ વર્ણન તે રીતે દર્શાવ્યું છે. પહેલી, બીજી અને ત્રીજી - આ ત્રણ ગાથાઓમાં સામાન્ય-ફળો, ઈહલૌકિક-ફળોની પ્રાપ્તિ દર્શાવી છે. જેમાં ઉપસર્ગોનું હરણ થાય, ઉપદ્રવો દૂર થાય, વિષધરનું વિષ-ઝેર ટળે, ગ્રહોની પીડા મટે, રોગ-બીમારીઓ મટે, મારી-મરકીના ઉપદ્રવો ટળે, દુષ્ટ-દુર્જન શત્રુઓ દૂર થાય, જ્વરાદિ મટી જાય, દુઃખ અને દારિદ્ર્ય ટળે - આ રીતે દુન્યવી આધિભૌતિક-આધિદૈવિકાદિ દુઃખો ટળે તે પ્રથમ ત્રણ ગાથાઓમાં દર્શાવ્યું છે. એક તરફ સર્વસામાન્ય જીવોની ઈચ્છા - માગણી સંતોષી છે, અને તેથી તેવા જીવોને આ સ્તોત્ર તરફ આકર્ષ્યા છે, તો બીજી તરફ આ સ્તોત્રનો અને પાર્શ્વનાથ પરમાત્માનો મહિમા ઘણો વધાર્યો છે.

સર્વસામાન્ય જીવોને આ તરફ વાળ્યા પછી તેમનાં ઉપરોક્ત બધાં દુઃખો - ઉપસર્ગો વગેરે ટાળી દીધાં પછી તેમને અજરામર - મોક્ષલક્ષી બનવા માટે સમ્યક્ત્વરત્નની શ્રેષ્ઠતા ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષ કરતાં પણ વધુ દર્શાવી. ચોથી-ગાથામાં આ સમજાવ્યા પછી પાંચમી-ગાથામાં તે સમ્યક્ત્વ-બોધિ મળે તે માટે યાચના - પ્રાર્થના પાર્શ્વપ્રભુનાં ચરણોમાં કરવામાં આવી છે. આવા બે વિભાગો સ્પષ્ટ રીતે કરેલા જોવા મળે છે. એ હકીકત છે. પહેલાં ઉપસર્ગાદિ નિવારણની વાતો કરી છે. ગ્રહાદિની પીડા ટળે તેની વાતો પહેલાં કરી છે અને તે વાત પણ સાચી છે. કારણ કે... માનવી સામાજિક પ્રાણી છે. તેના બધી જાતના ભયો દૂર નહિ ટળે ત્યાં

સુધી તે નિર્ભય નહિ બની શકે અને નિર્ભય જ નહિ થઈ શકે, તે આ બધા ભયોની પરવા કર્યા વિના અજરામર-પદની ઉપાસના-સાધના કેવી રીતે કરી શકશે ? સાચા સમ્યક્ત્વરત્નને પામીને અજરામર - મોક્ષપ્રાપ્તિની સાધના આ અને આવાં ઘણાં બધાં ઉપદ્રવો - ઉપસર્ગો, વિઘ્નો, પ્રતિકૂળ ગ્રહોની પીડાની વચ્ચે રહીને, રોગ-બીમારીઓ ભોગવતાં-ભોગવતાં, મારી-મરકીના ઉપદ્રવોની વચ્ચે રહીને, દુષ્ટ-દુર્જન-શત્રુઓની વચ્ચે રહીને અથવા વિષમ જ્વરાદિની વચ્ચે રહીને, અથવા દુ:ખ અને દારિદ્રચની વચ્ચે રહીને કેવી રીતે કરી શકાશે ? કેવી રીતે તેના માટે સંભવ બનશે ? માટે સર્વપ્રથમ ઉપસર્ગાદિ ભયો ટળે અને સાધક નિર્ભય - નીડર બને, પછી તે અજરામર - મોક્ષૈકલક્ષી બની શકે, તે દૃષ્ટિથી પૂજ્યશ્રી પ્રથમ-ગાથામાં આ બધી વાતો કરી છે.

ભદ્રબાહુસ્વામીનો સ્પષ્ટ સંકેત છે કે - 'જે સાધકાત્મા અજરામર-પદ - મોક્ષપ્રાપ્તિની દિશામાં આગળ વધી રહ્યો છે, તેના માર્ગમાં આવતા અવરોધોરૂપ ઉપસર્ગાદિ-ઉપદ્રવો, ગ્રહપીડાદિ, દુ:ખ-દારિદ્રચાદિ બધા ટાળવા જ જોઈએ, અને તેમનો મોક્ષમાર્ગ નિષ્કંટક બનાવવો જોઈએ. જેથી મોક્ષાર્થી - મુમુક્ષુ સાધક નિર્ભય-નીડર બનીને મોક્ષપ્રાપ્તિની દિશામાં **'અવિગ્ઘેણં'** વિના-વિઘ્ને આગળ વધી શકે.

કોના ઉપસર્ગો - વિઘ્નો ટાળવાં ? કાળે તો કોઈ ચોર, ડાકુ, ખૂની, વેશ્યા, કસાઈ, લૂંટારા, દુરાચારી, વ્યભિચારી વગેરે પણ કહે છે કે - 'મારા જીવનમાં ઘણા ઉપસર્ગો-ઉપદ્રવો આવે છે, મને પણ સાપ કરડી શકે છે, તેનું ઝેર ચઢી શકે છે, ગ્રહપીડા હેરાન કરી શકે છે, રોગો-બીમારીઓ પજવી શકે છે, મારી-મરકીનો ઉપદ્રવ પરેશાન કરી શકે છે, દુષ્ટ-દુર્જન-શત્રુઓ પીડી શકે છે, વિષમજ્વર આવી શકે છે અને દુ:ખ-દારિદ્રચ હેરાન-પરેશાન કરી શકે છે. ભલેને ચોર-ડાકુ આદિ હોય, તો તેમને પણ આ બધા ભયો પજવતા હોય છે. તેથી છુટકારો પામવા - ટાળવા તેઓ પણ ઉવસગ્ગહરં સ્તોત્રનો જાપ-સાધના કે પાઠાદિ કરે, તો શું તેમને પણ આ બધાં ફળ મળે તે વાજબી છે ? ના, પૂ. ભદ્રબાહુ સ્વામીને આ અપેક્ષિત નથી.

તેઓનું લક્ષ અજરામર-પદ - મોક્ષપ્રાપ્તિની દિશામાં જે સાચો સાધક આગળ વધી રહ્યો હોય તેના ઉપર ચઢવાના, આગળ ધપવાના માર્ગમાં જે જે ઉપસર્ગો-ઉપદ્રવો વગેરે આવતા હોય, અને આવી તે સાધકને વિચલિત કરતા હોય કે પાછો પાડતા હોય, તેવા સાધકને **'અવિગ્ઘેણં'** - વિના-વિઘ્ને

અજરામર-પદ - મોક્ષપ્રાપ્તિનું લક્ષ સાધી આપવામાં જે સમર્થ સહાયક બને - તેવાના ઉપસર્ગો દૂર થાય. ઉપદ્રવો ટળે, વિઘ્નો ટળે, ગ્રહાદિની પીડા ટળે, રોગ-બીમારીઓ તેમને વિચલિત ન કરે, મારી-મરકી તેમને ભરખી ન જાય, દુષ્ટ-દુર્જન શત્રુઓ તેમને પીડે જ નહિ, વિષમજ્વર તેમને પરેશાન ન કરે, દુઃખો તેમને દુઃખી ન કરે અને દુર્ગતિ કે દારિદ્ર્ય ન આવે, તેમનો માર્ગ નિષ્કંટક, નિર્ભય બને અને આ બધા ભયો ટળી જવાથી સહેલાઈથી અજરામર-પદ - મોક્ષની પ્રાપ્તિની દિશામાં આગળ વધી શકે, સમ્યક્ત્વ જે પામ્યો છે તે માર્ગમાંથી પણ વિચલિત કે ચલાયમાન ન થઈ જાય.

બીજી રીતે પૂજ્યકર્તાશ્રીના મનનો આશય તપાસવા જતા એવું સ્પષ્ટ પ્રતિત થાય છે કે - 'અજરામર-પદ - મોક્ષની પ્રાપ્તિ કરવાના માર્ગે ભવિષ્યમાં જે જે સાધકો સાધનામાં ઉજમાળ થઈને આગળ વધે તેમની સેવા કરવાનો છે - તેમના ઉપદ્રવો આદિ દૂર કરવાનો આ ઉપાય સૂચવીને તેમની સાચી સાધનામાં સહાયક બન્યા છે. મોક્ષ શાશ્વતધામ અને તેને પ્રાપ્ત કરવાનો માર્ગ પણ ત્રિકાળ શાશ્વત જ છે. માટે ભવિષ્યમાં પણ જીવો મોક્ષે જવાના જ છે, પામવાના જ છે. અને તેવા સાધકોના જીવનમાં, સાધનાકાળમાં ઉપદ્રવો-ઉપસર્ગો વગેરે આવવાના છે, તેને દૂર કરવામાં આ ઉવસગ્ગહરં સ્તોત્ર સહાયક બને. ભલેને આ સ્તોત્ર સદાકાળ શાશ્વત રહે કે ન પણ રહે પરંતુ પરમાત્મા પાર્શ્વનાથપ્રભુની આરાધના સહાયક રહેશે અને ઉવસગ્ગ-હરં સ્તોત્ર કે પાર્શ્વપ્રભુ અને તેમની આરાધના-સાધના કંઈ પણ શાશ્વત રહે, કે ન રહે, અજરામર-પદ - મોક્ષ તો શાશ્વત છે જ. અને તેને પામવા માટે સમ્યક્ત્વરત્ન - બોધિ પણ ત્રિકાળ શાશ્વત છે જ. કાર્યની શાશ્વતતા સાથે ઉપાયસ્વરૂપ કારણની પણ શાશ્વતતા છે જ. તેની પ્રાપ્તિ થાય, તે પણ ભવોભવ થાય. **'ભવે ભવે'** શબ્દનો પ્રયોગ કરીને પૂજ્યશ્રીએ શાશ્વત કાળ તરફ સંકેત કર્યો છે. ભવિષ્યકાળ ઘણો લાંબો છે. મોક્ષ - અજરામર-પદ ન મળે ત્યાં સુધી સદાકાળ ભવોભવમાં - જનમોજનમમાં બોધિબીજ સમ્યક્ત્વરત્નની પણ પ્રાપ્તિ થાઓ. આ સમ્યક્ત્વરત્નનું અસ્તિત્વ પણ મોક્ષની જેમ શાશ્વત છે. કારણ કે જો સમ્યક્ત્વ જ નહિ મળે તો મોક્ષ જ નહિ મળે. સમ્યક્ત્વ વિના મોક્ષ-પ્રાપ્તિ સંભવ જ નથી. આ પણ શાશ્વત નિયમ છે, શાશ્વત સિદ્ધાંત છે.

માટે સમ્યક્ત્વરત્ન શાશ્વતપદે સદાકાળ ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષ કરતાં ઘણું વધારે છે અને સદા વધારે જ રહેશે. માટે 'મ્યધિકં' શબ્દ શાશ્વતતાનો નિયમ સૂચવે છે. અનંતા કાળે ક્યારે ય પણ સમ્યક્ત્વરત્ન

કરતાં ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષની કિંમત વધવાની જ નથી. આ રીતે 'મ્યધિકં' શબ્દથી ત્રિકાળ નિત્યતા સૂચવી છે. આ પણ આ સ્તોત્રની અંદરના પ્રયુક્ત શબ્દોનું રહસ્ય સમજવા જેવું છે.

## કર્મોદય જન્યતા અને કર્મક્ષયના બંને માર્ગ :

પહેલી, બીજી અને ત્રીજી ગાથાઓમાં સૂચવેલા ઉપસર્ગો, ઉપદ્રવો, વિષ-ઝેરની અસર, ગ્રહપીડા, રોગ-બીમારીઓ, મારી-મરકીનો ઉપદ્રવ, દુષ્ટ-દુર્જન શત્રુઓ અને વિષમજ્વર, દુઃખ-દારિદ્રયાદિ, દુર્ગતિની પ્રાપ્તિ આદિ બધા ક્યા કારણે છે ? 'શાસ્ત્રવાર્તા સમુચ્ચય' ગ્રંથમાં પૂ. હરિભદ્રસુરિ મહારાજે પાંચ સમવાયી કારણોનો ઉલ્લેખ કર્યો છે - (૧) કાળ, (૨) સ્વભાવ, (૩) નિયતિ, (૪) પૂર્વકૃતકર્મ અને (૫) પુરુષાર્થ - આ પાંચ સમવાયી કારણોમાં ક્યારે કોણ બળવાન હોય છે, કોણ ગૌણ હોય છે તે સ્પષ્ટ જોવાનું છે. ઉપરોક્ત ત્રણ ગાથાઓમાં સૂચવેલા ઉપસર્ગો-ઉપદ્રવો આદિમાંથી કેટલાક કાળાધીન છે, કેટલાક સ્વાભાવાધીન છે, કેટલાક નિયતિ-આધીન છે, કેટલાક કર્માધીન છે, કેટલાક સ્વયંના જ વિપરીત પુરુષાર્થાધીન છે, ગ્રહ-પીડાદિ કાળાધીન છે, જ્યારે અશુભ-પાપગ્રહોનો ઉદયકાળ હોય ત્યારે અથવા બધા અશુભ-પાપગ્રહો ઉચ્ચસ્થાને પહોંચી જતા હોય ત્યારે પણ વિશ્વમાં ઉપદ્રવો વધતા હોય છે, અને સામાન્ય અલ્પ-પુણ્યવાળા જીવો તેની અસરમાં પણ આવી જતા હોય છે. એવા સમયે પણ પ્રબળ - ઉત્કૃષ્ટ-પુણ્યના ધણી પુણ્યાદાયી પરમાત્મા પાર્શ્વનાથની ભક્તિ લાભદાયી નીવડે છે.

વિષધરના કરડવાનું કારણ પૂર્વ વેરકર્મનું વૈમનસ્ય પણ હોઈ શકે અથવા સાપના સ્વભાવથી પણ આ ઉપદ્રવ થઈ શકે અને સોપક્રમની કક્ષાનું જ આયુષ્ય હોવાથી વિષધરના વિષથી મૃત્યુ પણ સંભવ છે. તે માટે **'વિસહર ફુલિંગ મંતો'** - વિષધરનું વિષ ઉતારે તેવો સ્ફુલિંગ મંત્ર પણ સાર્થક આપ્યો છે.

મારી-મરકી-નિયતિને આધીન પણ સંભવે છે અને સ્વભાવાધીન પણ છે - વરાહમિહિરના દ્વેષી-વૈમનસ્ય વૃત્તિના સ્વભાવના કારણે તે મરીને વ્યંતર ગતિમાં ગયો અને વેર વાળવા - બદલો લેવા મારી-મરકીનો ઉપદ્રવ કર્યો. તે ઉપસર્ગ-ઉપદ્રવ નિવારવા પૂજ્ય પૂર્વધર મહાપુરુષે સર્વની રક્ષા કરવા માટે આ સ્તોત્રની રચના કરી, માટે આ સ્તોત્રની ઉત્પત્તિ

નૈમિત્તિક તથા કારણિક છે. ભલે આ કારણે - સંજોગે ઉવસગ્ગહરં સ્તોત્રની રચના કરવામાં આવી. તો શું જે નિમિત્ત કારણ હતું તેના નિવારણ પૂરતી જ વાત સ્તોત્રમાં કરવી જોઈતી હતી એમ ? ના... પૂર્વધર મહાપુરુષ યુગપ્રધાન હતા. તેમને વરાહમિહિરના સ્વભાવની પૂરેપૂરી ખબર હતી, તેથી તેમને સ્પષ્ટ ખ્યાલ આવી ગયો કે - 'દુષ્ટ દેવ... મારી-મરકીના ઉપદ્રવથી તેનું શસ્ત્ર નહિ ચાલવાથી ત્રસ્ત થઈને ફરી બીજો રસ્તો શોધશે, ફરીથી તેનો પ્રભાવ નહિ ચાલે તો ત્રીજો ઉપદ્રવ કરશે. તેમાં પણ નિષ્ફળ જશે તો વળી બીજા જ પ્રકારનો ઉપદ્રવ કરશે.' તેના સ્વભાવના કારણે આ સંભાવનાઓ ટાળી શકાતી. કંઈ કહી નથી શકાતું. બીજી બાજુ ભલેને આ વ્યંતર હોય કે ન હોય... દ્વેષ અને વૈમનસ્ય વૃત્તિ તો ઘણા જીવોમાં વધતી જ હોય છે. મિથ્યામતિઓ ક્યારે ય પણ જૈનધર્મીઓ ઉપર દ્વેષ-ભાવનાથી ઉપસર્ગ-ઉપદ્રવાદિ કરી શકે છે, એવી ભાવિની ભવિતવ્યતાઓની સંભાવના જાણીને ઘણી લાંબી દીર્ઘદૃષ્ટિ વાપરીને આ મહાન સ્તોત્રમાં બધાં નિમિત્તો સંગ્રહી લીધાં છે, અને આ તો પરમાત્માની ભક્તિ ભરેલા-ભાવપૂર્વકની હૃદયની આંતરિક ભક્તિ છે, એટલે કંઈ બાકી જ ન રહે. કોઈ પણ ઉપદ્રવ ન ટળે તેવું ન બને.

રોગ-બીમારીઓના ઉપદ્રવો જીવોના પોતાના અસાતાવેદનીય કર્મના ઉદયના કારણે પણ થતા હોય છે અને દુષ્કાળ, ભૂકંપ, પ્લેગાદિનો સાથ વધવાની આદિકાલિક તથા કાળસ્વભાવના કારણે પણ થઈ શકે છે. જેમ કે - 'ભૂકંપ પછી લાશોના ખડકલા થાય, તેનો નિકાલ ન થાય, લાશો સડવા માંડે.' ઈત્યાદિ કારણોથી બૅક્ટેરિયાઓ અસંખ્ય-અનંતગણાં વધી જવાથી પણ રોગ-બીમારીઓ વધી જતી હોય છે. તેવું જ સમુદ્રી ઉપદ્રવ જલ-જલાદિના ભયો વખતે પણ બનતું હોય છે, તે પણ પાર્શ્વપ્રભુની આરાધનાથી શમે અને જીવોને સમાધિ મળે છે.

દુષ્ટ-દુર્જનો-શત્રુઓનો ઉપદ્રવ પોતાના ભૂતકાલીન, જૂના ભવોના રાગ દ્વેષાદિ કષાયોથી ઉપાર્જન કરેલાં કર્મોનાં કારણે પણ સંભવે છે. તેવા દુષ્ટજીવો દુર્મતિથી, દુષ્ટબુદ્ધિથી વિપરીત વર્તતા હોય છે, શત્રુભાવ રાખીને શત્રુતા દાખવતા હોય છે. તેવાઓના કરેલા ઉપદ્રવો અથવા કેટલીવાર પોતાના તથા અન્ય પ્રકારના કોઈ જીવની સાથે તેવાં કર્મો ન હોવા છતાં પણ સામેવાળા કોઈ જીવો પોતાની તીવ્ર કષાયવૃત્તિ, કૃષ્ણાદિ લેશ્યા અને રૌદ્રધ્યાનની વૃત્તિ અથવા તેવા સ્વભાવના કારણે વિપરીત વર્તન કરતા હોય છે. જેમ કે

- ભગવાન મહાવીરના પૂર્વના કોઈ પણ ભવોમાં સંગમદેવના જીવ સાથે અથવા ગોશાળાના જીવની સાથે ક્યાં ય પણ ક્યારે ય પણ કોઈ પણ પ્રકારના રાગદ્વેષ-ક્લેશ-કષાય-કલહ થયા જ નથી, તેમ છતાં પણ મિથ્યાત્વી સંગમદેવે દેવલોકમાં ઈન્દ્રના મુખે વીરપ્રભુના સત્ત્વની પ્રશંસા સાંભળીને ઉપસર્ગો કરવા આવ્યા. છ - છ મહિનાઓ સુધી ભારે ઉપસર્ગો કર્યા. અરે ! એક રાતમાં વીસ ઉપસર્ગો કર્યા. ખૂબ ત્રાસ - દુઃખ પહોંચાડ્યાં. એવી જ રીતે કોઈ જ કારણ વિના, કર્મના નિમિત્ત વિના પણ ગોશાળાએ ભારે ઉપસર્ગ કર્યો, પોતાના અહંકારના કારણે. 'હું સર્વજ્ઞ છું, હું જિન છું, મહાવીર નથી' એમ કહી-કહીને ઘણાં લોકોને ઘણા કાળ સુધી ગુમરાહ કરતો રહ્યો અને છેવટે મહાવીર ઉપર તેજોલેશ્યા મૂકીને તેમને મારવાનો ઉપસર્ગ કરી જ બેઠો. આ અને આવા દાખલાઓ એ સિદ્ધ કરે છે કે - 'પૂર્વના શત્રુતાના વૈમનસ્યનાં વેરઝેરનાં કર્મો ન બાંધેલાં હોવા છતાં પણ આવા મરણાંતિક ઉપસર્ગો દુષ્ટો-દુર્જન તરફથી આવી શકે છે, કોઈ ના નથી.

દુઃખ અને દારિદ્રય જે ત્રીજી-ગાથામાં સૂચવેલ છે તે અસાતાવેદનીય કર્મ, અંતરાય કર્મના ઉદયે, એવી જ રીતે પાપની બધી બ્યાંસી કર્મની અશુભ-પ્રકૃતિના કારણે પણ ઉદયમાં આવી શકે છે.

ઉપરોક્ત બધાં નિમિત્તો કર્મોના ઉદયના કારણે પણ સંભવ છે અને કાળાદિ અન્ય સમવાયી કારણો પણ તેમાં સહયોગી છે. પરંતુ તે બધાંનું શમનદમન પાર્શ્વનાથ જિનચંદ્રની આરાધના-ઉપાસના ભક્તિસભર હૃદયપૂર્વકના ભાવોથી કરતા થાય છે.

ચોથી-પાંચમી-ગાથામાં જે અજરામર-પદની પ્રાપ્તિ અને તે માટે સમ્યક્-ત્વની પ્રાપ્તિ વગેરે કર્મના ઉદયે નથી મળતી. સમ્યક્ત્વની પ્રાપ્તિ પુણ્યના ઉદય થકી પણ થતી નથી. નવ તત્ત્વોમાં જેમ શુભાશ્રવ પુણ્ય બતાવેલ છે, તેમ નિર્જરા કર્મ ક્ષય પણ દર્શાવેલ છે. આત્મા પર લાગેલા દર્શન-મોહનીય કર્મનો ક્ષયોપશમ થવાથી અને સાથે સાથે ચારિત્ર-મોહનીય કર્મની અંતર્ગત અનંતાનુબંધી કષાય મોહનીય કર્મની પ્રકૃતિના ક્ષયોપ-શમથી અર્થાત્ દર્શન-મોહનીયની ત્રણ પ્રકૃતિઓ - (૧) સમ્યક્ત્વ-મોહનીય, (૨) મિથ્યાત્વ-મોહનીય અને (૩) મિશ્ર-મોહનીય - આ ત્રણેયનો તેમ જ અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ એમ કુલ ૪ એટલે ૩ + ૪ = ૭ અનંતાનુબંધી સપ્તકની આ ૭ મોહનીય કર્મની સર્વઘાતી પ્રકૃતિ-ઓનો ઉપશમ થતાં ઔપશમિક-સમ્યક્ત્વ અને પછી ક્ષયોપશમ થતાં

ક્ષાયોપશમિક-સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. આ કર્માવરણ રૂપ પ્રકૃતિઓનો ક્ષય-ક્ષયોપશમ **'ભત્તિભર નિબ્ભરેણ હિયએણ'** - ભક્તિસભર હૃદયના ભાવપૂર્વક પાર્શ્વનાથાદિ ભગવંતોની ભવોભવ આરાધના-સાધના કરવાથી થાય છે. સમ્યક્ત્વ સુખરૂપ પુણ્ય-પ્રકૃતિ નથી, માટે પુણ્યોદયથી પ્રાપ્ત થતું નથી. તે તો એકમાત્ર તદાવરક કર્મોના ક્ષયથી જ થાય છે. તેના આવરક અનંતાનુબંધી સપ્તકની આ સાત સર્વઘાતી કર્મ-પ્રકૃતિઓનો ક્ષયોપશમ આ રીતે પાર્શ્વનાથપ્રભુની આરાધનાથી થાય છે. કોઈ પણ તેવા અરિહંત વીતરાગી તીર્થંકર ભગવંતોની આરાધનાથી આ પ્રકારની પ્રક્રિયા કરી શકે છે. યાદ રાખવા જેવી એ છે કે - 'બીજી ઘણી બધી પુણ્ય-પ્રકૃતિઓ અનેક જન્મોમાં મળે છે, પરંતુ અનંતાનુબંધ સપ્તકની સાત સર્વઘાતી કર્મ-પ્રકૃતિઓનો ક્ષય તો અનંતા ભવોમાં ચૌદ વાર થાય છે, અને જ્યારે થાય ત્યારે જીવનો મોક્ષ નક્કી થઈ જ જાય છે. અર્ધપુદ્‌ગલ-પરાવર્તકાળમાં નિશ્ચિત મોક્ષ મેળવશે જ. કર્માવરણો કયાં છે ? કેવાં છે ? કેટલાં છે ? અને તેનો ક્ષય કેવી રીતે થાય છે તે જાણવું જરૂરી છે.

પહેલાં ચિત્રમાં આત્માના અનંત ચારિત્ર-ગુણ ઉપર જે જે અવાંતર-ગુણો સમ્યગ્‌દર્શન, સમતા, નમ્રતા, સરળતા, સંતોષાદિ અનંત-ગુણો મૂળમાં આત્મામાં રહેલા છે, તેના ઉપર કાર્મણ વર્ગણા લાગીને કેવી રીતે કર્મો બન્યાં છે તે સ્પષ્ટ દર્શાવ્યું છે. તે તે કર્માવરણોથી આત્માના સમ્યગ્‌-દર્શનાદિ ગુણો ઢંકાઈ ગયા છે, અને ઉપર કર્માવરણોના થર જામી ગયા છે. જે અનંતાનુબંધી સપ્તકના નામે સાત અને બીજી બધી કર્મ-પ્રકૃતિઓ તે તે ગુણાચ્છદક સ્વરૂપે ઓળખાય છે.

શ્રી પાર્શ્વનાથ ભગવંતાદિની ભક્તિસભર હૃદયપૂર્વક આરાધના - ઉપાસના કરવાથી ભવોભવ તેમની તેવી ભક્તિ સવિશેષ કરવાથી કર્મો ખપે છે, નિર્જરા થાય છે અને ઢંકાયેલા ગુણો ઉપરથી આવરણ ખસી જતાં (નિર્જરા થતાં) તે તે મૂળગુણો પ્રગટ થાય છે. તેમાંથી સર્વપ્રથમ અનંતાનુબંધી સપ્તકની સાત કર્મ-પ્રકૃતિઓનો જ ક્ષયોપશમ થાય છે. ક્ષય અને ઉપશમ એટલે ક્ષયોપશમ. ક્ષય ૩૦% અને ઉપશમ ૭૦% ટકા. એમ ઓછે-વધતી ટકાવારીમાં પણ ક્ષયોપશમ થતા તેટલા પ્રમાણમાં કર્માવરણ ઓછું થતાં, તેટલું સમ્યગ્‌દર્શન-ગુણ પ્રગટ થાય છે, તેને ક્ષાયોપશમિક-સમ્યક્ત્વ કહેવાય છે. જો અનંતાનુબંધી સપ્તકની સાતે ય પ્રકૃતિઓને સંપર્ણપૂણે સમૂળ

ક્ષય જ થઈ જાય, તો તેને ક્ષાયિક-સમ્યક્ત્વ કહેવાય છે. આ રીતે પુરવાર થાય છે કે - 'ઉવસગ્ગહરં સ્તોત્રની ભક્તિસભર હૃદયપૂર્વકની વિશુદ્ધ આરાધના કરવામાં આવે, પાર્શ્વપ્રભુની વિશિષ્ટ ઉપાસના કરવામાં આવે તો કર્માવરણોની નિર્જરા પણ ભરપૂર થાય છે. ચોક્કસ નિર્જરા-કર્મક્ષય થાય છે.'

આ અનંતાનુબંધી સપ્તકની સાત કર્માવરણની પ્રકૃતિઓના ક્ષયોપશમ કે ક્ષયથી માત્ર બોધિબીજ - સમ્યક્ત્વરત્નની પ્રાપ્તિ થાય છે અને સમયક્ત્વરત્ન પામેલા સમ્યગ્ શ્રદ્ધાળુ સમ્યક્ત્વી-જીવની આચાર-વિચારની પ્રવૃત્તિ વગેરે ઘણું બધું ધરમૂળમાંથી બદલાઈ જાય છે અને આત્મા મૂળમાંથી જ પાપ-ભીરુ બની જાય છે. નવાં પાપો ન કરવાનાં પચ્ચક્ખાણ કરવાથી વિરતિમાં આવે છે. બાર વ્રતધારી શ્રાવક બને છે. રત્નત્રયી સંપૂર્ણ જીવનમાં વણાઈ જાય છે. કાળાંતરે સર્વવિરતિ પણ આવે છે. મહાવ્રતો અંગીકાર કરીને આગળ વધે છે. એક દિવસ અપ્રમત્ત સાધક બનીને સાતમા ગુણસ્થાને પહોંચે છે. ક્ષપકશ્રેણિ માંડીને આઠમા ગુણસ્થાનેથી આગળ વધતા કર્માવરણો ધડાધડ ક્ષય કરતા તેરમા ગુણસ્થાને કેવળજ્ઞાન, કેવળદર્શન, વીતરાગતા, અનંત-વીર્યાદિ, અનંત ચતુષ્ટયી પામે છે અને આયુષ્યના અંતે ચૌદમા ગુણસ્થાને આઠે-આઠ સર્વકર્મોનો સંપૂર્ણ સમૂળ ક્ષય કરીને સર્વથા કર્મરહિત બનીને સીધો અજરામરપદ - મોક્ષ પામે છે.




આ પ્રમાણે ચૌદ ગુણસ્થાનોનો માર્ગ અજરામપરપદની પ્રાપ્તિનો દર્શાવવામાં આવ્યો છે. તેની પ્રાપ્તિનું સાધન સમ્યગ્દર્શન છે. આ સ્તોત્રમાં અજરામર - મોક્ષનું સ્વરૂપ, તેને પામવાની પ્રક્રિયા, સમ્યગ્દર્શનનું મહત્ત્વ

- પૂર્ણ સ્વરૂપ તેમ જ તે સમ્યગ્દર્શન બોધિબીજની પ્રાપ્તિનો માર્ગ બતાવ્યો છે. એથી આ ઉવસગ્ગહરં સ્તોત્ર મુક્તિદાયક સ્તોત્ર સ્વરૂપે છે. અજરામરપદ પ્રાપક છે, અજરામરપદ દાયક છે પરંતુ તેની અંદરથી તેવું રહસ્ય સમજીને તે રીતે તે દિશામાં પ્રયાણ કરવામાં આવે તો જ તે સંભવ બને છે. પરંતુ સર્વપ્રથમ નજરે પ્રાથમિક ઉપયોગ જોતાં તે ફક્ત ઉપસર્ગ હરનારું, ઉપદ્રવ ટાળનારું, વિઘ્નનિવારક, વિષનાશક, ગ્રહાદિ પીડાનિવારક, રોગ-બીમારીનિવારક, દુષ્ટદુર્જન-શત્રુભયનિવારક, દુઃખ-દારિદ્ર્ય ટાળનારું જ લાગે છે. ભલે તેવું લાગે તો પણ વાંધો નથી. પરંતુ આત્માને સમ્યક્ત્વ પમાડીને ઉપર ચઢાવનાર, અજરામરપદ મોક્ષની દિશામાં આગળ વધારનાર છે, આત્માનો વિકાસ સાધનાર છે. આત્મા વિકાસની દિશામાં આગળ વધતા વચ્ચે રસ્તામાં આવતા ઉપસર્ગો-ઉપદ્રવો આદિ ટાળવા જ પડે છે, નહિતર આ વિઘ્નો ત્યાં જ અટકાવી દે છે, આગળ વધવા જ નથી દેતા. માટે ઉપાય સૂચવ્યો છે કે **'તુજ્ઝ પણામો વિ'** પાર્શ્વપ્રભુને પ્રણામ કરવામાત્રથી પણ આ બધાં ટળે છે. અને ટળતાં જ અજરામરપદ તરફ આગળ વધવાનો માર્ગ ખુલ્લો થાય છે. વિકાસની દિશામાં ન અટકતા આગળ વધતા જવાય છે અને છેલ્લે અજરામરપદ સુધી પહોંચાડે છે.

આ રીતે આ સ્તોત્ર પ્રથમ છેડે ઉપસર્ગો આદિ નિવારનારું સામાન્ય લાગે છે, તે જ અંતિમ છેડે અજરામરપદદાયક પણ છે.

←————————————————→

ઉપસર્ગનિવારક અજરામરપદ

જીવોની પ્રાથમિક આવશ્યકતા ઉપસર્ગ હરવાની, ઉપદ્રવો ટળે, ગ્રહ-પીડાદિ બધું જ ટળે તેવી અને તેટલી જ હોય છે. તે બધી પૂર્ણ થતાં જ, (પૂરી થયા પછી જ) જીવો અજરામરપદની મહત્તા, અનિવાર્યતા અને ઉપયોગ સારી રીતે સમજી શકે છે, અને તો જ તેને પામવાની તમન્ના-તાલાવેલી જાગે છે. ત્યારે જ બોધિબીજ સમ્યક્ત્વ પામે છે અને ત્યાર પછી જ એક એક ગુણસોપાનો આગળ વધતા-વધતા એક દિવસ અજરામરપદ નિર્વાણ પણ પામી શકે છે. આ રીતે આ સ્તોત્ર છેક પ્રથમ પાયાની ગરજ સારીને પ્રાથમિક આવશ્યકતાઓ પૂર્ણ કરીને જીવને છેક છેલ્લા અંતિમ સ્થાન, અંતિમ ધામ - મોક્ષસુધી પહોંચાડનારું છે.

**કમ્મઘણમુક્કં, મંગલ કલ્લાણ આવાસં :**

પ્રથમ-ગાથામાં પ્રયોજાયેલા આ મહત્ત્વના શબ્દો તરફ નજર કરતા તેનું રહસ્ય સ્પષ્ટ થાય છે કે - 'ખરેખર જે પાર્શ્વપ્રભુ સ્વયં ઘનઘાતી કર્માવરણોથી મુક્ત થયા છે, અને આત્માના કલ્યાણકારી મંગલસ્વરૂપ આવાસધામ - મોક્ષને પામ્યા છે, તેવા પાર્શ્વનાથ ભગવંત માટે આ વિશેષણો વપરાયાં છે. તેથી પાર્શ્વપ્રભુ કેવા છે ? અને આવું સ્વરૂપ **'પરમારાધપાદ પાસં'**- પાર્શ્વપ્રભુનું સમજનારો સાધક શું આ જ લક્ષવાળો ન થાય ? કેમ ન થાય? આમાંથી રહસ્ય એ સમજવાનું છે કે-'મંગળકલ્યાણકારી આવાસને પામવા માટે, ત્યાં સુધી પહોંચવા માટે **'કમ્મઘણમુક્કં'**- ઘનઘાતી કર્મોથી મુક્ત થવું જ પડે. તે માટે ઘનીભૂત કર્મો કેવા છે ? કેટલાં છે ? તેમને પણ ઓળખી લેવાં પડે છે. એ માટે કર્મગ્રંથ ભણવા પડે છે. ત્યારે જતા ઘનરૂપ અથવા ઘનઘાતી કર્મોનું સ્વરૂપ સમજી શકાય છે અને તો જ તે બધાં કર્મો અરિરૂપ - આત્માના શત્રુરૂપે લાગે છે. ત્યારે તેમની સાચી ઓળખ થતાં તેનો ક્ષય કરીને તેના બંધનમાંથી મુક્ત થવાનું સૂઝે છે. ત્યારે જ આત્માને સમ્યક્ત્વની કિંમત ચિંતામણિરત્ન કરતાં પણ અનેકગણી લાગે છે. ત્યારે જીવ બોધિબીજ પામે છે અને હવે ઘનઘાતી અથવા ઘનસ્વરૂપ થયેલાં અર્થાત્ જામી ગયેલાં આ કર્મોને જીવ ખપાવે છે અને બંધનમાંથી મુક્ત થઈને મંગળરૂપ કલ્યાણના આવાસધામ - મોક્ષને પામે છે.

આ રીતે **'કમ્મઘણમુક્કં'** અને **'મંગલકલ્લાણ આવાસં'** આ બે વિશેષણો હોવા છતાં પણ સાધનાની પ્રક્રિયાનું રહસ્ય શોધતાં આ બંનેમાં કાર્ય-કારણભાવ સ્પષ્ટ જણાય છે. આગ અને ધુમાડામાં જેમ કાર્ય-કારણભાવ-સંબંધ છે, તે જ પ્રમાણે આ બંનેમાં પણ કાર્ય-કારણભાવ સંબંધ સ્પષ્ટ છે. મંગલકલ્લાણના આવાસધામરૂપ મોક્ષને પામવા માટે **'કમ્મઘણ'**- ઘનઘાતી કર્મોથી 'મુક્કં' મુક્તિ થવું જ પડે, તે સિવાય તે પામવું સંભવ જ નથી. કાર્યસિદ્ધિ માટે કારણની યોગ્યતા અનિવાર્ય છે અને કાર્યસાધક હોય તો જ તેને સાચું કારણ કહેવાય છે. કાર્ય જુદું અને તેના માટે ગમે તે કારણ જોડવામાં આવે, ગમે તે કારણ પ્રમાણે આચરણ કરવામાં આવે, તો કાર્યની સિદ્ધિ ન જ થાય અને કાર્યને અનુરૂપ અને અનન્ય સહયોગી સાધક કારણ હોય અને તે પ્રમાણે જ આચરણ સુવ્યવસ્થિત કરવામાં આવે તો નિશ્ચિતઃ કાર્યસિદ્ધિ થાય છે. આ નિયમ સમજતા ઘનઘાતી કર્મોનો ક્ષય થવાથી કર્મોના બંધનમાંથી મુક્ત થવાથી (આ કારણ-આચરણાથી) નિશ્ચિતપણે મંગલકારી-

કલ્યાણકારી આત્માનું મુખ્ય આવાસધામ - મોક્ષની પ્રાપ્તિ અવશ્ય થાય છે એમાં બેમત નથી. 'ઘન' શબ્દ કર્મોનો આત્મા સાથે કેવો બંધ છે તે અર્થમાં દર્શાવેલ છે. ખરેખર આત્મા કર્મોની સાથે બંધાઈને એવો ઘન-સ્વરૂપ થઈ ગયો છે કે તેના આત્મપ્રદેશો સાથે કર્મો બંધાતાં પ્રકૃતિબંધ, પ્રદેશબંધ, રસબંધ અને સ્થિતિબંધ આદિ ચારે ય પ્રકારના બંધો એવા સજ્જડ બંધાઈ ગયા છે કે તેના બંધનમાંથી છૂટવું જીવને માટે ઘણું મુશ્કેલ લાગે છે. પરંતુ આ ઘનતાનો એકવાર આત્માને ખ્યાલ આવી જતા, અને આ ભારે બંધન છે, એનો પણ સ્પષ્ટ બોધ થઈ જતાં તે આત્માને અરિરૂપ લાગી જતા તેનાં બંધનમાંથી મુક્ત થવું ઉચિત લાગે છે. જે પાર્શ્વનાથ ભગવાન મંગળ-કલ્યાણના આવાસધામ સ્વરૂપ છે, તેમનું યથાર્થ સાચું સ્વરૂપ સમજાઈ જતા જીવ એ ધામ પામવા અથવા ત્યાં સુધી પહોંચવા માટે આત્મા ભગીરથ પુરુષાર્થ કરે છે. આત્માની શક્તિ અનંત, અસીમ, અમાપ છે. એવી અનંત શક્તિનો ઉપયોગ આત્મા કરે તો નિશ્ચિતપણે ઘનઘાતી કર્મોનાં બંધનમાંથી મુક્ત થઈને જીવાત્મા મંગળકારી-કલ્યાણકારી આવાસધામ સુધી પહોંચી શકે છે, તેને પામી શકે છે.

**આ સ્તોત્રમાં પાર્શ્વપ્રભુ માટેનાં વિશેષણો :**

આ ઉવસગ્ગહરં સ્તોત્રમાં ચૌદપૂર્વધર યુગપ્રધાન પૂ. ભદ્રબાહુ સ્વામી મહારાજે પ્રથમ અને પાંચમી-ગાથામાં જ પાર્શ્વપ્રભુ માટેનાં સાર્થક વિશેષણો વાપર્યાં છે. પાર્શ્વનાથ ભગવાનનું નામ પણ પહેલી અને છેલ્લી આ બે ગાથાઓમાં બેવાર જ વાપરેલ છે અને તે પણ બે અક્ષરનો **'પાસ'**- પાર્શ્વ. એટલું જ બસ. આ રીતે વિશેષણ-વિશેષ્યનો પરસ્પર સંબંધ છે, કારણ કે વિશેષણ વિના વિશેષ્ય નથી શોભતા અને વિશેષ્ય વિના વિશેષણો નથી શોભતાં. વિશેષ્ય વિના વિશેષણોની કોઈ કિંમત જ નથી. કોને તે વિશે-ષણોથી સંબોધવાં ? અને વિશેષણો ન વાપરો તો વિશેષ્યનું સ્વરૂપ જ પૂર્ણપણે નથી સમજાતું. માટે બંને વચ્ચે આવશ્યક-સંબંધ છે.

પ્રથમ-ગાથામાં ચાર અને પાંચમી-ગાથામાં ત્રણ એમ કુલ સાત વિશેષણો મુખ્ય રૂપે વાપરવામાં આવ્યાં છે. આ પ્રત્યેક વિશેષણ સાર્થક છે. ખૂબ જ ઉપયોગી છે. પાર્શ્વપ્રભુનું સ્વરૂપ સમજાવનારા છે.

**'ઉવસગ્ગહરં પાસં પાસં'**નો પાસે અર્થ કરવાથી - ઉપસર્ગો હરનાર જેમની પાસે છે એવા, અથવા 'પાસં'નો પાર્શ્વયક્ષ અર્થ કરીને પાસે અધ્યાહારથી

બેસાડીને કરતા - ઉપસર્ગોને હરનાર પાર્શ્વયક્ષ જેમની પાસે છે. એવા પાર્શ્વનાથ ભગવાન અને ઉપસર્ગો હરનાર જે જે હોય તે બધાનાં નામો બેસાડતાં - (૧) પાર્શ્વયક્ષ, (૨) ધરણેન્દ્રદેવ અને (૩) પદ્માવતીદેવી - આ ત્રણેય પાર્શ્વનાથ ભગવાનની પાસે છે. અને ત્રણે ઉપસર્ગો હરનારા છે; માટે ત્રણેય 'પાસં' શબ્દથી અભિપ્રેત છે. ભક્ત તો એક જ છે. ભક્ત ઉપાસક છે. આરાધના કરનારો આરાધક છે. તે મંગલકલ્યાણના આવાસને પામવાનું લક્ષ રાખીને જે ઘનીભૂત કર્મોનો ક્ષય કરવા મથતો હોય છે. તેના ઉપદ્રવો - ઉપસર્ગો આદિ હરનારાઆ ત્રણ-ત્રણ જણા પાસે તૈયાર છે. જો ખરેખર સાધક અજરામરપદ પામવાની દિશામાં સમ્યક્ત્વ પામીને જે ઘનઘાતી કર્મોનો ક્ષય કરતા કરતા આગળ વધી રહ્યો છે, તેના માર્ગમાં આવતા ઉપસર્ગો-ઉપદ્રવોને ટાળવા, તેમને ગ્રહ-પીડાદિ, રોગો-બીમારીઓ આદિ ટાળવાં આદિ બધાં દૂર થાય, તે માટે એ ત્રણ-ત્રણ દેવી-દેવતાઓ પાસે જ તૈયાર બેઠાં છે. ભક્તની પાસે નથી બેઠાં, તે તો પાર્શ્વનાથ ભગવાનની પાસે બેઠા છે. **'પાસં પાસં'** - આવી રીતે બેવાર વપરાયેલા આ શબ્દોમાં બીજા **'પાસં'**- પાર્શ્વનાથ ભગવાન અર્થ કરેલ છે અને પહેલા **'પાસં'** - શબ્દનો પાસે અને પાર્શ્વયક્ષ આવા બંને અર્થો છે. અને **'પાસં'** - પાસેથી પાર્શ્વનાથની પાસે રહેનારા ધરણેન્દ્ર અને પદ્માવતી આ બંને પણ ઉપસર્ગાદિનું હરણ કરવામાં જેની પડખે તૈયાર ઊભા છે, એવા પાર્શ્વનાથ ભગવાન છે. ઘણે ઠેકાણે તીર્થો વગેરે સ્થળે સહસ્રફણાદિ પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિઓ હોય છે, ત્યાં એકબાજુ ધરણેન્દ્ર અને બીજીબાજુ પદ્માવતીદેવી ચામર લઈને ઊભાં છે. પાસે જ ઊભાં છે. આની પરંપરા પ્રચલિત છે. મૂર્તિઓ પણ એ રીતે ઘડાઈ છે, તૈયાર કરવામાં આવે છે. આ પ્રથમ **'પાસં'** શબ્દના અર્થ સંદર્ભે છે. એનો પણ આવો એક સુંદર ઈતિહાસ છે.

પરંતુ એક મહત્ત્વની વાત ધ્યાનમાં રાખવા જેવી એ છે કે આ સ્તોત્ર પાર્શ્વયક્ષનું નથી કે નથી ધરણેન્દ્ર-પદ્માવતીનું. તેમ જ તેઓની પ્રાધાન્યતા પણ નથી, કારણ પણ સ્પષ્ટ છે કે - 'એક, બે અને ત્રણ ગાથાઓમાં વર્ણવાયેલા ઉપસર્ગાદિ બધા જ હરવામાં તે સમર્થ કે સક્ષમ નથી.' ઉપસર્ગાદિ કોણ હરે છે ? કેવી રીતે દૂર થાય છે ?

વિશ્વના હિંદુ, ખ્રિસ્તી, ઈસ્લામાદિ ધર્મોએ જ્યાં ઈશ્વરને જ સૃષ્ટિના સર્જનહાર, સંચાલક તેમ જ સંહાર-પ્રલયકર્તા તરીકે સ્વીકાર્યા છે, અને તે જ જીવોનાં દુઃખો હરે છે અને સુખો આપે છે. આવી ઘણી બધી બાબતો

માનીને સિદ્ધાંતો ઘડ્યા છે ત્યારે આશ્ચર્યની વાત તો એ છે કે જૈન ધર્મદર્શન આ વાતમાં સહમત નથી. તે બધાથી સાવ અલગ જ પડે છે. સ્પષ્ટ ના પાડે છે કે - 'પરમેશ્વર અરિહંત તીર્થંકર ભગવંતો સૃષ્ટિના સર્જનહાર નથી. તે દુનિયા બનાવતા જ નથી અને દુનિયા ચલાવતા પણ નથી તેમ જ પ્રલય કે સંહાર કરવાનો પ્રશ્ન જ નથી ઊઠતો. બધાંને સુખ આપતાં પણ નથી કે બધાંનું દુઃખ દૂર પણ નથી કરતા. સર્વજીવો પોતપોતાનાં કર્મો પ્રમાણે સુખ પામે છે અને કર્મો પ્રમાણે જ દુઃખો પણ પામતા હોય છે.'

તો પછી એવો પ્રશ્ન ઊભો થાય છે કે - 'એક, બે, ત્રણ ગાથામાં વર્ણવવામાં આવેલા ઉપસર્ગો, વિષધરનું વિષ, ગ્રહ-પીડાદિ, રોગાદિ બધાંનું નિવારણ કેવી રીતે થાય છે ? કોણ કરે છે ? કોઈના તો કરવાથી જ પરિણામ આવતું હશે ? અથવા શું પાર્શ્વયક્ષ કે ધરણેન્દ્ર-પદ્માવતી જ બધા જીવોનાં દુઃખો-ઉપદ્રવો-રોગાદિ હરતા હશે ? દૂર કરતાં હશે ? તો શું આ ઉવસગ્ગહરં સ્તોત્ર પાર્શ્વયક્ષ, ધરણેન્દ્ર કે પદ્માવતીનું સ્તોત્ર છે ? શું માત્ર તેમની જ સ્તુતિનું સ્તોત્ર છે ? ના. ક્યાં છે તેમનાં બધાંનાં નામોનો ઉલ્લેખ ? અને ક્યાં છે તેમના મંત્રો ? શું ચૌદપૂર્વધર મહાપુરુષ ભદ્રબાહુ સ્વામીએ તેમની સ્તુતિ આમાં કરી છે ? શું એમના જ મંત્રો એમાં આપ્યા છે ? શું રોગાદિ-બીમારીઓ, વિષમ-જ્વરાદિ જીવોના બાંધેલાં ભારે અસાતાવેદનીય કર્મના ઉદયે આવતાં હોય તેમને, શું ભારે અંતરાય કર્મના ઉદયે આવતાં વિઘ્નો, સંકટો, દુઃખો, દારિદ્ર્યાદિને પણ શું પદ્માવતી વગેરે દેવી-દેવતાઓ દૂર કરી શકે છે ? અને જો આ બધાં દેવી-દેવતાઓ દૂર ન કરી શકતાં હોય તો પછી શું પાર્શ્વનાથ ભગવાન પોતે બધાં દૂર કરે છે ? શું બીજા જીવોના ભારેકર્મો ઉદયમાં પડ્યાં હોવા છતાં, અથવા સત્તામાં પડ્યાં હોવા છતાં પણ શું આ દેવી-દેવતાઓ પોતાની દૈવી શક્તિઓથી દૂર કરી શકે છે ? અથવા શું પાર્શ્વનાથ આદિ કોઈ પણ ભગવાન પણ દૂર કરી શકે છે ? શું કર્મો ટાળી શકે છે ? શું એ સંભવ છે ? આ વિષયમાં જૈન સિદ્ધાંત શું કહે છે ? આનું રહસ્ય જાણવું અત્યંત મહત્ત્વનું છે. જેથી ભ્રમ ટળે, ભક્તિ ટળે, અજ્ઞાનતા ટળે અને સાચું સમ્યગ્જ્ઞાન થતાં સાચી સમ્યગ્શ્રદ્ધા વધે.

શું પદ્માવતી આદિ કોઈ પણ દેવીઓ, અથવા પાર્શ્વયક્ષાદિ દેવતાઓ જીવોને સમ્યક્ત્વ આપી શકે છે કે અજરામરપદ - મોક્ષ પમાડી શકે છે કે આપી શકે છે ? શું એ બધું સંભવ છે ? તો પછી આ સ્તોત્ર

કોના નામનું રચાયું છે ? પાર્શ્વયક્ષ, ધરણેન્દ્રદેવ કે પદ્માવતી આદિ કોના નામનું રચાયું છે ?

આનો ઉત્તર બધાંએ ચોક્કસ સ્પષ્ટપણે સમજવો જ જોઈએ. આ વિષયમાં પણ અશ્રદ્ધા કે અંધશ્રદ્ધા ન જ રહેવી જોઈએ. વર્તમાનકાળે પણ ઘણા જીવો આ વિષયમાં અશ્રદ્ધા અથવા અંધશ્રદ્ધા ધરાવતા હોય છે, તેનું નિવારણ કરીને જ આરાધના કરવી જોઈએ. ઉવસગ્ગહરંની આરાધના આપણી અશ્રદ્ધા - અંધશ્રદ્ધા અથવા મિથ્યાત્વમાં વધારો કે ઉમેરો કરનારી ન જ હોવી જોઈએ. શું ચૌદપૂર્વી જેવા મહાપુરુષ **'ભવે ભવે'** શબ્દોથી ભવોભવ આ પદ્માવતી આદિ દેવ-દેવતાઓની પ્રાપ્તિની પ્રાર્થના કે યાચના કરી છે ? શું એમની જ ભક્તિ-ભક્તિસભર હૃદયપૂર્વક કરવાની વાત કરી છે ? શું માત્ર એવાં દેવી-દેવતાઓની શ્રદ્ધા જે સાચી શ્રદ્ધા કહી છે ? અથવા બોધિ કહી છે ? અથવા સમ્યક્ત્વરત્ન કહ્યું છે ? શું એમને પાસે જ **'દિજ્જ'** કહીને બોધિ આદિની માગણી કરી છે ? **'તા દેવ'** - અહીં પાંચમી-ગાથામાં દેવ શબ્દથી શું માત્ર આ ધરણેન્દ્ર કે પાર્શ્વયક્ષ જ અભિપ્રેત છે ? ના...

ઉપસગ્ગહરં સ્તોત્રમાં **'પાસં'** શબ્દ પહેલી તથા પાંચમી ગાથામાં **'પાસં'** અને **'પાસ જિણચંદ'** શબ્દો એકમાત્ર પાર્શ્વનાથ ભગવાન માટે જ વાપરેલા છે, બીજા કોઈ દેવ-દેવીઓ માટે નથી વાપર્યા. માટે પહેલી મૂળ વાત તો એ સ્પષ્ટ થાય છે કે - 'આ સ્તોત્ર એકમાત્ર પાર્શ્વનાથ ભગવાનનું જ સ્તોત્ર છે, સૂત્ર છે, સ્મરણ છે અને એવા પાર્શ્વનાથ પરમાત્મા માટે જ સાત - સાત વિશેષણો આપવામાં આવ્યાં છે. **'કમ્મઘણમુક્કં, મંગલકલ્લાણ આવાસં'** - આદિ ભારેખમ વિશેષણો એકમાત્ર પાર્શ્વનાથ ભગવાન માટે જ વપરાયેલાં છે, તે સિવાય બીજા કોઈ પણ દેવ-દેવીઓ માટે નથી વપરાયાં અને પાર્શ્વનાથ પરમાત્માની જ આરાધના **'ભત્તિભર નિબ્ભરેણ હિયએણ'** - ભક્તિસભર હૃદયપૂર્વક કરવાની વાત કરી છે. અને **'તુહ સમ્મત્તે'** - તમારું સમ્યક્ત્વ આ શબ્દમાં **'તવ'** શબ્દ પણ પાર્શ્વનાથ ભગવાન માટે જ સર્વનામ રૂપે વાપર્યો છે. માટે તેમની પાસે જ સમ્યક્ત્વની સાચી શ્રદ્ધાની યાચના કરી છે. માત્ર યાચના જ નહિ પણ **'ભવે ભવે'** - ભવોભવ **'દિજ્જ બોહિં'**ની પ્રાર્થના કરી છે. આ બધી વાતો પાર્શ્વનાથ સન્મુખ તેમને ઉદ્દેશીને કરવામાં આવેલ છે, નહિ કે પાર્શ્વયક્ષ અથવા પદ્માવતી વગેરે દેવ-દેવીઓ માટે. તેથી **'તા દેવ'** શબ્દનો પ્રયોગ પાંચમી - ગાથામાં પણ પરમાત્મા પાર્શ્વનાથ પ્રભુના માટે દેવાધિદેવના અર્થમાં કર્યો છે.

ક્યારેય સમ્યક્ત્વ દેવ-દેવીઓ સંબંધી નથી હોતું. તે તો એકમાત્ર દેવ-ગુરુ-ધર્મ અને તત્ત્વ સંબંધી જ હોય છે. તે વિષયમાં જ હોય છે. તેથી અજરામરપદની પ્રાપ્તિ પણ તેમની શ્રદ્ધાને જ આભારી છે. દેવ-દેવીઓની શક્તિ નથી કે તે સાધકને અજરામરપદ આપી કે અપાવી દે. તો શું પાર્શ્વનાથ ભગવાન અપાવે છે ?

ના, પાર્શ્વનાથ ભગવાન વર્તમાનમાં સર્વ કર્મો ક્ષય કરીને અજરામરપદને પામેલા... **'કમ્મઘણમુક્કં'** - ઘનઘાતી કર્મોથી મુક્ત થઈને **'મંગલકલ્લાણ આવાસં'** - કલ્યાણકારી મંગલઆવાસધામરૂપ મોક્ષમાં અશરીરી અવસ્થામાં બિરાજમાન છે. ભગવાન પોતે ભક્તોનાં દુઃખ દૂર કરવા આવે છે અથવા પોતાના દેવી-દેવતાઓને મોકલે છે વગેરે બધી હિંદુ માન્યતા છે. જૈન ધર્મના સિદ્ધાંતોને આવી વાતો માન્ય નથી. આ બધી વાતો સિદ્ધાંતથી સર્વથા વિપરીત છે. અશરીરી પરમાત્મા મોક્ષમાંથી ક્યારે ય - કોઈ કાળે પાછા સંસારમાં આવતા જ નથી. મપુણરાવિત્તિ - અપુણરાવિત્તિનો પાઠ 'નમુત્થૂણં સૂત્ર'માં આ સિદ્ધાંતની સાક્ષી પૂરે છે, તે સમજવા જેવી વાત છે. હિંદુ ધર્મ, ખ્રિસ્તી અને ઈસ્લામ ધર્મ અવતારવાદના સિદ્ધાંતને વરેલો છે, જ્યારે જૈન ધર્મમાં અવતારવાદનો સર્વથા મૂળમાંથી જ નિષેધ કરેલો છે. માટે એકવાર જે **'કમ્મઘણમુક્કં'** - કર્મોના ઘનથી સર્વથા મુક્ત થઈને **'મંગલકલ્લાણ આવાસં'** - મંગલકારી - કલ્યાણકારી આવાસધામને અર્થાત્ અજરામર - મોક્ષપદને પામી ચૂક્યા હોય, તે ક્યારે ય પાછા બીજીવાર સંસારમાં આવતા જ નથી. પછી ભલેને પોતાના માટે, અથવા ભક્તોના માટે હો... કોઈ પણ વાતે આવતા જ નથી. તેઓ કૃતકૃત્ય છે. તેમને હવે આવીને કોઈના પણ માટે કંઈ પણ કરવાપણું રહેતું જ નથી.

જૈન ધર્મનો આ પાયાનો સિદ્ધાંત સાંભળીને સાધકો - આરાધકો કે ભક્તોએ નિરાશ થવા જેવું નથી. 'ભગવાન પોતે આવતા પણ નથી, આવે પણ નહિ અને કંઈ કરે પણ નહિ, સુખ આપે પણ નહિ અને દુઃખ ટાળે પણ નહિ અને ઉપસર્ગો કે ઉપદ્રવો અથવા ગ્રહ-પીડાદિ અને દુઃખ-દારિદ્ર્યાદિ કંઈ પણ ન ટાળે, તો પછી એવા ભગવાન શું કરવા છે ? આ માટે પૂજીએ ? ના... નથી જોઈતા અમારે આવા ભગવાન !' જો ભક્તો નારાજ કે નિરાશ થઈને આવો જવાબ દે તો શું સમજવું ? અરે ! થોડુંક તો સત્યનું સ્વરૂપ સમજો ! જે વાસ્તવિકતા છે તે તો સમજો ! માત્ર ભક્તોને ગમે તેવું મીઠું મીઠું, સાવ ગળ્યું બોલીને રાજી રાખવાનો

શો અર્થ ? ખાલી બોલી નાખવું ગળ્યું ગળ્યું. ભલે પછી ન આવે કે ન કરે તો ચાલે એમ ? સત્યથી અલગ હટાવીને ખોટી દિશામાં વાળીને ખોટા ખ્યાલોમાં ડુબાડી રાખવા અને અશ્રદ્ધા કે અંધશ્રદ્ધામાં જ ખૂંચેલા રાખવા અને ક્યારે ય બહાર કાઢવા જ નહિ. દેડકો ફક્ત કૂવાને પોતાની દુનિયા માની લે, એનાથી વધારે કંઈ છે જ નહિ. એવું નથી. પરમેશ્વર પરમાત્માનું સ્વરૂપ લોકો જે માને છે તેનાથી હજારગણું વધારે છે.

સર્વસામાન્ય લોકોને ફક્ત એક જ સાદો પ્રશ્ન પૂછવાનું મન થાય છે કે - 'બોલો, તમને કેવા ભગવાન જોઈએ છે ? શું ખરેખર ભગવાન જેવા છે તેવા પણ કલ્પી લેવા ? શું કરવું ?' આ પ્રશ્નનો ઉત્તર શું આપશો ? ખરેખર પરમેશ્વર પરમાત્મા વાસ્તવમાં જેવા છે તેવા જ મૂળ - સાચા સ્વ-રૂપમાં માનવામાં જ સમ્યક્દર્શન છે અને તેથી સાવ વિપરીત વાસ્તવમાં જેવા નથી, તે છતાં પણ તેવા માનવા કે કલ્પના કરવામાં મિથ્યાત્વ છે. મિથ્યાશ્રદ્ધા કે અશ્રદ્ધામાત્ર છે. કેવી રીતે ! પરમેશ્વર - પરમાત્મા વીતરાગી, સર્વજ્ઞ-સર્વદર્શી અને અંતિમ-સત્યનું સ્વરૂપ જણાવનારા છે. આવા પરમાત્માને આવા જ અર્થમાં માનવા, જાણવા અને આરાધવા જોઈએ. પરંતુ ભગવાન જે દુઃખહર્તા નથી, કે દુઃખદાતા પણ નથી, તો પછી શા માટે તેમને તેવા માનવા ? તે વિઘ્નકર્તા પણ નથી અને કે સુખદાતા વિઘ્નહર્તા પણ નથી, તેમ છતાં પણ તેમને તેવા માની લેવા અને પછી તે અર્થમાં જ તેમની આરાધના-ભક્તિ-ઉપાસના કરવી, ક્યાં સુધી ઉચિત છે ? કલ્પનાના હવાઈ કિલ્લામાં મહાલવા કરતાં વાસ્તવિકતામાં રાચવું અનેકગણું વધુ સારું.

## પ્રભુની આરાધનાથી બધું જ સંભવ છે :

ભગવાનને મોક્ષમાંથી પાછા ધરતી ઉપર આવવાની જરૂર નથી. ભગ-વાનને જાતે ભક્તોનાં દુઃખો દૂર કરીને સુખો આપવાની પણ જરૂર નથી અને ભગવાને પોતાના અનુરૂપ કોઈ દેવી-દેવતાઓને પણ મોકલવાની આવશ્યકતા નથી. તો પછી કાર્યસિદ્ધિ કેવી રીતે થશે ? એનો ઉત્તર પૂ. ભદ્રબાહુ સ્વામી જેવા ગીતાર્થ મૂર્ધન્ય જ્ઞાની ઉવસગ્ગહરં સ્તોત્રમાં જ વંદે - **'વંદામિ'** - પહેલી-ગાથામાં અને ત્રીજી-ગાથામાં **'પણામો વિ'** અને ચોથી-ગાથામાં **'લદ્ધે'** અને પાંચમી-ગાથામાં **'ભત્તિભરં નિબ્ભરેણ હિયએણ'** - આ શબ્દોથી સમાધાન કરાવે છે. તે માટે **'ભવે ભવે'** શબ્દથી કાળ સૂચવે છે.

આ પરમાત્મા સ્વયં **'કમ્મઘણમુક્કં'** - કર્મોના ઘનથી મુક્ત છે. માટે તેવા જ થવાના હેતુથી તે શ્રી પાર્શ્વનાથ ભગવાનને જે પૂજશે તેને પણ તે જ ફળ

મળશે. **'મંગલકલ્લાણ આવાસં'** - મંગલકારી કલ્યાણકારી આવાસ-ધામમાં બિરાજમાન છે. જે ભક્તને આવા સ્થાનની પ્રાપ્તિની તીવ્ર ઉત્કંઠા હશે, અને તે માટે તે રીતે સાધના કરશે, તો તે અને તેવું પણ મળી શકશે. **'પાસં વંદામિ'** - પાર્શ્વનાથને વંદન કરવાથી કર્મોનો ક્ષય થાય છે અને આટલી નિર્જરા પછી મળે છે.

વંદન નિર્જરા પણ કરાવે અને નિર્જરાજન્ય ફળ નિર્જરા થવાથી જ મળે છે. એવી જ રીતે પ્રણામ - **'પણામો વિ'**... પુણ્ય પણ સારું એવું ઉપાર્જન કરાવે છે. નવ તત્ત્વમાં નવ પ્રકારે પુણ્ય બંધાય છે, તેમાં નવમો પ્રકાર નમસ્કાર પુણ્યનો પણ આપ્યો છે. ત્રીજી-ગાથામાં **'તુજ્જ પણામો વિ'**માં પ્રણામની સાથે **'અપિ'** શબ્દ પણ વાપર્યો છે. જે અપિ અને (ચ) અર્થમાં છે. એટલે પહેલા જે મંત્રજાપ વગેરે સૂચવેલો, તે મંત્ર તો દૂર રહો **'ચિટ્ઠઉ દૂરે મંતો'** - હે પ્રભુ ! તમારો મંત્ર તો દૂર રહો પણ (અપિ) તમને **'પણામો વિ'** - પ્રણામ કરવામાત્રથી પણ **'નર તિરિયેસુ વિ જીવા'** - મનુષ્યો અને તિર્યંચ પશુ-પક્ષીઓ પણ **'પાવંતિ ન દુક્ખ દોગચ્ચં !'** દુઃખ અને દુર્ગતિ, દારિદ્રય પણ પામતાં નથી. વાત પણ સાચી છે કે - 'પ્રણામ-નમસ્કાર કરવાથી જે પુણ્ય-પ્રકૃતિ બંધાય છે અને પાપ એ અશુભકર્મ-પ્રકૃતિ છે. શુભપુણ્ય કર્મ-પ્રકૃતિના ઉદયથી સુખશાંતિ આદિ મળે છે, જેથી દુઃખ-દારિદ્રયાદિ દૂર થાય છે. અને ઠીક એથી વિપરીત અશુભપાપ-પ્રકૃતિથી દુઃખ-દારિદ્રય-દુર્ગતિ આદિ મળે છે. ત્રીજી-ગાથામાં વિધિયાત્મક વાત પ્રણામ-નમસ્કાર કરવાથી દુઃખ-દારિદ્રય દૂર થઈને સુખ-સમૃદ્ધિ મળે છે, જીવો પામે છે અને નિષેધાત્મક વિપરીત વાતમાં જે જીવો પ્રણામ નથી કરતા, તેમને અશુભ-પાપ-કર્મની પ્રકૃતિ બંધાતા તેના ઉદયકાળે દુઃખ-દારિદ્રય-દુર્ગતિ મળે છે.

### ચમત્કાર અને નમસ્કાર આ બંનેમાંથી કોણ વધે ?

ચમત્કારમાં તો કંઈક કરવું પડે છે, જ્યારે નમસ્કારમાં તો ફક્ત પ્રણામ કર્યા અને તેનાથી દુઃખ-દારિદ્રય-દુર્ગતિ ટળે, તો આ બંનેમાં કોણ વધ્યું ? ચમત્કારમાં તો ફક્ત આ વસ્તુ મળી કે તે વસ્તુ દેખાણી કે જોવા મળી, એટલું જ બસ, જ્યારે નમસ્કાર કરવાની નીચગોત્ર કર્મ, માનકષાય -મોહનીય આદિ કર્મો ખપે છે. ઉચ્ચગોત્ર, સાતાવેદનીય કર્માદિ પુણ્ય-પ્રકૃતિઓ બંધાય છે, એમ માનકષાય, મોહનીય આદિ કર્મ-પ્રકૃતિઓ મૂળમાંથી ખપે છે. ક્ષય કે ક્ષયોપશમ થાય છે અને તેથી વિજય-નમ્રતા આદિ ગુણો ખીલે છે, પ્રગટે છે, વધે છે, તેથી પણ સુખાદિ વધે છે.

જ્યારે આ બધું માત્ર ચમત્કારથી થવું સંભવ જ નથી. ચમત્કારો માત્ર બાહ્ય નૈમિત્તિક હોય છે, દ્રવ્ય કે બાહ્ય પદાર્થપ્રધાન હોય છે. ઘણા ખરા ચમત્કારો દેવાધિષ્ઠિત હોય છે, પરંતુ ક્યારે ય પણ કોઈ પણ ચમત્કાર આત્મા ઉપર લાગેલાં કર્મો ખપાવી શકતું નથી. કોઈનાં ય કર્મો એક ક્ષણમાં બધાં ખપી ગયાં કે ક્ષય થઈ ગયાં તેવું બનતું નથી. વીતેલા ભૂતકાળમાં ક્યારે ય આવો ચમત્કાર થયો નથી અને ભવિષ્યમાં થશે પણ નહિ. ક્યારે ય તીર્થંકરો કોઈ પણ જાતના ચમત્કારો કરતા જ નથી. અભવી-જીવ કે ભવી કે ભવીને અભવી બનાવી દેવાનો ચમત્કાર અનંતાકાળમાં થયો પણ નથી અને થવાનો પણ નથી. એકીસાથે હજારો તીર્થંકરો ભેગા થઈને પણ નથી કરી શકવાના. પરંતુ નમસ્કાર કરવાથી ચોક્કસ પરિણામ આવે છે. માટે આ સ્તોત્ર ચમત્કાર સર્જનાર છે તેવી આશા કે ધારણા રાખીને બેસી રહેવું ઉચિત નથી.

પૂ. ભદ્રબાહુ સ્વામી આ સ્તોત્રમાં 'ચમત્કાર' શબ્દનો પ્રયોગ પણ નથી કરતા, પરંતુ **'પણામો વિ', 'કંઠે ધારેઈ', 'વંદામિ', 'લદ્ધે', 'દિજ્જ'** - આદિ શબ્દો ઉપર ભાર વધારે આપે છે. **'તુજ્જ પણામો વિ બહુ ફલો હોઈ'...** પ્રભુપાર્શ્વને કરેલ પ્રણામ-નમસ્કાર પણ ઘણું ફળદાયી નીવડે છે. પણ એક જ વાત મહત્ત્વની છે કે તે નમસ્કાર તમે કેવા અને કેટલા ભાવપૂર્વક કરો છો તેના ઉપર આધાર રાખે છે. એ માટે **'ભત્તિભર નિબ્ભરેણ હિયએણ'** આ મહત્ત્વના શબ્દો ખાસ વાપરીને ભક્તના પ્રણામ કે વંદનાની ગુણવત્તા ઉચ્ચ કક્ષાની કરવાની ખાસ ભલામણ કરી છે. જો ભક્તિસભર હૃદયપૂર્વક - ભક્તિરસ-ઝરતા ભાવપૂર્વક, પૂજ્યભાવ - બહુમાનભાવપૂર્વક કરવામાં આવે તો **'બહુ ફલો હોઈ'** - ઘણું ફળદાયી નીવડે છે. એ જ વાતને **'સિદ્ધાણં બુદ્ધાણંની ગાથા'**માં આ રીતે સ્પષ્ટ કરે છે કે -

**'ઇક્કોવિ નમુક્કારો જિણવર વસહસ્સ વદ્ધમાણસ્સ**
**સંસાર સાગરાઓ, તારેઇ નરં વ નારીં વા'**

જિનેશ્વરોમાં વૃષભસમાન શ્રેષ્ઠ એવા શ્રી વર્ધમાન સ્વામીને એવો એક પણ નમસ્કાર વિશુદ્ધ ભાવપૂર્વકનો કરવામાં આવે તો ચોક્કસ નરનારીઓને આ સંસારસાગરમાંથી - ભવસાગરથી તારે છે, પાર ઉતારે છે. ઉવસગ્ગહરં સ્તોત્રમાં પણ **'નર તિરિએસુ વિ જીવા, પાવંતિ ન દુક્ખ દોગચ્ચં'** - મનુષ્યો અને પશુ-પક્ષીઓ પણ દુઃખ અને દારિદ્ર્ય, દુર્ગતિ પામતા નથી. પરમાત્માને વધતા જતા, ચઢતા જતા ભાવપૂર્વક પ્રણામ કરવાથી દુઃખ-દુર્ગતિ-દારિદ્ર્ય

આદિ ટળે છે. દુઃખાદિ જે જે કર્મોના ઉદયે આવે છે તે તે કર્મોની નિર્જરા થવાથી અને તેવાં પ્રકારનાં શુભપુણ્યકર્મો નવાં પણ બંધાય છે. જેના ઉદયે દુઃખ-દારિદ્રય-દુર્ગતિ ન મળતાં સુખસમૃદ્ધિ અને સદ્‌ગતિ મળે છે.

**'એસો પંચ નમુક્કારો'** - **'નમસ્કાર મહામંત્ર'**માં પણ શું છે ? એકમાત્ર **'નમો'** શબ્દથી નમસ્કાર કરવાની જ વાત કરી છે. અને તે પણ કોને ? **'એસો પંચ'** - અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ - આ પંચ-પરમેષ્ઠી ભગવંતોને **'નમુક્કારો'** - નમસ્કાર કરવામાં આવ્યા છે. **'પંચ'** શબ્દ સંખ્યાવાચી છે, માટે પંચથી છઠ્ઠા બીજા કોઈને નથી લીધા અને તે પાંચ પણ ક્યા ? તે સૂચવવા અને નિશ્ચિત કરવા માટે **'એસો'** શબ્દ વાપર્યો છે. માટે **'એસો પંચ'** શબ્દ બંને સાથે ભેગા વાપર્યા છે, તેથી અરિહંતાદિ પંચપરમેષ્ઠી સિવાય બીજા છઠ્ઠા કોઈની કલ્પના પણ ન કરી શકાય. તેથી જ નવકારમાં કોઈ પણ દેવ-દેવીઓનું સ્થાન પણ નથી રાખ્યું અને તેમને જ નમસ્કાર કરવાથી શું ફળ મળે ? તો તે સૂચવવા - **'સવ્વપાવ પ્પણાસણો - સબ'** - બધાં પાપકર્મોનો નાશ થાઓ. બસ આ એક જ ફળની આકાંક્ષા કરવામાં આવી છે, અપેક્ષા રાખવામાં આવી છે. માટે નમસ્કાર મહામંત્રમાં પણ કોઈ ચમત્કારની વાત જ નથી. ચમત્કારો તો હલકી કક્ષાના છે. જ્યારે સર્વોચ્ચ ગુણવત્તાવાળા તેવા નમસ્કાર કરવામાં આવે તો સર્વોચ્ચ કક્ષાનું ફળ **'સવ્વ પાવપણાસણો - સબ'** - બધાં પાપકર્મોનો નાશ થાય છે. બસ, એનાથી વધારે-ઓછું બીજું કોઈ નથી કે જેમને **'નમુક્કારો'** નમસ્કાર કરી શકાય અને **'સવ્વ પાવ'** - બધાં પાપકર્મોનો નાશ કરવા માટે કોઈ ચમત્કાર નથી થવાનો, કારણ કે ચમત્કારો ક્યારે ય પાપકર્મોનો નાશ નથી કરી શકતા, તો પછી **'સવ્વ'** - બધાં જ પાપકર્મોનો નાશ થવો, કે કરવો તો સંભવ જ નથી. તે તો એકમાત્ર **'એસો પંચ'** - એ અરિહંતાદિ પાંચને જ **'નમુક્કારો'** નમસ્કાર કરવાથી જ સર્વ પાપકર્મોનો નાશ થઈ શકે છે, અન્યથા નહિ.

ઉવસગ્ગહરં સ્તોત્રમાં પણ એ જ વાત છે. અરિહંતનું નામ **'પાસં - પાસ જિણચંદ'** લઈને પ્રણામ **'પણામો'**થી વાત કરી છે. **'વંદામિ'** શબ્દથી વંદન કરવાની વાત કરી છે. તે સિવાય સંભવ જ નથી. અને તેવા પ્રણામ કે નમસ્કાર અથવા વંદન કેવી રીતે કરવાં તે માટે **'ભત્તિભર નિબ્ભરેણ હિયએણ'** - ભક્તિસભર હૃદયના ભાવપૂર્વક કરવામાં આવે તો નિશ્ચિત ફળલાભ અવશ્ય મળે જ છે. માટે જ ખાતરી આપવા માટે **'પાવંતિ અવિગ્ઘેણં'** શબ્દનો પ્રયોગ કર્યો છે. પૂ. ભદ્રાબાહુ સ્વામી **'પાવંતિ અવિગ્ઘેણં'** શબ્દથી

ખાતરી આપે છે, વિશ્વાસ અપાવે છે. જો કે વિશ્વાસ તો **'પાવંતિ'** શબ્દથી જ આવી જાય છે. પરંતુ તે પણ કેવી રીતે પામે ? તે માટે **'અવિગ્ઘેણં'** શબ્દ વાપર્યો છે. વિના-વિઘ્ને સહેલાઈથી પામે છે.

આ સમજ્યા પછી ફળની અપેક્ષા કે આશા રાખ્યા વિના માત્ર તેની સર્વોચ્ચ કક્ષાની ગુણવત્તાવાળો **'પણામો વંદામિ'** - પ્રણામ કે વંદન જ કરવાના છે. સાધકના પક્ષે આ જ કરવાનું છે. આ પ્રણામ-વંદન સર્વોચ્ચ કક્ષાના થવાથી કે કરવાથી ચોક્કસ **'કમ્મઘણમુક્કં'** જેમ પાર્શ્વનાથના ઘનીભૂત એટલે થીજી ગયેલા, જામી ગયેલા, ગાઢ મજબૂત થઈ ગયેલાં કર્મોનો પણ નાશ થાય છે, ક્ષય થાય છે અને કાળાંતરે **'મંગલ કલ્લાણ આવાસં'** મંગલકારી - કલ્યાણકારી આવાસ - જે **'અયરામરં ઠાણં'** - અજરામર સ્થાન મોક્ષ છે તેને **'અવિગ્ઘેણં'** - વિના વિઘ્ને **'પાવંતિ'** પામી શકાય છે. આનાથી વધારે સહેલો બીજો માર્ગ શું હોઈ શકે ?

## 'કંઠે ધારેઇ' - કંઠમાં ધારણ કરવા બાબત :

**'કંઠે ધારેઈ'** શબ્દનો પ્રયોગ જે બીજી-ગાથામાં કરવામાં આવ્યો છે, તેનો શબ્દાર્થમાં ગળામાં ધારણ કરવો તેટલો જ થાય છે, એવું જ નથી. ભાવાર્થ બીજો પણ છે. માટે બે અર્થે થાય છે - **'કંઠે ધારેઈ'** 'કંઠ એટલે ગળામાં, ગળાની બહાર અને ગળાની અંદરમાં એમ બંને અર્થો કરવાથી ખ્યાલ આવશે. ગળાની બહાર ધારણ કરવા માટે ભલે **'વિસહર ફુલ્લિંગમંતં'** - વિષધર સ્ફુલિંગ મંત્રને જે કંઠમાં (ગળામાં બહાર) **'ધારેઈ'** - ધારણ કરી રાખે છે, પહેરી રાખે છે. આ શબ્દોમાં પણ કેટલો ભાર આપ્યો છે ? ધારણા કરી રાખવામાત્રથી પણ **'તસ્સ'** તેને લાભ મળે છે, ફાયદો થાય છે.

બીજા અર્થમાં **'કંઠે'** - સપ્તમી એકવચન અધિકરણ અર્થમાં વાપર્યો છે ગળામાં... મંત્રને કોઈ વસ્તુમાં રાખીને ગળાની અંદર તો રાખી શકાતો નથી. તે માટે તો ગળામાં **'કંઠે'** નિરંતર જાપ-સ્મરણ-રટણ કરી શકાય છે; તેથી વધારે તો શું કરી શકાય ? જો જાપ-સ્મરણ-રટણ કરાય તો વધારે ફળ મળે કે માત્ર ગળામાં **'ધારેઈ'**-પહેરી રાખવાથી જ વધારે ફળ મળે? અથવા ત્રીજો વિકલ્પ છે બંને સાથે રાખવાથી. અર્થાત્ ગળામાં બહારથી પહેરી રખાય અને ગળામાં નિરંતર જાપ-સ્મરણ-રટણ પણ ચાલુ જ રહે, તો બંને રીતે ભેગા કરવામાં આવે તો તે **'મંતં'** - મંત્ર **'તસ્સ'** - તેના તે સાધકના, **'ગહરોગમારિદુટ્ઠજરાજંતિ ઉવસામં'** - ગ્રહપીડા-રોગ-બીમારીઓ, દુષ્ટ-દુર્જનશત્રુ અને વિષમ - જ્વરાદિ પણ **'ઉવસામં જંતિ -**

**ઉપશમનં યાન્તિ'** - શાંત થઈ જાય છે, મટી જાય છે. આ રીતે શબ્દોનો ગીતાર્થ સમજીને કરવામાં ઘણો ફાયદો છે. ન સમજી શકનારા ફક્ત એક જ અર્થ બેસાડીને... ફક્ત **'કંઠે'** - ગળામાં બહાર પહેરી જ રાખે છે અને જાપ-સ્મરણ-રટણ કંઈ જ ન કરે અને પછી કહે છે કે - 'મને તો કંઈ લાભ નથી થયો.' એવા લોકોએ ઉપરોક્ત બંને અર્થો ધ્યાનમાં લઈને બંને પ્રમાણે કરવું જોઈએ.

જેમ શ્રીપાલરાજાએ સતત નવપદનું રટણ-સ્મરણ કર્યું, કરતા જ રહ્યા. તેનાથી ભરદરિયે ફેંકાયા છતાં જીવિતની હાનિ ન થઈ અને બચી ગયા. એવા તો તેમના જીવનમાં સેંકડો ચમત્કારો થયા છે. તેમનું આખું જીવન જ ચમત્કારોથી ભરેલું છે. પણ ઉપર-ઉપરથી બહારથી બીજાને ચમત્કાર જ દેખાય છે, જ્યારે કંઠમાં સતત, નિરંતર રટણ-સ્મરણ કોને દેખાય છે ? પરંતુ પરિણામ લાવીને દેખાડ્યું છે. આ સ્તોત્રમાં પણ **'જંતિ ઉવસામં - ઉપશમનં યાન્તિ'** - આ શબ્દો વાપરીને પૂજ્ય ગીતાર્થ મૂર્ધન્યે ખાતરી પૂરી આપી છે કે ગ્રહ - પીડાદિ બધા શાંત થઈ જાય છે. મટી જાય છે.

**બીજી અને ત્રીજી ગાથામાં સરખામણી :**

બીજી-ગાથામાં જે જે શાંત થાય છે, ટળે છે તેની યાદી મોટી છે. **'વિષનિન્નાસં'** - ઝેરનો નાશ, પછી **'ગહરોગમારિ દુટ્ઠજરા'** આપનો **'જંતિ ઉવસામં'** ઉપશાંત થઈ જાય છે. જ્યારે ત્રીજી-ગાથામાં **દુક્ખ દોગચ્ચં** - દુઃખ અને દારિદ્રય-દુર્ગતિ આદિ ત્રણથી ચાર વાત કરી છે અને સાથે ખાતરીદાયક શબ્દો - **'પાવંતિ ન'** - વાપરીને સાફ કહ્યું છે કે - પામતા નથી. બીજી-ગાથામાં પાંચનો આંકડો મોટો હોવાથી તે ગ્રહપીડાદિ ઘણી સંખ્યામાં ગણવા કે પછી ત્રીજી-ગાથામાં ફક્ત એ જ શબ્દો **'દુક્ખ દોગચ્ચં'** - દુઃખ-દારિદ્રય-દુર્ગતિ આદિ ટળે, કે નથી પામતા તે વધારે છે ? હકીકત એ છે કે... ગ્રહ-પીડાદિ બધાનો સમાવેશ એક 'દુઃખ' શબ્દમાં કરી દીધો છે. એ બધાં દુઃખો જ છે, તે નથી પામતાં.

બીજી-ગાથામાં મંત્ર - જાપની વાત કરી છે. **'મંતં'** અને તે ક્યો મંત્ર તેનું નામથી સંકેત કર્યો છે - **'વિસહર ફુલ્લિંગમંતં'** - વિષધર સ્ફુલિંગ મંત્ર જે અઢાર અક્ષરનો ગુપ્ત મંત્ર છે, જેને આમાં સંતાડવામાં આવ્યો છે. એનું માત્ર **'વિસહર'** શબ્દથી સંકેત-ઈશારો ફક્ત કર્યો છે, તે સાધકને શોધી કાઢવાનો હોય છે.

પૂ. માનતુંગસૂરિએ પણ 'નમિઉણ સ્તોત્ર'માં આ જ મંત્રને સ્તોત્રમાં ગુપ્ત રીતે સંતાડી દીધો છે અને વાત પણ સાચી છે. મંત્ર ગુપ્ત જ રાખવાના હોય છે. 'મંત્ર' શબ્દનો અર્થ જ ગુપ્તતા રાખવાના અર્થમાં છે. તેથી જ મંત્રી, મંત્રણા વગેરે શબ્દો બન્યા છે. માટે મંત્રણા પણ ગુપ્ત રીતે થવી જોઈએ, ફૂટી ન જવી જોઈએ. અહીંયાં **'મનનાત્ ત્રાયતેતિ'** મંત્ર મનન-સ્મરણ-રટણ કરવાથી તારે છે, તેને મંત્ર કહેવાય છે. તેથી બીજીગાથામાં **'મંતં કંઠે ધારેઈ'** - આ મંત્રને કંઠમાં જો સ્મરણ-રટણ-મનન કરવામાં આવે તો ફળ મળે છે. **'નમિઉણ સ્તોત્ર'**માં તો સ્પષ્ટ શબ્દો વાપરીને સંકેત કર્યો છે કે -

**એઅસ્સ મજ્ઝયારે અટ્ઠારસ અકખરેહિં જો મંતો ।**
**જો જાણઇ સો ઝાયઈ પરમ પયત્થં ફુટુ પાસં ॥**

આ સ્તોત્રમાં અઢાર અક્ષરનો જે ગુપ્ત મંત્ર છે, તેને જે જાણશે, અને જાણીને જે તેનું ધ્યાન વગેરે કરશે તે પરમપદ - મોક્ષને સ્પષ્ટ પામશે. આ વાત જે રીતે 'નમિઊણ'માં કરી છે, તે જ મંત્ર 'ઉવસગ્ગહરં સ્તોત્ર'માં પણ છે. મંત્ર તેનો તે જ છે, જુદો નથી કે બદલાયો નથી અને તેને રટવા-જપવા માટેની વિધિ પણ તે જ છે. 'નમિઉણ'માં **'ઝાયઈ'** શબ્દ વાપરીને ધ્યાન ધરવાનું વાત કરી છે અને જે પ્રકારની વિધિથી કરે તે પ્રકારનું ફળ મળે છે. ધ્યાન કરવાથી પરમપદની પ્રાપ્તિનું ફળ મળે છે. કારણ કે ધ્યાન ઘણું ઊંચું છે. જાપ-સ્મરણમાત્ર બાલ કક્ષાના સરળ છે. જ્યારે ધ્યાન ઉચ્ચ કક્ષાનું છે અને એ રીતે ધ્યાન-સાધના કરવાથી પરમપદ - મોક્ષની પ્રાપ્તિ થાય છે તે વાત બરોબર બંધબેસતી નથી.

ઉવસગ્ગહરં સ્તોત્રમાં **'કંઠે ધારેઈ'**થી ગળામાં સ્મરણ-રટણ-જાપ કરવાની વાત કરી છે, તેથી ગ્રહપીડાદિ બધા ઉપદ્રવો શાંત થઈ જાય છે, એવી રીતે ફળોની પ્રાપ્તિ પણ કરણીના આધારે છે.

ત્રીજી-ગાથામાં **'ચિટ્ઠઉ દૂરે મંતો'** - શબ્દનો પ્રયોગ કરીને જે સલાહ આપી છે, તેમાં મંત્રને નીચે નથી દેખાડ્યો અને **'પણામો વિ'** - પ્રણામને ઊંચું નથી બતાવ્યું, પરંતુ આ પાર્શ્વનાથ ભગવાનને પ્રણામ કરવામાત્રથી પણ કેટલો લાભ થાય છે તે દર્શાવ્યું છે, માટે મંત્રને સર્વથા દૂર ફેંકી નથી દેવાનો. મંત્ર કરતા પ્રણામ વધુ ફળદાયી છે અથવા પ્રણામ કરતા મંત્ર વધુ લાભદાયી છે કે ઓછો લાભદાયી છે એવું નથી. ઉપરથી મૂળમંત્રમાં

અને તેમાં પણ ફક્ત અઢાર અક્ષરોમાં પણ **'નમિઉણ'** શબ્દ જે નમસ્કાર-વાચી છે, તે પ્રથમ વાપર્યો છે. નમસ્કાર કરીને આગળ બીજો શબ્દ **'પાસ'** - પાર્શ્વનાથ ભગવાનની માટે છે. એટલે પાર્શ્વનાથ ભગવાનને નમસ્કાર કરીને એવો સીધો-સાદો અર્થ તો અઢારમાના પ્રથમ બે (એટલે છ અક્ષરોનો) શબ્દોનો જ થઈ જાય છે. માટે પ્રણામ-નમસ્કારની સહેલાઈ અને સરળતા દર્શાવવા માટે ત્રીજી-ગાથામાં કહ્યું છે. પરંતુ ઘણા ઉતાવળિયા બોલનારા જીવો જ્યારે બોલવામાં ઉચ્ચારશુદ્ધિ, શબ્દશુદ્ધિ નથી રાખતા અને અર્થના ભાવપૂર્વક નથી બોલતા, ત્યારે ઘણી વાર **'ન'** અક્ષરનો ઉચ્ચાર રહી જાય છે. અને સ્મૃતિ - યાદશક્તિમાં તેવી રીતે ગોઠવાઈ જાય છે. તેથી ઘણીવાર ઘણા **'પાવંતિ દુક્ખ દોગચ્ચં'** આવો ઉચ્ચાર કરી બેસે છે. તેનો અર્થ પણ ઊંધો થાય છે કે - દુઃખ અને દારિદ્રય પામે છે. **'તુજ્જ પણામો વિ'** - તને પાર્શ્વપ્રભુને પ્રણામ કરવાથી જીવો દુઃખ અને દારિદ્રયાદિ પામે છે, એવો અર્થ થઈ જાય છે. હા, આશય એવો નથી હોતો, પણ ઉચ્ચાર એવો થઈ જાય છે અને એવી જ રીતે અશુદ્ધ રટાતું રહે, તો શું થાય ? માટે ખાસ અર્થ સમજીને, તેવા ભાવ જગાડીને-બનાવીને... **'ન'** અક્ષર ઉપર ભાર આપવાનો પૂરતો ઉપયોગ રાખીને ઉચ્ચાર કરવો, જેથી **'પાવંતિ ન દુક્ખ દોગચ્ચં'** - દુઃખ અને દારિદ્રય-દુર્ગતિ આદિ નથી પામતા. પાર્શ્વપ્રભુ પરમાત્માને પ્રણામ કરનારા દુઃખ અને દારિદ્રય કે દુર્ગતિ શા માટે પામે ? ન જ પામે.

## 'પાવંતિ' શબ્દનો બેવાર પ્રયોગ :

ત્રીજી-ગાથામાં **'પાવંતિ ન'** માં **'પાવંતિ'** શબ્દનો એકવાર પ્રયોગ કર્યો છે અને બીજીવાર ચોથી-ગાથામાં **'પાવંતિ અવિગ્ઘેણં'**માં પણ **'પાવંતિ'** શબ્દનો પ્રયોગ કર્યો છે. આ રીતે બેવાર **'પાવંતિ'** શબ્દ વપરાયો છે. પરંતુ બંને વખતમાં અનુસંધાન - સંબંધ જુદો છે. ત્રીજી-ગાથામાં **'પાવંતિ ન દુક્ખ'** - દારિદ્રયાદિ પામતા નથી અને ચોથી-ગાથામાં **'પાવંતિ અવિગ્ઘેણં જીવા, અયરામરં ઠાણં'** - જીવો અજરામર સ્થાન મોક્ષને વિના-વિઘ્ને પામે છે. પરંતુ બંનેમાં **'પાવંતિ'** શબ્દ નિશ્ચિત પામે છે, ચોક્કસ પામે છે, તે દર્શાવવા ખાતરી આપવા માટે, વિશ્વાસ રાખવા માટે તેમને પોતે **'પાવંતિ'** શબ્દ બેવાર વાપરીને આ સ્તોત્રની વિશ્વસનીયતા દર્શાવી છે.

**કમ્મઘણમુક્કં - મંગલ કલ્લાણ આવાસં :**

**'કમ્મઘણમુક્કં'**નો એક અર્થ છે - ઘનઘાતી કર્મોથી મુક્ત, બીજો અર્થ છે ઘનીભૂત થઈ ગયેલા, થીજી ગયેલા અથવા ગાઢ કર્મોથી છુટકારો પામેલા તેવા અને છુટકારો પામીને અર્થાત્ કર્મોના બંધનથી મુક્ત થઈને ક્યાં ગયા ? તો આગળનું વિશેષણ **'મંગલ કલ્લાણ આવાસં'** - મંગલકારી કલ્યાણકારી આવાસધામ જે મોક્ષ છે, તેને જ અજરામરપદ-સ્થાન કહેવાય છે, ત્યાં પહોંચી ગયા છે, એવા શ્રી **'પાસ જિણચંદ'** - જિનેશ્વરોમાં ચંદ્રસમાન શ્રી પાર્શ્વનાથ ભગવાન છે.

આ અને આવુ વિશુદ્ધ-સ્વરૂપ પાર્શ્વનાથ પરમાત્માનું જાણ્યા-સમજ્યા અને માન્યા પછી તેવા પાર્શ્વનાથ ભગવાન જેવા બનવાની ઈચ્છા થાય છે કે નહિ ! અથવા તેઓ પામ્યા છે તેવા પદને પામવાની ઈચ્છા અથવા તીવ્ર ઉત્કંઠા થાય છે કે નહિ ! જો ખરેખર થતી હોય તો તે નિશ્ચિતપણે સાચો સાધક છે. તેવો જ લક્ષ - અંતિમ સાધ્ય રાખીને જો ઉપાસના કરતો હોય તો તેના માટે તેવા ભાવપૂર્વક **'ભત્તિભર નિબ્ભરેણ હિયએણ'** - ભક્તિસભર હૃદયપૂર્વક જો સાધના-ઉપાસના કરવામાં આવે, તો નિશ્ચિત તેમના જેવા થવાય અને તેમનું જ પદ મળી શકે.

એ માટે સર્વ પ્રથમ પાર્શ્વનાથ પરમાત્માનું ઉપરોક્ત વિશેષણોથી સુશોભિત તેવું યથાર્થ-સ્વરૂપ સારી રીતે સમજી લેવું - જાણી લેવું. આ સમ્યગ્જ્ઞાન છે અને માની લેવું તે બોધિબીજરૂપ સમ્યગ્દર્શન છે અને તે પ્રમાણે આચરવા પુરુષાર્થ કરવો તે સમ્યક્ચારિત્ર છે. આ ત્રણેયનું સંયુક્ત નામ પણ બોધિબીજ - **'બોહિં'** છે. **'તુહ સમ્મત્તે લદ્ધે'** આ શબ્દો એ વાતને - એવા ભાવને સ્પષ્ટ કરે છે. તારું આવું સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી, મળ્યા પછી... બસ હવે પ્રથમ સોપાને ચડી ગયા પછી હવે તો માત્ર આચરણ જ કરવાનું છે. અર્થાત્ તેવા ઘનીભૂત થીજી ગયેલા આત્મ-પ્રદેશો સાથે ચોંટીને એકરૂપ - એકરસ થઈ ગયેલાં કર્મોને ખપાવવાં - ક્ષય કરવાં માટે મથવાનું છે. પ્રબળ પુરુષાર્થ જ કરવાનો છે અને જેમ જેમ પુરુષાર્થ પ્રબળ - બલવત્તર - ઉત્કૃષ્ટ થતો જશે તેમ તેમ ગુણસ્થાનનો એક-એક સોપાન આત્મા આગળ વધશે. ક્ષપકશ્રેણિ આરોહણ કરી લીધા પછી તો કર્મોના ભુક્કા બોલાતા જ જશે, અને છેવટે તેરમા ગુણસ્થાને પહોંચીને ચારે ય ઘનઘાતી કર્મો ખપાવીને કેવળજ્ઞાની, કેવળદર્શની વીતરાગી બની જશે, અને ચૌદમા ગુણસ્થાને અંતે બધાં કર્મોથી સર્વથા મુક્ત થઈ જશે અને પરમાત્મા પાર્શ્વનાથ જેઓ સ્વયં **'કમ્મઘણમુક્કં'** છે, તેવો જ પોતે

(ભક્ત - સાધક) પણ સર્વ ઘનીભૂત કર્મોથી મુક્ત થઈ જ જશે અને મુક્ત થઈ ગયા પછી મુક્તાત્મા - સિદ્ધાત્માઓનો આવાસ કેવો હોય છે ? ક્યાં હોય છે. તે જણાવવા **'મંગલ કલ્લાણ આવાસં'** - મંગલ-કલ્યાણકારી આવાસ-ધામ તે મોક્ષ છે, ત્યાં જ પાર્શ્વનાથ ભગવાન પહોંચ્યા છે, વર્તમાનમાં ત્યાં જ તેઓ બિરાજમાન છે. સાધક પણ તેવા થવાના સંકલ્પથી તેવા સ્થાનને પામવાના દૃઢ સંકલ્પથી ઉપાસના કરે છે, તો નિશ્ચિતપણે તેમને પણ તે જ પદ પ્રાપ્ત થાય છે, મળે છે. માટે જ શબ્દો સાર્થક વપરાયા છે કે **'પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં'** - અજરામરપદ - મોક્ષને વિના -વિઘ્ને નિશ્ચિતપણે પામે જ છે. પામ્યા હતા, પામે છે અને પામવાના જ છે. આ ત્રણે ય કાલનો શાશ્વત સિદ્ધાંત છે.

ચિંતામણિરત્ન તો માત્ર ચિંતાઓ જ ચૂરે છે અને કલ્પવૃક્ષ જે દસ જાતનાં હોય છે, તે જીવોને ઘર-મકાન, કપડા, દાગીના આદિ બધી સુખની સાધનસામગ્રીઓ જ અપાવે છે. તેથી પણ ઘણો અધિક - **'બ્ભહિએ'** એકમાત્ર સમ્યક્ત્વરત્ન છે. **'તુહ સમ્મત્તે લદ્ધે'** - સમ્યક્ત્વરત્ન આ બોધિબીજ ચિંતા-મણિરત્ન અને કલ્પવૃક્ષ કરતાં કેટલો અધિક ફળદાયી છે ? તેની કિંમત સમજવી જ જોઈએ. કદાચ આ ભવમાં ન સમજાય તો ભવોભવ તે પ્રાપ્ત કરવાની પ્રાર્થના કરવી... **'ભવે ભવે દિજ્જ બોહિં'** - જેથી કોઈક ભવે ચોક્કસ તેનું મૂલ્ય સમજાશે, અને વાત પણ સાચી છે. જ્યાં સુધી સાચું મૂલ્ય જ નહિ સમજાય ત્યાં સુધી હાથમાં આવેલ રત્ન પણ નિરર્થક જતું રહેશે.

### ભક્તિની અધિકતા :

પારસમણિરત્ન કથીરને કંચન કરે છે, પરંતુ કથીરને પારસમણિ તો નથી જ બનાવતો, એ વાત એટલી જ નિશ્ચિત છે. ચિંતામણિરત્ન પણ ફક્ત ચિંતાઓને ટાળીને ઇચ્છિતને જ આપે છે, જ્યારે ચિંતામણિરત્ન તો નથી જ બનાવતો, એવી જ રીતે કલ્પવૃક્ષ પણ કપડાં, દાગીના, મકાન, અન્ન આદિ ઇચ્છિતને જ આપે છે, પણ તે પણ કલ્પવૃક્ષ તો નથી જ બનાવતો. જ્યારે પરમાત્મા-ભક્તિ ભક્તને સદા ભક્ત જ નથી રાખતી, પરંતુ એક દિવસ તેને પણ પરમાત્મા બનાવે છે. પોતાના સ્થાને બેસાડીને પોતાના સમકક્ષ બનાવે છે. માટે જ પૂજ્યશ્રીએ **'બ્ભહિએ'** અધિક અર્થવાળો શબ્દ સાર્થક સહેતુક વાપર્યો છે.

માત્ર તેનું સાચું રહસ્ય સમજવાનું છે અને તે ભક્તિ પણ **'ભત્તિભર નિબ્ભરેણ હિયએણ'** - ભક્તિસભર હૃદયપૂર્વક જો કરવામાં આવે તો તો

**'કમ્મઘણમુક્કં'** - ઘનઘાતી કર્મોનો ક્ષય થવાથી **'મંગલ કલ્લાણ આવાસં'** - મંગલકારી - કલ્યાણકારી આવાસધામ **'અયરામરં ઠાણં'** - અજરામર સ્થાનરૂપ મોક્ષને નિશ્ચિત પામે છે. **'પાવંતિ અવિગ્ઘેણં'** - વિના-વિઘ્ને પામે છે. જીવો સ્વયં તેવા બને છે. આ પામવાની પ્રક્રિયામાં ફક્ત **'તુહ સમ્મત્તે લદ્ધે'** - **'તુહ'** પાર્શ્વનાથ ભગવાનનું સમ્યક્ત્વરત્ન મળી જાય, એટલે પછી આગળની લાઈન ચાલુ થઈ જાય. સમ્યક્ત્વ ન મળે ત્યાં સુધી આગળ વધાતું જ નથી. પ્રગતિ મિથ્યાત્વ - અંધશ્રદ્ધા - અજ્ઞાન આદિના કારણે અવરોધાઈ જાય છે.

**પરમાત્મા પાર્શ્વપ્રભુના જાપ - ધ્યાન :**

**'કમ્મઘણમુક્કં'** ઘનઘાતી કર્મોથી મુક્ત થયેલા **'પાસ જિણચંદ'** - પાર્શ્વનાથ જિનેશ્વર ભગવાન જે **'મંગલ કલ્લાણ આવાસં'** - મંગલકારી કલ્યાણકારી ધામ અજરામરપદ - મોક્ષમાં સિદ્ધશિલા ઉપર લોકાંતે બિરાજમાન છે, અને ભક્ત જે આ લોકમાં - મનુષ્યલોકમાં છે, તે પરમાત્મા પાર્શ્વનાથ-પ્રભુને ત્યાં બેઠો બેઠો સદેહે **'વંદામિ'** - થી વંદન કરે છે, **'વિસહર ફુલ્લિંગ મંતં'** - થી સ્ફુલિંગ મંત્રનો જાપ કરે છે. એ રીતે પાર્શ્વનાથ-પ્રભુનું નામ રટે, સ્મરણ કરે, **'કંઠે ધારેઈ'** - કંઠમાં ધારણ કરે, મુખમાં, કંઠમાં રટણ કરતો રહે. **'તુજ્જ પણામો વિ'** - પાર્શ્વપ્રભુને પ્રમાણ નમસ્કાર કરે, **'તુહ સમ્મત્તે લદ્ધે'** - તેમનું સમ્યક્ત્વરત્ન પ્રાપ્ત કરે અને **'ભવે ભવે'** - ભવોભવ પામવાની પ્રાર્થના કરે. શું **'દિજ્જ બોહિં'** - બોધિબીજ જનમોજનમ મળે તેવી પ્રાર્થના સતત કરતો રહે.

આ રીતે સ્તોત્રની પાંચે ય ગાથામાં કરવા યોગ્ય જાપ અને વંદન - નમસ્કાર, પ્રણામાદિ આરાધના કરતો રહે, જેથી સંકલ્પિત નિર્ધારિત ધારેલા સ્થાન - અજરામરપદને પામી શકે.

ધ્યાન કરનારા સાધકે આ મનુષ્યલોકમાં રહેલાએ સ્વયં પદ્માસન આદિમાં સ્થિર બેસીને લોકાંતે સિદ્ધશિલા ઉપર ઘનીભૂત કર્મોથી મુક્ત શુદ્ધાત્મા-સ્વરૂપે મંગલકારી-કલ્યાણકારી આવાસધામમાં જે મુક્તાત્મા, સિદ્ધાત્મા-સ્વરૂપે બિરાજમાન છે, તેમને આ સ્તોત્રમાં વપરાયેલાં બધાં વિશેષણોના અર્થવાળા સ્વરૂપમાં જુએ. સાક્ષાત્ આત્મજ્ઞાનમાં સ્પષ્ટ દેખાય તેવા વિશુદ્ધ-સ્વરૂપવાળા જુએ, ધ્યાવે અને સ્વઆત્માની સાથે સરખામણી કરે... તુલનાત્મક-સ્વરૂપે જુએ, અને તેમાં પોતાનો આત્મા **'કમ્મઘણ'** - ઘનઘાતી કર્મોથી લેપાયેલો છે, તે સ્વરૂપ જુએ અને ધ્યાનથી તીવ્રતા વધારતો

જાય. ધ્યાનાગ્નિ ચારે ય બાજુ પ્રગટે... અને આ ધ્યાનાગ્નિ સાધકનાં બધાં કર્મો બાળી નાંખે... ઘનીભૂત કર્મોને બળતાં જુએ... યોગશાસ્ત્રમાં પૂ. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે વર્ણવેલી પાર્થિવી - આગ્નેયી આદિ પાંચે ય ધારણાઓ પ્રમાણે ઘટિત થતું જુએ, સાક્ષાત્ અનુભવતો જાપ અનુભૂતિ થાય અને પછી સ્વયં પોતાને **'કમ્મઘણમુક્કં'** - ઘનીભૂત કર્મોથી મુક્ત થતા જુએ. ચૌદમા ગુણસ્થાનોનાં સોપાનોની નિસરણી પ્રત્યક્ષ જુએ અને પોતાને આગળ ચઢતો આગળ વધતો જુએ. પોતાના આત્મા ઉપર લાગેલા મિથ્યાત્વની નિબિડ ગ્રંથિને બળતી જુએ. યથાપ્રવૃત્તિકરણાદિ ત્રણે ય કરણો કરતાં પોતાનું જ નિરીક્ષણ કરે અને ચોથા સમ્યક્ત્વના ગુણસ્થાને પોતાને આરૂઢ થતો જુએ. વિશુદ્ધ-શ્રદ્ધા જાગેલી જુએ, અને આત્મા આગળના ગુણસોપાને પોતાને જુએ. પાંચમે શ્રાવકરૂપે, છઠ્ઠ સાધુરૂપે અને સાતમે અપ્રમત્ત યોગી પદ્માસનસ્થ ધ્યાનમાં સ્થિર સ્વરૂપને જુએ.

અને એવા સમયે અનાહતચક્ર હૃદયમાં પાર્શ્વનાથ-પ્રભુને સાક્ષાત્ જુએ. ભલે શંખેશ્વરદાદાને અથવા ગમે તે પાર્શ્વપ્રભુની પ્રતિમાને નીરખતો જ રહે... એવા સમયે પોતાના હૃદયમાંથી ભક્તિરસનું ઝરણું વહેતું જુએ. પોતે પોતાને નતમસ્તકભાવે નમેલા - વંદન કરતા પ્રભુ સમક્ષ જુએ અને ઉછળતા-ભાવોથી કર્મો બળતાં જ જાય છે. આઠમે ગુણસ્થાને ક્ષપકશ્રેણી ઉપર આરૂઢ થતો જુએ, અને બારમા ગુણસ્થાને મોહનીય કર્મ વિલીન થતો અને આત્મા વીતરાગી થઈ ગયો છે તે સ્વરૂપે જુએ. તેરમા ગુણસ્થાને પોતે પોતાને કેવળજ્ઞાની - કેવળદર્શની - અનંતવીર્યવાન જુએ અને ચૌદમે બીજા બચી ગયેલાં અઘાતી જ કર્મો પણ બળતાં જુએ. અંતે સર્વથા કર્મરહિત સૂર્યસમાન તેજસ્વી આત્માને સાક્ષાત્ જુએ. અને તે ઝળહળતા તેજવાળો સૂર્યસમાન આત્મા સીધો નેવું ડિગ્રીમાં ઉપર જતા જુએ. લોકનું ચિત્ર નજર સમક્ષ સ્પષ્ટ દેખાય અને સિદ્ધશિલા ઉપર લોકાંતે જ્યાં મંગલ-કલ્યાણ આવાસધામ - મોક્ષ છે, ત્યાં પાર્શ્વનાથ પરમાત્મા સમ્મેત-શિખરથી ઉપર જઈને બિરાજમાન થયેલા છે, તેમની પાસે પોતેપોતાને પણ જુએ. મારો આત્મા અને પાર્શ્વપ્રભુનો આત્મા બંને તેજસ્વી તેજ-પુંજના બે ગોળા - સૂર્યસમાન સ્વરૂપે જોતો જ રહે. આ અંતરાત્મામાં નિહાળવાનું છે, તેવું ધ્યાન કરવાનું છે. વારંવાર અભ્યાસ કરવાથી સ્થિર રીતે ધ્યાન કરવાની પ્રેક્ટિસ થઈ જાય છે. અદ્ભુત અનોખો આનંદ અનુભવાય છે. આ રીતે ઉવસગ્ગહરં સ્તોત્રનું યથાર્થ સ્વરૂપ સમજીને ધ્યાનથી સાધના પણ ઉત્તમ રીતે થઈ શકે છે. સાધક સાધન વડે સાધના કરતો કરતો સાધ્યને પામે

તે જ અભિપ્રેત છે. ધ્યાન કરતો કરતો સાધક - ધ્યાતા સ્વયં અંતરમાં વિશેષ - વિશેષ પ્રકાશ પામતો જ જશે, તેને પોતાને ખ્યાલ આવતો જશે. પરંતુ અભ્યાસ એકધારો રહેવો જોઈએ, તો અંદરથી જ દિશા મળતી જાય છે.

**રહસ્યાત્મક તત્ત્વજ્ઞાન ને ઉપસંહાર :**

સર્વસામાન્ય જીવો પરમાત્માની ભક્તિ કરી શકે તે પ્રમાણે આવાં સ્તોત્રોમાં ઉપરછલ્લો સામાન્ય અને સરળ સ્વરૂપેકર્તા અર્થ ભરતા હોય છે. પરંતુ કર્તા - રચયિતા સ્વયં જ્ઞાતા - ગીતાર્થ જ્ઞાની હોય છે. તેથી તેઓ ગૂઢાર્થ ભરવામાં કચાશ રાખતા જ નથી. પછી ભલેને સાવસામાન્ય નવકાર મહામંત્ર જ કેમ ન હોય. ઉપર ઉપરથી જોતાં એમ લાગે છે કે નવકારનાં નવ પદોમાં શું છે ? સાવ સરળ સહેલી વાત છે, પરંતુ જ્યારે એને ચૌદ-પૂર્વોનો સારરૂપ કહ્યો છે, તો નિશ્ચિત તે અગાધ મહાસાગર જેવો છે. ગહન અર્થ ઓછા નથી, પણ જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ. ગોતાખોર બનીને દરિયાના પેટાળમાં ઊંડે ઊતરીને મોતી બહાર કાઢવાં જોઈએ.

આ ઉવસગ્ગહરં સ્તોત્ર પાર્શ્વનાથ પરમાત્માની સ્તવનારૂપ છે. ચૌદ-પૂર્વી યુગપ્રધાન મહાપુરુષે નિમિત્તને ધ્યાનમાં રાખીને ભલેને રચના કરી, અને તરત પરિણામ મળે અને સર્વસામાન્ય જીવો પણ સહેલાઈથી ઉપયોગ કરીને પરિણામ લાવી શકે, તેટલું સરળ બનાવ્યું છે. અને પ્રથમ ત્રણ ગાથા-ઓમાં લોકોને આકર્ષવા માટે સહેલાઈથી સામાન્ય જીવો પણ ઉપયોગ કરી શકે તે માટે ઉપસર્ગ-ગ્રહપીડાદિ ટળે, રોગો મટે વગેરે વગેરે સામાન્ય કક્ષાના લોકોની આવશ્યકતા પૂરતી વાતો કરી, જેથી બધાંનું મન સ્વાભાવિક રીતે ખેંચાય. પરંતુ ચોથી-પાંચમી ગાથામાં ઉત્કૃષ્ટ કક્ષાની વાતો કરીને જીવોને મોક્ષપ્રાપ્તિ તરફ વાળ્યા છે. મોક્ષલક્ષી, મોક્ષાભિમુખ બનવું એ જ મુખ્ય લક્ષ હોવું જોઈએ. પરંતુ સર્વસામાન્ય જીવોમાં તે નથી આવતું. તે ઉપસર્ગાદિ ટાળવા, ગ્રહપીડાદિ નિવારવા પૂરતા જ મર્યાદિત રહીને ત્યાં જ અટકી જાય છે, આગળ નથી વધતા. આગળ વધી શકે તે માટે આ સ્તોત્રના શબ્દેશબ્દમાં જે રહસ્યભર્યું છે, તે તત્ત્વજ્ઞાનને ચિંતનની નિકષ પર લાવીને બહાર કાઢીને પ્રસ્તુત નિબંધમાં ભરવાનો યત્કિંચિત્ પ્રયાસ કર્યો છે અને તેને પણ સરળ બનાવવાની કોશિશ કરી છે, જેથી લોકભોગ્ય બની શકે. કોઈ પણ વિચારમાં કે... વાક્યપ્રયોગમાં ક્ષતિ રહી ગઈ હશે તો સુજ્ઞ ધીમાનો ધ્યાન દોરશે તો ચોક્કસ સુધારણા કરીશ. ભૂલ ન થાય તેવો પૂર્ણ ઉપયોગ રાખ્યો છે, તેમ છતાં પણ ભૂલ રહી ગઈ હોય તો મિચ્છામિ દુક્કડં. સુજ્ઞજનો આ સ્તોત્રના માધ્યમથી આત્મકલ્યાણ સાધે એ જ અભ્યર્થના.

# ઉવસગ્ગહરં સ્તોત્ર મહિમા

## પૂજ્યશ્રી જિનચંદ્રવિજયજી 'બંધુત્રિપુટી'

ભારતદેશમાં પ્રાચીનકાળથી ધર્મની જે પરંપરાઓ ચાલતી આવે છે તેમાં મુખ્યત્વે ત્રણ પરંપરા વિશેષ પ્રચલિત છે - (૧) જૈન પરંપરા, (૨) બૌદ્ધ પરંપરા અને (૩) હિંદુ પરંપરા. વ્યક્તિના આત્માના વિકાસ માટે, આધ્યાત્મિક અનુભૂતિની પ્રાપ્તિ માટે અને સામાન્ય કક્ષાનો સાધક પણ પોતાને મળેલ આ મનુષ્યજીવનને સરળ બનાવી શકે, તે માટે ધર્મની મુખ્યત્વે ત્રણ ધારાઓ પ્રચલિત છે - (૧) જ્ઞાનમાર્ગ, (૨) ક્રિયામાર્ગ અને (૩) ભક્તિમાર્ગ. આમાંથી કોઈ પણ એક માર્ગનો આધાર લઈ વ્યક્તિ પોતાનો વિકાસ સાધી શકે છે.

બુદ્ધિશાળી વર્ગ **જ્ઞાનમાર્ગે** ચાલીને જ્ઞાનની ઉપાસના કરતો કરતો પોતાની ધ્યેયપ્રાપ્તિ તરફ આગળ વધતો રહે છે, પરંતુ તે માર્ગમાં એક ભયસ્થાન છે - અહંકાર. ગમે તેવો પ્રચંડ બુદ્ધિશાળી કે પ્રકાંડ વિદ્વાન સાધક હોય તો પણ તેનામાં જો જ્ઞાનનો મદ-અહંકાર પેસી જાય તો તે સાધકને તેના માર્ગથી ચલિત કર્યા વિના ન રહે. પૂ. ભદ્રબાહુ સ્વામીના શિષ્ય પૂ. સ્થૂલિભદ્રજી, જેઓ બાર-બાર વર્ષ સુધી રૂપકોશા ગણિકાને ત્યાં રહીને પણ જ્ઞાનમાર્ગના ઉપાસક બનીને ટકી રહ્યા હતા, પરંતુ તે જ સ્થૂલિભદ્રજી જ્ઞાનના અહંકાર સામે ટકી ન શક્યા. દસપૂર્વનું જ્ઞાન પ્રાપ્ત થઈ ચૂક્યું હતું અને આગળની જ્ઞાનપ્રાપ્તિની સાધના ચાલુ હતી, તે વખતે તેમણે તેમની દીક્ષિત થયેલી સાત બહેનોને પોતાના જ્ઞાનનો પરચો દેખાડવા માટે સિંહનું રૂપ ધારણ કર્યું હતું. તેમના જ્ઞાનદાતા ગુરુદેવ શ્રી ભદ્રબાહુ સ્વામીએ આ ઘટનાથી 'તમે પચાવી શકો તેટલું જ્ઞાન તમોને અપાઈ ગયું છે.' તેમ કહીને આગળનું જ્ઞાન આપવાની ના કહી દીધી હતી.

જીવનવિકાસ માટેની બીજી ધારા તે **ક્રિયામાર્ગ,** જે માર્ગ પર સાધક ચાલતા જે કાંઈ પણ ધર્મક્રિયા, સેવા કે આરાધના કરતો રહે તે નિષ્કામ-ભાવે કરતો રહે. પરંતુ તેમાં પણ સાધક માટે ભયસ્થાન છે. - પરિણામની અપેક્ષા. પોતે જે પણ કંઈ ક્રિયા કરે તેનું કંઈ પરિણામ ન મળે, સમાજમાં તેના કાર્યની નોંધ ન લેવાય, તેની પ્રશંસા કે કદર ન થાય તો તેને

નાસીપાસ થતા વાર ન લાગે. એ રીતે તેનામાં આસક્તિ કે પરિણામની અપેક્ષા જન્મે. તો તેનાથી સાધક મૂળભૂત પરિણામ મેળવવાના માર્ગેથી દૂર પડી જાય છે.

જ્ઞાનમાર્ગે અને ક્રિયામાર્ગે આગળ વધતો સાધક અહમ્ અને આસક્તિમાં અટવાઈ જાય તો તેનામાં અશાંતિ-ઉદ્વેગ-સંઘર્ષ-ક્લેશ ઊભા થાય છે. સાધકને જોઈએ છે સુખ અને શાંતિ, તો અહમ્ અને આસક્તિને તોડવાનો કોઈ ઉપાય ખરો ? કોઈ માર્ગ ?

હા, તેનું ત્રીજું માધ્યમ છે **ભક્તિમાર્ગ.** જે સચોટ અને સરળ માર્ગ છે. જ્યાં કોઈ ભયસ્થાન નથી. પરંતુ ભાવથી કરેલ ભક્તિનું પરિણામ એ છે કે - 'જે હૃદયમાં પડેલા અહંકારને ઓગાળી નાખે, આસક્તિઓને તોડી નાખે.' ભક્તિ સાધકને નમ્ર અને વિવેકી બનાવે, દેવ અને ગુરુની સમીપ લઈ જાય, જે કંઈ કરતો હોય તે માત્ર પરમાત્માની કૃપા વડે જ થાય છે, મારું એમાં કંઈ જ નથી. હું તો નિમિત્તમાત્ર છું. જ્યાં આવી નમ્રતા હોય ત્યાં અહંકાર કે આસક્તિ ટકી જ ન શકે. એક ચિંતકે કહ્યું છે - 'સાધનાના બીજા બધા માર્ગો બાવડાથી સમુદ્ર તરવા જેવા છે, જ્યારે ભક્તિમાર્ગ એ નાવડાથી સમુદ્ર તરવા જેવો છે. કપ્તાનને સુકાનની જવાબદારી સોંપી દઈ તેની નાવમાં બેસી જઈએ પછી પાર ઉતારવાની જવાબદારી તેની થઈ જાય છે. ભક્તિ એટલે બીજું કંઈ નહિ, પરમાત્માની અચિંત્ય શક્તિની હૃદયમાં સ્થાપના, તેનું નામ ભક્તિ. હૃદયના ભાવને ભીંજવે તે ભક્તિ. પરમાત્માના ચરણે સંપૂર્ણપણે સમર્પિત થઈ જઈએ પછી જીવનમાં નિશ્ચિંતતા આવી જાય.

પરમાત્મા સાથે એકરૂપ થઈ જવા માટે ભક્તિમાર્ગમાં પણ આલંબનો છે. દર્શન, પૂજન, કીર્તન, સ્તવન, ધ્યાન વગેરે કોઈ પણ એકનું આલંબન લઈને આ માર્ગે આગળ જઈ શકાય છે. દર્શન અને પૂજન માટે સાધક પરમાત્માની મૂર્તિ-પ્રતિમાનું આલંબન લઈ સાધના કરી શકે છે. પ્રભુ-ભક્તિનાં ગીતોનું ગાન સ્તવન-કીર્તનના માધ્યમથી કરી શકે છે. આ સ્તવનો, ભક્તિપદો કે સ્તોત્ર જેમાં ભગવાનનાં ગુણગાન હોય છે. કેટલાક સ્તોત્ર મંત્રગર્ભિત હોય છે, જેમાં મંત્રોની ગૂંથણી થયેલી હોય છે.

જૈન પરંપરામાં આવાં મહામંગલકારી સ્મરણો કે સ્તોત્રો ઘણાં છે. 'નવકારમંત્ર, ઉવસગ્ગહરં મંત્ર, સંતિકરં, નમિઊણ, ચિંતામણિ સ્તોત્ર' વગેરે જેમાં તીર્થંકર ભગવાનની સ્તુતિ છે અને મંત્રોની ગૂંથણી પણ છે. અને તેની રચના પણ કોઈ સામાન્ય વ્યક્તિ દ્વારા નહિ, પરંતુ જેની ચેતના તીર્થંકર ભગવાનની ચેતના સાથે જોડાઈ ગઈ છે તેવા મહાન સાધકો, મહાપુરુષો વડે થઈ છે, ત્યારે તે શબ્દો જ ન રહેતા દરેક શબ્દ મંત્ર બની જાય છે. તેમાંનું એક મહાન પ્રભાવશાળી સ્તોત્ર એટલે શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર.

જૈન ધર્મમાં નવકાર મહામંત્ર પછી સૌથી વધુ શ્રદ્ધાથી ગણાતું કોઈ મંત્ર - સ્તોત્ર હોય તો તે શ્રી ઉવસગ્ગહરં મંત્ર છે. તેમાં ભગવાન પાર્શ્વ-નાથનો પ્રભાવ, તેમનો મહિમા, તેમનાં ગુણગાન ગૂંથી લેવામાં આવ્યાં છે. ભગવાન મહાવીર સ્વામી પછી લગભગ ૧૫૦ વર્ષ બાદ આ સ્તોત્રની રચના થઈ છે, તેની રચના કોઈ સામાન્ય વ્યક્તિએ નહિ પરંતુ ચૌદ-પૂર્વના જ્ઞાનના જ્ઞાતા, પ્રકાંડ વિદ્વાન એવા શ્રી ભદ્રબાહુ સ્વામીએ કરી છે. ભગવાન મહાવીર સ્વામીના શિષ્ય પરંપરાની પાટે છઠ્ઠી ક્રમે તેઓ બિરાજમાન થયા હતા.

પૂ. ભદ્રબાહુ સ્વામી જન્મે બ્રાહ્મણ હતા. જ્ઞાનમાર્ગના યાત્રી હતા. તે દરમિયાન કોઈ જૈન મુનિના સહવાસમાં આવી તેમણે જૈન ધર્મની દીક્ષા અંગીકાર કરી હતી. ત્યાર બાદ પોતાની સાધનામાં આગળ વધતા વધતા ચૌદપૂર્વના જ્ઞાનના જાણકાર બન્યા હતા. જ્ઞાનમાર્ગની સાધના માટે તેઓ ભારતમાંથી નેપાળ ગયા, ત્યાં હિમાલયની ગુફામાં સાડાબાર વર્ષની મહાપ્રાણ ધ્યાનની ઉત્કૃષ્ટ સાધના કરી હતી. સાધનામાં તેમને કેવા કેવા દિવ્ય અનુભવો થયા હશે કે જેના કારણે તેમના વડે આટલા પ્રભાવશાળી સ્તોત્ર 'ઉવસગ્ગહરં સ્તોત્ર'ની રચના થઈ. જેટલું શ્રદ્ધાથી ગણાતું આ સ્તોત્ર છે તેટલી જ તેની સમજણ મેળવવી પણ જરૂરી છે કે આ સ્તોત્ર શું છે ? ક્યારે રચાયું ? કેવા સંજોગોમાં રચાયું ?

આશરે ૨૪૦૦-૨૫૦૦ વર્ષ પ્રાચીન આ સ્તોત્રના રચયિતા શ્રી ભદ્રબાહુ સ્વામી અને તેમના ભાઈ વરાહમિહિર, બંને તેમના ગુરુ યશોભદ્ર-સૂરિજી પાસે દીક્ષિત થયા હતા. સાધનામાર્ગમાં બંને ભાઈઓ સાથે સાથે રહીને આગળ વધતા રહ્યા. શ્રી ભદ્રબાહુ સ્વામી સાધનાના ઉચ્ચતમ

શિખરે પહોંચી રહ્યા હતા. ગુરુદેવ શ્રી યશોભદ્રસૂરિજીની પ્રસન્નતાનો કોઈ પાર ન હતો. પોતાના શિષ્યની આટલી મહાનતમ સાધનાથી તેઓ ગૌરવ અનુભવતા. તેમણે પોતાના ઉત્તરાધિકારી તરીકે ભદ્રબાહુ સ્વામીને નીમીને શાસનની જવાબદારી સોંપવાનો નિર્ણય કર્યો. ગુરુદેવે સમાજને પોતાના નિર્ણયની જાણ કરી. તેમને આચાર્ય પદવી આપવાની તૈયારી કરવાની આજ્ઞા કરી. આ વાત જાણી તેમના નાના ભાઈ વરાહમિહિરને આશ્ચર્ય થયું કે - 'મારા ભાઈને આચાર્ય પદવી મળે છે, તો મને કેમ નહિ ?' તેમને પણ પદવીનો મોહ જાગ્યો. ગુરુ મહારાજને તેમણે વાત કરી, પરંતુ એ સ્થાન માટે વરાહમિહિરની યોગ્યતા ન હોવાથી તેમને ના કહી. તેમને માઠું લાગ્યું. એટલું જ નહિ, વરાહમિહિર સંઘર્ષને માર્ગે જવા તૈયાર થયા અને ગુરુ મહારાજને ગુસ્સે થઈને કહી દીધું કે - "મારે આ સાધુપણું નથી જોઈતું." એમ કહીને તેઓ ત્યાંથી નીકળી ગયા. પદ અને પ્રતિષ્ઠાનો મોહ સાધુને પણ ક્યાંથી ક્યાં લઈ જાય છે તે વરાહ-મિહિરનું વર્તન આપણને સૂચવે છે. ત્યાંથી નીકળીને વરાહમિહિરે જ્યોતિષવિદ્યાનો સહારો લીધો. તેમાં આગળ વધી તે વિદ્યા વડે તેઓ એક રાજાના રાજ્યમાં રાજજ્યોતિષી તરીકે નિયુક્ત થયા.

ઉવસગ્ગહરં સ્તોત્રની રચના કેવા સંજોગોમાં થઈ તેનો ઇતિહાસ આપણે જાણવો જરૂરી છે. તે સ્તોત્રની સમજણ મેળવ્યા વિના માત્ર રટણ કે પોપટપાઠ કરવાથી કોઈ અર્થ નહિ સરે.

વરાહમિહિર જે રાજ્યમાં રાજજ્યોતિષીપદે હતા, તે રાજાને ત્યાં પુત્રનો જન્મ થયો. સૌ નગરજનો ખુશાલીમાં રાજાને ભેટણું ધરવા ગયા. વરાહમિહિર પણ ત્યાં પહોંચી ગયા. રાજાએ તેમને બાળકના ભવિષ્ય વિશે જાણવાની ઇચ્છા વ્યક્ત કરી. વરાહમિહિરે બાળકની કુંડળી માંડી, પરંતુ તેમને તો રાજાની ખુશામત કરવી હતી, એટલે જણાવ્યું કે - "રાજન ! આપના પુત્રનું ભવિષ્ય ઘણું ઉજ્જ્વળ છે. તે મહાન બનશે અને પૂરા ૧૦૦ વર્ષનું આયુષ્ય લઈ જન્મ્યો છે" વગેરે ભળતી વાતો કરી રાજાને ખુશ કર્યા. મનમાં તેના મોટા ભાઈને આચાર્યપદ પ્રાપ્ત થયું તેનો તેના મનમાં ખૂબ જ અણગમો અને તિરસ્કાર હતો. વરાહમિહિરે આ તક ઝડપી લીધી. તેમણે રાજાને કાનભંભેરણી કરી કે - "રાજન ! તમારે ત્યાં પુત્રજન્મની વધાઈ આપવા સૌ નગરજનો આવી ગયા, પરંતુ ભદ્રબાહુ

સ્વામી હજી સુધી આવ્યા નથી. લાગે છે કે તેઓને તમારે ત્યાં પુત્રજન્મ થયો તેનો આનંદ થયો નહિ હોય.'' એમ કહીને રાજાના મનમાં જૈન સાધુ અને જૈન ધર્મ પ્રત્યે નફરત ઊભી કરી દીધી.

રાજાએ ભદ્રબાહુ સ્વામીને મળવા બોલાવ્યા અને વિવેકપૂર્ણ પૂછ્યું કે - ''આખા નગરનાં બધાં નગરજનો આવીને કુંવરને વધામણી આપી ગયાં, તમે ભૂલી ગયા ?'' ભદ્રબાહુ સ્વામી કહે : ''રાજન્ ! શું કહું ? આપના કુંવર માત્ર સાત દિવસનું આયુષ્ય લઈને આવ્યા છે. સાતમા દિવસે બાળકનું મૃત્યુ થશે અને તેમાં બિલાડી નિમિત્ત બનશે.''

રાજાને દ્વિધા થઈ કે - 'રાજપુરોહિતે સો વર્ષનું આયુષ્ય ભાખ્યું અને ભદ્રબાહુ સ્વામીએ માત્ર સાત દિવસનું જ આયુષ્ય ભાખ્યું.' રાજા વિચારે છે કે - 'ગમે તેમ તો ય ભદ્રબાહુ સ્વામી જ્ઞાની છે, માટે સાવધાન તો રહેવું જ.' દરમિયાન રાજાએ રાજ્યમાં હુકમ કરીને જેટલી બિલાડી હોય તેને રાજ્ય બહાર કાઢી મુકાવી.

સાતમા દિવસે રાણી પુત્રને ભોંયરામાં બારણામાં બેસીને દૂધ પીવડાવે છે, ત્યારે અચાનક બારસાખનું લાકડું તૂટીને તેની ધાર કુંવરના માથા ઉપર જ પડી. માથું ફાટી ગયું અને બાળકનું મૃત્યુ થયું. તપાસ કરતા જણાયું કે - 'જે લાકડાની બારસાખ તૂટી તેના ઉપર બિલાડીનું ચિત્ર કોતરેલું હતું.'

ઘટના બની ગઈ. રાજાએ વરાહમિહિરની રાજપુરોહિતપદેથી હકાલપટ્ટી કરી દેશનિકાલ કરાવ્યો.

અપમાનિત અને માનભંગ થયેલા વરાહમિહિરે નિયાણું કર્યું કે - 'મરીને બીજા ભવમાં પણ ભદ્રબાહુ સ્વામીનો બદલો લઈશ.' ત્યાંથી તેનો બીજા ભવમાં હલકી કક્ષાની દેવયોનિમાં જન્મ થયો. વ્યંતરદેવના ભવમાં અવધિજ્ઞાનના બળે પોતાનો પૂર્વભવ જોઈ ગયા અને ભદ્રબાહુ સ્વામી પ્રત્યે બદલો લેવાની વૃત્તિ જાગૃત થઈ. તેમણે પોતાની દિવ્ય શક્તિના બળે જૈનસમાજમાં મરકીનો રોગ ફેલાવ્યો. અન્ય કોઈ નહિ, માત્ર જૈન પરિવારોમાં જ રોગ ફેલાવ્યો અને જૈન પરિવારમાં સંખ્યાબંધ મૃત્યુ થતાં હાહાકાર મચી ગયો. સંઘના આગેવાનો એકત્રિત થયા અને ભદ્રબાહુ સ્વામી પાસે જઈને વિનંતી કરી કે - 'માત્ર જૈનો પર જ આ આપત્તિ આવી પડી છે. ગુરુદેવ સંઘની રક્ષા કરો.' ગુરુદેવે ઉપયોગ મૂક્યો અને

જ્ઞાનમાં જાણ્યું કે - 'આ કોઈ દૈવી પ્રકોપ છે.' રાત્રે તેઓ ધ્યાનમાં બેસી ગયા. સંઘની રક્ષા માટે, ધર્મની રક્ષા માટે તેમને ભગવાન પાર્શ્વનાથને હૃદયપૂર્વક વિનંતી કરી, પ્રાર્થના કરી. ભદ્રબાહુ સ્વામીએ એ વખતે જે શબ્દોમાં પ્રાર્થના કરી, સ્તુતિ કરી, જે સ્તોત્ર બોલ્યા તે જ આ ઉવસગ્ગહરં મંત્ર છે.

ત્યાર બાદ ભદ્રબાહુ સ્વામીએ સંઘને બોલાવ્યા. સંઘની રક્ષા માટે સંઘને વિધિવત્ મંત્ર આપ્યો. વાસણમાં પાણી લઈ તેને અભિમંત્રિત કરી તે પાણીનો છંટકાવ રોગીઓ ઉપર કરાવ્યો, જેના કારણે સમાજ રોગમુક્ત થયો, સુરક્ષિત થયો. આ મંત્રમાં ભદ્રબાહુ સ્વામીએ ચૈતન્ય ભરી દીધું. અધિષ્ઠાયક દેવ-દેવીઓને બાંધી લીધાં. જે કોઈ આ દૈવી સ્તોત્રનું પઠન કરે તેની રક્ષા કરવા માટે અધિષ્ઠાયક દેવી-દેવતાઓ ત્યાં પહોંચી જાય. ભગવાન પાર્શ્વનાથના અધિષ્ઠાયક દેવ ધરણેન્દ્ર અને દેવી પદ્માવતી લોકોની તકલીફનું નિવારણ કરવા લાગ્યાં.

પરંતુ આ મંત્ર સ્વીકારીને લોકો તેનો નાની નાની મૂંઝવણોમાં પણ દેવ-દેવીઓને બોલાવવા લાગ્યાં. તેનો દૂરુપયોગ થવા લાગ્યો. આથી અધિષ્ઠાયક દેવ-દેવીઓ ભદ્રબાહુ સ્વામી પાસે ગયાં અને સમાજ તેનો નહિ જેવી વાત-વાતમાં પણ આહ્‌વાન કરી મંત્રશક્તિનો કેવો દૂરુપયોગ કરે છે તેની જાણ કરી અને મંત્રમાં જે દિવ્ય શક્તિ ભરી છે, તે પાછી ખેંચી લેવા વિનંતી કરી.

ભદ્રબાહુ સ્વામી ફરીવાર રાત્રે બેસી ગયા અને મંત્રમાંથી જે શક્તિ દેવોને વારંવાર બોલાવતી હતી, તે ગાથા અને મંત્રો પાછાં ખેંચી લીધાં. સંઘ-સમાજની લાલસા અને યોગ્યતાને કારણે અદ્‌ભુત મંત્રમાંથી આ શક્તિ પાછી ખેંચાઈ ગઈ. ત્યાર બાદ સંઘની વિનંતીથી તેમણે કેટલીક ગાથાઓ એવી રહેવા દીધી. તે પણ એટલી પ્રભાવશાળી છે કે - 'આજે પણ જે લોકો પૂર્ણ શ્રદ્ધાથી આ મંત્રની ઉપાસના કરે તો તેનું પરિણામ મળ્યા વિના રહે જ નહિ. ભગવાન પાર્શ્વનાથ પ્રત્યે પરમનિષ્ઠા અને અનુષ્ઠાન કરાય તો તેના દિવ્ય અનુભવો થાય જ છે.'

હવે આપણે જ્યારે આ મંત્ર ભણીએ છીએ, પરંતુ તેનો અર્થ - તેમાં રહેલો ભાવ આપણે સમજી શક્યા છીએ ખરા ? માત્ર પાંચ જ ગાથા જેમાં સમાયેલી છે, તે ઉવસગ્ગહરં મંત્રને પૂર્ણ શ્રદ્ધાથી સમજવામાં આવે તો તેમાં રહેલાં અદ્‌ભુત રહસ્યો, તેનો પ્રભાવ આપણા જીવનમાં ચોક્કસ અનુભવાય.

## ગાથા - ૧

'ઉવસગ્ગહરં' એટલે ઉપસર્ગોનો હરનાર. અહીં **'પાસં પાસં'** બેવાર કહેવામાં આવ્યું છે. શા માટે બેવાર ? તો ઉપસર્ગોનું હરણ કરનાર એવા જે પાર્શ્વયક્ષ, એ યક્ષથી પૂજાયેલ જે પાર્શ્વનાથ ભગવાન, તેમને હું વંદન કરું છું. અહીં ભદ્રબાહુ સ્વામીએ ભગવાનને તો યાદ કર્યા, સાથે સાથે તેમના અધિષ્ઠાયક દેવોને પણ ભેગા બાંધી લીધા કે જે કોઈ જીવ ભગવાન પાર્શ્વનાથ પાસે આવે, તેની પાસે તમારે રહેવાનું છે અને તેમના ઉપસર્ગો, તેમની તકલીફોનું નિવારણ તમારે કરવાનું છે. એમ ઉપસર્ગોનું હરણ કરનાર એવા પાર્શ્વયક્ષ જેમની પાસે રહે છે એવાં કર્મોના સમૂહથી મુક્ત થયેલા ભગવાન પાર્શ્વનાથને હું વંદન કરું છું. **'વંદામિ'** માત્ર બોલવાનું નથી, આપણું મસ્તક તેમનાં ચરણોમાં ભાવથી ઝૂકી જવું જોઈએ.

**'વિસહર વિસનિન્નાસં'** - ગમે તેવો વિષથી ભરેલો સાપ કરડ્યો હોય ઉપસગ્ગહરં સ્તોત્ર શ્રદ્ધાથી ભણીને તેનું પાણી છાંટવામાં આવે તો તેનું ઝેર ઊતરી જાય છે. વર્તમાનકાળમાં પણ બનેલી ઘટના છે. ગામડા ગામમાં કોઈ એક મુસલમાન વ્યક્તિ જૈન સાધુના પરિચયમાં આવ્યો. જેણે આ મંત્ર સિદ્ધ કર્યો. ત્યાર બાદ જ્યારે પણ કોઈને સર્પદંશ થાય કે તરત મુસલમાન ત્યાં જઈને શ્રદ્ધાપૂર્વક સ્તોત્રનું રટણ કરે અને મંત્રેલું પાણી તેના પર છાંટીને સાપનું ઝેર ઉતારી દે.

એવા પાર્શ્વનાથ ભગવાન કેવા છે ? મંગલ અને કલ્યાણના કેન્દ્રસમા છે. 'મંગલ' અને 'કલ્યાણ' બંને શબ્દોનું અર્થઘટન આપણા જ્ઞાની ગુરુ-ભગવંતોએ આ રીતે કર્યું છે.

**મંગલ** - બાહ્યજીવનમાં આવતાં વિઘ્નો અને આપત્તિઓનું શમન કરે તે મંગલ કહેવાય.

**કલ્યાણ** - જીવનમાં આવનારી અનેક પ્રકારની સમૃદ્ધિઓનું સર્જન કરે તેને કલ્યાણ કહેવાય.

જેના જીવનમાં કાંઈ તકલીફો - આપત્તિઓ ન હોય તો તેવા જીવાત્માને આ મંત્ર કઈ રીતે સહાય કરે ? તો તેવા જીવોના જીવનમાં અનેક શુભ-તત્ત્વોની પ્રાપ્તિ કરાવી આપે તેવા પાર્શ્વનાથ ભગવાન છે. આ રીતે ભગવાન મંગલ અને કલ્યાણના કેન્દ્ર સમા છે.

## ગાથા - ૨

ભગવાન પાર્શ્વનાથના પ્રભાવને તૃપ્ત કરનારો એક મંત્ર છે જેને સ્ફુલિંગ મંત્ર કહેવાય છે. જે સાધક આ મંત્રને વિધિવત્ ગુરુ પાસેથી લઈ તેને કંઠમાં ધારણ કરી તેનું ઉચ્ચારણ કરે છે, તેને તેના વિપરીત ગ્રહો, ભૂત, પિશાચ, કોઈ નડતર, વળગાળ વગેરે બધું જ દૂર થઈ જાય છે. આ વિષહર સ્ફુલિંગ મંત્ર બોલતા બોલતાં એકવાર મંત્ર બોલતા જઈએ અને લાલ દોરામાં એક-એક ગાંઠ પાડતા જઈએ તેવા સત્યાવીસ ગાંઠનો સ્ફુલિંગ મંત્ર વડે રચાયેલ દોરો ગળામાં પહેરવાથી સાધકની મલિનતા, દોષો વગેરે બધું જ દૂર થઈ જાય છે.

આજે વિકટ પરિસ્થિતિમાં ઘેરાયેલા કેટલાક જૈનો પણ દરગાહો પર આંટાફેરા કરતા થઈ ગયા છે. તાવીજ અને માદળિયા પહેરતા થઈ ગયા છે. એવાં સ્થાનોમાં ક્યાંક લોહીના છંટકાવ તો ક્યાંક ભોગ ધરાવતા પણ હોય છે. ભદ્રબાહુ સ્વામી કહે છે - "તું આ બધું જ મેલી દે અને ભગવાન પાર્શ્વનાથ-પ્રભુને શરણે ચાલ્યો જા. જીવનમાં બીજે ક્યાં ય આડો-અવળો ન જતા ભગવાન પાર્શ્વનાથનું શરણું અને તેમના મંત્રને ધારણ કરી લે, તારું જીવન સુરક્ષિત બની જશે. મારી-મરકીના રોગો, ઉદયમાં આવેલાં અશુભ કર્મો વગેરે ઉપદ્રવો તારા શમી જશે."

## ગાથા - ૩

અનેક મુશ્કેલીઓમાં ઘેરાયેલો સાધક પોતાના મંગલ અને કલ્યાણ માટે ભગવાન પાર્શ્વનાથનો મંત્ર ધારણ કરે છે અને તેનું નિયમિત પઠન કરે છે, પરંતુ છતાં તેના મનમાં દ્વિધા જન્મે છે કે - 'કદાચ મારાથી આ ધારણ કરેલ મંત્રને હું રોજરોજ યોગ્ય પઠન ન કરી શકું તો ? ક્યારેક આળસ-પ્રમાદવશ થઈ મંત્રજાપ ન કરી શકું તો ? તેનો શુદ્ધ ઉચ્ચાર ન થઈ શકે તો ? ભદ્રબાહુ સ્વામી માનવસહજ નબળાઈઓને પણ સુપેરે જાણતા જ હતા. તેમણે કહ્યું કે - "ભલે, તારી આટલી તૈયારી ન હોય, શંકા-અશાતનાનો ભય રહેતો હોય તો તું મંત્રને બાજુ પર મૂકી દે, ભગવાન પાર્શ્વનાથને હૃદયના પૂરા ભાવથી કરેલ નમસ્કાર પણ એટલો જ પ્રભાવશાળી અને બહુ ફળ આપનારો બની રહે છે." ભગવાન પાર્શ્વનાથને ભાવથી વંદન - નમસ્કાર કરનારા નર અને તિર્યંચ - પશુ-પક્ષીઓને પણ દુર્ગતિ થતી નથી. નાગ-નાગણી લાકડામાં લાગેલી આગ સાથે ભડભડ બળી

રહ્યાં હતાં. તેવા વખતે ભગવાન પાર્શ્વકુમારના મુખેથી નવકારમંત્ર સાંભળ્યો અને અંતિમ ક્ષણે તેમનાં દર્શન પણ થયાં. તેમનો બંનેનો દેહત્યાગ થયો અને મરીને બીજા ભવમાં સીધા જ નાગલોકમાં ધરણેન્દ્રદેવ અને પદ્માવતીદેવીના રૂપે અવતાર પામ્યા. ભગવાન પાર્શ્વનાથ શું ન કરી શકે ? માત્ર માનવો જ નહિ, તિર્યંચ ગતિના જીવો પણ પ્રભુને વંદન-દર્શન કરતા સુખને પ્રાપ્ત કરી શકે છે. તેને કોઈ દુઃખ આવતુ નથી, તેની દુર્ગતિ થતી નથી.

## ગાથા - ૪

હે પ્રભુ તમારું નામસ્મરણ દર્શનભાવથી કર્યા પછી, તમને સાચી રીતે ઓળખ્યા પછી અમોને તમારું સાચું દર્શન થઈ જાય છે. સાચું સમ્યક્ત્વની પ્રાપ્તિ જીવને થઈ જાય છે. એવા પ્રભુનું દર્શન પણ કેવું છે ? ચિંતામણિરત્ન સમાન, જે મણિ જે વ્યક્તિની પાસે હોય તે વ્યક્તિ જેનું ચિંતન કરે તેની પ્રાપ્તિ તેને થાય. કલ્પવૃક્ષ પણ તેવું જ છે. એવા ભગવાન પાર્શ્વનાથ કેવા છે, ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષ સમા છે. હૃદયના શુદ્ધ અને શુભભાવથી કરેલી માગણી ભગવાન પાર્શ્વનાથ અને તેમનાં અધિષ્ઠાયક દેવ-દેવીઓ વડે પૂર્ણ થાય જ છે. બહુ જલદીથી જીવ અજર અને અમર એવા સ્થાનને પ્રાપ્ત કરી લે છે. ભોગ અને છુટકારો સંસારનાં સુખ તો આપે જ છે, પરંતુ જીવ તેમાં જ અટવાઈ ન જાય, માટે તેને તેમાંથી છુટકારો પણ તેમની જ કૃપાથી મળે છે.

## ગાથા - ૫

હવે ભદ્રબાહુ સ્વામી છેલ્લી પંક્તિમાં આ સ્તોત્રના પ્રભાવથી વાત કરે છે. આ સ્તોત્રને ભક્તિથી ભરેલા હૃદય વડે જે જીવ સ્મરે તેને શું થાય ? તેને ભગવાન પાર્શ્વનાથની કૃપાથી બોધિની પ્રાપ્તિ થાય છે. આ સ્તોત્ર જીવનમાં આત્મબોધ અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરાવે છે અને તે એક ભવમાં નહિ, ભવેભવમાં બોધિબીજની પ્રાપ્તિ થાય છે. આ તેનો આધ્યાત્મિક લાભ છે. આવો લાભ જીવનમાં મેળવી ચૂકેલા જ્ઞાની સંતો આપણને તેનો પ્રભાવ વર્ણવતા સમજાવે છે કે - 'જીવનમાં જ્યારે પણ કોઈ વિઘ્નો, અશાંતિ કે તકલીફ આવે ત્યારે આડાઅવળા ક્યાં ય જશો નહિ. હૃદયમાં ભગવાન પાર્શ્વનાથને ધારણ કરી શ્રદ્ધાથી આ મંત્રનો

સહારો લેજો. ચોક્કસ તમે સંકટોમાંથી પાર ઊતરી જશો. ભદ્રબાહુ સ્વામી જેવા ચૌદપૂર્વના જ્ઞાનના જાણકાર જેમણે નેપાળમાં જઈ હિમાલયમાં સાડાબાર વર્ષ સુધી મહાપ્રાણ-ધ્યાનની આરાધના કરી. તેવા મહાપુરુષ આ સ્તોત્રની રચના કરે ત્યારે તેના શબ્દોમાં કઈ તાકાત ન હોય ? આ શબ્દો કોઈ સામાન્ય શબ્દો નથી, પરંતુ ચૈતન્યથી છલકતા અને એક-એક શબ્દ અને અક્ષર મંત્ર સમાન છે. માત્ર તેમાં આપણી અનન્ય શ્રદ્ધા અને યોગ્યતા હોવી જોઈએ. જીવનમાં મંગલ અને કલ્યાણ કરનારું આ સ્તોત્ર અશુભ-તત્ત્વોને દૂર કરે છે અને શુભ-તત્ત્વોનું સર્જન કરાવે છે. આ સ્તોત્રને મોટેથી બોલવામાં આવે તો તેના શબ્દોની તાકાત સાથે ધ્વનિની પણ તાકાત જોડાય છે અને દિવ્ય ચમત્કાર સર્જી વ્યક્તિના જીવનમાં અનેરું પરિવર્તન લાવી શકે છે. ગમે તેવું અશાંત ચિત્ત મંત્રનો મોટેથી જાપ કરીને શાંતિ પ્રાપ્ત કરી શકે છે.

અંતમાં, આ ઉવસગ્ગહરં સ્તોત્ર ભગવાન પાર્શ્વનાથ-પ્રભુ સાથે જોડાઈ જવાનું, તેમની મંત્રશક્તિનું જીવનમાં અવતરણ કરવાનું અને આપણી ચેતનાને પ્રભુની ચેતના સાથે જોડી દેવાનું સર્વશ્રેષ્ઠ આલંબન છે. આપણા જીવનમાં તેને આરાધીને આત્માનું કલ્યાણ કરવાનું છે. જીવનમાં આનંદ-મંગલ-કલ્યાણ અને શાંતિની ભાવના ભાવીને જીવનને હર્યુંભર્યું બનાવવાનું છે.

# ઉવસગ્ગહરંની પ્રત્યેક ગાથામાં મંત્ર અને યંત્રની ગૂંથણી

ડો. શોભના આર. શાહ.

જીવનમાં શારીરિક, માનસિક, આધ્યાત્મિક કે આધિભૌતિક વ્યાધિઓના અવસર પર સામાન્ય માણસોનું ધ્યાન પરંપરાગત ત્રણ શબ્દો પર અટકે છે - મંત્ર - યંત્ર - તંત્ર. આ ત્રણેયના સમુચ્ચયથી સંસારની બધી મુશ્કેલીઓ દૂર થઈ શકે છે અને સુખ પ્રાપ્ત થાય છે.

જૈન પરંપરામાં સ્તુતિ, ગુણસ્મરણ, નામસ્મરણ આદિ સાથે ભક્ત પોતાના આરાધ્યથી આધ્યાત્મિક-વિકાસની સાથે સાથે ભૌતિક-કલ્યાણની કામના કરવા લાગ્યા. તેના ફળસ્વરૂપ વીતરાગ-તીર્થંકરોના અને તેનાં શાસક-રક્ષક યક્ષ-યક્ષિણીઓનાં યાચના-પ્રધાન સ્તોત્ર લખાવાં લાગ્યાં.

સ્તોત્ર ભક્તિવાદ અને આત્મ-સમર્પણનું પ્રતીક છે, પુરુષાર્થનું નહિ. સ્તોત્રમાં મંત્ર-યંત્ર શબ્દ બહુ પ્રચલિત છે. આમાં મંત્ર અને તેના પ્રભાવોની ક્રિયાવિધિ બધા ભારતીય દર્શનતંત્રોમાં સુજ્ઞાત છે. જૈન-શાસ્ત્રોમાં લગભગ ચાલીસ ગ્રંથ મંત્રશાસ્ત્ર પર છે. આથી પ્રતીત થાય છે કે - 'મંત્રોના પૂર્વ સ્તોત્રોની પરંપરા રહી હશે.' આ પ્રકારના સ્તોત્ર-સાહિત્યમાં સર્વ પ્રથમ ઉવસગ્ગહરં સ્તોત્ર મળે છે. આમાં પાર્શ્વનાથ અને તેમના યક્ષ-પાર્શ્વ(ધરણેન્દ્ર)થી રોગ-વ્યાધિ, ભૂત-પ્રેત આદિને દૂર કરવાની પ્રાર્થના કરવામાં આવી છે. તાંત્રિક પરંપરાથી પ્રભાવિત થઈને લખવામાં આવેલ જૈન પરંપરાનું આ પ્રથમ સ્તોત્ર છે.

**કર્તા - રચનાકાળ :**

ઉવસગ્ગહરં સ્તોત્રના કર્તા શ્રી ભદ્રબાહુ સ્વામી છે, આ નિર્વિવાદ સત્ય છે, પરંતુ તે પાંચમા શ્રુતકેવળી છે કે આવશ્યકાદિ નિર્યુક્તિકાર બીજા ભદ્રબાહુ છે, આ સંબંધમાં મતભેદ છે. વિક્રમ સંવત ૧૩૬૫માં 'અર્થ કલ્પલતાવૃત્તિ'ના પ્રણેતા, સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં અનેક સ્તોત્રોના રચનાકાર શ્રી જિનપ્રભસૂરિ જેવા મહાપ્રભાવક આચાર્ય ઉવસગ્ગહરં સ્તોત્રના કર્તા શ્રુતકેવળી ભદ્રબાહુ સ્વામીને જ માને છે, જે વીર નિર્વાણની બીજી શતાબ્દીમાં થાય છે.

શ્રુતકેવળી ભદ્રબાહુ સ્વામીનો જન્મ વીર સંવત '૯૪માં થયો હતો. તે પિસ્તાલીસ વર્ષ સુધી ગૃહસ્થ અવસ્થામાં રહ્યા. ૩૧ વર્ષ દીક્ષાપર્યાયમાં રહ્યા.

૧૭ વર્ષ સુધી મુનિ-રૂપમાં અને ૧૪ વર્ષ સુધી યુગ-પ્રધાનના રૂપમાં રહ્યા. આ સ્તોત્રની રચના તેમણે જનકલ્યાણની ભાવનાથી કરી છે.

જૈન પદ્ધતિમાં મંત્ર-યંત્રને સંબંધિત માનવામાં આવે છે, પરંતુ તેનાં લક્ષણોમાં અંતર છે. મંત્રમાં માનસિક ક્રિયા મુખ્ય છે. આપ્ટેએ તેમના શબ્દકોશમાં 'મંત્ર' શબ્દના ચાર અર્થ - વેદ મંત્ર, સામાન્ય મંત્ર, ગુપ્ત સલાહ, ભૂત-પ્રેત શમન કલા આપ્યા છે. જૈન મૂર્તિ-પ્રતિષ્ઠાઓમાં મૂર્તિઓમાં મંત્ર-ન્યાસ કરવામાં આવે છે.

મંત્રોથી અનેક વિદ્યાઓ સિદ્ધ થાય છે. મંત્રોથી મંત્રાધિષ્ઠિત દેવતા તુષ્ટ થઈને સહયોગી બને છે, જેનાથી લૌકિક અને પરલૌકિક કામનાઓ પૂર્ણ થાય છે. એવું પણ માનવામાં આવે છે કે - 'ગુણપ્રધાન મંત્ર અધિક બળવાન હોય છે. મંત્ર-જાપ સકામ કે સપ્રયોજન જ કરવામાં આવે છે.'

**મંત્રનું પ્રથમ પ્રાગટ્ય :**

ઉવસગ્ગહરં સ્તોત્રમાં **'વિસહર ફુલિંગ'** એટલા સંકેતથી ***'નમિઊણ પાસ વિસહર વસહ જિણ ફુલિંગ'*** નામના અઢાર અક્ષરનો મંત્ર આચાર્ય શ્રી ભદ્રબાહુએ આપ્યો, આ મંત્રનું સર્વ પ્રથમ સંપૂર્ણ રીતનું પ્રાગટ્ય શ્રી ધરણેન્દ્ર દ્વારા આચાર્ય શ્રી માનતુંગસૂરિ સમક્ષ કરવામાં આવ્યું.

આચાર્ય શ્રી માનતુંગસૂરિને કર્મની વિચિત્રતાના યોગે એકવાર મગજનો રોગ થઈ ગયો. તેમને ધરણેન્દ્રનું સ્મરણ કર્યું. ધરણેન્દ્રે તેમને અઢાર અક્ષરનો મંત્ર સમર્પણ કર્યો અને કહ્યું કે - 'આના સ્મરણથી તથા આનાથી મંત્રિત જપથી રોગ આદિ નવે પ્રકારના ભયોનો નાશ થાય છે.' તે અનુસાર શ્રી માનતુંગસૂરિ દ્વારા સર્વજન સમક્ષ પ્રગટ કરવામાં આવ્યો.

**મંત્ર એટલે શું ?**

'મંત્ર' એટલે કોઈ અગમ્ય શબ્દોથી ભરેલી ગૂઢ ભાષા યા તો બીજાક્ષરોથી સમન્વિત વર્ણોનો સમૂહ જ હોય છે એવું નથી. વિવિધ મંત્રોના અધ્યયન દ્વારા એવું ફલિત થાય છે કે - કેટલી વાર વિગતોનું વર્ણનમાત્ર જેમાં દર્શાવ્યું હોય તેવા પણ મંત્રો હોય છે. ઉદાહરણ તરીકે -

*ॐ संति कुंथु अ अरो, अरिट्ठनेमी जिणिंद पासो य ।*
*समरंताणं चक्खू जिम्मला ॐ ह्रीँ नमः ॥*

આ મંત્રમાં પણ માત્ર વિગત જ છે, છતાં ય આ મંત્રના પ્રયોગથી આંખ દુઃખતી મટે છે તેમ કહેવાયું છે. એટલે નિશ્ચિત થાય છે કે મંત્ર

એ એવો શબ્દસમૂહ છે કે જેથી તેના અધિષ્ઠાયક દેવનું આકર્ષણ થાય, યા તો એવો શબ્દસમૂહ કે જેમાં વપરાયેલા અક્ષરોનો સંયોગ જ એવા પ્રકારનો હોય કે જે અમુક ફળ આપે જ.

**મંત્રની વ્યાખ્યા :**

મંત્રની જુદી જુદી વ્યાખ્યાઓ પ્રાપ્ત થાય છે :

(૧) મંત્ર એટલે દેવાધિષ્ઠિત અક્ષરસમૂહ અથવા જેની સાધના કરવી ન પડે તેવી અક્ષરોની રચનાવાળો સમૂહ વિશેષ -

'मन्त्रो देवाधिष्ठितो साधनो वाङक्षररचनाविशेषः ।'

(૨) 'મંત્ર' શબ્દ મન + ત્રણ શબ્દોથી બનેલો છે. તેનાથી નિશ્ચય જ્ઞાન અને રક્ષણ થાય છે, તેને મંત્ર કહેવાય છે.

(૩) પાઠ કરવામાત્રથી સિદ્ધ અથવા પુરુષ (દેવ) જેની અધિષ્ઠાયક હોય તે મંત્ર.

(૪) પઠિતસિદ્ધ તે મંત્ર કહેવાય છે.

(૫) જેની 'આદિમાં 'ૐ' કાર હોય અને અંતમાં સ્વાહા હોય તેવી 'હ્રીં'કાર આદિ વર્ણવિન્યાસવાળો મંત્ર કહેવાય છે.

**મંત્રસિદ્ધિની રીત :**

જે મંત્રના જે અધિષ્ઠાયક દેવો હોય છે, તેઓ તે તે મંત્રના સંકેતથી બંધાયેલા હોય છે અને તેથી તે તે મંત્રના જાપ દ્વારા તે તે દેવો તે તે મંત્રના સાધક ઉપર તુષ્ટ થાય છે અને તેમની મનોકામનાઓ પૂર્ણ કરે છે.

મંત્રની સાથે આ રીતે કેટલાંક સ્તોત્રો પણ મહાપ્રભાવક પૂર્વાચાર્યો દ્વારા રચાયેલાં હોવાથી તે સ્તોત્રો જ મંત્રસ્વરૂપ થઈ જાય છે, અને તેથી તે સ્તોત્રોનો એકાગ્ર મનથી કરાયેલો પાઠ જ સમસ્ત આપત્તિઓનું નિવારણ કરનાર થાય છે.

મંત્રોનું સ્મરણ સર્વકાલીન ન હતું, તે આપત્તિ-નિવારણ પૂરતું જ આવશ્યક હતું. તેથી તે કાળના સમર્થ ગીતાર્થ પુરુષોને શ્રીસંઘનાં કષ્ટોના નિવારણ માટે મંત્રો દ્વારા શાંતિ કરવાની વ્યવસ્થાને તે કાળ પૂરતી કરી આપવી પડી હતી.

**મંત્રની ફળદાયકતાનું અનન્ય કારણ :**

મંત્ર કોને અને કેવી રીતે સિદ્ધ થાય ? તે માટેનાં જુદાં જુદાં વિધાનો જૈન-જૈનેતર ગ્રંથોમાં પ્રાપ્ત થાય છે, તે માટે જે મંત્ર સિદ્ધ કરવો હોય, તેના

જે અધિષ્ઠાયક દેવ યા દેવી હોય, તેના પ્રત્યેની શ્રદ્ધા ઊંચ કોટિની હોવી જોઈએ, તેમ જ ગુરુ દ્વારા પ્રદત્ત આમ્નાય પ્રાપ્ત થયેલ હોવો જોઈએ. જો આ વસ્તુઓ ન હોય તો મંત્ર કદી ફળદાયક થતો નથી.

**ઉવસગ્ગહરં સ્તોત્રની મંત્રમયતા :**

ઉવસગ્ગહરં સ્તોત્રમાં માત્ર શ્રી પાર્શ્વનાથ સ્વામીની સ્તવના જ છે. તેમાં ૐ, હ્રીઁ જેવા કોઈ બીજોનો કે સ્વાહા, સ્વધા જેવાં પલ્લવોનો ઉપયોગ છે, છતાં ય તે મંત્ર કેવી રીતે કહેવાય ? તેના સમાધાનમાં કહ્યું છે કે - 'શ્રી પાર્શ્વનાથ ભગવંતનું નામ એ જ પરમ મંત્ર છે, તેમનું નામ જ સર્વ મંત્રકારોમાં શ્રેષ્ઠ મંત્ર છે. એટલે તે નામ દ્વારા તે પરમતારકની સ્તવના જેમાં હોય તે સ્તોત્ર મંત્ર ગણાય છે.'

**નામમંત્ર :**

ભગવંત શ્રી પાર્શ્વનાથ સ્વામીનું નામ એ જ મંત્ર છે, એ વાતનું સમર્થન કરતાં વાક્યો પૈકી કેટલાક અહીં મૂકવામાં આવેલા છે :

- તમારું નામકીર્તન તે રૂપી જળ સમગ્ર દોષોને શમાવે છે.
- તમારા નામરૂપી નાગદમની જે પુરુષના હૃદયમાં હોય છે, તેને વિષધરો ઉપદ્રવ કરી શકતા નથી.
- હે પુરુષોત્તમ ! અજિતજિન ! તમારું નામકીર્તન શુભને પ્રવર્તાવનારું છે.
- જેમનું નામ સુગૃહિત - સારી રીતે ગ્રહણ કરવાયોગ્ય છે, તે જિનેન્દ્રો જયવંતાં વર્તો.
- શ્રી શાંતિનાથનું નામગ્રહણ જયવંતું છે.
- આપનું નામ પણ જગતને સંસારથી બચાવે છે.
- શ્રી પાર્શ્વનાથના નામરૂપી શ્રેષ્ઠ સિદ્ધ મંત્રના જાપથી.
- તમારા નામરૂપી મંત્રના વખોની પંક્તિને.
- તમારા નામના અક્ષરોરૂપી સ્ફુટ સિદ્ધમંત્રથી ગૌરવવાળા મનુષ્યને.
- તમારું નામ દુષ્ટ પ્રેત-પિશાચો આદિનો નાશ કરે છે.
- જેનો નામરૂપી મંત્ર આશ્ચર્ય કરનાર છે એવા મણિક્ય સ્વામી.
- હે જિનેન્દ્ર ! તમારા નામમંત્રનું એકાગ્ર ચિત્તવાળા થઈને જેઓ ધ્યાન કરે છે.
- સર્વ વિદ્યા અને મંત્રોના બીજાક્ષરો જેમના નામાક્ષરમાં છે એવા પ્રભુ !
- હિ વામાસૂનુ, તમારા નામનો જેઓ જપ કરે છે તેમનાથી દુરિતો દૂર લાગી જાય છે.

- હે સ્વામી ! પ્રબળ એવા ભૂતો આદિ તથા અતિ પ્રબળ રોગો પણ તમારાં નામસ્મરણથી વિષમ પામે છે.

મંત્રની સાથે સાથે યંત્રોનો ઉપયોગ પણ કરવામાં આવે છે, યંત્રો બીજાક્ષરો અને આકૃતિઓ પર આધારિત છે.

**યંત્રનો અર્થ :**

'યંત્ર'નો અર્થ યાંત્રિક-યુક્તિ કે પીડન-યુક્તિ આદિ છે. આપ્ટેએ તેમના શબ્દકોશમાં 'યંત્ર' શબ્દના સાત અર્થ (નિયંત્રણ, વશીકરણ, સંયમન, બંધન, તાવીજ, મશીનો આદિ) આપ્યા છે.

'યંત્ર' શબ્દ નિયમનાર્થ પ્રયુક્ત થાય છે. આ નિયમન ભૂત-પ્રેત સાંસારિક-ક્લેશોનું પણ હોઈ શકે છે. યંત્ર વિશિષ્ટ પ્રકારનાં રહસ્યમય, જ્યોતિર્મય હોય છે, જેમાં વિશિષ્ટ અક્ષર, શબ્દ કે મંત્ર-વાક્ય હોય છે.

**યંત્રની રચના :**

મંત્ર અને તંત્ર સાથે યંત્ર આવશ્યક છે. એમાં સાધક સામે દેવતાની મૂર્તિને બદલે યંત્ર હોય છે. મંત્ર એક આધ્યાત્મિક આકૃતિ છે, એ ભોજ-પત્ર, તાડપત્ર કે કાગળ ઉપર દોરાય છે, અથવા ધાતુ કે પથ્થર ઉપર કોતરાય છે. ધાતુ કે પથ્થર ઉપરનાં યંત્રોમાં દેવતાની આકૃતિ નથી હોતી, પણ ભોજપત્ર કે કાગળ ઉપર યંત્રોમાં મંત્રો સાથે જે - તે દેવતાની આકૃતિ હોય છે. સર્વ યંત્રોની આસપાસ ભૂપુર નામે ઓળખાતી ચાર દરવાજા-વાળી ચોરસ કિનારી બાંધેલી હોય છે, જે યંત્રની આસપાસ દીવાલ રચે છે અને બહારના જગતની તેને અલગ પાડે છે એમ મનાય છે. જૈન યંત્રોમાં સમવસરણ સભામાં, તીર્થંકર બિરાજમાન હોય છે, એને પણ કિલ્લા અને ચાર દરવાજા હોય, જેની આસપાસ તીર્થંકરની દેશના સાંભળવા માટે દેવ, મનુષ્ય અને તિર્યંચ એકત્ર થયેલાં હોય છે, ઉપાસના માટે, નામ-સ્મરણ માટે અને પુરશ્ચરણ માટે. રુદ્રાક્ષ, શંખ, કલમ-બીજ, મોતી, કાચ, રત્ન, સુવર્ણ, ચાંદી, પરવાળા અથવા કુશની માળા રખાય છે.

**યંત્રની ગોઠવણ :**

યંત્રમાં ગોઠવણ અતિ મહત્ત્વની છે, એટલે જે દેવ-દેવી તેમનો પરિવાર, બીજાક્ષરો, અન્ય વર્ણો, અંકો કે વિશિષ્ટ આકૃતિઓ જ્યાં સ્થા-પવાનું વિધાન હોય ત્યાં જ સ્થાપવા જોઈએ. તેમાં કોઈ પણ ફેરફાર ચાલી શકે નહિ.

અમુક યંત્રોમાં જે બીજો ન લખવાં જોઈએ, તે લખાય તો પણ ઉપદ્રવ થાય છે.

**યંત્રના પ્રકારો :**

યંત્રો મુખ્યત્વે બે પ્રકારના હોય છે : (૧) પૂજનયોગ્ય, (૨) પ્રાયોગિક

પૂજનયોગ્ય યંત્રો સોના-ચાંદી, તાંબા, કાંસા કે પંચધાતુના બનાવવામાં આવે છે અને પ્રાયોગિક યંત્રો ભોજપત્ર, કાગળ કે જે જે વસ્તુ પર લખવાનું વિધાન હોય તેના પર લખવામાં આવે છે.

**પૂજનયંત્ર - ત્રણ પ્રકાર :**

પૂજનયંત્ર ત્રણ પ્રકારનાં હોય છે : (૧) પાતાળયંત્ર (૨) ભૂપૃષ્ઠયંત્ર (૩) કુર્મપૃષ્ઠયંત્ર. જેની સપાટી મધ્યમાંથી નીચે ગયેલી હોય કે જેના અક્ષરો ખોદાયેલા હોય તે પાતાળયંત્ર કહેવાય છે. જેની સપાટી સમાન હોય તે ભૂપૃષ્ઠ યંત્ર છે અને જેની સપાટી કાચબાની પીઠ માફક ઉપરથી ઊપસેલી હોય તે કુર્મપૃષ્ઠયંત્ર કહેવાય છે.

આ ત્રણ યંત્રોમાં પ્રથમ જઘન્ય ગણાય છે, બીજું મધ્યમ ગણાય છે અને ત્રીજું ઉત્તમ ગણાય છે.

યંત્રનું અલૌકિક અપૂર્વ ફળ ઇચ્છનારે ત્રીજા પ્રકારનું યંત્ર ઉપયોગમાં લેવું જોઈએ.

આ સિવાય યંત્રપટો પણ બનાવવામાં આવે છે, તે કપડાં કે કાગળ પર ચિતરાયેલા હોય છે અને પૂજનના કામમાં લેવાય છે. એટલે એ પણ એક પ્રકારનાં પૂજનયંત્રો છે.

યંત્ર જ્યોમિતીય આકૃતિઓના આધાર પર નિર્મિત કરવામાં આવે છે. જેની અંદર વિવિધ મંત્ર અને સંખ્યાઓ નિશ્ચિત ક્રમમાં લખેલા હોય છે. મંત્ર ધ્વનિરૂપ હોય છે અને તેનો જાપ કરવામાં આવે છે, ત્યાં યંત્ર આકૃતિ રૂપ હોય છે અને તેનું ધારણ કે પૂજન થાય છે.

રચના-સ્વરૂપની અપેક્ષાએ યંત્ર બે પ્રકારનાં હોય છે :

(૧) જેમાં બીજાક્ષર કે મંત્ર લખવામાં આવે છે.

(૨) જેની અંદર વિશિષ્ટ ક્રમમાં સંખ્યા લખવામાં આવે છે.

પૂજન અને ધારણની અપેક્ષાથી પણ યંત્ર બે પ્રકારનાં હોય છે, જેને ધારણ કરવામાં આવે છે તે ધરણયંત્ર, અને જેનું પૂજન કરવામાં આવે છે તે પૂજાયંત્ર કહેવાય છે.

પૂજાયંત્ર સામાન્યતયા સુવર્ણ, રજત કે તામ્રપત્રો પર અંકિત હોય છે. જ્યારે ધારણમંત્ર - ભોજપત્ર, કાગળ આદિ પર લખવામાં આવે છે અને તાવીજ આદિના રૂપમાં ધારણ કરવામાં આવે છે, જૈન પરંપરામાં પૂજાયંત્ર અને ધારણયંત્ર બંને પ્રચલનમાં છે.

જૈન પરંપરામાં પૂજાવિધાન અને પ્રતિષ્ઠા આદિ કાર્યોમાં સંપૂર્ણ આસ્થાની સાથે યંત્રોનો પ્રયોગ થાય છે.

**ઉવસગ્ગહરં સ્તોત્રની ગાથાઓ :**
**અર્થ - યંત્ર - મંત્ર અને સમજૂતી :**

**ગાથા - ૧**

उवसग्गहरं पासं, पासं वंदामि कम्मघणमुक्कं ।
विसहर विसनिन्नासं मङ्गल कल्लाण आवासं ॥

ઉપસર્ગોને દૂર કરનાર પાર્શ્વયક્ષ છે, જેને એવા કર્મરૂપી મેઘોથી અથવા ઘાતી કર્મોથી રહિત, ઝેરી સર્પોના વિષનો સંપૂર્ણપણે નાશ કરનાર અને વિપત્તિઓનું ઉપશમ તથા સંપત્તિઓનો ઉત્કર્ષ કરનાર શ્રી પાર્શ્વનાથ ભગવંતને હું વંદન કરું છું.

પ્રથમ-ગાથામાં આઠ યંત્રો દર્શાવાયા છે :

(૧) જગદવલ્લભકર, (૨) સૌભાગ્યકર, (૩) લક્ષ્મીવૃદ્ધિકર, (૪) ભૂતાદિનિગ્રહકર, (૫) જ્વરનિગ્રહકર, (૬) શાકિનીનિગ્રહકર, (૭) વિષમવિષનિગ્રહકર (૮) દોષનિગ્રહકર.

પ્રથમ ગાથામાં બે મંત્રો દર્શાવાયા છે : (૧) પાર્શ્વયક્ષ મંત્ર અને (૨) પાર્શ્વયક્ષિણી મંત્ર

**(૧) પાર્શ્વયક્ષ મંત્ર :**

ॐ ग्म्लयूँ त्रिशूलभुद्रया ग्राँ, ग्राँ, ग्रू, ग्रौँ ग्रः हा हा छिन्द छिन्द भिन्द भिन्द विदारय विदारय व्म्ल्व्यूँ व्राँ व्रीँ व्रँ व्रोँ व्रः हा हा ताडय ताडय घ्म्लव्यूँ घ्रीँ घ्रीँ घ्रूँ घ्रौँ घ्रः युं युं फुट हम्लव्यूं ह्राँ ह्रीँ ह्रूँ ह्रौँ ह्रः हा हा ये ये (घे घे) ज्वल ज्वल प्रज्वल प्रज्वल ॐ नमो भगवते पार्श्वयक्षाय चण्डक्रोधाय सप्त फटा विभूषिताय ।

**૨. પાર્શ્વયક્ષિણી મંત્ર :**

ॐ हुं क्षुं क्रुं रम्लव्यूँ र सा रा हा हा आ क्रौं ह्रीं क्ष्रीं क्लीं ब्लूँ ह्रौं ह्राँ पार्श्वयक्षिणी ज्वल ज्वल प्रज्वल प्रज्वल दह दह पच पच इदं भूतं निर्धाटय निर्धाटय घूमान्ध्कारिणी ज्वलशिखेव हुं हुं फुट् फुट् य य य यन्त्रमातृदूति-कासाहते पार्श्वयक्षिणी आज्ञापयति स्वाहा ।

**વિધિ** - આ બંને મંત્રો ઉપવાસ કરી વિપુલ ભોગસામગ્રી ધરવાપૂર્વક ચતુર્દશીને દિવસે એકસો આઠ વાર ગણી સાધવાના હોય છે.

ઉવસગ્ગહરં સ્તોત્રમાં *'नमिऊण पास विसहर वसह जिण फुलिंग'* મંત્ર તો દર્શાવાયેલો જ છે.

## ગાથા - ૨

विसहर-फुलिंग मंतं कण्ठे धारेइ जो सया मणुओ ।
तस्स गहरोगमारी दुट्ठजरा जन्ति उवसामं ॥

જે મનુષ્ય વિસહર ફુલિંગ મંત્રને સદાકાળ કંઠમાં ધારણ કરે છે તેના કુપિત ગ્રહો, રોગો, મરકી આદિ ઉપદ્રવો તથા દુષ્ટ એવા જ્વરો અથવા દુર્જનો અને જ્વરો ઉપશાંત થાય છે. આ ગાથામાં બે ચક્રો દર્શાવાયા છે - (૧) બૃહદચક્ર, (૨) ચિંતામણિચક્ર

આ ગાથામાં એક વિદ્યા દર્શાવાઈ છે -

'ॐ नमो भगवओ अरिएओ (अरहओ) पासस्स सिज्झउ मे भगवई महाविज्जा उग्गे महाउग्गजसे पासे सुपासे पासमालिणी ठः ठः स्वाहा ।'

આ વિદ્યા ઉપવાસ કરીને પાર્શ્વનાથના જન્મનક્ષત્ર વિશાખામાં એક હજાર ને આઠવાર જાપ કરવાથી સિદ્ધ થાય છે, તે સિદ્ધ થયા પછી આ વિદ્યાના જાપપૂર્વક ગામ આદિમાં ધૂપ અને બલિકર્મ કરવાથી મરકી, રોગ વગેરેનો ભય દૂર થઈ સુખ-સંપદાઓ પ્રાપ્ત થાય છે.

## ગાથા - 3

चिट्ठउ दूरे मंतो तुज्ज पणामो वि बहु फलो होई ।
नर तिरिएसु वि जीवा पावंति न दुक्ख दोगच्चं ॥

મંત્રનો મહિમા તો એકબાજુ રહો પરંતુ તમને કરેલા પ્રણામ પણ બહુ ફળદાયક થાય છે. તેનાથી મનુષ્ય કે તિર્યંચ યોનિમાં પણ જીવો દુઃખ કે દારિદ્ર્યને પામતા નથી.

આ ગાથામાં કોઈ મંત્ર દર્શાવાયો નથી. પાંચ યંત્રો દર્શાવ્યાં છે, જે આ પ્રમાણે છે (૧) વન્ધ્યત્વનિવારક (૨) અપત્યપ્રાણદ (૩) અપત્યપ્રાણદ (૪) બાલગ્રહપીડાનિવારક (૫) યા તો ભૂતાદિ ભય-નિષેધક સૌભાગ્યકર.

## ગાથા - ૪

तुह सम्मत्ते लद्धे चिन्तामणि कप्पपायवब्भहिए ।
पावन्ति अविग्घेणं जीवा अयरामरं ठाणं ॥

ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષથી પણ અધિક એવું તમારું સમ્યક્ત્વ પ્રાપ્ત થવાથી જીવ અજરામર-સ્થાનને નિર્વિઘ્ને મેળવે છે.

આ ગાથામાં લઘુદેવ કુલ દર્શાવેલ નથી.

## ગાથા - ૫

ईय संथुओ महायस ! भत्तीभरनिब्भरेण हियएणं ।
ता देव ! दिज्ज बोहिं भवे भवे पास ! जिणचंद ॥

હે મહાયશસ્વી ભક્તિના સમૂહથી સંપૂર્ણ હૃદય વડે આ પ્રમાણે મેં તમને સ્તવ્યા, તેથી હે દેવ ! જિનચંદ્ર ! શ્રી પાર્શ્વનાથ ભગવંત ! ભવોભવ મને બોધિ આપો.

આ ગાથામાં દર્શાવવામાં આવેલ યંત્ર એક જ છે.

શાંતિક, પૌષ્ટિક જ્વર-રોગ-શાકિની-ભૂત-પ્રેત-રાક્ષસ-કિન્નરાદિ નાશક યંત્રો છે,

આ ગાથામાં પાંચ મંત્રો દર્શાવાયા છે. આ મંત્રો 'બૃહદ્‌વૃત્તિ'માં બતાવેલા છે, જે આ પ્રમાણે છે -

ॐ क्म्लव्यूँ पं ए हां आँक्रौं क्षीं ट्रीँ क्लीँ घ्लूँ द्रौं द्रौं ज्वालामालिनी (नि) झंकारिणि विषं निविषं कुरु कुरु स्थावर विषम् जंगमं च कृत्रिमम् जा ठरम् योगजम् अपहर अपहर इमं डंकम् अमृतेन सिंचय सिंचय उत्थापय दण्डेनाक्रम्य विषमविषं ठः स्वाहा ।

પુરુષપ્રમાણ દંડ લઈને આ મંત્રથી સાતવાર મંત્રિત કરી, જેને જેને સર્પ કરડ્યો હોય તેના સર્વ સાંધાઓમાં ત્રણવાર તાડન કરવાથી નિર્વિષ થાય છે.

*'ॐ क्राँ  प्राँ नृ ठः ठः'* આ મંત્રથી સર્પ કરડ્યો હોય તે વ્યક્તિની ફરતે જલધારા કરવાથી નિવિર્ણ થાય છે.

*'ऐं  ह्रीं श्राँ'* રક્ત-પુષ્પોથી આ મંત્રનો એક લાખવાર જાપ કરવાથી સમસ્ત નગર ક્ષુબ્ધ થઈ જાય છે.

*'ॐ ह्रीं श्रीं क्लीं कलिकुणु स्वामिने नमः ।'* આ મંત્રનો નિત્ય જાપ કરવાથી સર્વ અર્થોને સાધનાર બને છે.

*'ॐ नमो भगवते श्री पार्श्वनाथाय क्षेमंकराय ह्रीं नमः ।'* નિત્ય જાપ કરવાથી આ મંત્ર ક્ષેમને કરનાર થાય છે.

**સમજૂતી :**

**ગાથા-૧ :** પ્રથમ-ગાથામાં દર્શાવેલ યંત્રોને કુમકુમ અને ગોરોચનથી ભોજપત્ર પર લખીને કુંવારી કન્યાએ કાંતેલા સૂતરથી વેષ્ટિત કરીને ડાબા ભૂજાદંડ પર ધારણ કરવો. આ યંત્રો લખ્યાં પછી પાર્શ્વનાથની સમીપમાં યંત્રોને રાખીને *'ॐ ह्रीं श्रीं हर हर स्वाहा'* આ મંત્રનો ત્રણ દિવસ સુધી ત્રણે સંધ્યા સમયે એકસો ને આઠવાર શ્વેત-પુષ્પો દ્વારા જાપ કરવાથી યંત્ર સિદ્ધ થાય છે અને પછી ધારણ કરવાથી જગદ્‌વાલ્લજ્વ, સૌભાગ્ય, યશોવૃદ્ધિ, લક્ષ્મીવૃદ્ધિ, ભૂત-પિશાચ-રાક્ષસભય રક્ષા, જ્વર, ગ્રહદોષ તથા શાકિનીરક્ષા અને વિષ તથા વિષધર વગેરે ભયોથી રક્ષા થાય છે.

**ગાથા-૨ :** આ ગાથામાં પ્રથમ ચક્રને - યંત્રને કુમકુમ આદિથી લખી *'हैं ह्रीं श्रीं क्लीं क्रीं प्लौं प्लूं अर्हं ह्रीं नमः'* મંત્રને બોલીને પૂજા કરવામાં આવે છે. શ્રી યંત્રને ત્રણે સંધ્યાએ જાઈ આદિથી પૂજવાથી લક્ષ્મી પ્રાપ્ત થાય છે.

બીજું બૃહચ્છક્ર છે, જેને આ જ પ્રમાણે લખી શ્વેત-વસ્ત્રો અને આભરણ્વે સહિત નિરંતર ત્રણ સંધ્યાએ ધ્યાન કરવું અને એકસો આઠ પુષ્પોથી જાપ કરવો, જેથી સર્વ સંપત્તિ પ્રાપ્ત થાય છે, તેમજ કુમકુમ દ્રવ્યોથી ભોજપત્રમાં લખીને કંઠે ધારણ કરવાથી શરીરની રક્ષા થાય છે.

**ગાથા-૩ :** વંધ્યત્વ-નિવારક યંત્રને સુગંધી દ્રવ્યોથી લખી એક હજાર ને આઠ પુષ્પોથી *'ॐ ह्रीं हूँ नमो अरिहंताणं हुं नमः ।'* મંત્ર દ્વારા પૂજવાનું, ત્યાર બાદ પાંચ રત્નો તે યંત્ર સાથે રાખવા તેમ જ કુંવારી

કન્યાના કાંતેલા સૂતરથી ગૂંથી નારીના કંઠમાં, અથવા ડાબા હાથ પર ધારણ કરવાથી વંધ્યત્વદોષ-નિવારણ થાય છે.

બીજા-ત્રીજા યંત્રને સુગંધી દ્રવ્યથી લખી ઉપરોક્ત મંત્ર દ્વારા પૂજન કરવું, જેથી જે સ્ત્રીને મરેલા બાળક અવતરતા હોય, તે મરેલા અવતરતાં અટકે છે.

ચોથા યંત્રને ઉપર મુજબના દ્રવ્યથી લખી ઉપર મુજબના મંત્ર દ્વારા પૂજવું. આથી દુર્ભગ પ્રાણીઓનું સૌભાગ્ય વધે છે. અપસ્મારાદિ પીડાઓનો નાશ થાય છે. પરંતુ આ બધાં કાર્યો પ્રથમ ગુરુપૂજા કરવાથી જ સિદ્ધ થાય છે.

**ગાથા-૪** : આ ગાથામાં લઘુદેવકુલ દર્શાવેલ છે, જેને સુગંધી દ્રવ્યોથી આલેખી સુગંધી પુષ્પોથી નિત્ય પૂજવાનું છે, જેથી સર્વ અર્થોને સાધનારું થાય છે.

**ગાથા-૫** : આ ગાથામાં એક યંત્ર દર્શાવેલ છે. આ યંત્રને કુમકુમ, કપૂર, ગોરોચન આદિ સુગંધી દ્રવ્યોથી ભોજપત્ર ઉપર લખીને *'ॐ डं वं ह्यः पक्षि उर्वीं वीं हंसः स्वाहा'* આ મંત્રથી એકસો આઠ શ્વેત-પુષ્પો વડે ત્રણ દિવસ પૂજન કરવું, તેથી સર્વ મુશ્કેલી - વિઘ્નોને દૂર કરનાર અને સર્વત્ર રક્ષા કરનાર થાય છે.

આ ઉપરાંત સ્તોત્રમાં '**विसहरफुलिंगमंतं, नमिऊणमंत्र** તેમજ **चिंतामणिमंत्र**' પણ આપવામાં આવ્યા છે.

## આધ્યાત્મિક અને મનોવૈજ્ઞાનિક દષ્ટિ :

આધ્યાત્મિક દષ્ટિએ વિવેચન કરવાનું કારણ એ છે કે સ્તોત્રનો પાઠ કરવાથી આત્માની સાથે બંધાયેલ આઠ કર્મરૂપી ઉપદ્રવ દૂર થાય છે. શુદ્ધ આત્મ-સ્વરૂપને પામી શકાય છે. મંત્રનો સતત જાપ આધ્યાત્મિક આરાધના છે. આની આરાધના કરવાથી ઉચ્ચ ગોત્ર પામે તેવાં કર્મો બંધાય છે, સૌભાગ્ય પ્રાપ્ત થાય છે, આત્મ અને અનાત્મ તત્ત્વ વચ્ચેનો ભેદ આત્મસાત્ થાય છે. ભગવાનને બહુમાનપૂર્વક વંદણા કરનારને ઘણા લાભ મળે છે. વંદણા કરનાર સમ્યગ્દર્શન પામે છે અને સમ્યગ્દર્શનથી આત્મા રત્નત્રયીને પ્રાપ્ત કરી સહેલાઈથી અજરામરસ્થાનને પ્રાપ્ત કરે છે, આ આખું સ્તોત્ર આધ્યાત્મિક-ભાવોથી ભરપૂર છે.

**નોંધ :**

પ્રસ્તુત લેખમાં દર્શાવેલા યંત્ર-મંત્રની સમજૂતી પૂર્ણચંદ્રસૂરિ તથા દ્વિજપાર્શ્વદેવગણિએ કરેલ વિવેચનના આધારે દર્શાવવામાં આવેલ છે.

- દરેક યંત્રને તેમાં દર્શાવેલ ગાથા અને યંત્રના ક્રમ સાથે લેવા.

- ચોથી-ગાથાનું યંત્ર - ચંદ્ર સામેલ નથી.

મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ જોઈએ તો આ સ્તોત્ર - મંત્ર દ્વારા કોઈ પણ વ્યક્તિ પોતાના મનને પ્રભાવિત કરી શકે છે. આ મંત્ર મનુષ્યના મન પર એવો પ્રભાવ પાડે છે કે જેનાથી મૂળ પ્રવૃત્તિઓનો પરિષ્કાર થાય છે. વાસનાઓને પ્રગટ થવાનો અવસર મળતો નથી. મંત્રની આરાધના દ્વારા એવી એવી શક્તિ પ્રાપ્ત થાય છે કે મનોવિકારો શાંત થઈ જાય છે. સદ્‌ભાવનાનો ઉદય થાય છે, વાસનાઓનું દમન થાય છે, અને સુસંસ્કાર ઉત્પન્ન થાય છે, જ્ઞાનનો પ્રકાશ ફેલાય છે. આ સ્તોત્ર મંત્રના નિરંતર સ્મરણ, ચિંતનથી આત્મામાં એક અદ્‌ભુત શક્તિ ઉત્પન્ન થાય છે જેના દ્વારા આત્મ-શોધ તો કરી જ શકાય છે, સાથે અદ્‌ભુત પ્રકારનાં અન્ય કાર્યો પણ સંપન્ન થાય છે.

આમ, સુખ-સંપદા, શાંતિ માટે ઉવસગ્ગહરં સ્તોત્રનું અતિ મહત્ત્વ છે, જેના દ્વારા સંપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

# ઉવસગ્ગહરં સ્તોત્ર - સર્વાંગી સમીક્ષા

ડૉ. નિરંજના વોરા

સ્તોત્રસર્જનનું મુખ્ય પ્રેરકબળ છે ભક્તિ, ઉપાસ્ય પરમાત્માના સ્વરૂપ ગુણાદિમાં ચિત્તને કેન્દ્રિત કરીને ઉપાસક તેની સ્તુતિ અને આરાધના કરે છે.

'સ્તુ' ધાતુમાંથી નિષ્પન્ન 'સ્તુતિ' શબ્દનો અર્થ છે આરાધ્યદેવની પ્રશંસા કે સ્તુતિ, સ્તવ, સ્તવન, સ્તુતિ અને સ્તોત્ર શબ્દો લગભગ સમાનાર્થી છે. સ્તુતિમાં વ્યક્તિ અને ભગવાન વચ્ચેનો સંબંધ પરોક્ષ હોઈ શકે છે, પણ સ્તોત્રમાં તો આરાધક પ્રત્યક્ષ રીતે જ ઈષ્ટદેવને સંબોધીને આર્દ્રહૃદયે પ્રાર્થના કરે છે.

'સ્તોત્ર'ના વ્યુત્પત્તિજન્ય અર્થ અનુસાર જેનાથી સ્તુતિ કરાય તે સ્તોત્ર - 'स्तूयते अनेन इति स्तोत्रम् ।' વ્યુપ્તત્તિજન્ય અર્થાનુસાર સ્તોત્ર દ્વારા આરાધ્યની સ્તુતિ એવો અર્થ નિષ્પન્ન થાય છે. આ સ્તોત્ર - કાવ્યપ્રકાર ભારતીય ઋષિઓનાં હૃદયનો પ્રથમ ઉદ્‌ગાર છે. વૈદિક સ્તોતા ક્રાન્તદ્રષ્ટા કવિ પણ છે. સ્તોત્ર ગાનાર સ્તોતા કહેવાતા. આ સ્તોત્રની વાણી અતઃકરણમાંથી સ્વતઃ પ્રસૂત હોવાને કારણે જ તે શુદ્ધ-કાવ્ય તરીકે પુરસ્કૃત થયું. આ સ્તોત્ર - કાવ્યપ્રકાર વિશ્વમાં પ્રાયઃ સર્વપ્રથમ ભારતીય ભૂમિ પર અંકુરિત થયો ને કાળના વારિસિંચનથી પલ્લવિત થયો. વિશ્વના વિવિધ દેશોમાં આદિમકાળથી મનુષ્યે પ્રકૃતિને ઉદ્‌બોધીને કરેલી પ્રાર્થનાઓમાં આ સ્તોત્ર-કાવ્યના મૂળ જોઈ શકાય છે, પરંતુ વેદની ઋચાઓમાં તેનું પરિશુદ્ધ કાવ્યસ્વરૂપ અને હૃદયસ્પર્શિતા જોવા - અનુભવવા મળે છે.

સમયની સાથે સાથે વિવિધ ધર્મ-સંપ્રદાયોમાં પણ ભક્તિભાવથી પ્રેરિત માનવહૃદયની ઊર્મિઓ સ્તુતિ, ભક્તિ, શરણાગતિ અને પ્રાર્થના સ્વરૂપે સ્તોત્ર-કાવ્યમાં અદ્યાપિપર્યંત પ્રગટતી રહે છે. સ્તોત્રની ગાથાસંખ્યા, રચના-પદ્ધતિ, વિષયનિરૂપણ અને ઈષ્ટદેવના અનુસંધાનની દૃષ્ટિએ સ્તોત્રના અનેક પ્રકારો જોવા મળે છે. મનુષ્ય અને ઈષ્ટદેવ વચ્ચેનો, આત્માનો પરમાત્મા સાથેનો રાગાત્મક પણ વિશુદ્ધ અનુબંધ તેમાં સધાય છે.

ભારતીય સંસ્કૃતિમાં હિંદુ, જૈન અને બૌદ્ધ - ત્રણે સ્તોત્ર પરંપરાઓ એક સાથે વિકસતી અને પરસ્પર પ્રભાવિત થતી રહી હોવા છતાં જૈન સ્તોત્ર-

કાવ્યોમાં પ્રગટ થતાં મંત્ર, યંત્ર અને ભાવનાશીલતાને કારણે તેનું એક નિજી - વિશિષ્ટ, આગવું સ્વરૂપ પ્રસ્ફુટિત થાય છે. જૈન ધર્મમાં 'ભક્તામર, કલ્યાણમંદિર, જયવીયરાય' વગેરે સ્તોત્રોની જેમ 'ઉવસગ્ગહરં સ્તોત્ર'નું પણ, સ્તોત્ર-યંત્ર અને મંત્રની ઉપાસનાની દૃષ્ટિએ ઘણું માહાત્મ્ય સ્વીકારાયું છે. તેના વિશે અનેક ટીકાગ્રંથો અને ભાષ્ય રચાયાં છે, તથા આ સ્તોત્ર મૂર્તિપૂજક સંપ્રદાયમાં મંદિરમાં જઈને નિત્ય-કર્મરૂપે કરાતા ચૈત્યવંદનમાં નિશ્ચિત સ્થાન પામેલું છે. જૈન ધર્મના અનેક ભક્ત-ઉપાસકો શ્રદ્ધાપૂર્વક એકસો આઠ, એકવીસ કે સાત વાર તેનો પાઠ કરે છે.

**સ્તોત્રના સ્વરૂપની દૃષ્ટિએ :**

ચૈત્યવંદન આદિમાં બોલાતી સ્તુતિઓ (કે ક્યારેક મંત્રો) માત્ર એક શ્લોક કે એક જ ગાથાની હોય છે અને સ્તવન કે સ્તોત્ર ઓછામાં ઓછા પાંચ ગાથાના હોય એવી પરિપાટી છે. એ દૃષ્ટિએ આ ઉવસગ્ગહરં સ્તોત્ર, સ્તોત્રની સંજ્ઞા માટે ઉપયુક્ત છે.

**સ્તોત્રના આરાધ્ય તીર્થંકરદેવ શ્રી પાર્શ્વનાથ :**

અપ્રતિમ માહાત્મ્ય ધરાવતા, જેમનાં દર્શન અને વાણી પ્રત્યેક ભક્ત-હૃદય માટે અતિ સન્માનને પાત્ર હતા અને ભગવાન મહાવીરે પણ જેમનો પુરુષાદાનીય પાર્શ્વ તરીકે અતિ આદરપૂર્વક ઉલ્લેખ કર્યો હતો, તેવા જૈન ધર્મના તેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ વિશેનું પ્રસ્તુત સ્તોત્ર સૂત્રાત્મક-રૂપે અને અત્યંત સંક્ષેપમાં તેમના વ્યાપક પ્રભાવને પ્રગટ કરે છે. સ્તોત્રની પ્રથમ ગાથામાં જ ભગવાનને 'मंगल' અને 'कल्याण'ના આવાસરૂપે તથા ચોથી - ગાથામાં 'चिंतामणि' અને 'कल्पपाद' તરીકે વર્ણવ્યા છે. કદાચ તેનાથી જ પ્રેરાઈને તેમના કોઈ ભક્ત-ઉપાસકે આ ચારે શબ્દોને વિશેષ નામરૂપે પ્રયોજીને 'मंगल, कल्याण, चिंतामणि અને कल्पपाद' નામની શ્રી પાર્શ્વનાથજીની ચાર મૂર્તિઓ બનાવીને ચતુર્મુખ, ચૌમુખજીરૂપે આબુ પર્વત ઉપર દેલવાડામાં ખરતરવસહીના પ્રથમ મજલામાં સ્થાપિત કરી છે. પૂર્વ દિશામાં मंगलकर પાર્શ્વનાથ, દક્ષિણ દિશામાં कल्याणकर પાર્શ્વનાથ, પશ્ચિમ દિશામાં मनोरथकल्पद्रुम અને ઉત્તર દિશામાં चिंतामणि પાર્શ્વનાથ છે. આ મૂર્તિઓ ભવ્ય અને નવ ફણાઓવાળી છે, જે ભગવાન પાર્શ્વનાથના માહાત્મ્યનો સાક્ષાત્કાર કરાવે છે. શ્રી પાર્શ્વનાથજીનું જીવનચરિત્ર તેમની અનુપમ કૃપા - કરુણા અને સિદ્ધિઓનો વિશુદ્ધ પરિચય કરાવે છે. પાર્શ્વનાથ

ભગવાન મંગલ અને કલ્યાણને કરનારા છે. ચિંતામણિરત્નની જેમ ચિંતાઓનું પરિહરણ કરે છે અને કલ્પવૃક્ષની જેમ મનોવાંછિતને મૂર્ત કરે છે.

**સ્તોત્રનું નિર્દિષ્ટ લક્ષ્ય અને 'उवसग्ग' શબ્દની વ્યુત્પત્તિ :**

સ્તોત્રના શીર્ષકને આધારે સ્પષ્ટ થાય છે તેમ આ સ્તોત્રનું લક્ષ્ય આધિ-વ્યાધિ-ઉપાધિરૂપ વિઘ્નો અને સર્પવિષ-ભૂતપ્રેત આદિથી થતા ઉપસર્ગોને સ્તુતિ દ્વારા દૂર કરાવવાનું છે.

'उवसग्ग' શબ્દ સંસ્કૃત 'उपसर्ग' શબ્દ સાથે સામ્ય ધરાવે છે. અર્થાત્ ધ્વનિપરિવર્તન અનુસાર उपसर्ग માંથી उवसग्ग શબ્દ બન્યો છે. उपसर्ग શબ્દ 'उप' ઉપસર્ગવાળા 'सृज' ધાતુથી બનેલો છે. તેનો અર્થ વિઘ્ન કે આધિ - વ્યાધિ-ઉપાધિરૂપ મુશ્કેલી એવો થઈ શકે, પરંતુ જૈન સાહિત્ય અનુસાર તેનો અર્થ અન્ય દ્વારા કરાયેલા ઉપદ્રવ એવો થાય છે. તેની વ્યાખ્યા આ રીતે કરવામાં આવે છે -

'जीव उपसृज्ये सम्बध्यते पीडादिभिः सह यस्मात् स उपसर्ग ।'

જેના દ્વારા જીવ દુઃખ - વેદના વગેરે સાથે સંબંધવાળો થાય છે તે ઉપસર્ગ છે.

**શ્રી હેમચંદ્રાચાર્ય 'અભિધાન ચિંતામણિ'** (૨.૩૯)માં 'उपसर्ग उपद्रवः' એવો અર્થ કરે છે.

આ ઉપસર્ગો ત્રણ પ્રકારના છે : ૧. દેવતાકૃત-ભૂત-પ્રેતાદિના ઉપસર્ગ (૨) મનુષ્ય દ્વારા મંત્ર-તંત્ર આદિ પ્રકારે થતા ઉપદ્રવ, (૩) તિર્યંચકૃત સિંહ, વ્યાઘ્ર, હાથી, મગર, સર્પ આદિથી ઉદ્ભવતા ઉપદ્રવ. **'અર્થકલ્પલતા'**માં આત્માને અનુભવવા પડતા ક્લેશાદિનો પણ આત્મસંવેદનીય એવો ચોથો પ્રકાર આપ્યો છે,

'उपसर्गा : दिव्य - मानुष - तैरश्चाऽऽत्मसंवेदनीयभेदाच्चतुरविधाः ।'

આ વિવિધ પ્રકારના ઉપસર્ગોને - ઉપદ્રવોને દૂર કરવા માટે સ્તોત્રમાં શ્રી પાર્શ્વનાથજીને શ્રદ્ધાપૂર્વક પ્રાર્થના કરવામાં આવી છે.

**સ્તોત્રના રચયિતા અને રચના-સમય :**

ઉવસગ્ગહરં સ્તોત્રના રચયિતા શ્રી ભદ્રબાહુ સ્વામી હોવાનો સ્પષ્ટ ઉલ્લેખ નીચેની ગાથામાં મળે છે :

उवसग्गहरं थोतं, काउणं जेण संघकल्लांण ।
करुणायरेण विहियं, स भद्दबाहु गुरु जयउ ॥

કરુણાપૂર્ણ હૃદયવાળા, જેમણે ઉપસગ્ગહરં સ્તોત્ર રચીને શ્રી સંઘનું કલ્યાણ કર્યું છે. તેવા શ્રી ભદ્રબાહુ સ્વામીનો જય થાઓ.

જૈન સાહિત્યમાં શ્રી ભદ્રબાહુ સ્વામીના વિવિધ ઉલ્લેખો મળે છે, પરંતુ આચાર્યશ્રી યશોભદ્રસૂરિના બીજા પટ્ટધર, છેલ્લા પૂર્વધર શ્રી ભદ્રબાહુ સ્વામીની અપેક્ષાએ આ સ્તોત્ર ઈ.સ.ની છટ્ઠી સદીની આસપાસ પ્રકાંડ જ્યોતિષી વરાહમિહિરના બંધુ મહાન આચાર્ય શ્રી ભદ્રબાહુ સ્વામીએ રચ્યું હોવાની સંભાવના સવિશેષ છે. તેમના ભાઈ વરાહમિહિરે મૃત્યુ બાદ વ્યંતર થઈને ગતજન્મના દ્વેષને કારણે, શ્રી સંઘમાં મહામારીનો ઉપદ્રવ કર્યો, ત્યારે તેનું શમન કરવા શ્રી ભદ્રબાહુ સ્વામીએ આ પ્રભાવક સ્તોત્ર રચી શ્રી સંઘને તેનો પાઠ કરવા જણાવ્યું. તેનાથી મહામારીનો ઉપદ્રવ દૂર થયો. તે સમયથી જ આ સ્તોત્રનો ઈહલૌકિક કલ્યાણ અર્થે શ્રી સંઘ અને જૈન ધર્મના ઉપાસકો દ્વારા પાટ કરવાનો આરંભ થયો. આ ભદ્રબાહુ સ્વામીએ 'આવશ્યક, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન...' વગેરે ગ્રંથોની નિર્યુક્તની અને અન્ય ગ્રંથોની રચના કરી હોવાના ઉલ્લેખો પણ મળે છે.

**સ્તોત્રની ગાથા સંખ્યા :**

આ સ્તોત્રના પાંચ ગાથાવાળા પાઠને સામાન્ય રૂપે માન્યતા મળેલી છે. પણ સમય જતાં તેમાં કેટલીક અન્ય ગાથાઓનો પણ પ્રક્ષેપ થયો છે. તેથી સાંપ્રત સમયમાં આ સ્તોત્રના ૯ ગાથાના, ૧૩ ગાથાના, ૧૭ ગાથાના, ૨૧ ગાથાના તથા ૨૭ ગાથાના પાઠો પણ પ્રચલિત બન્યા છે.

ઉવસગ્ગહરં સ્તોત્રના સર્વ ટીકાકારોએ આ સ્તોત્રની પાંચ ગાથાઓ પર જ ટીકા કરી છે. વળી **શ્રી રાજશેખરસૂરિએ 'ચતુર્વિંશતિપ્રબંધ'**માં જણાવ્યું છે કે - 'ततः पूर्वेभ्यं उद्धृत्य उवसग्गहरं पासं - इत्यादि स्तवनगाथा पञ्चकमयं सद्दब्धं गुरुभिः ।'

વળી પૂર્વ આચાર્યોમાંથી ઉદ્ધરણ લઈને **'ઉવસગ્ગહરં પાસં'** - એ શબ્દોથી શરૂ થતું પાંચ ગાથાવાળું સ્તવન ગુરુ વડે રચાયું.

વિક્રમની સોળમી સદીમાં થયેલા શ્રી જિનસૂર મુનિએ 'પ્રિયંકરનૃપ કથા'ના પ્રારંભમાં તથા વિક્રમની સોળમી સદીમાં થયેલા શ્રી હર્ષકીર્તિસૂરિએ કરેલી આ સ્તોત્રની ટીકામાં આ સ્તોત્ર પંચગાથાપ્રમાણ હોવાનો સ્પષ્ટ નિર્દેશ કર્યો છે. શ્રી હર્ષકીર્તિસૂરિએ કરેલી આ સ્તોત્રની ટીકામાં આ સ્તોત્ર પંચગાથા-પ્રમાણ હોવાનો સ્પષ્ટ નિર્દેશ કર્યો છે. શ્રી હર્ષકીર્તિસૂરિએ એવું

પણ પ્રતિપાદન કર્યું છે કે પૂર્વે આ સ્તોત્રની સાત ગાથાઓ હતી, પરંતુ ત્યાર પછી ભદ્રબાહુ સ્વામીએ તેની બે ગાથા ભંડારમાં સ્થાપિત કરી, એટલે અત્યારે પાંચ જ ગાથા પ્રવર્તે છે.

અર્થાત્ આ સ્તોત્રની ગાથા-સંખ્યાના સંદર્ભમાં મતભેદ પ્રવર્તે છે, તેમ છતાં ઉપરોક્ત સંદર્ભેને આધારે ઉવસગ્ગહરં સ્તોત્રના પાંચ ગાથાવાળા પાઠને સ્વીકૃતિ આપવી યથોચિત ગણાશે.

**સ્તોત્રની ગાથાઓની અર્થમીમાંસા :**

ઉવસગ્ગહરં સ્તોત્ર આગમ-આધારિત અને આધ્યાત્મિક-માર્ગે આગળ વધવા માટે પથપ્રદર્શરૂપ છે. તેના શાબ્દિક અર્થની સાથે તેમાં અંતર્નિહિત ગૂઢ આધ્યાત્મિક-રહસ્યને પ્રગટરૂપે પામવું એ પણ એટલું જ અનિવાર્ય છે.

પ્રથમ-ગાથાર્થ : પ્રથમ-ગાથા મંગલાચરણરૂપ છે.

**ગાથાર્થ** મનુષ્યોના સર્વ ઉપદ્રવોને હરનાર, પાર્શ્વયક્ષ જેમની સેવામાં છે અને જે કર્મરૂપી વાદળોના સમૂહથી મુક્ત (કર્મનાં આવરણોથી રહિત) છે, વિષધરના વિષનો નાશ કરનાર તથા મંગલ અને કલ્યાણના નિવાસરૂપ છે, તેવા ભગવાનશ્રી પાર્શ્વનાથને હું વંદન કરું છું.

**વિશેષાર્થ** : 'उवसग्गहरं' અર્થાત્ ઉપસર્ગોને દૂર કરનાર. पासं શબ્દ દ્વારા તેમના સેવક પાર્શ્વયક્ષનું સૂચન થયું છે. પાર્શ્વયક્ષની સાથે ધરણેન્દ્ર, પદ્માવતી આદિનું સામીપ્ય પણ વ્યંજિત છે.

**પુન** : 'पासं(पार्श्व)'નો અર્થ છે. સ્તોત્રના આરાધ્યદેવ તેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ ભગવાન.

'वंदामि'-માં દ્રવ્યવંદન અને ભાવવંદનની સાથે નમ્રતા અને કૃતજ્ઞતાનો ભાવ પણ સમાયેલો છે. ભક્ત મન, વચન અને કાયાથી પ્રશસ્ત રીતે ભગવાનને વંદન કરે છે. 'कम्मघणमुक्कं' - અર્થાત્ જ્ઞાનાવરણીય આદિ આઠ પ્રકારનાં કર્મના આવરણથી રહિત થવામાં સર્વજ્ઞતા અને સર્વદર્શિતા પ્રાપ્તિનો ભાવ પણ અંતર્નિહિત છે. તેથી શ્રી પાર્શ્વનાથ સર્વજ્ઞ અને સર્વદર્શી હોવાનું પણ સૂચવાય છે. રાગ-દ્વેષ એ કર્મનાં બીજ છે, તેથી અહીં ભગવાન રાગ-દ્વેષરહિત હોવાનો ભાવ પણ પ્રગટ થાય છે.

'विषहर' (વિષધર) - 'विषं धरतीति विषधरः ।' જે વિષને ધારણ કરે છે તે વિષધર છે. તેનો પ્રસિદ્ધ અર્થ સર્પ કે નાગ છે. તેમના 'विष'નો

'निन्नासं' અર્થાત્ નાશ કરનાર. 'विष' શબ્દનો બીજો અર્થ મિથ્યાત્વ કષાય આદિ ભાવવિષ પણ સૂચવી શકાય. 'ઉત્તરાધ્યયન સૂત્ર'ના નવમા અધ્યયનમાં કામભોગને વિષ કહ્યા છે. ભગવાન કામભોગ અને 'રાગદ્વેષ જેવા વિષનો નાશ કરીને પરમાત્મપદની પ્રાપ્તિ કરાવે છે.

'मंगल-कल्लाण-आवासं' અર્થાત્ મંગલ અને કલ્યાણના આવાસરૂપ અથવા કલ્યાણને રહેવાનું સ્થાન. પરમ મંગલમય, પરમ કલ્યાણમય. 'मंगल' એટલે વિઘ્નની ઉપશાંતિ અને 'कल्याण' એટલે સંપત્તિનો ઉત્કર્ષ. **'શ્રી અર્થકલ્પલતા'**માં જણાવ્યું છે તે અનુસાર -

'तथा मङ्गलानि च विपदुपशमरूपाणि, कल्याणानि च सम्पदुत्कर्षरूपाणि।'

**'વિશેષાવશ્યકભાષ્ય'**માં **'મંગલ'** શબ્દનો અર્થ આ પ્રમાણે છે -

'मंगिज्जएऽधिगम्मइ जेण हिअं तेण मंगलं होई ।
अहवा मंगो धम्मो, तं लाई तयं समादत्ते ॥'

જેના વડે હિત સધાય તેને મંગલ કહે છે અથવા જે મંત્ર એટલે ધર્મને લાવે - પ્રાપ્ત કરાવે તે મંગલ. અથવા એમ પણ કહેવાયું છે કે -

'मंङ्गातिहितार्थे सर्पतीति मंगलम् ।

લોકોના હિત માટે પ્રવર્તે છે અને દુર્ભાગ્યનો ક્ષય કરે છે તે મંગલ. તે ઉપરાંત, 'मं गलयति इति मंगल' - અર્થાત્ મમત્વને - 'હું'પણાને - અહંકારને ગાળી નાખે તે પણ મંગલ છે.

પ્રસ્તુત ગાથામાં આધ્યાત્મિક રહસ્યને પ્રગટ કરતો અર્થ પણ સમાયેલો છે. કેવળજ્ઞાની પાર્શ્વનાથ ભગવાનનું નામસ્મરણ, આત્માને આવરિત કરનાર આઠ કર્મોરૂપી ઉપદ્રવોને દૂર કરે છે અને પરમાત્માની આરાધનામાં વિષસમાન - વિઘ્ન કરનાર રાગ-દ્વેષ અને કામભોગ જેવી વૃત્તિઓનો ક્ષય કરે છે. તે મંગળ એટલે મમત્વને ગાળનાર અને કલ્યાણ અર્થાત્ આત્માના આનંદસ્વરૂપ છે.

**દ્વિતીય ગાથાર્થ** : જે મનુષ્ય શ્રી પાર્શ્વનાથ ભગવાનનું નામ ગર્ભિત 'विषहर' અને 'फुल्लिंग' શબ્દો જેમાં છે તેવો મંત્રને નિરંતર કંઠ વિશે ધારણ કરે છે (સ્મરણ કરે છે) તેના (સૂર્યાદિ) ગ્રહોની વિપરીત અસર, રોગ-મરકી(મહામારી)નો ઉપદ્રવ અને દુષ્ટ જ્વર ઉપશાંત થાય છે.

**વિશેષાર્થ** : આ ગાથામાં મંત્રપૂર્વક શ્રી પાર્શ્વનાથ ભગવાનનું નામકીર્તન કરવાનું સૂચન છે. આ ગાથામાં સૂચિત મંત્ર 'नमिउण पास विसहर वसह

जिणफुलिंग' છે. તેના અઢાર અક્ષરની વિશિષ્ટ રચનાને વિષધર સ્ફુલિંગ મંત્ર કહેવામાં આવે છે.

'कंठे धारेइ जो सया मणुओ' અર્થાત્ જે મનુષ્યો તેનો સતત જાપ કરે છે. તેના 'गहरोग मारी-दुट्ठजरा' અર્થાત્ સૂર્ય, ચંદ્ર વગેરે નવ ગ્રહોની વિઘ્નકારી અસરો, વાત, પિત્ત અને કફજન્ય તથા સન્નિપાતજન્ય રોગો કે વિષમ વ્યાધિઓ, મહામારી કે અનેક મનુષ્યોને મરણને પ્રાપ્ત કરાવનાર રોગચાળો તથા દાહજ્વર, વાતજ્વર, વિષમજ્વર આદિ નિયંત્રણમાં લાવવા મુશ્કેલ એવા જ્વર વગેરેનું 'जंति उवसामं' અર્થાત્ શમન કરે છે.

આધ્યાત્મિક દૃષ્ટિએ જોઈએ તો રાગદ્વેષ અને મિથ્યાત્વ આદિરૂપ વિષને હરવામાં મહાશક્તિ સંપન્ન પરમ પ્રાભાવિક જિનેશ્વર પાર્શ્વનાથ ભગવાનને હું નમન કરું છું - તેવો તેનો અર્થ થાય છે. કષાયરહિત મનોસ્થિતિ શુદ્ધ-આત્મસ્વરૂપને પામવા માટે આ મંત્રનો નિરંતર જાપ કરવો તે આધ્યાત્મિક આરાધના છે. આ મંત્રની ઉપાસનાનું ભૌતિક ફળ વિપરીત ગ્રહદશા, આધિ, વ્યાધિ, રોગાદિનો નાશ અથવા ઉપશાંતિ છે, પણ તેની આધ્યાત્મિક-સિદ્ધિ તે - શુદ્ધ આત્મસ્વરૂપ પ્રાપ્ત થતાં સમ્યક્‌દર્શન કે સમકિતની ઉપલબ્ધિ થવી તે છે - જેનો નિર્દેશ આ સ્તોત્રની ચોથી ગાથામાં થયો છે.

**તૃતીય ગાથાર્થ** : હે પ્રભુ, મંત્રજાપ તો દૂર રહો, પરંતુ તમને કરેલા પ્રણામ માત્ર પણ મહદ્ ફળદાયક છે. (પ્રણામને કારણે) જીવ - મનુષ્ય કે પશુપંખીના સ્વરૂપે હોય તો પણ દુઃખ કે દુર્ગતિ પામતા નથી.

**વિશેષાર્થ** : **'ષડાવશ્યક સૂત્ર' અને 'ઉત્તરાધ્યયન સૂત્ર'**ના ઓગણ-ત્રીસમા અધ્યયનમાં વંદના અર્થાત્ પ્રણામને માહાત્મ્ય વિસ્તારથી દર્શાવ્યું છે. પ્રસ્તુત ગાથામાં પણ વંદનાનું મહત્ત્વ કેટલું અત્યાધિક છે, તેનું નિદર્શન છે. 'चिट्ठउ दूरे भंतो' અર્થાત્ મંત્રજાપ ભલે ન થઈ શકે તો પણ 'तुज्झ पणामो वि बहुफलो होई' તમને શ્રદ્ધાપૂર્વક કરેલા પ્રણામ બહુ ફળને પ્રદાન કરનારા છે. 'नर-तिरिएसु जीवा' અર્થાત્ નર એટલે કે મનુષ્યયોનિમાં ઉત્પન્ન થાય તો સર્વ પ્રકારનું સૌભાગ્ય આરોગ્ય, ધન-ધાન્યાદિ સમૃદ્ધિને પ્રાપ્ત કરનાર હોય છે અને તિર્યંચમાં ઉત્પન્ન થયેલા હોય તો પણ કનક, રત્ન, ચિંતામણિ, કલ્પદ્રુમ, પટ્ટતુરંગમ અથવા જયકુંજરાદિ રૂપ ઉત્પન્ન થાય છે અને સુખ-સન્માન પામે છે. પ્રભુને પ્રણામ કરનારા જીવો દુઃખ અને દારિદ્ર્યને તો પ્રાપ્ત થતા જ નથી.

આધ્યાત્મિક-દષ્ટિએ જોઈએ તો પ્રભુને વંદના કરવાથી જીવે જો નીચગોત્ર પામે તેવાં કર્મ બાંધ્યાં હોય તો તેની નિર્જરા થાય છે અને ઉચ્ચકુળ(ગોત્ર)માં જન્મ પામે તેવાં કર્મો બાંધે છે. આ ગાથામાં વંદનથી દુઃખમુક્તિ પ્રાપ્ત થવાનું એને દુર્ગતિ કે દુર્ભાગ્યથી સુરક્ષિત રહેવાનું ફળ નિર્દિષ્ટ થયું છે.

**ચતુર્થ ગાથાર્થ** : હે પ્રભુ, ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષથી પણ અધિક ફળદાયી એવું તમારું સમ્યક્ત્વ પામવાથી જીવો નિર્વિઘ્નપણે અજરામર-સ્થાનને અર્થાત્ મોક્ષને પામે છે.

**વિશેષાર્થ** : શ્રી પાર્શ્વનાથ સ્વામીના સમ્યક્ત્વનો મંગળ મહિમા આ ગાથામાં દર્શાવવામાં આવ્યો છે. 'तुह सम्मत्ते लद्धे' અર્થાત્ તમારા (પ્રભુના) સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થવાથી. આ પદોમાં સાત સપ્તમીનો પ્રયોગ છે, જૈનદર્શનમાં સમ્યક્ જ્ઞાન, દર્શન અને ચારિત્ર - એ ત્રિરત્નનું અપૂર્વ માહાત્મ્ય છે. 'सम्यक्' શબ્દ પ્રશંસાનો ભાવ દર્શાવે છે. સમ્યગ્નું ભાવ સ્વરૂપ તે સમ્યક્ત્વ છે. 'સમ્યક્' શબ્દ જીવનત્વનું પણ સૂચન કરે છે. તેનો શુદ્ધ શ્રદ્ધારૂપ પરિણામભાવ એટલે સમ્યક્ત્વ. આમ, સમ્યગ્દર્શનથી જીવ પોતાના મૂળભાવને પામે છે. સમ્યક્ત્વના વિવિધ અર્થ પણ દર્શાવવામાં આવ્યા છે. **શ્રી હરિભદ્રસૂરિજીએ** 'ततत्थ सद्दहणं संम्मतं' તત્ત્વોના અર્થની શ્રદ્ધા તે સમ્યક્ત્વ એક જણાવ્યું છે. **શ્રી ઉમાસ્વાતિજીએ** પણ તેનું જ પ્રતિપાદન કરતાં 'तत्त्वार्थश्रद्धांन सम्यग् दर्शनम्' એમ જણાવ્યું છે. વ્યવહાર-દષ્ટિએ તેને સમકિત પણ કહે છે.

'તત્ત્વ' શબ્દની વિચારણા પરમાર્થથી - નિશ્ચયનય અને વ્યવહારનય એમ બે રીતે કરવામાં આવે છે. પરમાર્થ-દષ્ટિએ જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ - એ નવ તત્ત્વોમાં શ્રદ્ધા રાખવી તે સમ્યક્ત્વ છે. અને વ્યવહાર-દષ્ટિએ સુદેવ, સુગુરુ અને સુધર્મમાં શ્રદ્ધા રાખવી તે પણ સમ્યક્ત્વ છે. શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સમ્યક્ત્વ એટલે શ્રી પાર્શ્વનાથ ભગવાનમાં દેવ તરીકેની અનન્ય શ્રદ્ધા રાખવી.

'चिंतामणिकप्पपायवब्भहिए' અર્થાત્ ચિંતામણિરત્ન અને કલ્પ-વૃક્ષથી પણ અધિક ફળદાયી, ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષ - બંને જીવને મનોવાંછિત ધન-ધાન્ય, રિદ્ધિ-સિદ્ધિ-સમૃદ્ધિ અર્પે છે - ચિંતિત અર્થને - ઈચ્છાને સદ્ય પરિપૂર્ણ કરે છે.

'पावंति अविग्घेणं जीवा' એટલે કે જીવો નિર્વિઘ્નપણે કોઈ પણ પ્રકારની મુશ્કેલી વગર - સરળતાથી પ્રાપ્ત કરે છે.

'अयरामरं ठाणं'નો અર્થ છે અજરામરસ્થાનને - મોક્ષને, જ્યાં જરા એટલે વૃદ્ધાવસ્થા નથી તે અજર અને જ્યાં મરણ-મૃત્યુ નથી તે અમર. અહીં 'अ' ઉપસર્ગ અભાવવાચી છે. અજર અને અમર તે અજરામર.

'ठाणं' એટલે સ્થાન. આવું અજરામરસ્થાન લોકના અગ્રભાવે આવેલી સિદ્ધશિલામાં રહેલું છે. ત્યાં સિદ્ધત્વ પામેલા સર્વજીવો સ્થિર થાય છે, તેને જ મોક્ષ પણ કહેવાય છે.

આધ્યાત્મિક-દૃષ્ટિએ જોઈએ તો મોક્ષમાર્ગે આગળ વધતા જીવની ક્રમિક અવસ્થાનું નિદર્શન છે. તેમાં શ્રી પાર્શ્વનાથના ઉપદેશથી પ્રાપ્ત થતા સમ્યગ્દર્શનનું પરંપરાગત ફળ મોક્ષપ્રાપ્તિનું દર્શાવ્યું છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થયા પછી જ જીવ કાળક્રમે સમ્યગ્જ્ઞાન અને ત્યાર પછી સમ્યક્-ચારિત્રની પ્રાપ્તિ કરે છે. આ રત્નત્રયીના પરિણામે જ તે અજરામરસ્થાન એટલે કે મોક્ષને પ્રાપ્ત કરે છે. મોક્ષમાર્ગનું પ્રસ્થાન સમ્યગ્દર્શનથી જ આરંભાય છે, જેથી પાર્શ્વનાથ-પ્રભુના ઉપદેશથી જ સુલભ અને નિર્વિઘ્ન બનતું અહીં વર્ણવાયું છે.

આ ગાથામાં લઘુ ઓગણત્રીસ અને છ ગુરુ અક્ષર મળીને કુલ પાંત્રીસ અક્ષરો છે.

**પંચમી ગાથાર્થ** : હે મહાયશસ્વી પ્રભુ, આ પ્રમાણે ભક્તિથી સભરહૃદય વડે મેં તમારી સ્તુતિ કરી છે. તેથી હે પાર્શ્વનાથ જિનચંદ્ર દેવ ! મને ભવો-ભવ બોધિ એટલે સમકિત આપો.

પૂર્વોક્ત ગાથાઓમાં ભક્તિસભર હૈયે સ્તુતિ કરવાના ફળરૂપે સ્તોત્રની આ અંતિમ ગાથામાં 'બોધિ' માટે પ્રાર્થના કરવામાં આવી છે.

**વિશેષાર્થ** : તામસિક, રાજસિક અને સાત્ત્વિકી ભક્તિના ત્રણ પ્રકારો-માંથી, બોધિ એટલે રત્નત્રયીની પ્રાપ્તિ માટેના પ્રાર્થનાભાવને પ્રગટ કરતી આ ગાથા સાત્ત્વિકી ભક્તિનું દૃષ્ટાંત છે. આધ્યાત્મિક-માર્ગે પ્રગતિ કરવાની વિશુદ્ધિ ઝંખના તેમાં અભિવ્યક્ત થઈ છે, તે ઉત્કૃષ્ટ ભક્તિનું ઉદાહરણ છે.

'इअसंथुओ महायस' અર્થાત્ આ પ્રમાણે, મારા વડે સારી રીતે જેની સ્તુતિ કરાઈ છે તેવા મહાન યશવાળો - ત્રૈલોક્યવ્યાપી કીર્તિવાળા (શ્રી પાર્શ્વનાથ-પ્રભુ). શ્રી પાર્શ્વનાથ ભગવાનના અપ્રતિમ મહિમાનું પણ

અહીં ગર્ભિત સૂચન છે, એવા મહિમાને કારણે એમણે ત્રણે લોકમા - દિગંતવ્યાપી કીર્તિ પ્રાપ્ત કરી છે.

'**भत्तिभरनिब्भरेण हियएण**' એટલે કે આત્યંતિક ભક્તિથી પરિપૂર્ણ હૃદય વડે. ભજ્ એટલે કે ભજવું ધાતુ ઉપરથી 'ભક્તિ' શબ્દ બન્યો છે. ભગવાનના નામસ્મરણ, જપ, કીર્તન, પૂજન, અર્ચન, સેવા, વંદન, ધ્યાન વગેરે ભક્તિભાવને પ્રગટ કરનારી બાહ્યક્રિયાઓ છે. અનન્ય શ્રદ્ધાથી ભગવાન સાથે સાયુજ્ય સાધી તેમની સેવા-પૂજા-સ્તવન આદિ કરવું તે ભક્તિ છે. આ ભક્તિ બે પ્રકારે થાય છે - (૧) દ્રવ્યથી અને (૨) ભાવથી. ભક્તિથી પૂર્વના અનેક ભવોનાં સંચિત કરેલાં કર્મોનો ક્ષય થાય છે. ભાવભક્તિનું વિશેષ માહાત્મ્ય છે. તેથી અહીં પણ સ્તુતિકાર ભક્તિપૂર્ણ હૃદયથી અંતઃકરણથી સ્તુતિ કરી હોવાનું જણાવે છે.

ત્યાં **ता देव** એટલે કે તેથી હે દેવ ! અહીં દેવ શબ્દ દ્વારા શ્રી પાર્શ્વનાથ-પ્રભુને સંબોધન કરવામાં આવ્યું છે. દેવ એટલે કે '**दीव्यते - स्तुयते त्रिजगज्जनैरिति देवः ।**' - ત્રણે જગતના લોકો દ્વારા જેની સ્તુતિ કરવામાં આવે છે તે દેવ છે. 'દીવ' ધાતુ પરથી 'દેવ' શબ્દની વ્યુત્પત્તિ થઈ છે.

'**दिज्ज बोहिं**'નો અર્થ છે - મને બોધિ આપો. બોધિનો અર્થ રત્નત્રયી થાય છે. '**અર્થકલ્પલતા**'**માં જણાવ્યું છે** તે પ્રમાણે '**बोधि रत्नत्रयीं प्रासिं प्रेत्य जिनधर्मावासिं वा**' - બોધિ એટલે સમ્યગ્ ચારિત્રરૂપ રત્નત્રયીની પ્રાપ્તિ અથવા જૈન ધર્મની ઉપલબ્ધિ. **હર્ષકીર્તિસૂરિની ટીકામાં** '**बोधि - तत्त्वज्ञानं, सम्यज्कत्वम्**' - બોધિ એટલે તત્ત્વજ્ઞાન, સમ્યક્ત્વ એવું જણાવ-વામાં આવ્યું છે. અન્યત્ર '**बोहिं**' શબ્દથી જિનપ્રણીત ધર્મ એવું પણ દર્શાવવામાં આવ્યું છે. રત્નત્રયીનો અર્થ વધુ સુસંગત લાગે છે.

'**भवे भव**' એટલે પ્રત્યેક જન્મમાં અને '**पास जिणचंद**' એટલે જિનમાં ચંદ્રસમાન(શ્રેષ્ઠ એવા) હે પાર્શ્વનાથ ! તે સંબોધન છે. જિન અર્થાત્ જેમણે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું છે તેવા કેવળજ્ઞાની જનોમાં ચંદ્રસમાન એટલે કે શ્રેષ્ઠ એવા શ્રી પાર્શ્વનાથ ભગવાન, આધ્યાત્મિક-દૃષ્ટિએ જોઈએ તો શ્રદ્ધા અને ભક્તિસભર હૃદયથી કરેલી સ્તુતિ બોધિજ્ઞાનની ઉપલબ્ધિ કરાવે છે, તે સત્યનું અહીં પ્રતિપાદન થયું છે. '**ઉત્તરાધ્યયન સૂત્ર**'**ના ઓગણત્રીસમા અધ્યયનમાં** સ્તુતિમંગલનાં ફળનો નિર્દેશ કરતાં જણાવ્યું છે કે - 'સ્તવન કે સ્તુતિમંગલનો પાઠ કરવાથી સમ્યક્ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ બોધિ-રત્નત્રયી પ્રાપ્ત થાય છે અને મોક્ષમાર્ગે આગળ વધીને મોક્ષપ્રાપ્તિ કરે છે.'

આ પ્રમાણે સ્તોત્રનો આરંભની પ્રથમ-ગાથામાં ઘાતી* કર્મોથી મુક્ત, આત્મધ્યાનમાં બાધક એવા રાગદ્વેષાદિ કષાયરૂપ વિષને હરનાર અને મંગલ તથા કલ્યાણના આવાસરૂપ શ્રી પાર્શ્વનાથ ભગવાનને વંદન કર્યા છે, તેમને માટે 'कम्मघणमुक्कं' વિશેષણ પ્રયોજીને તેમની સર્વજ્ઞતા અને સર્વદર્શિતાનો નિર્દેશ કરવામાં આવ્યો છે. 'विषहर' શબ્દ પણ તેમનો વિશિષ્ટ લોકોત્તર પ્રભાવ પ્રગટ કરે છે. શ્રી પાર્શ્વનાથ પ્રભુનાં જીવનચારિત્રમાં દેવતા અને મંત્રોના પ્રભાવનાં વર્ણનો વાંચતાં સમજાય છે કે જ્યારે તેઓ સ્વદેહે આ પૃથ્વી પર વિચરણ કરતા હતા, ત્યારે તેમના નામસ્મરણમાત્રથી જ સર્પનો ઉપદ્રવ શમી જતો હતો. તેમના મંત્રોનો પણ એ પ્રભાવ જળવાઈ રહ્યો છે. 'विषहर' વિશેષણનો પ્રયોગ તેમના વિશિષ્ટ માહાત્મ્યનો સૂચક છે. પ્રથમ-ગાથાના પદો દ્વારા શ્રી પાર્શ્વનાથ ભગવાનને એક સાકાર ચિત્ર આપણા મનઃચક્ષુ સમક્ષ પ્રગટ થાય છે. બીજી-ગાથામાં વિષહર ફુલ્લિંગ મંત્રનું નામસ્મરણ, જાપ કે અનુષ્ઠાનથી રોગ, મરકી અને વિપરીત ગ્રહ-દશાનો નાશ થવાના ભૌતિક-લાભ સાથે આધ્યાત્મિક-માર્ગનાં વિઘ્નો પણ શમી જાય છે, તેનું સૂચન છે. ત્રીજી-ગાથામાં તેમના વંદનનું માહાત્મ્ય દર્શાવીને ચોથી-ગાથામાં તેનાથી ઉપલબ્ધ થતા સમ્યગ્દર્શન અને અજરા-મરસ્થાનનો મહિમા વર્ણવ્યો છે. અને અંતિમ-ગાથામાં સ્થૂળ ભૌતિક-સમૃદ્ધિને બદલે બોધિ એટલે રત્નત્રયીની પ્રાપ્તિ માટે હૃદયપૂર્વક પ્રાર્થના કરવામાં આવી છે. આ પ્રમાણે સમગ્ર સ્તોત્રમાં આધ્યાત્મિક-માર્ગે ક્રમશઃ આગળ વધીને, મોક્ષપ્રાપ્તિ માટે શ્રી પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ કે મંત્રજાપ કેવી રીતે પ્રેરક-સહાયક બની શકે છે. તેનું માહાત્મ્ય સમજાવ્યું છે. તેમનું સ્મરણ કરતાં દુઃખ અને દુરિતનો નાશ થાય છે, સંપત્તિનો ઉત્કર્ષ થાય છે અને નિઃશ્રેયસની પ્રાપ્તિ થાય છે.

**છંદરચના :**

આ સ્તોત્રની રચના ગાહાછંદ કે ગાથાછંદમાં થયેલી છે. પહેલાં ચરણમાં બાર માત્રા, બીજા ચરણમાં અઢાર માત્રા, ત્રીજા ચરણમાં બાર માત્રા અને ચોથા ચરણમાં પંદર માત્રા - તે ગાહાછંદનું લક્ષણ આ સ્તોત્રની ગાથાઓમાં પણ જોવા મળે છે.

પ્રથમ-ગાથામાં બત્રીસ લઘુ-અક્ષર અને પાંચ ગુરુ-અક્ષર મળીને કુલ સાડત્રીસ અક્ષરો છે. બીજી-ગાથામાં છત્રીસ-લઘુ અને બે-ગુરુ કુલ આડત્રીસ અક્ષરો છે. ત્રીજી-ગાથામાં તેત્રીસ-લઘુ અને ચાર-ગુરુ મળીને કુલ આડત્રીસ અક્ષરો છે. ચોથી-ગાથામાં ઓગણત્રીસ-લઘુ અને છ-ગુરુ મળીને

કુલ પાંત્રીસ અક્ષરો છે. પાંચમી-ગાથામાં ચોત્રીસ-લઘુ અને ચાર-ગુરુ મળીને આડત્રીસ અક્ષરો છે. આમ પાંચે ગાથાઓમાં કુલ વીસ-પદ, એકવીસ-ગુરુ-અક્ષર અને એકસો ચોસઠ-લઘુ અક્ષરો મળીને એકસોને પંચાસી અક્ષરો છે.

**સ્તોત્રનું નામાભિધાન :**

આ સ્તોત્રનો પ્રારંભ 'उवसग्गहरं' શબ્દથી થતો હોવાથી ઉવસગ્ગહરં સ્તોત્ર તરીકે ઓળખાય છે. તેનો સંસ્કૃત સંસ્કાર 'उपसर्गहरस्तोत्र, उपसर्गहरस्तव કે उपसर्गहरस्तवन' છે. 'उपसर्गहरणस्तोत्र' તરીકે પણ ક્યારેક ઉલ્લેખ થયો છે. પ્રસ્તુત સ્તોત્રમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ હોવાથી તેને 'पार्श्वजिनलघुस्तुति કે पार्श्वस्तवन' તરીકે પણ તેનો ઉલ્લેખ થયો છે.

**સ્તોત્રના યંત્ર તથા મંત્ર :**

સ્તવન તથા સ્તોત્રનો ઉદ્દેશ્ય લગભગ સમાન હોવા છતાં, તેમાં કેટલીક વિભિન્નતા પણ છે. સ્તવનમાં મુખ્યત્વે પ્રભુને વંદન, તેમના ગુણની સ્તુતિ - પ્રશંસા અને પ્રાર્થના હોય છે. જ્યારે સ્તોત્રમાં મંત્ર તથા યંત્ર પણ ગુહ્ય રીતે કે અપ્રગટપણે ઉપલબ્ધ હોય છે. ઉવસગ્ગહરં સ્તોત્ર તેમનાં મંત્ર તથા યંત્રની દૃષ્ટિએ વિશિષ્ટ માહાત્મ્ય ધરાવે છે. તેની પ્રત્યેક ગાથાઓમાં મંત્ર તથા યંત્ર સમાવિષ્ટ છે. ભારતીય મંત્રશાસ્ત્ર ધ્વનિવિજ્ઞાન અને ભાષા-શાસ્ત્રનું સંયોગી અનુશાસન છે. વૈજ્ઞાનિક તથ્યોનું નિરૂપણ કરતાં ગ્રંથોની જેમ જ મંત્રશાસ્ત્રની પોતાની સ્વયંસિદ્ધિઓ, પ્રાક્કલ્પનાઓ, સિદ્ધાંત, પ્રવિધિ અને પોતાનું ક્ષેત્ર હોય છે. (પરિશિષ્ટમાં કેટલાંક યંત્રો પ્રસ્તુત કર્યાં છે.)

સ્તોત્રની પ્રથમ ગાથામાં આઠ યંત્રોનું વિધાન આ પ્રમાણે છે :

(૧) જગદ્વલ્લભકર યંત્ર : તેનાથી જગત એટલે કે જનતાનો પ્રેમ - આદર પ્રાપ્ત કરી શકાય.

(૨) સૌભાગ્યકર યંત્ર : સૌભાગ્યની વૃદ્ધિ માટે.

(૩) લક્ષ્મીવૃદ્ધિકર યંત્ર : લક્ષ્મી-સમૃદ્ધિની વૃદ્ધિ માટે.

(૪) ભૂતાદિનિગ્રહકર યંત્ર : ભૂત વગેરેનો નિગ્રહ થઈ શકે.

(૫) જ્વરનિગ્રહકર યંત્ર : જ્વર એટલે વિવિધ પ્રકારના તાવને નિયંત્રણમાં લાવી શકાય.

(૬) શાકિનીનિગ્રહકર યંત્ર : શાકિની(મેલીવિદ્યાનો પ્રયોગ કરનાર સ્ત્રી કે મૃત્યુ પછી પ્રેતયોનિમાં રહેનાર સ્ત્રી)નો નિગ્રહ કરવા માટે.

(૭) વિષમવિષનિગ્રહકર યંત્ર : તીવ્ર કે વિષમ-વિષનો નાશ કરવા માટે.

(૮) ક્ષુદ્રોપદ્રવનિર્નાશ યંત્ર : સર્વ ક્ષુદ્ર ઉપદ્રવોનો નાશ થઈને સર્વ પ્રકારની સિદ્ધિ-સંપત્તિ પ્રાપ્ત કરવા માટે.

યંત્ર-રચનાના માર્ગદર્શન માટે પ્રથમ **જગદ્‌વલ્લભકર યંત્રની રચના** પદ્ધતિ જોઈએ :

યંત્રની મધ્યમાં 'ॐ'કાર લખીને તેની અંદર દેવદત્ત એટલે કે સાધકના નામાક્ષર લખવા. તેની ફરતી ચાર પાંખડીઓમાં પાર્શ્વનાથ શબ્દનો એક-એક અક્ષર લખીને તેના બહાર ભાગમાં 'हर हर' એ શબ્દો લખવા પછી તેના ઉપર વલ્યાકારે 'ह हा हि ही हु हू हे है हो हौ हं हः'

આ બાર અક્ષરો લખવા. પછી માયાબીજ એટલે 'ह्रीँ' કારના ત્રણ આંટાથી વેષ્ટન કરવું.

આ યંત્ર કેસર, ગોરુચંદન વગેરે સુગંધી પદાર્થોથી ભોજપત્ર પર સુવર્ણ અથવા દાડમ વગેરેની કલમથી, સર્વ રીતે પવિત્રતા જાળવાની લખવાનું હોય છે.

અન્ય યંત્રોની રચનાપદ્ધતિમાં મંત્ર, અક્ષર વગેરે દૃષ્ટિએ થોડી ભિન્નતાઓ હોય છે. (કેટલાંક યંત્રોનાં ચિત્ર પરિશિષ્ટમાં આપ્યાં છે.)

પ્રથમ-ગાથાના આ સર્વ યંત્રોની પૂજા માટે *'ॐ ह्रीँ श्री हर हर स्वाहा'* - આ એક જ મંત્ર છે, શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા પાસે, સવારે અને સાંજે એકસો આઠ વખત શ્વેત-પુષ્પો વડે તેનો જપ કરવાનું વિધાન છે.

પ્રથમ-ગાથામાં આ ઉપરાંત ટીકાકારોએ પાર્શ્વયક્ષનો મંત્ર, પાર્શ્વ-યક્ષિણીનો મંત્ર, શ્રી ઘોણમંત્ર. (૧) શ્રી ઘોણમંત્ર, (૨) સર્વજ્વરનાશન મંત્ર અને અન્ય કેટલાક મંત્રોનો પણ નિર્દેશ કર્યો છે.

દ્વિતીય-ગાથામાં (૧) સર્વસંપદાકે બૃહદ્‌ચક્ર અને (૨) ચિંતામણિચક્ર એ બે યંત્રો દર્શાવ્યાં છે. તેનાથી રોગાદિનો નાશ થઈને સર્વ પ્રકારની સંપત્તિ પ્રાપ્ત થાય છે. આ ગાથાના મુખ્ય મંત્ર : *(१) ॐ पार्श्वनाथाय ह्रीँ नमः ।'* અને *(२) 'ॐ नमिउण पास विसहर वसह जिण फुलिंग ।'* છે. તેના આરંભ કે અંતમાં બીજાક્ષરો પણ યોગ્ય રીતે લખવામાં આવે છે.

જેમ કે - *'ॐ ह्रीँ श्रीँ अर्हं नमिउण पास विसहर वसह जिण फुलिंग ॐ ह्रीँ श्रीँ (अर्हं) नमः ।'*

તૃતીય-ગાથામાં વંધ્યાશબ્દાપહ યંત્ર, કાકવંધ્યાદોષનિવારણ યંત્ર, બાલગ્રહપીડાનિવારણ યંત્ર, (દ્વિતીય) સૌભાગ્યકર યંત્ર તથા અન્ય વિવિધ

યંત્રો સમાવિષ્ટ છે. આ ગાથાના મુખ્ય મંત્રો ક્રમશઃ *'ॐ ह्रीँ ष्रूँ नमो अरिहंताणं ह्रीँ नमः'* અને *ॐ ह्रीँ ऐं श्रीं चामुण्डे स्वाहा ।'* છે તેમાં અન્ય બીજાક્ષરો લખીને ગ્રહપીડાનો નાશ, સૌભાગ્યપ્રાપ્તિ વગેરેની સિદ્ધિ માટે પણ મંત્ર રચવામાં આવે છે.

ચોથી-ગાથામાં સર્વાર્થસાધક એવાં લઘુદેવકુલયંત્ર રહેલો છે. તેનો મુખ્ય મંત્ર *'ॐ नमिउण पास विसहर वसह जिण फुलिंग ह्रीँ नमः ।'* છે.

પાંચમી-ગાથામાં સર્વ સ્થળે રક્ષણ કરનારું અને સર્વ પ્રકારની સંપત્તિને આપનારા શાંતિક-પૌષ્ટિક યંત્રનું વિધાન છે. તેનો મંત્ર *'ॐ पार्श्वनाथाय ह्रीँ स्वाहा ।'* છે.

આ ઉપરાંત **'બૃહદ્‌વૃત્તિ'માં** વિષ ઉતારવા માટેના મંત્રો આપ્યા છે. તે સાથે સર્વ અર્થની સિદ્ધિને કરનારા *'ह्रीँ श्रीं कलिकुण्डस्वामिने नमः ।'* તથા *'नमो भगवते श्री पार्श्वनाथाय क्षेमकराव ह्रीँ नमः ।'* મંત્રનું પ્રતિપાદન થયું છે.

આ સ્તોત્રના યંત્ર અને મંત્રોનું પઠન-પાઠન-પૂજન અને નિત્ય આરાધન કરવાથી મનોવાંછિત સિદ્ધ થાય છે, સર્વ પ્રકારના ઉપસર્ગોનો ક્ષય થાય છે.

**શ્રી જિનપ્રભસૂરિજીએ 'અર્થકલ્પલતા'માં** કરેલા નિર્દેશ અનુસાર ઉવસ-ગ્ગહરં સ્તોત્રમાં પંચપરમેષ્ઠીનો પણ સમાવેશ થાય છે. પ્રથમ-ગાથાના આદિ અક્ષર 'उव'થી ઉપાધ્યાય, બીજી-ગાથાના 'विष' શબ્દથી સાધુ, ત્રીજી-ગાથાના આદિ શબ્દ 'चिट्ठ'થી આચાર્ય, ચોથી-ગાથાના આદિ શબ્દ 'तुह'થી અરિહંત અને પાંચમી-ગાથાના 'इय' શબ્દથી સિદ્ધનો નિર્દેશ થાય છે, તેમ તેમણે સૂચવ્યું છે. આ શબ્દો પંચપરમેષ્ઠીના પ્રતીકરૂપ છે. (વિસ્તાર ન થાય તે દૃષ્ટિએ તેનું વિશેષ વિવરણ કર્યું નથી.)

## શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રનું માહાત્મ્ય :

પ્રસ્તુત સ્તોત્ર જ્ઞાનના સૂર્યસમાન શ્રી ભદ્રબાહુ સ્વામીએ સંઘની શાંતિ અને કલ્યાણ અર્થે રચ્યું છે. તેનું ભક્તિપૂર્વક સ્મરણ કરનાર વ્યક્તિને ઉદય, ઉચ્ચ પદવી, ઉપાય, ઉત્તમ અને ઉદારતા એ પાંચ 'ઉ'કારથી શરૂ થતા લાભ પ્રાપ્ત થાય છે, તથા શ્રી પાર્શ્વનાથ-પ્રભુનું સ્મરણ કરનાર માણસને પુણ્ય, પાપનો નાશ, પ્રીતિ, પદ્મ (લક્ષ્મી) અને પ્રભુતા - એ પાંચ લાભ થાય છે.

દૃષ્ટાંત કથા : આ ઉવસગ્ગહરં સ્તોત્રનો મહિમાવંતો પ્રભાવ શ્રી જિનસૂર સ્વામીએ તેની દૃષ્ટાંત કથા 'પ્રિયંકરનૃપ કથા'માં વર્ણવ્યો છે.

**પ્રિયંકર રાજાની કથા (સંક્ષિપ્ત) :**

અશોકપુરનગરના પ્રતાપી સમ્રાટ અશોકચંદ્રના પુત્ર અરિસૂરના વિવાહ મહોત્સવમાં પાટલીપુત્રથી આવેલા સુવર્ણકારોએ દેવોને પણ પ્રિય લાગે તેવો દેવવલ્લભ નામનો અપ્રતિક સુવર્ણહાર ઘડી આપ્યો. પણ સંજોગોવશાત્ રાજભંડારમાંથી તે ચોરાઈ ગયો. જોષીઓને તે વિશે પ્રશ્ન પૂછતાં તેમણે જણાવ્યું કે - 'ઘણા લાંબા સમય પછી આ હાર મળશે, અને જેની પાસેથી મળશે તે જ અશોકપુરની રાજગાદી પર બેસશે.'

આ અશોકપુરનગરમાં જ પાર્શ્વદત્ત નામનો શ્રાવક તેની પત્ની ભાગ્યશ્રી સાથે રહેતો હતો. કર્મયોગે તે નિર્ધન થઈ ગયો. પણ તેઓ નિયમિત રીતે નવકારમંત્રનો જાપ, સામાયિક, પ્રતિક્રમણ વગેરે શ્રદ્ધાપૂર્વક કરતાં હતાં. તેમનો પ્રિયંકર નામનો પુત્ર હતો. તેણે અનેક પ્રકારની વિદ્યાઓ પ્રાપ્ત કરી હતી. તેની ધર્મશ્રદ્ધા જોઈને ગુરુએ તેને ઉવસગ્ગહરં સ્તોત્ર પણ શીખવ્યું હતું. એકવાર પ્રિયંકર થોડે દૂરના ગામમાં વ્યાપાર અર્થે ગયો હતો, ત્યારે ચોરો દ્વારા પકડાઈ ગયો. પણ ઉવસગ્ગહરં સ્તોત્રના પ્રભાવથી અને જ્યોતિષીઓ દ્વારા 'તેને રાજગાદી મળશે' - એવી ભવિષ્યવાણી સાંભળીને ચોરે તેની વસુ નામની કન્યા તેને પરણાવી અને ખૂબ ધન-સંપત્તિ આપી તેના ગામ વિદાય કર્યો. પરોપકારી અને સદ્ભાવનાશીલ સ્વભાવને કારણે પ્રિયંકર આપત્તિગ્રસ્ત લોકોને મદદ કરતો, તેને પરિણામે સોમવતી અને શ્રીમતી નામની કન્યાઓ સાથે પણ તેનાં લગ્ન થયાં. રાજદરબારમાં પણ તેને સન્માનભર્યું સ્થાન મળ્યું. એકવાર તો રાજસભામાં બેઠો હતો, ત્યારે રાજાનો ખોવાયેલો હાર પ્રિયંકરની બાજુમાં જ પડ્યો. રાજા અને રાજસભાએ આરંભમાં તો પ્રિયંકરને જ ચોર માની લીધો, પણ ઉવસગ્ગહરં સ્તોત્રના પ્રભાવને કારણે તથા રાજમંત્રીની સૂચનાથી તથા આકાશવાણીથી રાજાને તેની નિર્દોષતાની પ્રતીતિ થઈ. પોતાની રાજગાદી પર તેમણે પ્રિયંકરનો રાજ્યાભિષેક કર્યો. પ્રજાહિતનાં અનેક કાર્યો કરવા સાથે તે દાનધર્માદિ કાર્યોમાં પણ તત્પર રહેતો. સમય જતા પોતાના પુત્ર જયંકરને રાજ્યગાદી સોંપીને તેણે પોતાનું શેષજીવન ધર્મની આરાધનામાં જ પસાર કર્યું. પરિણામે મૃત્યુ બાદ સુધર્મ દેવલોકમાં ઈન્દ્રની ઋદ્ધિવાળો દેવ થયો. ત્યાંથી ચ્યવીને મહાવિદેહક્ષેત્રમાં મોક્ષે જશે.

ઉવસગ્ગહરં સ્તોત્રનો વિસ્મયકારી પ્રભાવનો પરિચય આ પ્રિયંકર-રાજાની કથા દ્વારા મળી શકે. ઉવસગ્ગહરં સ્તોત્રના પાઠની પદ્ધતિનો પણ અહીં નિર્દેશ થયો છે. શ્રાવકે પવિત્ર થઈને એક જ આસન ગ્રહણ કરીને, મૌનપણે, એકાગ્રચિત્તે સ્થિરપણે શ્રદ્ધા-ભક્તિપૂર્વક આ સ્તોત્રનું એકસો આઠ-વાર નિરંતર સ્મરણ કરવું જોઈએ.

**ઉવસગ્ગહરં સ્તોત્ર વિશે રચાયેલું સાહિત્ય :**

આ સ્તોત્રનો અર્થ-ભાવ અને રહસ્યને પ્રગટ કરવા માટે અનેક સંસ્કૃત ટીકાઓ તથા અન્ય સાહિત્ય પ્રકાશિત થયું છે. તેમાં શ્રી જિનપ્રભસૂરિજીએ રચેલી 'અર્થકલ્પલતા', શ્રી પૂર્ણચંદ્રાચાર્યે રચેલી 'લઘુવૃત્તિ' અને શ્રી સિદ્ધચંદ્ર-ગણિવરે લખેલી 'વ્યાખ્યા' મહત્ત્વની છે. આ ત્રણે ગ્રંથોમાં 'બૃહદ્‌વૃત્તિ'નો ઉલ્લેખ આવે છે. જેમાં પ્રસ્તુત સ્તોત્રની ટીકા લખેલી છે. પણ હાલ તે ઉપલબ્ધ નથી. તે સાથે શ્રી પૂર્ણચંદ્રાચાર્યની 'લઘુવૃત્તિ'માં આ સ્તોત્રના વિવેચનના સંદર્ભમાં 'વિદ્યાવાદ' નામના ગ્રંથનો પણ ઉલ્લેખ છે. દ્વિજપાર્શ્વદેવ-ગણિકૃત 'લઘુવૃત્તિ', 'શ્રીજગસાગરગણિકૃત', 'ઉપસર્ગહરસ્તોત્રવૃત્તિ', શ્રી સિદ્ધચંદ્રગણિકૃત 'વ્યાખ્યા', શ્રી હર્ષકીર્તિસૂરિકૃત 'વૃત્તિ', શ્રી જિનસૂર- મુનિરચિત 'પ્રિયંકરનૃપ કથા', શ્રી તેજસાગર-રચિત 'શ્રી ઉપસર્ગહરસ્તોત્ર'ની પાદપૂર્તિ રૂપે એકવીસ ગાથાનું 'શ્રી પાર્શ્વસ્તોત્ર' વગેરે... શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રની ટીકારૂપે કે અર્થવિવેચનરૂપે રચાયેલી કૃતિઓ છે. શ્રી સારાભાઈ નવાબ દ્વારા સંકલિત 'મહાપ્રાભાવિક નવસ્મરણ' નામના ગ્રંથમાં આ સ્તોત્રના ગાથાર્થ, વિશેષાર્થની સાથે તેનાં અનેક યંત્રો અને મંત્રોનો વિસ્તારથી પરિચય આપ્યો છે અને સાથે પ્રિયંકરરાજાની કથા પણ વિસ્તારથી આલેખી છે. ઉવસગ્ગહરં સ્તોત્ર પર અષ્ટાંગી વિવરણ, ઉવસગ્ગહરં સ્તેત્ર વિશેનો શ્રી હીરાલાલ કાપડિયાનો લેખ અને શ્રી ધીરજલાલ શાહ કૃત 'મહાપ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર' વિષયક ગ્રંથ પણ ઉલ્લેખનીય છે.

પરમકૃપાળુ શ્રી પાર્શ્વનાથ ભગવાનના આવા મહાપ્રભાવી સ્તોત્રનો મહિમા ગાતા, **શ્રી જિનસૂરમુનિએ** કહ્યું છે -

*"उपसर्गाः क्षयं यान्ति, छिद्यते विघ्नवल्लयः ।*
*मनः प्रसन्नतामेति, ध्यातेऽस्मिन् स्तवपुङ्गवे ॥"*

આ સ્તોત્રરાજનું ધ્યાન ધરવાથી - સ્મરણ કરવાથી ઉપસર્ગો ક્ષય પામે છે, વિઘ્નરૂપી વેલડીઓ છેદાઈ જાય છે અને મન પ્રસન્નતાને પામે છે.

# ઉવસગ્ગહરં સ્તોત્ર-કાવ્યની સર્વાંગી સમીક્ષા

અમીબહેન શાહ

પ્રત્યેક જૈન ઘરમાં જાણીતું - માનીતું ઉવસગ્ગહરં સ્તોત્ર અન્ય સ્તોત્રોમાં સૌથી વધુ સંખ્યામાં અને સૌથી વધુ વ્યક્તિઓ દ્વારા ગવાતું આ સ્તોત્ર ઉપસર્ગો - વિઘ્નોનું નિવારણ કરનાર છે. આ સ્તોત્રને ગૂઢ અને રહસ્યમય પણ ગણવામાં આવે છે. પ્રાચીનકાળથી અર્વાચીનકાળ સુધીમાં આ સ્તોત્રની આસ-પાસ અનેક ચમત્કારિક વાતો-પ્રસંગો-કથાઓ શ્રદ્ધાથી માની શકાય તેવી રીતે ગુંથાયેલી છે. ઉવસગ્ગહરં સ્તોત્ર એ પરમેશ્વર શ્રી પાર્શ્વનાથની સ્તવના દ્વારા ભક્તિરસને વહાવતું એક આધ્યાત્મિક સુંદર સ્તોત્ર હોવા સાથે મંત્રો અને યંત્રોથી યુક્ત કૃતિ છે. જેના દ્વારા ભવ્યાત્માઓ પોતાના ઈષ્ટદેવ સાથે નૈકટ્ય સાધવાની સાથે આધિ-ભૌતિક-કષ્ટોથી મુક્તિ પ્રાપ્ત કરે છે.

**પ્રારંભ :**

પ્રાચીનકાળમાં મનુષ્યો શારીરિક, માનસિક અને આર્થિક પીડાઓથી અતિ પીડિત છે. દરેકે દરેક પોતાનાં દુઃખો, દર્દો અને મુસીબતોને દૂર કરવાના પ્રયત્નો કરે છે. ઔષધાદિ અનેક ઉપચારો કર્યા છતાં શાંતિ મળતી નથી. દુઃખના દિવસો વસમા લાગે છે, મૂંઝવણોમાં કાંઈ રસ્તો જડતો નથી, ત્યારે અન્ય દેવી-દેવતાની બાધા-આખડી, ભૂવા-જોગી જંતરમંતરમાં પડીને ક્યારેક વધુ દુઃખી થાય છે. જૈનશાસનમાં એક મહાપ્રભાવક-કલ્યાણકારી-મંગલદાયી સ્તોત્ર છે - શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રના નામથી પ્રત્યેક ઘરમાં જાણીતું અને માનીતું છે. જૈન સંઘોને એવો દૃઢ વિશ્વાસ છે કે પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ-પ્રભુનું નામસ્મરણ, જાપ કે ધ્યાન કરવાથી વિપદાઓ, ઉપસર્ગો, મુશ્કેલીઓ, વિઘ્ન દૂર થાય છે. જૈન પરંપરામાં મોક્ષના ઉપાય તરીકે જ્ઞાનમાર્ગનું પ્રાધાન્ય ફલિત થાય છે.' એટલે એવી માન્યતા છે કે - 'અરિહંતદેવ સર્વથા વીતરાગ હોઈ. કોઈ કોઈના અનુગ્રહ કે નિગ્રહ કરતા જ નથી, તો ભક્તનાં વિઘ્નો, ઉપસર્ગો કઈ રીતે દૂર કરે ? છતાં મહાન જ્યોતિર્ધરોએ ભક્તિને સુખ-સંપન્નકારી અને શ્રેયસ્કારી ગણતા આવ્યા છે. સર્વ સાધનાનું અંતિમફળ ભક્તિ છે. માટે તે સૌથી શ્રેષ્ઠ છે. **ઉપાધ્યાય યશોવિજય-જીએ શ્રી ઋષભદેવ સ્તવનામાં** ભક્તિ માટે આ પ્રમાણે બતાવીને ભક્તિનું માહાત્મ્ય વર્ણવ્યું છે -

**મુક્તિથી અધિક તુજ ભક્તિ વસી, જેહશું સબળ પ્રતિબંધ લાગો;**
**ચમકપાષાણ જેમ લોહને ખીચશે, મુક્તિને સહજ તુજ ભક્તિ રાગો.**

*- ઋષભદેવ સ્તવન. ભા.-૧, પૃષ્ઠ-૧૪૬ - ગુર્જર સાહિત્ય સંગ્રહ*

ઉપસર્ગોને નાશ કરનારું અને જન્માંતરમાં પણ બોધિત્વને પ્રાપ્ત કરનારું, અચિંત્ય પ્રભાવક સ્તોત્ર શ્રી ઉવસગ્ગહરંનાં મંત્ર-યંત્રયુકત જાપથી જીવન આશાનાં કિરણોથી પ્રકાશિત બની શકે છે, કારણ કે તેના રચયિતા - અંતિમ શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુ સ્વામી છે.

ચૌદેપૂર્વધર છે, સ્થવિર છે, મહાનિમિત્તિક છે તથા શ્રુતસ્થવિર મંત્રવાદી મહાત્મા છે.

વિશેષમાં શાંતિસ્નાત્ર વગેરે મહાપૂજાઓ કે પ્રભુ-પ્રતિષ્ઠાદિ મહા-પ્રસંગોએ નવસ્મરણ તરીકે મહામાંગલિક સ્તોત્રો ત્રિકાળ ભણવામાં આવે છે. જેમાં ઉવસગ્ગહરં સ્તોત્રની ગણના મુખ્ય છે. નવસ્મરણમાં પછી બીજું સ્થાન આ સ્તોત્રનું કારણ કે -

- ઉવસગ્ગહરં સ્તોત્ર મંત્રો-યંત્રોથી ભરપૂર છે.
- ઉવસગ્ગહરં સ્તોત્ર નમસ્કાર મહામંત્રના બીજથી વાસિત છે
- ઉવસગ્ગહરં સ્તોત્ર અનેકાર્થી છે.
- ઉવસગ્ગહરં સ્તોત્ર પુરુષાદાનીય શ્રી પાર્શ્વ-પ્રભુનું જ નથી, પણ તેમના શાસનદેવ શ્રી પાર્શ્વયક્ષ, કૃતજ્ઞભકત શ્રી ધરણેન્દ્ર અને શાસનદેવીમાં પદ્માવતી સાથે પણ છે.

અનેક વિશેષતાઓ સભર આ સ્તોત્ર અતિ પ્રભાવક છે. જેમાં અનેક વિશેષતાઓ સભર આ સ્તોત્ર અતિ પ્રભાવક છે. જેના પરમમંત્રો અને અતિગહન યંત્રો છે. ઉચ્ચ કોટિના સાહિત્ય સાથે મંત્રયોગને જોડી ભદ્ર-કલ્યાણ અને મંગલનો પંથ દર્શાવનાર આ સ્તોત્રનો પ્રભાવ વર્તમાનકાળમાં પણ પૂર્વના જેવો ને જેવો જ છે.

જૈનેતરો આવા ચમત્કારિક સ્તોત્રોને 'હૃદય સ્તોત્ર' કહે છે. સર્વ પ્રકારના ઉપસર્ગોને દૂર કરવાનું સામર્થ્ય શ્રી પાર્શ્વયક્ષમાં છે. આવો પાર્શ્વયક્ષ સતત જેની સેવા કરે છે, સાંનિધ્ય મેળવે છે. તે શ્રી પાર્શ્વનાથ ભગવંત છે, તેથી તેમનું માહાત્મ્ય અતિ અદ્ભુત કોટિનું છે, અપ્રમેય છે, જે માત્ર **'ઉવસગ્ગહરં પાસં'** પદ દ્વારા સૂચવાય છે.

## સ્તોત્ર એટલે શું ? :

પૂર્વાચાર્યોએ સ્તોત્રની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે -

(૧) 'स्तोत्रं तु बहुश्लोकमानं !' *(પંચાશક પૃ. ૧૧૯)* અર્થાત્ જેમાં ઘણા શ્લોક હોય તે સ્તોત્ર કહેવાય છે.

(૨) 'पाययभाषाबुध्धं थोत्त *(ચેઈયવંદણ મહાભાસ પૃ. ૧૫૦)* અર્થાત્ જે પ્રાકૃત ભાષામાં નિબદ્ધ હોય તે સ્તોત્ર કહેવાય છે.

ઉવસગ્ગહરં આ બંને લક્ષણોથી ઘટિત હોવાથી તે ઉવસગ્ગહરં સ્તોત્ર કહેવાય છે. ઉવસગ્ગહરં એ પાંચ ગાથાનું સ્તોત્ર છે તે 'ઉવસગ્ગહરં થોત્તં' નામથી પણ સંબોધાય છે. આ સ્તોત્રનો પ્રારંભ ઉવસગ્ગહરં પદથી થતો હોવાથી તેનું ઉવસગ્ગહરં નામ યોજાયું છે આ નામ અનુયોગ દ્વારા ૧૩૧માં સૂચવાયેલા આદાનપદનું સ્મરણ કરાવે છે. આ રીતે આદાનપદ સાથે 'સૂત્ર' શબ્દનો પ્રયોગ થવાથી જેમ 'લોગસ્સ સૂત્ર, નમુત્થુણં સૂત્ર, સંતિકર સૂત્ર, જયવીરાય સૂત્ર' નામ અસ્તિત્વમાં આવ્યું છે. આપણે પણ ઉવસગ્ગહરં સ્તોત્ર કરતાં ઉવસગ્ગહરં સૂત્ર શબ્દનો ઉપયોગ વિશેષ કરીએ છીએ. વળી આ સ્તોત્ર લક્ષણોપેત છે. લક્ષણોપેત વસ્તુઓ દેવાધિષ્ઠિત હોય છે અને તે સર્વજ્ઞભાષિત પણ હોય છે.

## ઉવસગ્ગહરં સ્તવન કે સ્તોત્ર ? :

સામાન્ય રીતે સ્તવન અને સ્તોત્રને એકસરખા ગણવામાં આવે છે, તેમ છતાં કેટલોક તફાવત પણ છે. જેમ કે - સ્તવનમાં પ્રભુને નમસ્કાર, પ્રભુના ગુણગાન અને પ્રભુને પ્રાર્થના હોય છે; જ્યારે સ્તોત્રમાં ઉપરોક્ત ત્રણે ય ભાવના હોવા ઉપરાંત માંત્રિક ચમત્કારો પણ રહેલા હોય છે. એટલે આ દૃષ્ટિએ શ્રી ભદ્રબાહુ સ્વામીની આ કૃતિ સ્તવન કરતાં સ્તોત્ર તરીકે વધુ પ્રચલિત છે. તેમ છતાં પ્રભુ પાસે જ્યારે ચૈત્યવંદન કરાય છે, ત્યારે સ્તવન ગમે તે હોય - પૂર્વાચાર્ય રચિત હોય કે આધુનિક રચનામય હોય, પણ ઉવસગ્ગહરં સ્તોત્ર સ્તવન રૂપે બોલાતું જ હોય છે. ચૈત્યવંદન વગેરેમાં બોલાતી સ્તુતિઓ માત્ર એક ગાથા કે એક શ્લોકની જ હોય છે અને સ્તવન કે સ્તોત્ર ઓછામાં ઓછી પાંચ ગાથા કે પાંચ શ્લોકના જ હોય છે. આમ આ પાંચ ગાથાવાળી પદ્યાત્મક કૃતિ એ સ્તવન કે સ્તોત્રની સંજ્ઞાને પાત્ર છે; તેમ છતાં સ્તવન અને સ્તોત્રમાં બંને લક્ષણો હોવા છતાં ઉવસગ્ગહરં એ સ્તોત્ર તરીકે વધુ પ્રચલિત અને પ્રભાવક ગણાય છે.

## શ્રી પાર્શ્વપ્રભુનું જ સ્તોત્ર કેમ ? :

શ્રી ભદ્રબાહુ સ્વામીએ ઉપસર્ગ-નિવારણ માટે ચોવીસ તીર્થંકરોમાંથી કેવળ શ્રી પાર્શ્વનાથ સ્વામીનું જ સ્તવનામય સ્તોત્ર કેમ બનાવ્યું. ચોવીસે ય તીર્થંકરોનું નામ-સ્મરણ-ધ્યાન ઉપદ્રવોને નિવારનાર છે જ, તેમ છતાં ય શ્રી પાર્શ્વપ્રભુ -

- વિશિષ્ટ પુણ્યપ્રકૃતિ સંપન્ન હતા.
- પુરુષાદાનીય હતા.
- વિશિષ્ટ કોટિના આદેય નામકર્મવાળા હતા.
- આ અવસર્પિણી પૂર્વેની ઉત્સર્પિણીથી તેમની પૂજા, ભક્તિ, ગુણગાન અને નામસ્મરણ ચાલુ હતાં.
- તેમની ઘણી આર્યાઓ દેવીપણાને તથા ઈંદ્રાણીપણાને પામી (આ સ્પષ્ટતા જ્ઞાતધર્મકથા સૂત્રના દ્વિતીય શ્રુતસ્કંધમાં છે)
- તેમનો મહિમા-પ્રભાવ અચિંત્ય-અલૌકિક હતો અને છે.
- શ્રી પાર્શ્વનાથ સ્વામીના અધિષ્ઠાયકો અન્ય તીર્થંકરો કરતાં વિશેષ છે. આ પણ ભગવાન શ્રી પાર્શ્વનાથનો મહિમા વધવામાં નિમિત્તભૂત ઘટના છે.
- શ્રી પાર્શ્વનાથ ભગવાને પૂર્વનાં દેવલોકના ભવમાં હતા ત્યારે સૌથી વધારે ૫૦૦ ભગવાનનાં કલ્યાણકો ઉજવાયાં હતાં. આ પણ કારણને ગણી શકાય.

## સંસ્કૃત છાયા

### ઉવસગ્ગહરં સ્તોત્રની દેહરચના :

**ભાષા** : આ સ્તોત્રની ભાષા પ્રાકૃત અથવા અર્ધમાગધી છે.

**છંદ** : આ સ્તોત્રના છંદની દૃષ્ટિએ પાંચે ય પદ્યો ગાહાછંદમાં છે

**રચના** : આ સ્તોત્ર સર્વાંશે પદ્યાત્મક રચના છે.

**ગણ** : આ સ્તોત્રમાં ચાર માત્રાનો ગણ છે. (અક્ષર કે માત્રાના સમુદાયને ગણ કહેવાય છે. જેમાં અક્ષરગણ અને માત્રાગણ એમ ભાગ છે.)

**પાદ** - ચરણ...

**પૂર્વાર્ધ** - શ્લોકનાં પ્રથમ પદો

**ઉત્તરાર્ધ** - શ્લોકના અંતનો આદિભાષાનો અતિ પ્રાચીન છંદ છે જૈન આગમોમાં. અને અન્ય સૂત્રાદિમાં મહર્ષિઓ દ્વારા વિપુલ પ્રમાણમાં વપરાયેલો હોવાથી પવિત્ર ગણાય છે, તેમ જ સંસ્કૃતમાં તેને આર્યાછંદ કહેવાય છે.

**ગાહાનું ઉચ્ચારણ** : ગાહા બોલવાં અંગે છંદશાસ્ત્રીઓનું સૂચન છે કે -

(૧) પહેલું પદ હંસની જેમ ધીમે બોલવું.

(૨) બીજું પદ સિંહની ગર્જનાની જેમ ઊંચેથી બોલવું.

(૩) ત્રીજું પદ ગજગતિની જેમ લલિતપણે ઉચ્ચરવું.

(૪) ચોથું પદ સર્પની ગતિ જેમ ડોલતા ગાવું.

પ્રાકૃતપિંગલ છ મુજબ ગાહાનાં ઉપર્યુક્ત લક્ષણો ઉવસગ્ગહરં સ્તોત્રની ગાથાઓને લાગુ પડે છે.

*पठमं वी (मि) हंसपअं बिए, सिहंस्स विक्कम जाआ ।*
*ती (तई) ए गजवर लु (ल) लियं आहिवर लुलियं चउत्थपं गाहा ॥*

આ સ્તોત્રની પ્રથમ-ગાથામાં વિદ્યુત નામની ગાહા છે, દ્વિતીય-ગાથામાં માલા નામની ગાહા છે, તૃતીય-ગાથામાં વિદ્યુત નામની ગાહા છે. ચતુર્થ-ગાથામાં માગધી નામની ગાહા છે અને પંચમ-ગાથામાં માલા નામની ગાહા છે.

## ઉવસગ્ગહરં સ્તોત્રમાં વ્યાકરણ રચના :

(૧) આ સ્ત્રોત્રમાં ૧૫ સામાસિક શબ્દો છે.

(૨) બહુવ્રીહિ સમાસ, કર્મધારય સમાસ, દ્વંદ્વ-સમાસ અને તત્પુરુષ સમાસ એક ચાર પ્રકારના સમાસોનો ઉપયોગ કરાયો છે.

(૩) આ સ્તોત્રમાં આઠ ક્રિયાપદો છે - વંદામિ, ધારેઈ, જંતિ, ચિટ્ઠઉ, હોઈ, દિજ્જ અને પાવંતિ ક્રિયાપદનો ઉપયોગ બે વખત થયો છે.

(૪) વિભક્તિ - આ સ્તોત્રમાં ચોથી વિભક્તિ વપરાઈ નથી.

પ્રથમ - મણુઓ, દ્વિતીયા - પાસં, તૃતીયા - અવિગ્ઘેણં, ચતુર્થ.

પંચમી - તા, ષષ્ઠી - તસ્સ, સપ્તમી - નરતિરિએસુ, સંબોધન - મહાયજ્ઞ

## ઉવસગ્ગહરં સ્તોત્રનું અક્ષરમાન :

આ મહાપ્રભાવક સ્તોત્ર ૧૮૫ અક્ષર-પ્રમાણ છે. (સંયુક્ત અક્ષરને એક જ અક્ષર ગણવાનો)

પહેલી-ગાથામાં ૩૭ અક્ષર
બીજી-ગાથામાં ૩૮ અક્ષર
ત્રીજી-ગાથામાં ૩૭ અક્ષર
ચોથી-ગાથામાં ૩૫ અક્ષર અને
પાંચમી-ગાથામાં ૩૮ અક્ષરો મળતાં કુલ ૧૮૫ અક્ષરમાન છે.
પ્રથમ-ગાથામાં ૪ સંયુક્તાક્ષરો, બીજી ગાથામાં ૨ સંયુક્તાક્ષરો
બીજી-ગાથામાં ૩ સંયુક્તાક્ષરો, ચોથી ગાથામાં ૬ સંયુક્તાક્ષરો
પાંચમી-ગાથામાં ૩ સંયુક્તાક્ષરો છે આમ ૧૮ સંયુક્તાક્ષરો છે.
કોઈક મતે ૧૯ છે, દિજ્જને બદલે દેસુ પાઠ સ્વીકારે છે.

## ઉવસગ્ગહરં સ્તોત્રની વિશેષતાઓ :

ઉવસગ્ગહરં સ્તોત્ર સ્વાધ્યાયના સંશોધક પૂજ્યશ્રી ભદ્રકરવિજયજીએ આ સ્તોત્રની અનેક વિશેષતાઓમાં એક વિશેષતા છે કે - 'આ સ્તોત્રની માત્ર પાંચ જ ગાથાઓ વડે કુલ ૧૨૮૦૦ પ્રકારે શ્રી પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિઓ થાય છે અર્થાત્ અત્યંત મહિમાશાળી આ સ્તોત્ર છે.

સ્તોત્રની પ્રથમ-ગાથામાં ૮૦ પ્રકારે, બીજી-ગાથામાં ૪૦ પ્રકારે, ત્રીજી - ચોથી - પાંચમી ગાથામાં બીજા ચાર પ્રકારે મળીને ૧૨૮૦૦ થાય છે. ૮૦ × ૪૦ × ૪ = ૧૨૮૦૦ પ્રકારે થાય છે.

અર્થવૈવિધ્ય પ્રકરણના આધારે ૮૦ પ્રકારની સ્તુતિને નીચે પ્રમાણે સમજવાની છે :

ઉવસગ્ગહરં - **'પાસં'** શબ્દના પાંચ અર્થો : 'કમ્મઘણ મુક્કં' શબ્દના બે અર્થો વિસહર વિસ નિન્નાસં શબ્દના ચાર અર્થો અને મંગલ કલ્લાણ આવાસં શબ્દના બે અર્થો એટલે ૫ × ૨ × ૪ × ૨ = ૮૦ આ પ્રમાણે સમજવું.

અહીં પૂ. ગુરુ ભગવંતનું કહેવું છે કે - 'બાકીની ગાથાઓના અર્થો ક્યાં કેવી રીતે છે તે ગુરુગમ પાસેથી સમજવાથી આ સ્તોત્રનાં સ્વાધ્યાયમાં અનેરો ભક્તિભાવ જાગ્રત થાય છે તે અનુભવસિદ્ધ છે. ધર્મમાર્ગને નિષ્કંટક બનાવવા માટે શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રનું સ્મરણ-જાપ-ધ્યાનાદિ અમોઘ નીવડે છે. ભક્તિયોગ અને મંત્રયોગને સુંદર-પ્રભાવક-અદ્ભુત સુમેળ આ સ્તોત્રની ગહનતા-ગૂઢતાનું દર્શન કરાવે છે. ભક્તિયોગને જૈન પરિભાષામાં સમ્યગ્દર્શન કહેવાય છે અને સમ્યગ્દર્શન એટલો આધ્યાત્મિક વિવેક... જીવ-અજીવ આદિનો સંપૂર્ણ વિવેક એટલે જ જૈનદર્શનનું સમ્યગ્દર્શન.

**ઉપસર્ગો :**

ઉવસગ્ગહરં સ્તોત્ર એટલે ઉપસર્ગનું નિવારણ કરનાર સ્તોત્ર. સામાન્ય અર્થ મુજબ પીડા, દુઃખ, વ્યાધિ, ઉપાધિમાંથી મુક્ત કરાવનાર જીવને આ પ્રકારની પીડા કોના દ્વારા થઈ છે, તે પ્રમાણે તેના પ્રકાર છે. શાસ્ત્રોકત ભાષામાં ઉપસર્ગનો અર્થ છે, જેના યોગે જીવ પીડા આદિની સાથે સંબંધ પામે તે

*'उपसृज्यते संबध्यते पीडादिभिः सह जीवस्तेनेत्युपसर्गः ।'*

ઉપસર્ગ એટલે ઉપદ્રવ - કોઈના દ્વારા કરાયેલી પીડા એટલે ઉપદ્રવ.

ઉપસર્ગોના મુખ્ય ચાર પ્રકાર છે અને પ્રત્યેકના ચાર ભેદ છે, જેથી સર્વ મળીને સોળ ભેદ થાય છે.

(૧) દેવકૃત ઉપસર્ગો - જેના ચાર પ્રકાર છે : હાસ્યથી કરાયેલા, દ્વેષથી કરાયેલા, પરીક્ષા માટે કરાયેલા ઉપસર્ગ અને ત્રણ પૈકી કોઈના પણ બેના સંમિસણથી કરાયેલા ઉપસર્ગો.

(૨) મનુષ્યકૃત ઉપસર્ગો - જેના ચાર પ્રકાર છે : હાસ્યથી કરાયેલા, દ્વેષથી કરાયેલા, પરીક્ષા માટે કરાયેલા અને અબ્રહ્મચર્ય(મૈથુન)નાં સેવન માટે કરાયેલા.

(૩) તિર્યંચકૃત ઉપસર્ગો - જેના ચાર પ્રકાર છે : ભયથી કરાયેલા, પ્રકોષથી કરાયેલા, આહારના હેતુથી કરાયેલા અને પોતાના બચ્ચા, ગુફા કે માળા વગેરેના રક્ષણની બુદ્ધિથી કરાયેલા.

(૪) આત્મસંવેદનીય ઉપસર્ગો - જેના ચાર પ્રકાર છે :

ઘટ્ટનથી થતા - આંખમાં રજ વગેરે પડવાથી, આંખ મસળવાથી,

પ્રપતનથી થતા - પડવા-આખડવાથી, પીડા થવાથી,

સ્તંભનથી થતા - સતત સૂતા-બેઠા-ઊભા રહેવાથી,

શ્લેષ્મથી થતા - પગ વગેરે વાળીને વધુ સમય બેસવાથી.

કોઈ કોઈ સ્થળે ઉપસર્ગોના ચારને બદલે અપેક્ષાભેદને લક્ષમાં રાખીને ત્રણ ભેદ ગણવામાં આવ્યા છે. આવા સર્વ પ્રકારના ઉપસર્ગોને દૂર કરવાનું સામર્થ્ય શ્રી પાર્શ્વયક્ષમાં છે, જે શ્રી પાર્શ્વનાથ ભગવાનની સતત સેવા કરે છે. જેમનું માહાત્મ્ય અતિ કોટિનું છે.

**સ્તોત્રનું ગાથા-પ્રમાણ અથવા સ્તોત્રનું સંખ્યામાન :**

આ મહાપ્રભાવક પ્રચલિત સ્તોત્રની ૫, ૬, ૭, ૯, ૧૧, ૨૦ અને ૨૧ તથા ૨૭ ગાથાઓથી માનવાળું બન્યું છે. ત્યારે એક પ્રશ્ન સહજ મનમાં

ઊઠે છે કે આ સ્તોત્રની મૂળગાથા કેટલી ? રચયિતાએ કેટલી ગાથાની રચના કરી ? અને ધીરે ધીરે સ્તોત્રની ગાથાની સંખ્યા વધતી ગઈ. કોણે કેવા સંજોગોમાં કેમ ગાથાનો ઉમેરો કર્યો ? આ બધા જ પ્રશ્નના સમાધાન માટે એક વાત સ્પષ્ટ છે કે આ સ્તોત્ર પરના સર્વ ટીકાકારોએ આ, સ્તોત્રની પાંચ ગાથાઓ પર જ ટીકા કરે છે, એટલે સ્પષ્ટ થાય છે કે પાછળથી આરાધક-ભક્તો આ ગાથાઓમાં ઉમેરો કરતા આવ્યા છે. જેમ કે -

(૧) આ સ્તોત્રના ટીકાકાર શ્રી દ્વિજપાર્શ્વદેવ સ્તોત્ર પાંચ ગાથાનું માને છે.

(૨) પ્રિયંકરનૃપ કથાના કર્તા શ્રી જિનસૂરમુનિ પૂર્વે છ ગાથા હતી તેમ તેમની ટીકામાં જણાવે છે.

(૩) સ્તોત્રના વૃતિકર શ્રી હર્ષકીર્તિ આ સ્તોત્રની સાત ગાથા હોવાનું નોંધે છે.

(૪) પાછળથી આ સ્તોત્રમાં યથેષ્ટ વધારો થતો ગયો અને આજે ૯ થી સત્તાવીસ ગાથાવાળું સ્તોત્ર બની ગયું છે.

(૫) આ સ્તોત્ર પર વર્તમાનાચાર્ય ધર્મધુરંધરસૂરિએ પણ પાદપૂર્તિરૂપે એક કૃતિની રચના કરી છે.

(૬) આ સ્તોત્ર પર વૃતિ-ટીકા-અવચૂરી મળીને કુલ અગિયાર રચનાઓ થઈ છે

(૭) તેજસાગરમુનિએ આ સ્તોત્રની પ્રત્યેક ગાથા - ચરણની પાદપૂર્તિરૂપે પણ એક સ્તુતિ રચી છે.

(૮) **શ્રી રાજશેખરસૂરિજીએ 'ચતુર્વિશતિ પ્રબંધ'માં** જણાવ્યું છે કે

*ततः पूर्वेभ्य उदत्यं उवसग्गहरम् पासम् ।*
*इत्यादि स्तवनगाथा पग्चमयं सदं गुरिभी ॥*

અર્થાત્ પૂર્વમાંથી ઉદ્ધરીને 'ઉવસગ્ગહરં પાસં' એ શબ્દથી શરૂ થતું પાંચ ગાથાવાળું સ્તવન ગુરુ વડે રચાયું છે. આથી આ સ્તોત્રની પાંચ - ગાથા હોવાનું નિશ્ચિત જ છે. વિક્રમની સોળમી સદીમાં થયેલા **શ્રી જિનસૂરિ મુનિએ પ્રિયંકરનૃપ કથાના** પ્રારંભમાં જ તેનો પ્રભાવ વર્ણવતા જણાવ્યું છે કે -

*एक्या गाथा या एकस्य स्मृत मात्राया ।*
*शांतिः स्यात् किं पुनः पूर्ण पंचगाथा प्रमाळकम् ॥*

અર્થાત્ આ સ્તવનની સ્તોત્રની માત્ર એક જ ગાથા ભણવાથી પણ શાંતિ થાય છે, તો પાંચ ગાથા-પ્રમાણ પૂર્ણ સ્તોત્રનું તો કહેવું જ શું ? એટલે પાંચ ગાથાઓ જ આ સ્તોત્રનું પૂર્ણ-પ્રણામ છે. એક માન્યતા એવી પણ છે કે આ સ્તોત્રની છટ્ઠી ગાથા પણ હતી. તેનું સ્મરણ કરવાથી તેના

પ્રભાવરૂપે દેવોને હાજર થવું પડતું હતું અને ધરણેન્દ્રે પ્રત્યક્ષ હાજર થઈ ભક્તનું કષ્ટનિવારણ કરતા. પછીથી ધરણેન્દ્રદેવે સ્તોત્રના રચયિતા પૂ. શ્રી ભદ્રાબાહુ સ્વામીને કહ્યું કે - "ફરી ફરી (વારંવાર) મારે અહીં આવવું પડે છે, તેથી હું મારા સ્થાને રહી શકતો નથી, માટે આપ છટ્ઠી ગાથા ભંડારમાં મૂકી દો, ભંડારી દો અને હવેથી હું પાંચ ગાથાઓનું સ્મરણ કરનારનું સાંનિધ્ય કરતો રહીશ." ત્યારથી આ પાંચ ગાથા-પ્રમાણ સ્તવન-સ્તોત્રનો પાઠ થતો આવ્યો છે. તેમ છતાં વિક્રમની સત્તરમી સદીમાં થયેલા ટીકાકાર **શ્રી હર્ષકીર્તિસૂરિએ** આ સ્તોત્રની ટીકામાં આ સ્તોત્રના પ્રભાવને દર્શાવતા જણાવ્યું કે - "આ પાંચ ગાથાત્મક સ્તોત્રનો જેઓ એકસો આઠવાર જાપ કરે છે, તેનાં વિઘ્નો આવશ્ય નાશ પામે છે." તાત્પર્ય એ છે કે પંદરમી સદી પહેલાં આ સ્તોત્રની છ-સાત ગાથાઓ હતી, જે ભદ્રબાહુ સ્વામીએ ભંડારમાં સ્થાપિત કરી દીધી છે. ટૂંકમાં, વિક્રમની સત્તરમી સદી પછી પણ પાંચ ગાથાવાળા સ્તોત્રના પાઠને માન્ય રખાયો છે. આ સ્તોત્રની ગાથા-ઓના પ્રમાણ વિશે ઘણા મતભેદો છે. અલગ અલગ સંખ્યા-પ્રમાણની માન્યતા વચલા કાળમાં થઈ હોવાનું જણાય છે. કેમ કે સત્તરમી સદી પૂર્વે કોઈ જ ગ્રંથમાં છ કે સાતથી વધુ ગાથા હોવાનું નોંધાયેલું મળ્યું નથી. કેટલીક **હાથપોથીઓમાં** -

'ॐ नट्ठट्ठमयट्ठाणे'... છટ્ઠી ગાથા અને

'ॐ नमो तुह दंसणेण सामिय... સાતમી ગાથા તરીકે પ્રાપ્ત છે.

જ્યારે કેટલીક હાથપોથીઓમાં છ અને સાત ગાથાનો પ્રારંભ ઉપરની બંને ગાથાઓથી જુદો જ છે. ટૂંકમાં, વર્તમાનમાં આ પાંચ ગાથાઓ યુક્ત સ્તોત્ર માન્ય છે અને એટલે જ અન્ય ગાથાઓનું વિશેષ વિવેચન ખાસ કોઈ આચાર્યોએ કર્યું નથી.

મૂળગાથાઓ પછી જે કોઈ ગાથાઓનો ઉમેરો થતો ગયો, તેની પાછળ એવી માન્યતાઓ છે કે મૂળપાઠની પાંચ ગાથાઓમાં ધરણેન્દ્ર-પદ્મા-વતીનાં નામનો ક્યાં ય ઉલ્લેખ નથી કે અતિ પ્રસિદ્ધ એવાં મંત્રબીજોનો ઉલ્લેખ ન જણાતા મંત્રવાદીઓએ અન્ય ગાથાઓ ઉમેરવાનું ઉચિત માન્યું હશે અને આમ અનેક ગાથાઓ ઉમેરાતી રહી હશે.

## સ્તોત્રની ઉત્પત્તિ અને પાટ પરંપરાનો ઇતિહાસ :

શ્રમણ ભ્રગવાન મહાવીરની પાટ પરંપરામાં સ્તોત્રકાર આચાર્યો જે થયા, તેમાં સૌપ્રથમ શ્રી ભદ્રબાહુ સ્વામી જ હતા. તેમના પૂર્વે થયેલા કોઈ પણ આચાર્ય ભગવંતોએ સ્તોત્રની રચના કરી હોય તેવો ઉલ્લેખ ક્યાં ય

નથી, રચયિતાની દૃષ્ટિએ પણ ઉવસગ્ગહરં સ્તોત્રના રચયિતા મહાજ્ઞાની ચૌદપૂર્વધર સર્વ સ્તોત્રનાં રચયિતામાં પ્રથમ આવે છે. પર્યુષણપર્વમાં 'કલ્પસૂત્ર'ની વાચના થાય છે, તે શ્રી ભદ્રબાહુ સ્વામી કૃત છે. તેમણે પોતે જ રચેલા 'દશાશ્રુતસ્કંધ'ના આઠમા અધ્યયનનો વિસ્તાર છે. 'નવસ્મરણો'માં શ્રી નમસ્કાર મહામંત્ર - સૂત્ર તો અનાદિ છે. તે સિવાયનાં સર્વ સ્તોત્રોમાં રચનાકાળની દૃષ્ટિએ શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર પ્રથમ છે.

**શ્રમણ ભગવાન મહાવીરની પટ્ટ પરંપરાનો ઇતિહાસ :**

ભગવાન મહાવીર સ્વામીની પાટે -

(૧) શ્રી ઇન્દ્રભૂતિ ગણધર, (૨) શ્રી અગ્નિભૂતિ ગણધર, (૩) શ્રી વાયુભૂતિ ગણધર, (૪) શ્રી વ્યક્ત સ્વામી ગણધર, (૫) પાંચમા ગણધર શ્રી સુધર્મા સ્વામી આવ્યા. તેમની પાટે

જંબૂ સ્વામીજી
↓
શ્રી પ્રભવ સ્વામીજી
↓
શ્રી શંય્યંભવસૂરિજી અને તેમની પાટે
↓
શ્રી યશોભદ્રસૂરિજી આવ્યા.
↓
જેમની પાસે શ્રી ભદ્રબાહુસ્વામીએ દીક્ષા અંગીકાર કરી.
શ્રી સંભૂતિવિજયજી આવ્યા - જેમને બે શિષ્ય હતા

↓ શ્રી સ્થૂલભદ્ર ↓ શ્રી ભદ્રબાહુ સ્વામી

શ્રી સંભૂતિવિજયજીની પાટે તેમના શિષ્ય શ્રી સ્થૂલભદ્રજી આવત, પણ શ્રી સંભૂતિવિજયજી માત્ર આઠ જ વર્ષ આચાર્યપદે રહ્યા. તેમના સ્વર્ગવાસ સમયે શ્રી સ્થૂલભદ્રજી નવા જેવા હતા. આથી યશોભદ્રસૂરિજીએ તેમના બીજા શિષ્ય શ્રી ભદ્રબાહુ સ્વામીને પટ્ટધર બનાવ્યા. અને આથી જ પટ્ટાવલીકારોએ શ્રી યશોભદ્રસૂરિની પાટે બે શિષ્યો પટ્ટધર બનાવ્યાનો ઉલ્લેખ કર્યો છે. આ માહિતી જૈન પરંપરાનો ઇતિહાસ ભાગ પ્રથમના પૃષ્ઠ ૧૨૧ પર અંકિત થયેલી છે.

**ઉવસગ્ગહરં સ્તોત્રમાં પંચપરમેષ્ઠીની સ્થાપના :**

આચાર્ય શ્રી જિનપ્રભસૂરિએ પોતાની રચેલી 'અર્થકલ્પલતા'ની ટીકામાં એવું સૂચન કર્યું છે કે - 'વિદ્યાઓનું સર્વસ્વ અને મંત્રોનું ઉપાદાન કારણ પંચપરમેષ્ઠી નમસ્કાર મહામંત્રમાં પંચપરમેષ્ઠીનો નમસ્કાર કરવામાં આવ્યા

છે. તેમ ઉવસગ્ગહરં સ્તોત્રમાં પાંચ પરમેષ્ઠીનાં નામોના આદ્યાક્ષરો ગોઠવવામાં આવ્યા છે. પંચપરમેષ્ઠીના નામના અક્ષરોની રચના ઉવસગ્ગહરં સ્તોત્ર સંબંધી ગાથાઓની આદિમાં નિરૂપણ કરેલી જણાય છે :

પ્રથમ-ગાથામાં : **'ઉવ'** - આ બે અક્ષર શરૂઆતમાં છે. પ્રથમ જ છે તે બે અક્ષરથી ઉપાધ્યાય સમજવાના છે.

બીજી-ગાથામાં : **'વિસ'** - આ બે અક્ષર શરૂઆતમાં છે, તે બે વર્ણ અક્ષરથી સાધુ સમજવાના છે. વિષ એ સર્વરસાત્મક છે. પ્રસ્તુત સ્તોત્રના કર્તા શ્રી ભદ્રબાહુ સ્વામીએ દશવૈકાલિકની નિર્યુક્તિમાં શ્રમણોને વિષ સમાન કહ્યા છે.

ત્રીજી-ગાથામાં : **'ચિટ્ઠ'** - આ બે અક્ષર શરૂઆતમાં છે. તે બે અક્ષરથી આચાર્ય સમજવાના છે. કેમ કે ભગવાન તીર્થંકરદેવો મોક્ષમાં ગયા પછી જ્યાં સુધી તીર્થ હોય, ત્યાં સુધી આચાર્યો કહેવાય છે.

ચોથી-ગાથામાં : **'તુહ'** - આદિ અક્ષરો છે. તે બે અક્ષરથી અર્હત્ ભગવાન સમજવાના છે. **'તુહ'**નો અર્થ નાશ કરવો એવો થાય છે. સકલ જગતના સંશયોના સમૂહનો નાશ કરે તે 'તુહ' કહેવાય, જેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે, તે અર્હત્ ભગવંતો કહેવાય છે.

પાંચમી-ગાથા : **'ઈય'** - આદિમાં રહેલા અક્ષરોનો અર્થ સિદ્ધ ભગવંતો છે. 'ઈ' ધાતુનો અર્થ છે ગતિ કરવી. 'ઈય' એટલે ગયેલા ફરી પાછા ન આવવા માટે મુક્તિમાં ગયેલા સિદ્ધો.

આ પ્રમાણે પંચપરમેષ્ઠી સાથે જે જે શબ્દોના અર્થો પ્રયોગમાં લેવાયા છે, તે અયોગ્ય છે, તેવી શંકા ન કરવી તેમ ટીકાકારોએ કહ્યું છે. ઉવસગ્ગહરં સ્તોત્રમાં મુખ્ય તો અર્હત્ ભગવાનનું જ પ્રાધાન્ય હોય તે યોગ્ય જ છે.

(૧) તેનું અધ્યયન ઉપાધ્યાયોએ જ કરાવવું જોઈએ, તેથી આદિમાં ઉપાધ્યાય કહ્યા છે.

(૨) ઉપાધ્યાય પાસે આ સૂત્રનું અધ્યયન કરનારને સાધુઓ જ સહાય કરે છે, કારણ કે સહાય કરવાનો અધિકાર સાધુઓનો જ છે, માટે ઉપાધ્યાય પછી સાધુઓ કહેવાયા છે.

(૩) અધ્યયન કરાયેલાં સૂત્રોના અર્થ આચાર્યો જ કરે છે, માટે સાધુઓ પછી આચાર્યો મુકાયા છે.

(૪) આચાર્યોના ઉપદેશથી અર્હતોનું જ્ઞાન થાય છે. આ સ્તોત્રમાં અર્હત્ ભગવાન પાર્શ્વનાથ છે, તેથી આચાર્ય પછી અર્હત્ કહ્યા છે.

(૫) આ સ્તોત્રના પાઠથી થનારું ભાવફળ પરંપરાએ સિદ્ધપણું છે, તેથી અર્હત્ પછી સઘળાં શુભ અનુષ્ઠાનોનું ફળભૂત સિદ્ધ ભગવંતોનું પ્રતિપાદન કરાયું છે.

આ રીતે ઉવસગ્ગહરં સ્તોત્ર પંચપરમેષ્ઠી ગર્ભિત સ્તોત્ર છે. આ વિગત 'જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર'ના પૃષ્ઠ ૨૪૬ પર અંકિત થયેલી છે.

'શબ્દ' એ તાળું છે અને 'અર્થ' એ કૂંચી છે. કેટલાક શબ્દોના અર્થ જાણ્યા વિના શબ્દનો ખરો ભેદ સમજાતો નથી. એક શબ્દના અનેક અર્થો થાય છે. ક્યાં કેવો અર્થ ગ્રહણ કરવો, તે પૂર્વ-સંબંધથી વિચારવું જોઈએ.

## ઉવસગ્ગહરં સ્તોત્રની અર્થસંકલના :

ઉવસગ્ગહરં સ્તોત્ર નિત્ય-નિયમિત સ્મરણવાયોગ્ય છે. વારંવાર ચિંતવવાયોગ્ય પણ છે. ચિંતન તેનો અર્થ જાણ્યા વિના યથાર્થપણે થઈ શકે નહિ, તેથી પ્રત્યેક ગાથાની અર્થસંકલના - ભાવાર્થ તેમ જ અર્થવિવરણ (શબ્દાર્થ - અનેકાર્થ) વગેરે જાણવા જરૂરી છે. પાંચે ય ગાથાઓમાં શ્રી પાર્શ્વનાથ સ્વામીને અનુલક્ષીને અર્થ કરાયા છે, તેમ શ્રી પાર્શ્વયક્ષ, ધરણેન્દ્ર અને પદ્માવતીને અનુલક્ષીને અર્થઘટન થયેલું છે. સ્તોત્રમાં ધરણેન્દ્ર - પદ્માવતીના નામનો ઉલ્લેખ ભલે ન હોય, છતાં સંસ્કૃત શબ્દોનું અર્થ-વિવરણ થયેલું છે. અહીં પ્રથમ પાંચે ય ગાથાઓનો ભાવાર્થ અને ત્યાર પછી તેના સ્મરણ વડે થતી પ્રાપ્તિ અને ઉપસર્ગ નાશની રજૂઆત અનુક્રમે કરવામાં આવી છે.

**અર્થસંકલના :**

**ગાથા-પ્રથમ** : દેવાધિકૃત ચારે ય પ્રકારના ઉપદ્રવોને દૂર કરનાર પાર્શ્વ-યક્ષ જેમના સેવક છે, એવા કર્મરૂપી વાદળોથી અથવા ગાઢ કર્મોથી, ઘાતી કર્મોથી યુક્ત થયેલા ઝેરી સર્પોના વિષને સંપૂર્ણપણે નાશ કરનાર. વિપત્તિઓનું ઉપશમન અને સંપત્તિઓનો ઉત્કર્ષ કરનાર મંગલ અને કલ્યાણોના નિવાસસ્થાન શ્રી પાર્શ્વનાથ ભગવંતને હું વંદન કરું છું.

**ગાથા-બીજી** : જે મનુષ્ય અથવા જે મંત્રવેત્તા વિસહરફુલિંગ મંત્રને સદાકાળ કંઠમાં ધારણ કરે છે, ગર્ભિતમંત્રનો સદાકાળ જાપ કરે છે, તે જાપ કરનારના પ્રતિકૂળ સૂર્યાદિ ગ્રહો-રોગ-મરકી આદિનો તથા દુષ્ટ જ્વરો અથવા દુર્જનનો વિનાશ પામે છે. ભૂત આદિના આવેશો શાંત થાય છે.

**ગાથા-ત્રીજી** : મંત્રનો મહિમા તો એકબાજુએ રહ્યો, પણ તમને કરેલા પ્રણામ પણ બહુ ફળદાયક છે. તમને પ્રણામ કરનારા જીવો આયુષ્ય-બંધના કારણે મનુષ્ય કે તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થાય, તો પણ દુઃખ, દુર્ગતિ કે દારિદ્રય કે દુર્ભાગ્ય પામતા નથી, સુખ-સન્માન આદિને પ્રાપ્ત કરે છે.

**ગાથા-ચોથી** : હે ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષથી પણ અધિક એવું ફળદાયી અત્યંત ઉત્કૃષ્ટ એવું તમારું સમ્યક્ત્વ પામવાથી જીવો નિર્વિઘ્નપણે અજર અને અમર એવા સ્થાનને (મોક્ષને) પામે છે - મુક્તિધામને પામે છે.

**ગાથા-પાંચમી** : હે મહાયશસ્વી ! ભક્તિથી ભરપૂર અંતઃકરણ વડે, ભક્તના સમૂહથી સંપૂર્ણ હૃદય વડે આ પ્રમાણે જો આપને સ્તવ્યા છે, તેથી હે દેવાધિદેવ ! જિનચંદ્ર ! હે શ્રી પાર્શ્વનાથ ભગવંત મને જનમોજનમમાં જિન ધર્મની પ્રાપ્તિ આપો, જેથી નિરંતર આપની ભક્તિ કરી શકું અને ભવસાગરને તરવાને સમર્થ થાઉં.

આમ સંપૂર્ણ ઉવસગ્ગહરં સ્તોત્રની -

પ્રથમ-ગાથામાં - સ્તવના,

બીજી-ગાથામાં - તેમના નામના અધિષ્ઠિત મંત્રનું ફળ,

ત્રીજી-ગાથામાં - તેમના પ્રણામનું ફળ,

ચોથી-ગાથામાં - ભગવંતે પ્રરુપેલા સમ્યકૃત્વનું ફળ દર્શાવી અને

પાંચમી-ગાથામાં - યાચના - પ્રાર્થના કરવામાં આવી છે.

આ સ્તોત્રની પાંચમી-ગાથા - અંતિમ ગાથા છે, અહીં પ્રભુ પાસે પાર્થના કરવામાં આવી છે. પૂરા સ્તોત્રમાં સ્તવન દ્વારા શ્રી પાર્શ્વપ્રભુને નમસ્કાર કરીને તેમના અદ્‌ભુત ગુણોનું કીર્તન કરવામાં આવ્યું છે, અને છેવટે પ્રાર્થના કરવામાં આવી છે. પ્રાર્થના એ મુક્તિનું મહત્ત્વનું અંગ છે. **'દિજ્જ બોહિં'** - મને બોધી આપો, એટલે સમ્યગ્‌દર્શન, સમ્યગ્‌જ્ઞાન અને સમ્યક્‌ચારિત્રની રત્નત્રયી રૂપ ઉચ્ચતર કક્ષાની જિનધર્મની પ્રાપ્તિ થાઓ. પરમેશ્વર પાસે કેવળ બોધિની જ યાચનાનું લક્ષ રખાયું છે.

જેમ કે - **'લોગસ્સ સૂત્ર' ગાથા-છમાં** -

*आरुग्ग बोहिलाभं समाहिवर मुत्तमं दिंतु !* અને

**જયવીયરાય સૂત્ર ગાથા ચારમાં** -

*समाहिमरणं च बोहिलाभो अ !*

આ સર્વ સ્થળોએ ભક્ત-હૃદયોએ કેવળ બોધિની જ યાચના કરી છે. પ્રભુને સ્વામી માનીને આપણે એક અદના-સેવક બનીને પ્રાર્થના કરવાની છે કે આપને આપણા ઉદ્ધાર માટે ખરેખર શું જોઈએ છે ? શું જરૂરી છે ? આમ કરવાથી આધ્યાત્મિક પ્રગતિને પાંખો આવે છે.

**ઉવસગ્ગહરં સ્તોત્રની પઠનથી ઉપસર્ગ નિવારણ અને પ્રાપ્ત-સિદ્ધિઓ :**

(૧) પ્રથમ-ગાથાનો પાઠ યા સ્મરણ ઉપસર્ગ-ઉપદ્રવ અને વિષધરના વિષનો નાશ કરનાર છે.

(૨) પ્રથમ અને દ્વિતીય ગાથાનો સંયુક્ત રીતે કરાયેલો પાઠ યા સ્મરણ ગ્રહ-રોગ-મારી-વિષમજ્વર-દુષ્ટ-દુર્જન તથા સ્થાવર-જંગમ વિષનો નાશ કરનાર છે.

(૩) પ્રથમ, દ્વિતીય, તૃતીય અને ચતુર્થ ગાથાના પાઠથી સર્વ વાંચ્છિત પ્રાપ્ત થાય છે. આ ચાર ગાથામાં શ્રી પાર્શ્વ ચિંતામણિ મંત્ર સ્થાપન કરાયેલો છે.

(૪) પ્રથમ, દ્વિતીય અને તૃતીય ગાથાના પાઠ-સ્મરણથી વિષમ રોગ-દુઃખ-દારિદ્ર્યનો નાશ થાય છે.

(૫) સંપૂર્ણ સ્તોત્ર એકથી પાંચ ગાથાના સ્મરણથી આલોક અને પરલોકનાં કાર્યોની સર્વસિદ્ધિ થાય છે. સર્વ પ્રકારનાં અનિષ્ટો નાશ પામે છે. મન-ચિંતવ્યા પદાર્થો અને સંયોગો સ્વયંમેવ પ્રાપ્ત થાય છે.

ટૂંકમાં, ભગવાન પાર્શ્વનાથનો મહિમા ગાતા કવિઓએ તેમનાં નામ-સ્મરણથી, વંદન પૂજન અને પ્રણિધાનથી સર્વરોગો શાંત થવાનું, સર્વ વિષોનું નાશ થવાનું, સર્વ ઉપદ્રવોનું નષ્ટ થવાનું, સર્વ ગ્રહોની વિરુદ્ધતા-ગુણકારિતામાં પલટાવવાનું અને સર્વ પ્રતિકૂળતાઓ અનુકૂળતાઓમાં ફેરવાઈ જવાનું. ઠેર ઠેર જણાવ્યું છે -

**નાસવે તેહના દોષ સઘલા નામ તુમ મંત્રાક્ષરો**
**જાગતું મહિમા જગત્ર જાણે પાસ તૂ શંખેશ્વરો...**
**તું પરમહંસો, પરમમંત્રો વિષમ વિષનાસન પરો,**
**જાગતુ મહિમા જગત્ર જાણે પાસ તૂ શંખેશ્વરો...**
**તે દોષ નિવારણ નેત્ર નિરમલ કરે તુ અલવેસરો,**
**જાગતુ મહિમા જગત્ર જાણે પાસ તૂ શંખેશ્વરો...**

*- પ્રાચીન ગુજરાતી કૃતિમાંથી પૃ. ૯૧૧*

**ખરતરવસહી મંદિરજીની પ્રતિમાઓ અને ઉવસગ્ગહરં સ્તોત્ર વચ્ચેનો સંબંધ :**

આબુગિરિ પર ખરતરવસહી નામના મંદિરમાં નીચેના માળે ચારેબાજુએ શ્રી પાર્શ્વનાથ ભગવાન છે. બધી જ પ્રતિમાઓ ભવ્ય છે અને નવ ફેણયુક્ત છે. આ ચારે ય મૂર્તિઓ નીચે શિલાલેખ છે, જેમાં લખ્યા પ્રમાણે -

પૂર્વ દિશાની મૂર્તિમાં - મંગલકાર પાર્શ્વનાથ

પશ્ચિમ દિશાની મૂર્તિમાં - મનોરથ કલ્પદ્રુમ પાર્શ્વનાથ

ઉત્તર દિશાની મૂર્તિમાં - ચિંતામણિ પાર્શ્વનાથ

દક્ષિણ દિશાની મૂર્તિમાં - મૂર્તિનું નામ વાંચી શકાતું નથી, પણ કલ્યાણકર પાર્શ્વનાથ હશે તેમ મનાય છે.

ઉવસગ્ગહરં સ્તોત્રની પ્રથમ-ગાથામાં મંગલ કલ્યાણ, ચોથી-ગાથામાં ચિંતામણિ કપ્પપાય (કલ્પદ્રુમ), આમ ચારે ય શબ્દો અહીં વપરાયા છે, જે આ સ્તોત્રની સાથે સંબંધિત હોવા જોઈએ !

આ ચારે નામના પાર્શ્વનાથની મૂર્તિઓ આ એક જ સ્થળે આબુના ખરતરવસહી મંદિરમાં સાંપડી છે.

**વિવિધ સંપ્રદાયોમાં ઉવસગ્ગહરં સ્તોત્ર :**

આચાર્ય શ્રી ભદ્રબાહુ સ્વામીને સર્વ સંપ્રદાયોને સ્વીકારતા હોવા છતાં તેમની રચનાનો અન્ય સંપ્રદાયોમાં કશો જ ઉલ્લેખ નથી. જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયમાં જ તેમની રચના વિશે માહિતી પ્રાપ્ત થઈ છે.

પણ સત્તરમી સદીની 'દિગંબરીય પટ્ટવલી'માં એવી વિગત છે કે 'ઉવસગ્ગહરં સ્તોત્રને આચાર્ય માનતુંગસૂરિકૃત માને છે.' દિગંબર મતના કવિ શ્રી ધનંજયે તેમના 'વિષાપહાર સ્તોત્ર'ની ચાલીસ ગાથાના સ્તોત્રની રચના કરી છે, જેમાં તેઓ ભક્તિને પ્રાધાન્ય આપતા જણાવે છે કે - 'મંત્ર-તંત્ર-યંત્ર એ ભગવાનના પર્યાયવાચી છે. વિષ કે રોગથી મુક્તિ, રત્નો કે રસાયણોની માગણી કરે છે.' તેઓ જણાવે છે કે - 'વૃક્ષનો આશ્રય લેવાવાળાને છાયા સ્વતઃ પ્રાપ્ત થઈ જાય છે, તો પછી છાયાની યાચના કરવાથી શો લાભ ?'

ભગવાન પાસે જો ખરેખર જ માંગવાનું હોય તો - 'ભવોભવ મને ભક્તિ મળે ત્યાં સુધી જે જ્યાં સુધી મને મોક્ષની પ્રાપ્તિ ન થાય.'

ક્યાંક એવો પણ ઉલ્લેખ છે કે - 'ભદ્રબાહુ સ્વામી એક કરતાં વધારે હોવાનું પુરવાર થયેલું છે. 'દશશ્રુતસ્કંધના કલ્પસૂત્ર' વગેરે રચનાર ચૌદપૂર્વધર શ્રી ભદ્રબાહુ નહિ પણ બીજા ભદ્રબાહુ સ્વામી હશે ? તે માટે કેટલાક મુદ્દા છે.

(૧) જે ઓઘા નિર્યુક્તિ ચૌદપૂર્વધર શ્રી ભદ્રબાહુ સ્વામીની મનાય છે તેની પ્રથમ-ગાથા આ પ્રકારની છે -

*अरिहंते वंदिता चउदसपुव्वी ।*
*एक्कारसंग सुत्त धारए सव्व साहू य ॥*

જો આ ગાથાના રચયિતા ચૌદપૂર્વધર હોય તો તેઓ દશપૂર્વીને શા માટે નમસ્કાર કરે ?

(૨) વળી આવશ્યક નિર્યુક્તિની ગાથા ૨૩૦મા શ્રી વજ્ર સ્વામીનો ઉલ્લેખ છે. જેમનો જન્મ વીર નિર્વાણ સંવત ૪૯૬માં થયો હતો અને નિર્વાણ ૫૮૪માં થયું હતું.

(૩) તેમાં જ ગાથા ૨૩૨માં શ્રી આર્યરક્ષિતનો ઉલ્લેખ છે, જેમનો જન્મ વીર નિર્વાણ સંવત ૫૨૨માં થયો હતો અને નિર્વાણ ૫૯૭માં થયું હતું. (માથુરી વાચના પ્રમાણે)

ત્યાર બાદ ૪૦૯માં દિગંબર મતની ઉત્પત્તિ બતાવી છે. આ બધા જ બનાવો - વીર નિર્વાણ ૧૭૦માં સ્વર્ગવાસી થયેલ ચૌદપૂર્વધર શ્રી ભદ્રબાહુ સ્વામી કઈ રીતે લખે ? એટલે ઉવસગ્ગહરં સ્તોત્રનું નિર્માણ ઘણા લાંબા સમયે થયેલા શ્રી ભદ્રબાહુ સ્વામીએ જ કરેલું સંભવિત છે. બીજા ભદ્રબાહુ સ્વામીનો ઉલ્લેખ દિગંબર સાહિત્યમાં છે.

(૧) 'તિલોયપતિ'માં તેમનું બીજું નામ વજ્રયશા છે.

(૨) 'ઉત્તરપુરાણ, હરિવંશપુરાણ અને સૂર્યબંધો' વગેરેમાં તેમનું નામ યશોબાહુ છે.

(૩) 'શ્રુતાવતાર'માં તેમનું નામ જયબાહુ જણાવેલું છે.

(૪) 'જિનસેનકૃત આદિપુરાણ'માં મહાયશ છે. આ સ્તોત્રની પાંચમી ગાથામાં આવતો મહાયશ શબ્દ (હાલ શ્રવણ બેલગોડા કહે છે) દિગંબર સંપ્રદાયનું પ્રચલિત પ્રસિદ્ધ તીર્થ છે. અહીં બે પહાડ છે.

એક પહાડ પર શ્રી બાહુબલીની એકવાન ફૂટ ઊંચી ખુલ્લી જગ્યામાં મૂર્તિ છે. જ્યા બાર વર્ષે એકવાર મહામસ્તકાભિષેક થાય છે, અને તેની

સામે નાના પહાડ તરીકે જાણીતો ચંદ્રગિરિ પહાડ છે. આજે પણ યાત્રિકોને ત્યાંના Guide - ભોમિયાઓ જણાવે છે કે - 'જિનધર્મનાં શ્રી ભદ્રબાહુ સ્વામીએ આ ગુફામાં સાધના કરીને તેમના મંત્રયુક્ત મહાન પાઠની રચના કરી છે.' 'શ્રવણ-બેલગોલ ચંદ્રગિરિ' લેખમાં જણાવ્યું છે કે - 'શ્રી કેવળી આચાર્ય ભદ્રબાહુની પરંપરામાં થયેલા બીજા ભદ્રબાહુ સ્વામી એ બાર વર્ષનો દુકાળ પડતા દક્ષિણ ભારતના કર્ણાટક પ્રદેશ સુધી વિહાર લંબાવ્યો હતો.' એક એવો પણ ઉલ્લેખ છે કે - 'આ નાના પહાડ પર સાતસો જેટલા શ્રમણોએ અનશન લઈને મરણ-સમાધિ મેળવી હતી. પોતે સંઘ સાથે આગળ વિહાર કર્યો. એક શિષ્યને કારણવશાત્ અનશન કરવાની મનાઈ કરીને ત્યાં જ પહાડી પર રોકેલા, જેમનું નામ દક્ષિણ વિહારી હતું. ત્યાર બાદ ત્યાં આચાર્ય ચંદ્રગિરિ પધાર્યા ત્યારથી એ પહાડ ચંદ્રગિરિ પહાડ તરીકે ઓળખાય છે.' ત્યાં અતિ પ્રાચીન પાર્શ્વ-પદ્માવતીની મૂર્તિઓ પણ છે.

**મંત્રયુગ અને ઉવસગ્ગહરં સ્તોત્ર :**

'ઔપપાતિકસુત'ના સોળ અધ્યયનમાં એવો ઉલ્લેખ છે કે - 'શ્રી શ્રમણ ભગવાન મહાવીરના અંતેવાસી ભગવંતો જેમ જાતિસંપન્ન, કુલસંપન્ન, બલસંપન્ન અને રૂપસંપન્ન હતા, તેમ ગુણપ્રધાન, ચારિત્રપ્રધાન, વિદ્યાપ્રધાન અને મંત્રપ્રધાન હતા. જેઓ નિર્ગ્રંથ પ્રવચનને સન્મુખ રાખીને વિચરતા હતા. એટલે ભગવાન શ્રી મહાવીરના યુગમાં પણ મંત્રોનું પ્રચલન હતું. એમ માની શકાય છે.' જૈન શાસ્ત્રોમાં એવો પણ ઉલ્લેખ મળે છે કે - 'શ્રી આદિનાથ ભગવાનના પૌત્રો નમિ-વિનમિને ધરણેન્દ્રે રોહિણી પ્રજ્ઞપ્તિ વગેરે વિદ્યાઓ - મંત્રો આપ્યા છે.' "રામાયણમાં લંકાધિપતિ દશાનન દ્વારા એક હજાર વિદ્યાઓની સાધનાનો ઉલ્લેખ છે. ટૂંકમાં, વિદ્યાઓ - મંત્રોનો ઉપયોગ આ અવસર્પિણીમાં અસંખ્યાત્ વર્ષો પૂર્વે પણ હતા તેવું નક્કી થાય છે.

**મંત્રની વ્યાખ્યાઓ :**

'મંત્ર' એટલે અગમ્ય શબ્દોથી ભરેલી ગૂઢ ભાષા. જુદા જુદા ગ્રંથોમાં જુદા જુદા આચાર્યો દ્વારા મંત્રની વ્યાખ્યા અલગ રીતે પ્રાપ્ત થાય છે.

(૧) 'પંચાશકવિવરણ, ગચ્છાચાર પયન્ના, પિંડનિર્યુક્તિ, વ્યવહાર સૂત્ર, રાયપસેણીય, પ્રવચન સારોદ્ધાર અને દર્શનશુદ્ધિ પ્રકરણ' આદિમાં -

*'मन्त्रो देवाधिष्ठितो वाडअरचना विशेषः ।'*

અર્થાત્ મંત્ર એટલે દેવાધિષ્ઠિત અક્ષરસમૂહ, જેની સાધના કરવી ન પડે તેવી અક્ષરની રચનાવાળો સમૂહ.

(૨) યશોભદ્રસૂરિ કૃત ષોડશક પ્રકરણ-વિવરણ (પત્ર ૩૯માં) મુજબ -

*'ज्ञानरक्षणो नियमाद् भवत् इति कृत्पा मंत्र उच्चयते ।'*

અર્થાત્ જ્ઞાન અને રક્ષણ જેનાથી નિશ્ચયે થાય છે તે મંત્ર.

(૩) ઉત્તરાધ્યયન સૂત્ર, બૃહદ્‌વૃત્તિ અધ્યયન ૧૫ (પૃષ્ઠ ૪૧૭માં)

*ॐ कारदि स्वाहापर्यन्तो ह्रीँ कारा देवर्ण विन्यास सात्म कस्त ।*

અર્થાત્ જેની આદિમાં વર્ણોવિન્યાસવાળો મંત્ર કહેવાય.

હવે ઉવસગ્ગહરં સ્તોત્રમાં ***'ॐ હ્રીં', સ્વાહા', 'સ્વધા'*** કે બીજા કોઈ પલ્લ-વોનો ઉપયોગ છે જ નહિ, તો તેમાં મંત્ર છે અથવા તે મંત્રયુક્ત છે તેમ કઈ રીતે કહી શકાય ? આ સવાલ સામાન્ય સાધકના મનમાં ઉદ્‌ભવે તે સ્વાભાવિક છે, પણ શાસ્ત્રકારો તેનું સમાધાન આપતા જણાવે છે કે -

(૧) શ્રી પાર્શ્વનાથ - પ્રભુનું નામ જ પરમમંત્ર છે.

(૨) તેમનું નામ જ સર્વમંત્રાક્ષરોમાં શ્રેષ્ઠ મંત્ર છે.

(૩) *निशेषमंत्राक्षर चारुमंत्र श्री पार्श्वतीर्थेश्वर नाम धेयम् ।'* **જૈન સ્તોત્ર સંદોહ ભાગ ૨** (પૃષ્ઠ ૧૭૫)

(૪) નામ દ્વારા પરમતારકની સ્તવના જેમાં હોય તે સ્તોત્ર મંત્ર ગણાય છે, તે પૂર્ણ વાસ્તવિક પણ છે.

કેટલીક વ્યાખ્યાઓ શાસ્ત્રોમાં અતિ સરળ શબ્દોમાં બતાવી છે :

(૧) જે અક્ષરરચના, સૂત્ર સિદ્ધાંત કે પાઠ વારંવાર મનન કરવાયોગ્ય હોય તે મંત્ર કહેવાય.

(૨) જે અક્ષરરચનાનું વારંવાર મનન કરવાથી વિવિધ પ્રકારના ભયોમાંથી રક્ષણ થાય તે મંત્ર કહેવાય.

(૩) જે શબ્દો સદ્‌ગુરુ વડે શિષ્યને ગુપ્ત રીતે અપાય તે મંત્ર કહેવાય.

(૪) જેનો પાઠ કરતાં જ કાર્ય સિદ્ધ થાય તે મંત્ર કહેવાય.

જૈન ધર્મમાં જે મુખ્ય મંત્રો છે તે તીર્થંકર ભગવંતો દ્વારા ઉપદેશાયેલા છે તેમ જ ગણધર ભગવંતો કે શ્રુત કેવળી, શ્રુત સ્થવિરો દ્વારા રચાયેલા છે, તેથી તે પરમ પવિત્ર અને પરમ પ્રભાવક રહ્યા છે. મંત્રપાઠ એ શ્રુતજ્ઞાનનો એક પ્રકાર છે.

**મંત્રસિદ્ધિ :**

મંત્રના અધિષ્ઠાયક દેવ યા દેવી પ્રત્યેની અનન્ય કોટિની શ્રદ્ધા તથા ગુરુ દ્વારા પ્રદત્ત આમ્નાય પ્રાપ્ય થયેલો મંત્ર જ ફળદાયક સિદ્ધ થાય છે. જો ઉપરની બંને ભાવના ન હોય તો મંત્ર ફળદાયક બનતો નથી. ઉવસગ્ગહરં સ્તોત્રની પાંચમી-ગાથાના બીજા ચરણમાં **'ભત્તિભર નિબ્ભરેણ હિયએણ'** પદ મૂકીને શ્રી પાર્શ્વનાથ ભગવાન પ્રત્યેની શ્રદ્ધા વ્યક્ત કરવામાં આવી છે. ઉપરાંત વિસહર ફુલિંગ મંત્ર જ છે આ ઉપરાંત તેમાં -

સ્તંભન

મોહન

વશીકરણ

વિદ્વેષણ

ઉચ્ચાટન ઉપરાંત

શ્રી પાર્શ્વયક્ષ-યક્ષિણીના મંત્રો ગુપ્ત રીતે સ્થાપિત થયેલા જ છે. આમ, મંત્રો એ વર્ણોનું વિશિષ્ટ સંયોજન છે. મંત્રનો મહિમા મહાન છે, રહસ્યથી ભરેલો છે.

મંત્રશકિતની કોઈ સીમા નથી. મંત્રશક્તિ વડે અનેક પ્રકારનાં અદ્‌ભુત આશ્ચર્યકારી પરિણામો નિપજાવી શકાય છે.

**યંત્રો :**

પ્રાચીનકાળમાં યંત્રો અમુક જ વસ્તુ પર અમુક જ દ્રવ્યો વડે, અમુક જ કલમથી ખાસ 'સમયે જ લખાતાં હતાં, આજે એવી પરિસ્થિતિ રહી નથી, અને જો આવો આગ્રહ રખાય તો યંત્રનો વિષય છોડવો પડે. યંત્રનો વિષય પણ છોડવાયોગ્ય નથી જ. મંત્રસિદ્ધિ માટે યંત્ર અતિ આવશ્યક છે. મંત્રજાપ કરતા યંત્રનું વિશિષ્ટ પુષ્પોથી - અમુક સંખ્યામાં પૂજનનું શાસ્ત્રોમાં વિધાન છે.

શ્રદ્ધા, શુદ્ધિ અને વિધાન એ ઉપાસનાના આધારસ્તંભ છે, તેમ અનુભવી પુરુષોનું માનવું છે. અવિધિએ કરેલું કાર્ય નષ્ટ જ સમજવું. વિધિપૂર્વકની યંત્રમંત્રની સાધના યશ અને લાભના અધિકારી બનાવે છે.

**ઉવસગ્ગહરં સ્તોત્રમાં અનેક પ્રકારનાં યંત્રોની રચના છે :**

**પ્રથમ-ગાથામાં** : જગદ્ વલ્લભકર, જ્વરોપનાશક, સૌભાગ્યકર યંત્ર, શાકિનીનાશક, ભૂતાવિશહિતિગ્રકર, વિષનિગ્રહકર, ક્ષુદ્રોપદ્રવનાશક યંત્રો છે.

**બીજી-ગાથામાં** : બૃહચ્ચક્ર યંત્ર, ચિંતામણિચક્ર યંત્ર.

**ત્રીજી-ગાથામાં** : સૌભાગ્યદાયક મંત્ર, અપત્યજીવન યંત્ર, વંધ્યત્વ-નિવારક યંત્ર, બાલક-ગ્રહનિવારક યંત્ર, કાકવંધ્યત્વ-નિવારક યંત્ર.

**ચોથી-ગાથામાં** : સર્વાર્થસાધક દેવકુલ યંત્ર, કલ્પદ્રુમ યંત્ર.

**પાંચમી-ગાથા** : શાંતિક, જ્વર-રોગ શાકિની, પૌષ્ટિક, ભૂત, રાક્ષસ-વિનાશક યંત્રો છે.

**મંત્ર-યંત્રનો સમન્વય :**

(૧) મંત્રમાં શબ્દપ્રધાન છે; યંત્રમાં આકૃતિ-ગોઠવણપ્રધાન છે.

(૨) મંત્ર એ વર્ણોનું વિશિષ્ટ સંયોજન છે; યંત્ર એ દૈવી તત્ત્વની વિશિષ્ટ સ્થાપના છે.

(૩) યંત્ર એ મંત્રશાસ્ત્રનું મહત્ત્વનું અંગ છે.

(૪) જે યંત્ર છે તે મંત્રદેવતા જ છે.

(૫) જેમ દેહ અને આત્મા ઓતપ્રોત હોવાથી અભેદ પ્રવર્તે છે, તેમ મંત્ર અને યંત્રની બાબતમાં છે. જેમ કે - પંચપરમેષ્ઠી પૂજનમાં નવપદજીના યંત્રની પૂજા કરવામાં આવે છે. ઋષિમંડળ પૂજનમાં યંત્રને સાક્ષાત્ દેવતા માનીને જ પૂજન કરાય છે. તેનો પ્રભાવ પણ અનુભવાય છે.

(૬) મંત્રોમાં બીજાક્ષરોના ઉચ્ચારણનું મહત્ત્વ છે; યંત્રોમાં ભૌમિતિક આકારોનું મહત્ત્વ છે, જેમ કે - 'ભક્તામર સ્તોત્ર'નો યંત્ર ચતુષ્કોણાત્મક છે.

સિદ્ધચક્રજી, ઋષિમંડળનો યંત્ર વર્તુળ - ગોળાકાર છે.

પદ્માવતીનો યંત્ર ષટકોણાત્મક હોય છે.

ધ્યાનને લગતાં યંત્રો કમલાકૃતિમાં છે.

મંત્રના જાપમાં યંત્રનું આલંબન લેવાય તો શીઘ્ર ફળદાયી બને છે.

ઉવસગ્ગહરં સ્તોત્રના બે ટીકાકારો પૂર્ણચંદ્રસૂરિજી જેમણે સ્તોત્રની 'લઘુકૃતિ'માં કુલ મળીને ૧૭ યંત્રો દર્શાવ્યાં છે, જ્યારે દ્રિજપાર્શ્વ દેવગણિજી-એ રચેલી 'લઘુવૃતિમાં કુલ ૨૧ યંત્રો દર્શાવ્યાં છે. પણ તેમણે ચોથી - ગાથાનું એક પણ યંત્ર દર્શાવ્યું નથી.

**શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રની રચના, રચયિતા, રચનાકાળ અને રચનાના સ્થાનનો સંક્ષિપ્ત પરિચય :**

**રચના :** શ્રી ભદ્રબાહુ સ્વામીની આ રચના લગભગ આઠસો વર્ષ જેટલી પ્રાચીન ગણવામાં આવે છે. આ સ્તોત્રનું સર્જન નિમિત્તવશાત્ થયેલ છે. તેનું સ્મરણ-ચિંતન પણ નૈમિત્તિક જ હતું; તેમ છતાં પાછળના કાળથી આ સ્તોત્રની ગણના નિત્ય-સ્મરણીય તરીકે થવા લાગી છે.

**રચયિતા :** શ્રી ભદ્રબાહુ સ્વામીનો જન્મ વીર સંવત ૯૪માં થયો હતો.

**ગૃહસ્થ પર્યાય** - ૪૫ વર્ષનો. **ચારિત્રપર્યાય** - ૩૧ વર્ષનો જેમાં ૧૭ વર્ષ મુનિ તરીકે, ૧૪ વર્ષ યુગપ્રધાન આચાર્ય તરીકે.

પાટલીપુત્રમાં વિષ્ણુ પુરોહિતના બે પુત્રોમાં એક વરાહમિહિર અને ભદ્રબાહુ હતા. બંને કેટલીક વિદ્યાઓમાં પારંગત હતા. વરાહમિહિરે સાંસારિક-સુખો ભોગવવાની સાથે અનેક ગ્રંથો લખ્યા. 'વરાહસંહિતા' એ એમની જાણીતી કૃતિ છે. જ્યોતિષવિદ્યા, પ્રમાણવિદ્યા, લક્ષણશાસ્ત્ર, બ્રાહ્મણોને ઉપયોગી શાસ્ત્રોનાં જાણકાર ઉપરાંત વેદોના પારગામી હતા. જ્યારે ભદ્રબાહુએ મુક્તિસુખ - મોક્ષને શ્રેષ્ઠ ગણ્યું. જીવનને અનેક પ્રકારનાં દુ:ખોથી સંતપ્ત જાણી સંવેગપૂર્વક ગૃહવાસનો ત્યાગ કરી શ્રી યશોભદ્ર નામના યુગપ્રધાન આચાર્ય પાસે જિન્દ્ર પ્રણીત દીક્ષા અંગીકાર કરી ગ્રહણ અને આસેવન શિક્ષામાં પારંગત બન્યા, આગમોના પરમાર્થ જ્ઞાતા થયા, કવિ-ઓમાં તિલક બન્યા અને ચૌદપૂર્વના જ્ઞાતા - ગીતાર્થ થયા. જ્ઞાન-ગુણની પ્રશંસા થતા વિદ્વત્તાથી ગુરુએ આચાર્ય પદવીથી અલંકૃત કર્યા. શત્રુ-મિત્રને સમાન ગણી સાગરસમા ગંભીર એવા ભદ્રબાહુ સ્વામીની ખ્યાતિ, કીર્તિ ચોમેર ફેલાઈ ગઈ. પિતા વિષ્ણુ પુરોહિતના અવસાન પછી પુત્ર વરાહમિહિર રાજપુરોહિતપદે સ્થપાયા. ભદ્રબાહુ સ્વામીની ખ્યાતિ - પ્રસિદ્ધિને ખમી ન શક્યા, એટલે જૈન ધર્મની વિરુદ્ધ પોતાના વિચારો જાહેરમાં મૂકતા ગયા તથા રાજાના પુત્રના મૃત્યુ અંગેના નિર્ણયમાં સાચા ન પડ્યા. ભદ્રબાહુ સ્વામીના જ્ઞાનથી રાજા વગેરે પ્રભાવિત થયા. આવાં અનેક કારણોથી વરાહમિહિરે નગરમાં અનેક પ્રકારના ઉપદ્રવો શરૂ કર્યા. વ્યંતર બની પ્રજામાં હાહાકાર મચાવ્યો. આ સમયે શ્રી ભદ્રબાહુ અન્ય સ્થાળે હતા, તેથી શ્રી સંઘે વિચાર કર્યો કે - 'આ ઉપદ્રવને દૂર કરે તેવા શ્રી ભદ્રબાહુ સ્વામી એક જ છે.' ગુરુને

ઉપદ્રવની વિગત જણાવી. શ્રી ભદ્રબાહુ સ્વામીએ પોતાના જ્ઞાનથી આ બધો જ વ્યતિકર જાણ્યો અને તરત જ મહાપ્રભાવક સ્તોત્ર બનાવી નગરોમાં મોકલ્યું. સમસ્ત સંઘ તેના પાઠ-સ્મરણના પ્રભાવથી નિરુપદ્રવી થયો. શાંતિ છવાઈ ગઈ.

આ સ્તોત્રની રચના કયા નગરમાં થઈ તે અંગે ક્યાં ય ઉલ્લેખ નથી. પણ એક વાત નિશ્ચિત છે કે જે નગરમાં ઉપદ્રવ થયો તે નગરમાં શ્રી ભદ્રબાહુ સ્વામી ન હતા, પણ અન્ય સ્થળે હતા. સંઘની વિનંતીથી આ સ્તોત્ર બનાવી બીજાઓ દ્વારા મોકલ્યું કે લઈ જનારા સાધુઓ હતા કે શ્રાવકો તે નિર્ણીત થયું નથી.

(**નોંધ** : જેમ બે ભદ્રબાહુનો ઉલ્લેખ જોવા મળે છે, તેમ બે વરાહ-મિહિરનો પણ છે. 'વેરનાં વમળમાં' પુસ્તકમાં વરાહમિહિરે પણ દીક્ષા લીધી હતી, પણ ભદ્રબાહુને આચાર્યપદવી મળતા ઈર્ષાના કારણે દીક્ષા છોડી દીધી એવો ઉલ્લેખ છે. 'પ્રિયંકરનૃપ કથા' દ્વારા તેના પ્રભાવનો મહિમા જાણી શકાય છે.

વિષયના તમામ મુદ્દાને આવરી લેવા માટે રચયિતા, રચનાકાળ વગેરે મેં સંક્ષિપ્તમાં દર્શાવ્યું છે. સર્વાંગી સમીક્ષામાં લગભગ બધા જ મુદ્દાઓ લેવાનો મારો પ્રયાસ રહ્યો છે.)

ઈ.સ.ના છઠ્ઠા સૈકામાં એટલે કે વીરનિર્વાણ પછી અગિયાર-બાર સદીમાં બીજા ભદ્રબાહુ સ્વામી થયા હોવા જોઈએ કે જેમને વરાહમિહિર નામનો ભાઈ હતો. જેઓ ભદ્રબાહુ સ્વામી વરાહમિહિરની સૂક્ષ્મમાં સૂક્ષ્મ ગણતરીમાં પણ ભૂલો બતાવી શક્યા હતા.

**શ્રી મુનિ સુંદરસૂરિએ 'ગુર્વાવલી'માં** કહ્યું છે તે ગાથાનું ભાષાંતર આ પ્રમાણે છે :

'આચાર્ય શ્રી યશોભદ્રસૂરિજીના બીજા પટ્ટધર, છેલ્લા પૂર્વધર ઉપસર્ગ સ્તોત્ર રચીને સંઘરક્ષા કરનાર ધરણેન્દ્રથી પૂજિત, સિદ્ધાંત સાગરને વહન કરનાર અને વીર સંવત ૧૭૦માં સ્વર્ગવાસી થયા, એવા શ્રી ભદ્રબાહુ ગુરુ તમારા કલ્યાણને માટે થાઓ.'

એક બીજી ગાથાની નોંધ ગ્રંથમાંથી લેવામાં આવી છે -

उवसग्गहरं थोत्तं काऊण जेण संघ कल्लाणं ।
करुणायरेळ विहियं, स भद्रबाहु गुरु जयउ ॥

કરુણાના ભંડાર એવા જેમણે ઉપસર્ગહર સ્તોત્ર રચીને શ્રી સંઘનું કલ્યાણ કર્યું તે શ્રી ભદ્રબાહુ ગુરુ જયવંતા વર્તો.

ઉવસગ્ગહરં સ્તોત્રનો પ્રભાવ વર્ણવવા **શ્રી જિનસૂરિમુનિએ 'પ્રિયંકરનૃપ કથા'**માં કહ્યું છે કે -

उपसर्गहरस्तोत्रं, कृतं श्री भद्रबाहुना ।
ज्ञानादित्येन संघस्य, शांन्तये मंगलाय च ॥१॥

આ ઉપસર્ગહર સ્તોત્ર સૂર્યસમાન શ્રી ભદ્રબાહુ સ્વામીએ સંઘની શાંતિ અને કલ્યાણ માટે બનાવ્યું છે.

## શ્રી ભદ્રબાહુ સ્વામીની અન્ય રચનાઓ :

(૧) આવશ્યક, (૨) દશવૈકાલિક, (૩) ઉત્તરાધ્યયન, (૪) આચારાંગ, (૫) સૂત્રકૃતાંગ, (૬) દશાશ્રુતસ્કંધ, (૭) બૃહત્કલ્પ, (૮) વ્યવહાર સૂત્ર, (૯) સૂર્ય પ્રજ્ઞપ્તિ, (૧૦) ઋષિભાષિત - મૂળ અને નિર્યુક્તિ બંને પોતે રચેલા હતા.

ઉપરોકત દસ ગ્રંથો પર નિર્યુક્તિ રચી છે. જ્યારે (૧૧) દશા (૧૨) કલ્પ (૧૩) વ્યવહાર (૧૪) નિશીથઆ ચાર છેદ સૂત્રો રચ્યાં છે.

મહામંગલકારી કલ્પસૂત્રનાં રચયિતા શ્રી ભદ્રબાહુ સ્વામીએ (૧૫) ભદ્રબાહુસંહિતા, (૧૬) ઉવસગ્ગહરં સ્તોત્ર - આમ કુલ સોળ રચનાઓ કરી છે : ઉપરાંત (૧) સંસ્કત નિર્યુક્તિ, (૨) નવગ્રહ શાંતિસ્તોત્ર, (૩) સંપાદલક્ષ વસુદેવ હિંડી - આ ત્રણ ગ્રંથો છે.

## શ્રી ભદ્રબાહુ સ્વામીનો પરિવાર :

(૧) જન્મસ્થળ - પાટલીપુત્ર
(૨) પિતાનું નામ - વિષ્ણુમિત્ર પુરોહિત
(૩) માતાનું નામ - સોમા
(૪) ભાઈનું નામ - વરાહમિહિર
(૫) ભાઈની પત્નીનું નામ - સાવિત્રી

उवसग्गहरंपासं पासं वंदामि कम्मघणमुक्कं ।
विसहरविसनिन्नासं मंगलकल्लाण आवासं ॥१॥

विसहरफूल्लिंगमंतो कंठे धारेइ जो सया मणुओ ।
तस्स ग्गह - रोग - मारी - दुट्ठ - जरा जंति उवसामं ॥२॥

चिट्ठउ दूरे मंतो तुज्झ पणामो वि बहुफलो होइ ।
नरतिरिएसु वि जीवा पावंति ना दुक्खदोहग्गं ॥३॥

तुह सम्मत्ते लद्धे चिंतामणिकप्पपायवब्भईए ।
पावंति अविग्घेणं जीवा अयरामरं ठाणं ॥४॥

ॐ नट्ठट्ठमयट्ठाणेयट्ठाणे पणट्ठकमट्ठनट्ठसंसारे ।
परमट्ठनिट्ठियट्ठे अट्ठमहाधीसरे वंदे ॥५॥

ॐ तुह दंसणेय ज्झायइ तुह दंसणाम फलहेउं स्वाहा ॥६॥

अमरतरु कामघेणु चिंतामणिकामकुंममाइया ।
सिरिपासन्नाहसेवाग्गहा सव्वे वि दंसत्तं ॥७॥

नवं एक्यणवसयं मायावीएण घरणिंदनागिंद ।
सिरिकामराजकलिंय पाजिणंद नमंसामि ॥८॥

इय संथुओ महायस ! भत्तिभरनिब्भरेण हीए ।
ता देव दिज्ज बोहिं भवे भवे पास जिणचंद ॥९॥

*इति उवसग्गहरं मन्त्र गर्भितं तस्य (यस्य) कस्या वि नो देयं उवसग्गहरं मूल मंत्र लिखक्ते ॐ ह्रीँ श्रीँ क्लीँ ऐँ श्रीपार्श्वनाथाय नमः।*

## उवसग्गहरं स्तोत्र (बृहद्)

*(आचार्य भद्रबाहु स्वामी रचित)*

उवसग्गहरंपासं पासं वंदामि कम्मघणमुक्कं ।
विसहरविसनिन्नासं मंगलकल्लाणआवासं ॥१॥

विसहरफूल्लिंगमंतो कंठे धारेइ जो सया मणुओ ।
तस्स ग्गह - रोग - मारी - दुट्ठ - जरा जंति उवसामं ॥२॥

चिट्ठउ दूरे मंतो तुज्झ पणामो वि बहुफलो होइ ।
नरतिरिएसु वि जीवा पावंति ना दुज्क्खदोहग्गं ॥३॥

तुह सम्मत्ते लद्धे चिंतामणि कप्पपायवब्भईए ।
पावंति अविग्घेणं जीवा अयरामरं ठाणं ॥४॥

ॐ अमरतरु कामधेण-चिन्तामणि-कामकुम्भमाईए ।
सिरि पासनाह सेवा गयाण सव्वे वि दासंत्ते ॥५॥

ॐ ह्री श्रीं ऐं ॐ तुह दसणेय सामिय, पणासेई रोग-सोग-दोहग्गं ।
कप्पतरूमिव जाइ, ॐ दंसणेण सफलहेउ ॐ स्वाहा ॥६॥

ॐ ह्रीं नमिऊण पणव-सहियं, मायाबीएण धरणिनागिंदं ?
सिरी कामराय-कलियं, पासजिणंदं नमंसामि ॥७॥

ॐ ह्रीं श्रीं पास विसहर-विज्जामन्तेण झाण झाएज्जा ।
धरणे पउमादेवी, ॐ ह्रीं क्ष्मलूं व्यूं स्वाहा ॥८॥

ॐ थुणेमि पासं, ॐ ह्रीं पणमामि परम-भत्तिए ।
अट्ठक्खर-धरणिंदो, पउमावइ पयडिया कित्ती ॥९॥

ॐ नट्ठट्ठमयट्ठाणे यट्ठाणे पणट्ठकमट्ठनट्ठसंसारे ।
परमट्ठनिट्ठियट्ठे अट्ठमहाधीसरे वंदे ॥१०॥

इय संथुओ महायस ! भत्तिभरनिब्भरेण हीए ।
ता देव दिज्ज बोहिं भवे भवे पास जिणचंद ॥११॥

## તેર ગાથા-પ્રમાણ શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર

उवसग्गहरंपासं पासं वंदामि कम्मघणमुक्कं ।
विसहरविसनिन्नासं मंगलकल्लाणआवासं ॥१॥

विसहरफूल्लिंगमंतो कंठे धारेइ जो सया मणुओ ।
तस्स ग्गह - रोग - मारी - दुट्ठ - जरा जति उवसामं ॥२॥

चिट्ठउ दु (दू) रे मंतो तुज्झ पणामो वि बहुफलो होइ ।
नरतिरिएसु वि जीवा पावंति ना दुज्क्खदोहग्गं ॥३॥

ॐ ह्रीं श्रीं ऐं ॐ तुह सम्मत्ते बद्धे चिंतामणिकप्पपायवब्भईए ।
पावंति अविग्घेणं जीवा अयरामरं ठाणं ॥४॥

ॐ ह्रीँ श्रीँ क्लीँ तुह दसणेण सामिय, पणासई रोग-सोग-दोहग्गं ।
कप्पतरूमिंव जाइ, ॐ तुहदंसणे मे सफलो होउ ॥५॥

ॐ अमरतरु कामधेणु-चिन्तामणि-कामकुंममाईए ।
सिरि पासनाह सेवा गहा सव्वे वि दासंत्ते ॥६॥

ॐ नट्ठट्ठमयट्ठाणे पणट्ठयकम्मट्ठसंसारे ।
परमट्ठनिट्ठिअट्ठे अट्ठमहागणाधिसिरि वंदे ॥७॥

इय संथुओ महायस ! भत्तिभरनिब्भरेण हीए ।
ता देव दिज्ज बोहिं भवे भवे पास जिणचंद ॥८॥

ॐ ह्रीँ नमिऊण विप्पणासय, मायाबीएण धरणिनागिंदं ?
सिरी कामराय-क्लीँ, पासजिणंदं नमंसामि ॥९॥

ॐ तं नमह पासनाहं धरणिंदनमंसियं दुहप्पणासेइ ।
तस्स प्पमावेण सया नासंति सयलदुग्गिआइं ॥१०॥

एए समरंताण मुणि न होइ वाहि न तं महादुक्खं ।
नामंपि हु मंतसमं पयंडनत्थित्थ संदेहो ॥११॥

जल जलण भय तह सप्प सिह चोरारी संभवे खिप्पं ।
जोसमरेइ पासपहुं पूहवि न कयावि किं तस्स ॥१२॥

इह लोगट्ठी परलोगट्ठी जो समरेइ पासनाहं तु ।
सो सिज्झइ उक्कोसं इय नाहं सरह भगवंतं ॥१३॥

## ઉવસગ્ગહરંની ગાથાઓનું વૈવિધ્ય

ઉવસગ્ગહરં સ્તોત્રની પ્રચલિત પાંચ ગાથાઓ ઉપરાંત વધુ ગાથાઓ પણ કોઈ કોઈ જૂની હાથપોથીઓમાં ઉપલબ્ધ થાય છે. તે પ્રાપ્ત થતી ગાથાઓમાં એકવાક્યતા નથી. કોઈ હાથપોથીઓમાં ચાલીસ ગાથા મળે છે તો કોઈ હાથપોથીમાં છ-સાત કે નવ ગાથાઓ પણ મળે છે. જો કે તે ગાથાઓ અને વર્તમાનમાં પ્રચલિત પાંચ ગાથાઓને મેળવી જોતાં સારો એવો તફાવત પ્રથમ નજરે જ દેખાઈ જાય છે. છતાં પણ કોઈ કોઈ હાથપોથીમાં - આ ભંડારેલી ગાથા - એકેવું લખાણ પણ મળે છે.

આ ચર્ચાસ્પદ વિષયની છણાવટ કરવી અહીં પ્રસ્તુત નથી, તેથી તેવી રીતની જે જે ગાથાઓ ઉપલબ્ધ થાય છે. તે પૈકીની કેટલીક ગાથાઓ અહીં આપવામાં આવે છે.

## વીસ ગાથા-પ્રમાણ શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર

अनेक मन्त्रगर्भित परमप्रभावकं
उवसग्गहरं श्रीपार्श्वनाथ स्तोत्रम् ।

उवसग्गहरंपासं पासं वंदामि कम्मघणमुक्कं ।
विसहरविसनिन्नासं मंगलकल्लाणआवासं ॥१॥

विसहरफूल्लिंगमंतो कंठे धारेइ जो सया मणुओ ।
तस्स ग्गह - रोग - मारी - दुट्ठ - जरा जंति उवसामं ॥२॥

चिट्ठउ दूरे मंतो तुज्झ पणामो वि बहुफलो होइ ।
नरतिरिएसु वि जीवा पावंति ना दुज्क्खदोहग्गं ॥३॥

ॐ अमरतरु कामधेणु-चिन्तामणि-कामकुंभमाईए ।
सिरि पासनाह सेवा गहा सव्वे वि दासंत्ते ॥४॥

ॐ ह्रीँ श्रीँ ऐं ॐ तुह दसणेण सामिय, पणासेई रोग-सोग-दोहग्गं ।
कप्पतरूमिव जाइ, ॐ दंसणेण सफलहेउ ॐ स्वाहा ॥५॥

ॐ ह्रीँ नमिऊण विग्घणासय, मायाबीएण धरणिनागिंदं ।
सिरी कामराय-कलियं, पासजिणंदं नमंसामि ॥६॥

ॐ ह्रीँ सिरि पास विसहर-विज्जामन्तेण झाण झाएज्जा ।
धरणे पउमादेवी, ॐ ह्रीँ क्ष्मलूं व्यूं स्वाहा ॥७॥

ॐ जयउ धरणिंदपउमावईय नागिणी विज्जा ।
विमलज्झाणसहिओ ॐ ह्रीँ क्ष्म्ल्व्यूँ स्वाहा ॥८॥

ॐ थुणेमि पासं, ॐ ह्रीँ पणमामि परम-भत्तिए ।
अट्ठक्खर-धरणिंदो, पउमावइ पयडिया कित्ती ॥९॥

जस्स पयकमलमज्झे सया वसइ पउमावई य धरणिंदो ।
तस्स नामेण सयलं विसहरविसं नासेइ ॥१०॥

तुह 'सम्मत्ते लद्धे चिंतामणिकप्पपायवब्भईए ।
पावंति अविग्घेणं जीवा अयरामरं ठाणं ॥११॥

ॐ नट्ठट्ठमयट्ठाणे पणट्ठकमट्ठनट्ठसंसारे ।
परमट्ठनिट्ठिअट्ठे अट्ठमहाधीसरं वंदे ॥१२॥

इय संथुओ महायस ! भत्तिभरनिब्भेरण हीए ।
ता देव दिज्ज बोहिं भवे भवे पास जिणचंद ॥१३॥

तुह नामसुद्धमंतं सम्मं जो जवइ सुद्धभावेण ।
सो अयरामंठाणं पावइ न य दोग्गइं दुक्ख ॥१४॥

ॐ पंडुमगंदरदाहं कासं सासं च सूलमाईणि ।
पासपहुपभावेणं नासंति सयलरोगाइं ॥१५॥

ॐ विसहर-दावानल-साइणि-वेयाल-मारि-आयंका ।
सिरिनीलकंठपासस्स समरणमित्तेग नासंति ॥१६॥

पन्नासं गोपीडां कूरग्गहदंसणं णयं काये ।
आवी (वि) न हंति एए तहवि तिसंझं गुणिज्जासु ॥१७॥

पि (पी) डजंतमगंदरखाससाससूलतह (निव्वा) ह ।
श्री (सिरी) सामलापसमहंत नाम पऊर पऊलेण ॥१८॥

ॐ ह्रीँ श्रीपासधरणंसुंजुत्तं विसहरविज्जं जवेइ सुद्धमणेणं ।
पावेई इच्छियसुहं ॐ ह्रीँ श्रीँ क्ष्म्ल्व्र्युं स्वाहा ॥१९॥

रोगजलजलणविसहरचोरारिमइंदगयरणभवाइं ।
पासजिणनामसंकित्तणेण पसमंति सव्वाइं ॥२०॥

*- प्रियंकरनृप कथा (मुद्रित) पृ. ४१ उपरथी*

## ઉપસંહાર :

'ઉવસગ્ગહરં સ્તોત્ર' ભણવાથી - સ્વાધ્યાયથી અને સતત સ્મરણ કરવાથી અનેરો ભક્તિભાવ થાય છે. આંખ સામે શ્રી પાર્શ્વપ્રભુ ધરણેન્દ્ર - કમઠ, પદ્માવતીનું ચિત્ર ખડું થઈ જાય છે અને મનોમન ભાવોલ્લાસ સાથે નીચેની ગાથા હૃદયમાંથી ઉદ્ભવે છે -

कमठे धरणेन्द्रे च, स्वोचितं कर्म कुर्वति ।
प्रभुस्तुल्य - मनोवृति : पार्श्वनाथ : श्रियेडस्तुवः ॥

કમઠના ઉપસર્ગો અને યક્ષ-યક્ષિણીની સહાય છતાં બંને સામે સાથે એક જ દૃષ્ટિભાવ - સમતાભાવ દર્શાવતા કોટિ કોટિ વંદન થઈ જાય છે.

**હોય મિત્ર કે શત્રુ ભલે પણ એને સર્વ સમાન**
**ભાનુભૂલી મેઘમાળી લાવે આંધી ને તૂફાન**
**સમતા સાગર પાર્શ્વપ્રભુને નહિ માન-અપમાન**
**સમહૃદયથી બેઉ જણાને લેતા નાથ નિહાળી...**

વગેરે અનેક સ્તવનોનું ગુંજન હૃદયકમળમાં થયા કરે છે. સાથે સાથે વિપત્તિઓમાં તેનું સ્મરણ કરવાથી આર્તધ્યાન અને અશુભ વિચારોમાંથી મુક્ત થવાય છે, આ મારો સ્વયંનો અનુભવ છે. આધિ-વ્યાધિ-ઉપાધિ નિવારણ માટે આ ઉચ્ચ કોટિના સ્તોત્રનું આલંબન લેવાય છે. મંત્ર-યંત્ર-તંત્રના જ્ઞાનપૂર્વક આ સ્તોત્રની સાધના કરવાનો આમ્નાય છે, જેથી દેવતાનો સાક્ષાત્કાર થાય છે.

ઉવસગ્ગહરં સ્તોત્રના ચમત્કારિક પ્રભાવથી લૌકિક અને લોકોત્તર કાર્યની સિદ્ધિ થાય છે; પણ તેનો અંતિમ ઉદ્દેશ તો અંતરાત્માનું પરમાત્મા સાથે ઐક્ય સાધવાનો જ છે.

# ઉવસગ્ગહરં સ્તોત્રના રચયિતા આચાર્ય ભદ્રબાહુનું જીવન ને કવન

ડૉ. કલા શાહ

પૂર્વશ્રુતજ્ઞાનના અગાધ ભંડાર, આગમરચનાકાર, નિર્યુક્તિ-નિર્માતા અને નૈમિત્તિક પ્રભાવક પુરુષ, જૈન સંઘના સમર્થ જ્યોતિર્ધર આચાર્ય ભદ્રબાહુ સ્વામી હતા.

**ભિન્ન ભિન્ન યતિધરોએ** તેમને નીચે મુજબ સ્તવ્યા છે :

સંપૂર્ણ શ્રુતના છેલ્લા જાણકાર, દશાશ્રુતકલ્પ, કલ્પશ્રુત અને વ્યવહારશ્રુતના બનાવનાર એવા પ્રાચીન ગોત્રવાળા મહર્ષિ ભદ્રબાહુ સ્વામીને હું વંદું છું.

*- દશાશ્રુત સ્કંધ-ચૂર્ણિ*

જે મતિધરે શ્રુતસાગરનું મંથન કરી જન્મ અને મરણ જેવાં દારુણ દુઃખોને હરનારું અને પંડિતો તેમ જ દેવતાઓને કામનું એવું કલ્પસૂત્ર નામનું અમૃત ઉત્પન્ન કર્યું છે, તે ભદ્રબાહુને હું વિશેષ નમેલો છું.

*- આ.મલયગિરિસૂરિની પિંડનિર્યુક્તિની ટીકા*

આ. યશોભદ્રસૂરિના બીજા પટ્ટધર, છેલ્લા પૂર્વધર, ઉવસગ્ગહરં સ્તોત્ર રચીને સંઘરક્ષા કરનાર, ધરણેન્દ્રપૂજિત, સિદ્ધાંતસાગરને વહન કરનાર અને વીર સંવત ૧૭૦માં દેવ થયા છે, એવા શ્રી ભદ્રબાહુ સ્વામી ગુરુ કલ્યાણને માટે થાઓ. *- આચાર્ય મુનિસુંદર ગુર્વાવલિ*

તત્ત્વાર્થરૂપી રત્નરાશિને જોવા અર્થે સિદ્ધાંતરૂપી મહેલની અંદરના હાથ દીવડા જેવી નિર્યુક્તિઓ જેમણે રચી છે, તે કૃતાર્થ ભદ્રબાહુ અમારા ભદ્રો - કલ્યાણોને વિસ્તારો.

*- તિલકાચાર્ય - આવશ્યક નિર્યુક્તિ લઘુમતિ*

## ભદ્રબાહુ સ્વામીનું જીવન :

આવા મહાન શ્રી ભદ્રબાહુ પ્રાચીન ગોત્રના હતા. તેમનું જન્મસ્થાન દક્ષિણમાં આવેલ પ્રતિષ્ઠાન પુર હતું. તેઓ જ્ઞાતિએ બ્રાહ્મણ હતા. ભદ્ર-બાહુને વરાહમિહિર નામનો એક ભાઈ હતો. બંને ભાઈઓ સંસ્કૃતના પ્રખર વિદ્વાન હતા અને વેદોના નિષ્ણાત હતા. સાથે સાથે જ્યોતિષવિદ્યાના પારગામી પણ હતા બંને બંધુઓ વિદ્યાદેવીના ઉપાસક અને પ્રીતિપાત્ર હતા.

પરંતુ લક્ષ્મીદેવી એમનાથી રિસાયેલાં હતાં. ઘણીવાર તો તેઓ તાંબડી ફેરવીને ઉદરનિર્વાહ કરી લેતાં.

એકવાર તેઓને જૈન ધર્મના પ્રતિભાસંપન્ન મહાજ્ઞાની શ્રી યશોભદ્રજીનો પરિચય થયો. તેમના ઉપદેશથી પ્રભાવિત થઈ બંને બંધુઓએ વીર સં. ૧૩૯માં દીક્ષા - ધર્મનો સ્વીકાર કર્યો અને ગુરુની પાસે ૧૭ વર્ષ રહી તેમણે આગમોનું ગંભીર અધ્યયન કર્યું.

બંને મુનિબંધુઓએ અલ્પ સમયમાં જ શાસ્ત્રાભ્યાસ અને ધાર્મિક ક્રિયા-ઓમાં બહુ જ કુશળતા પ્રાપ્ત કરી. પરંતુ ભદ્રબાહુ સ્વામીએ ગુરુના ચરણે બેસી ચૌદપૂર્વનું સંપૂર્ણ જ્ઞાન મેળવી ચૌદપૂર્વધર બન્યા. ગુરુએ યોગ્યતા જોઈ વીર સં. ૧૫૬માં શ્રમણ નાયકનું ઉત્તરદાયિત્વ તેમને સોંપ્યું. ભદ્રબાહુ સ્વામીને આચાર્યપદથી અલંકૃત કર્યા અને જિનશાસન આચાર્ય ભદ્રબાહુ જેવા સામર્થ્યવાન શ્રુતસંપન્ન અને અનુભવસંપન્ન વ્યક્તિત્વને પામીને કૃતાર્થ બન્યું.

આચાર્ય ભદ્રબાહુના સમયમાં પાટલીપુત્રમાં મોટી શ્રમણસંઘ પરિષદ મળી હતી અને તેમાં પ્રથમ જિનાગમની વાચના થયેલી.

તે વખતે બાર વર્ષનો દુષ્કાળ પડ્યો, તેથી જૈન શ્રમણો ત્યાંથી ચાલ્યા ગયા. જૈન પરંપરાનો ઈતિહાસ ભાગ-૧માં બંધુત્રિપુટી નોંધે છે.

જૈન શ્રમણો ભારતના પૂર્વ ઈશાન તરફ ચાલ્યા ગયા, તેથી પઠન-પાઠન બંધ થઈ ગયા. જે હતા તેમનું જ્ઞાન પણ શીર્ણ-વિશીર્ણ થઈ ગયું. દુકાળ મટ્યા બાદ સાધુઓ વિચરતા વિચરતા પાટલીપુત્ર પધાર્યા અને જેને જેને જે કાંઈ યાદ હતું તે સર્વ એકઠું કરી અગિયાર અંગ સ્થાપિત કર્યાં. વીર સંવત ૧૬૦માં લગભગ શ્રી સ્થૂલિભદ્રની અધ્યક્ષતામાં આ કાર્ય થયું. પણ બારમા અંગની સ્થાપના માટે ભદ્રબાહુ સ્વામી સિવાય અન્ય કોઈ ન હતું. પરંતુ આચાર્ય ભદ્રબાહુ તે સમયે નેપાળની પહાડીઓમાં મહાપ્રાણ-ધ્યાનની સાધના કરી રહ્યા હતા. બારમા અંગની સ્થાપના માટે શ્રી સંઘે બે મુનિઓને નેપાળ મોકલ્યા. તેઓએ આચાર્ય ભદ્રબાહુને શ્રમણ સંઘની ભાવના જણાવી. પરંતુ પોતે મહાપ્રાણધ્યાન આરંભ્યું હોવાથી અને તે બાર વર્ષે પૂરું થતું હોવાથી તેમને પાટલીપુત્ર જવાની ના પાડી. તેથી સંઘના નિયમ પ્રમાણે તેઓ શિક્ષાને પાત્ર ઠર્યા. ત્યારે તેમણે બુદ્ધિવાળા મુનિઓને વાચના ઓછી મળે છે એમ માની સ્થૂલભદ્ર સિવાયના બીજા ૪૯૯ શિષ્યો ત્યાંથી ચાલ્યા ગયા. સ્થૂલિભદ્ર આઠ વર્ષમાં આઠપૂર્વનું જ્ઞાન મેળવ્યું.

મહાપ્રાણજ્ઞાન પૂર્ણ થતાં સ્થૂલિભદ્રને વધારે વાચના મળવા લાગી. સ્થૂલિભદ્રનો અધ્યયનક્રમ ચાલતો હતો, તે દરમિયાન તેમને મળવા આવેલ યક્ષા વગેરે સાધ્વીઓને પોતાની શક્તિ બતાવવા સિંહનું રૂપ બનાવી તેઓ બેસી ગયા. ત્યારે ભદ્રબાહુએ તેમને કહ્યું : "વત્સ, જ્ઞાનનો અહંકાર વિકાસમાં બાધક છે. તમે શક્તિનું પ્રદર્શન કરી અપાત્ર ઠર્યા છો. આગળની વાચના માટે હવે તમે યોગ્ય નથી."

સ્થૂલિભદ્રને પોતાની ભૂલ સમજાઈ અને ક્ષમા માગી ભદ્રબાહુએ કહ્યું : "વાચના સ્થગિત કરવાથી સ્થૂલિભદ્રને પોતાના પ્રમાદનો દંડ મળશે એ ભવિષ્યમાં સાધુઓ માટે ઉચિત માર્ગદર્શન થશે."

સ્થૂલિભદ્રના આગ્રહથી ભદ્રબાહુ સ્વામીએ ચારપૂર્વનું જ્ઞાન અપવાદ સાથે મૂલસૂત્રથી આપ્યું. આ રીતે સ્થૂલિભદ્રને શ્રી આચાર્ય ભદ્રબાહુ સ્વામી દ્વારા દસપૂર્વોનું જ્ઞાન અર્થ સાથે અને બાકીના ચારપૂર્વોનું જ્ઞાન મૂળથી પ્રાપ્ત થતું. આમ, બીજા કોઈને ચૌદપૂર્વોનું જ્ઞાન જ નહિ, એટલે આચાર્ય ભદ્રબાહુ સ્વામી અર્થસહિત ચૌદપૂર્વના જાણનારા છેલ્લા શ્રુતકેવળી મનાય છે.

**આચાર્ય ભદ્રબાહુના શિષ્યો :**

કલ્પસૂત્રની 'સ્થવિરાવલિ'માં શ્રી ભદ્રબાહુ સ્વામીના ચાર મુખ્ય શિષ્યોનો ઉલ્લેખ છે - (૧) સ્થવિર ગોદાસ, (૨) સ્થવિર અગ્નિદત્ત, (૩) સ્થવિર ભદ્રદત્ત, (૪)સ્થવિર સોમદત્ત.

આ ચારે ય મુનિઓ પોતાની સાધુચર્યામાં દૃઢ હતા. એકવાર તેઓ ગોચરી માટે રાજગૃહી ગયા. પાછા ફરતા દિવસનો ત્રીજો પ્રહર થઈ ગયો, એ દિવસના ત્રીજા પ્રહર પછી ભિક્ષાટન અને ગમનાગમનની સાધુચર્યાના નિયમો મુજબ મનાઈ હોય છે, તેથી એક મુનિ ગુફાના દ્વાર પર, બીજા ઉદ્યાનમાં, ત્રીજા ઉદ્યાનની બહાર અને ચોથા બાહ્ય ભૂભાગમાં રોકાઈ ગયા. આમ, ભદ્રબાહુ સ્વામીના આ ચારે ય શિષ્યોએ મરણાન્ત કષ્ટ સહન કરી સાધુઆચારનો અનન્ય આદર્શ પૂરો પાડ્યો. આ ચારે ય શિષ્યોના સ્વર્ગવાસ પછી તેમની શિષ્ય પરંપરા આગળ વધી નહિ.

આચાર્ય ભદ્રબાહુ સ્વામી ૪૫ વર્ષ સુધી ગૃહસ્થજીવનમાં રહ્યા. તેમનો ૧૭ વર્ષ સુધી સામાન્ય અવસ્થાનો સાધુપર્યાય હતો અને ૧૪ વર્ષ પર્યંત યુગપ્રધાનપદ વહન કર્યાનો સમય હતો. શ્રુતકેવળી આચાર્ય ભદ્રબાહુ સ્વામી વીર નિર્વાણ સં. ૧૭૦માં સ્વર્ગવાસ પામ્યા અને ચૌદપૂર્વની અર્થવાચનાની દૃષ્ટિએ તેમની સાથે શ્રુતકેવળીનો વિચ્છેદ થયો.

**આચાર્ય ભદ્રબાહુનું કવન :**

મહાજ્ઞાની ચૌદપૂર્વધર અને સ્તોત્રકાર આચાર્યશ્રી ભદ્રબાહુ સ્વામીએ મહાપ્રભાવક ઉવસગ્ગહરં સ્તોત્રની રચના કરી છે.

તે ઉપરાંત ભદ્રબાહુ સ્વામીએ આવશ્યક, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, આચારંગ, સૂત્રકથાંગ, દશાશ્રુતસ્કંધ, બૃહત્કલ્પ, વ્યવહારસૂત્ર, સૂર્યપ્રજ્ઞપ્તિ અને ઋષિભાષિત આ દસ ગ્રંથો પર નિર્યુક્તિઓની રચના કરી છે.

દશા, કલ્પ, વ્યવહાર અને નિશીથ - આ ચાર છેદસૂત્રો, ભદ્રબાહુસંહિતા અને **મહામંગલકારી કલ્પસૂત્ર**ની રચના કરી છે. આમ કુલ સોળ રચનાઓ તેમના નામે નોંધાઈ છે.

**ઉવસગ્ગહરં સ્તોત્ર :**

પરમપૂજ્ય પન્યાસ ભદ્રંકરણવિજયજી ગણિ અને મુનિશ્રી કલ્યાણપ્રભ-વિજયજી શ્રી શ્રાદ્ધ - પ્રતિક્રમણ સૂત્ર પ્રબોધ ટીકા નામના ગ્રંથમાં લખે છે :

"નવ સ્મરણોમાં શ્રી નમસ્કારસૂત્ર અનાદિ છે. તે સિવાયનાં સર્વ સ્તોત્રોમાં રચનાકલાની દૃષ્ટિએ પણ ઉવસગ્ગહરં પ્રથમ છે. ઉવસગ્ગ-હરંના રચયિતા મહાજ્ઞાની ચૌદપૂર્વધર અને સર્વ સ્તોત્રોના રચયિતામાં પ્રથમ સ્થાને બિરાજમાન ભદ્રબાહુ સ્વામી છે.

આચાર્ય ભદ્રબાહુ સ્વામીનો યુગપ્રધાનકાળ વીર સંવત્ત ૧૫૬થી વીર સંવત ૧૭૦ સુધીનો હોવાથી તેમણે ઉવસગ્ગહરંની રચના આ ૧૪ વર્ષના ગાળા દરમિયાન કરી છે, તે નિર્વિવાદ વાત છે. પરંતુ નિશ્ચિતરૂપે કયા વર્ષમાં આ રચના કરી તે જાણવાનું કોઈ સાધન નથી.

આ સ્તોત્રની રચના વિશે નીચેની કથા પ્રચલિત છે.

ભદ્રબાહુ સ્વામીને વરાહમિહિર નામનો ભાઈ હતો. તેને પણ જૈન ધર્મની દીક્ષા લીધી હતી. પરંતુ આચાર્યપદ ન મળવાને કારણે ગુસ્સામાં તેણે સાધુવેશ છોડી દીધો અને રાજાનો માન્ય પુરોહિત બન્યો. વરાહમિહિરે જ્યોતિષવિદ્યાનો સારો અભ્યાસ કર્યો હતો. તેણે એકવાર રાજાના પુત્રની કુંડળી બનાવી. તેમાં લખ્યું હતું કે - 'તેમનો પુત્ર સો વર્ષનો થશે.' આ સાંભળી અત્યંત હર્ષ પામેલા રાજાએ તેનું બહુમાન કર્યું. આ પ્રસંગનો લાભ લઈ વરાહમિહિરે રાજાના કાન ભંભેર્યા, 'આપને ત્યાં પુત્રજન્મથી આનંદ પામી બધા આપને મળવા આવી ગયા, પણ એક જૈનાચાર્ય ભદ્રબાહુ

સ્વામી નથી આવ્યા. રાજાએ આ બાબતે તપાસ કરી, ત્યારે ભદ્રબાહુએ જવાબ આપ્યો : "નકામું બે વખત શું કામ આવવું ? આ પુત્ર તો સાતમે દિવસે બિલાડીથી મરણ પામવાનો છે."

આ વાત સાંભળી રાજાએ પુત્રરક્ષા માટે ચોકી-પહેરા મૂક્યા. ગામની બધી બિલાડીઓને દૂર મોકલી દીધી. પરંતુ એવું બન્યું કે સાતમા દિવસે ધાવમાતા બારણામાં બેઠી બેઠી પુત્રને ધવરાવતી હતી, તેવામાં અકસ્માત લાકડાનો આગળિયો બાળક પર પડ્યો અને તે મરણ પામ્યો. વરાહમિહિર ખૂબ શરમાયો. ભદ્રબાહુ સ્વામી તે વખતે રાજાને મળવા ગયા અને સંસારનું સ્વરૂપ સમજાવી તેમને ધીરજ આપી. રાજાએ તેમના જ્યોતિષજ્ઞાનની પ્રશંસા કરી. ભદ્રબાહુ સ્વામીએ લાકડાના આગળિયાના છેડા પર બિલાડીનું મોઢું કોતરેલું હતું તે પણ બતાવ્યું.

આ પ્રસંગથી વરાહમિહિરનો દ્વેષ વધ્યો. તે મરીને વ્યંતરદેવ થયો. અને જૈન સંઘમાં મહામારી(પ્લેગ)નો રોગ ફેલાવ્યો. તે સમયે આચાર્ય ભદ્રબાહુ સ્વામીએ ઉવસગ્ગહરં સ્તોત્રની રચના કરી અને સંઘને મુખપાઠ કરવા કહ્યું. 'તેનું મંત્રેલું પાણી છાંટવાથી રોગની શાંતિ થશે' એમ જણાવ્યું. અને એ પ્રમાણે કરવાથી ઉપદ્રવ શાંત થયો. ત્યારથી આ સ્તોત્ર પ્રચલિત થયું.

### ઉવસગ્ગહરં સ્તોત્રની દેહરચના :

આ રચના પાંચ પદ્યોની છે. તેની ભાષા પ્રાકૃત અથવા અર્ધમાગધી છે. પાંચે ય પદ્યો ગાહાછંદમાં છે. આ સ્તોત્રમાં કેટલાક પારિભાષિક શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

આ સ્તોત્રમાં ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથને નમસ્કાર કરવામાં આવ્યા છે. આ સ્તોત્રના મંત્રો મહામંગલકારી અને પ્રભાવક છે. આ સ્તોત્ર મૂર્તિપૂજક શ્વેતાંબર જૈન સંપ્રદાયમાં મંદિરમાં જઈને નિત્યકર્મ રૂપે ચૈત્યવંદનમાં નિશ્ચિત સ્થાન પામેલું છે.

આ સ્તોત્રની ગાથાઓની સંખ્યા વિશે મતમતાંતર પ્રવર્તે છે. હાલમાં તેની પાંચ-ગાથાઓ ઉપલબ્ધ છે. પરંતુ તે સિવાયના આ સ્તોત્રની ૭, ૯, ૧૩, ૧૭, ૨૧ કે ૨૭ જેટલી સંખ્યા દર્શાવવામાં આવી છે.

મહાપ્રભાવક ઉવસગ્ગહરં સ્તોત્ર અને જૈન મંત્રવાદની જયગાથા નામના ગ્રંથમાં પંડિત ધીરજલાલ ટોકરશી જણાવે છે -

ઉવસગ્ગહરં સ્તોત્રથી ભદ્રબાહુ સ્વામીએ રચેલું છે. તેની નોંધ અનેક ગ્રંથમાં થયેલી છે. તે માટે નીચેની ગાથા પ્રસિદ્ધ છે -

*उवसग्गहरं थोत्तं, काउणं जेण संघकाल माणं ।*
*कस्णायरेणं विहियं स भद्रबाहु गुरु जयउ ॥*

આ સ્તોત્રમાં પંચપરમેષ્ઠીનાં નામોના આદ્યાક્ષરો ગોઠવવામાં આવ્યા છે. એવું સૂચન શ્રી **જિનભદ્રસૂરિએ** પોતે રચેલી **'અર્થકલ્પલતા' ટીકામાં** કર્યું છે, ને જણાવ્યું છે કે - 'વિદ્યાઓનું સર્વસ્વ અને મંત્રોનું ઉપાદન કારણ પંચપરમેષ્ઠી નમસ્કાર મહામંત્ર છે. તે નમસ્કાર મહામંત્રમાં નમસ્કાર કરવાયોગ્ય પંચપરમેષ્ઠી છે. તેમના નામના અક્ષરોની રચના આ ઉવસગ્ગહરં સ્તવ સંબંધી ગાથાઓની આદિમાં નિરૂપિત કરાયેલી છે. ઉવસગ્ગહરં સ્તોત્ર પરમેશ્વર શ્રી પાર્શ્વનાથની સ્તવના દ્વારા ભક્તિરસને વહાવતું એક આધ્યાત્મિક સુંદર સ્તોત્ર હોવા સાથે મંત્રોથી યુક્ત કૃતિ છે કે જેના દ્વારા ભવ્યાત્માઓએ પોતાના ઈષ્ટદેવ સાથે નૈકટ્ય સાધવાપૂર્વક પોતાનાં અધિભૌતિક કષ્ટોથી પણ મુક્તિ પ્રાપ્ત કરી છે.

**કલ્પસૂત્ર :**

આચાર્ય શ્રી ભદ્રબાહુ સ્વામીએ યુગના મહાન નવસર્જનકાર છે. આજે ભારતભરમાં જૈન સંઘોમાં પર્યુષણ પર્વમાં પરમપવિત્ર 'કલ્પસૂત્ર'નું વાંચન થાય છે. તેની રચના પણ આચાર્ય ભદ્રબાહુ સ્વામીએ કરેલ છે. આ કલ્પસૂત્રને પોતે બનાવેલ 'દશાશ્રુતસ્કંધ'ના આઠમા અધ્યયનનો વિસ્તાર કરીને રચેલ છે.

આ સર્જન દ્વારા તેમના અદ્‌ભુત જ્ઞાનપ્રભા, તત્કાલીન સર્વદર્શનોનું પરિશીલન, ગણધરવાદની નિપુણતા, દેશવિદેશનું જ્ઞાન, ઈતિહાસપટુતા, વીતરાગ વાણીને સરળ રીતે રજૂ કરવાની કળા, સ્યાદવાદને વ્યાપક બનાવવાની ધગશ, ઉત્સર્ગ અને અપવાદનું યુક્તિસંગત વિશ્લેષણ કરવાની વ્યવસ્થાશક્તિ અને કાવ્યપ્રતિભા વગેરેનો આપણને સંપૂર્ણ પરિચય મળી જાય છે.

*- જૈન પરંપરાનો ઈતિહાસ ભાગ-૧ પાનું-૧૦૨*

**આચાર્ય ભદ્રબાહુ રચિત નિર્યુક્તિઓ :**

**(૧) આવશ્યક નિર્યુક્તિ** : ભદ્રબાહુ સ્વામીકૃત દસ નિર્યુક્તિઓમાં આવશ્યક નિર્યુક્તિની રચના સર્વપ્રથમ થઈ છે. આ નિર્યુક્તિ સામગ્રી અને

શૈલી વગેરેની દૃષ્ટિએ અધિક મહત્ત્વપૂર્ણ છે. આવશ્યક નિર્યુક્તિના પ્રારંભમાં ઉપોદ્‌ઘાતમાં ભૂમિકારૂપે ૮૮૦ ગાથાઓ આપી છે. જૈન આગમ ગ્રંથોમાં આવશ્યક સૂત્રનું સ્થાન મહત્ત્વનું છે. આવશ્યક નિર્યુક્તિમાં આચાર્ય ભદ્રબાહુએ પ્રાકૃત પદ્યાત્મક વ્યાખ્યાઓ આપી છે. આ વ્યાખ્યાન્રા પ્રથમ અંશ એટલે સામાયિક અધ્યયન સંબંધી નિર્યુક્તિની વિસ્તૃત વ્યાખ્યા જિનભદ્રે કરી છે. જૈન નિર્યુક્તિ ગ્રંથોમાં આવશ્યક નિર્યુક્તિનું ઘણું મહત્ત્વ છે. શ્રમણ-જીવનની સફળ સાધના માટે અનિવાર્ય બધાં જ પ્રકારનાં વિધિ-વિધાનોનું સંક્ષિપ્ત અને સુવ્યવસ્થિત નિરૂપણ આવશ્યક નિર્યુક્તિમાં કરવામાં આવ્યું છે. જૈન પરંપરા સંબંધી અનેક પ્રાચીન ઐતિહાસિક નયોનું પ્રતિપાદન સર્વપ્રથમ આ નિર્યુક્તિમાં કરવામાં આવ્યું છે.

**(૨) દશવૈકાલિક નિર્યુક્તિ** : નિર્યુક્તિકારે સર્વસિદ્ધોને મંગલરૂપ નમસ્કાર કરીને દશવૈકાલિક નિર્યુક્તિની રચના કરવાની પ્રતિજ્ઞા કરી છે. દશવૈકાલિક અથવા દશકાલિકમાં દશ અને કાલ - આ બેનો પ્રયોગ એટલા માટે કરવામાં આવ્યો છે કે એમાં દસ અધ્યયનો છે. કાલ એટલા માટે છે કે દસ અધ્યયન પૂર્વોમાંથી ઉદ્ધૃત કરવામાં આવેલાનું સુવ્યવસ્થિત નિરૂપણ કરવામાં આવ્યું છે. દ્રુમ પુષ્પિકા નામના પ્રથમ અધ્યયનની નિર્યુક્તિમાં ચાર પ્રકારનાં સામાન્ય શ્રુતાભિમાન બતાવ્યાં છે. સૂત્રસ્પાંર્શક નિર્યુક્તિમાં આચાર્ય ધર્મના ચાર પ્રકાર બતાવ્યા છે. બીજા અધ્યયનના પ્રારંભમાં શ્રામણ્યના ચાર પ્રકાર તથા પૂર્વકના તેર પ્રકાર બતાવ્યા છે. ત્રીજા અધ્યયનમાં ક્ષુલ્લિકા ચાર કથા છે. નિર્યુક્તિકાર ક્ષુલ્લક, આચાર અને કથા ત્રણેયનો નિક્ષેપ કરે છે. ચોથા અધ્યયનમાં ષડજીવ નિકાય છે. આ નિર્યુક્તિમાં એક, છ, જીવ, નિકાય અને શસ્ત્રની નિક્ષેપ પદ્ધતિથી વિચારણા કરવામાં આવી છે. પાંચમા પિણ્ડૈષેણા નામના અધ્યાયમાં આચાર્ય ભદ્રબાહુએ પિંડ અને એષણા આ બે પદોનું નિક્ષેપપૂર્વક નિરૂપણ કર્યું છે. છઠ્ઠા અધ્યાયમાં મહાચાર કથાની નિર્યુક્તિમાં આચાર્યએ નિર્દેશ કર્યો છે કે - 'ક્ષુલ્લિકાચાર કથામાં મહત્, આચાર અને કથાનું વ્યાખ્યાન કરી ચૂક્યા છે. સાતમા અધ્યયનમાં વાક્યશુદ્ધિ છે. આઠમામાં આચાર-પ્રણિધિ છે, નવમામાં વિનય સમાધિની નિર્યુક્તિમાં આચાર્યશ્રીએ ભાવવિનયના પાંચ ભેદ બતાવ્યા છે. દસમાં સભિક્ષુ અધ્યયનમાં સકાર-નિક્ષેપ-નામાદિ ચાર પ્રકાર બતાવ્યા છે.

**(3) ઉત્તરાધ્યયન નિર્યુક્તિ** : આ નિર્યુક્તિમાં ૬૦૭ ગાથાઓ છે. અનેક પારિભાષિક શબ્દોનું નિક્ષેપ પદ્ધતિ પ્રમાણે આલેખન કર્યું છે, તથા અનેક શબ્દોના વિવિધ પર્યાયો આપવામાં આવ્યા છે. આચાર્ય ભદ્રબાહુ

સર્વપ્રથમ 'ઉત્તરાધ્યયન' શબ્દની વ્યાખ્યા કરતા ઉત્તર પદના પંદર નિક્ષેપો બતાવ્યા છે. અધ્યયન-પદને નિક્ષેપપૂર્વક સમજાવતાં નિર્યુક્તિકાર કહે છે કે - 'નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ આ ચાર પ્રકારે અધ્યયનનો વિચાર કરી શકાય.' પ્રથમ અધ્યયનનું નામ વિનયશ્રુત છે, બીજા અધ્યયનનું નામ પરિષહ છે, ત્રીજા ચતુરંગીય અને ચોથાનું અસંસ્કૃત છે. આગળનાં અધ્યયનોની નિર્યુક્તિમાં દરેક અધ્યયનના નામનો નામાદિ નિક્ષેપ દ્વારા વિચાર કરવામાં આવ્યો છે.

**(૪) આચારાંગનિર્યુક્તિ** : આ નિર્યુક્તિમાં ૩૪૭ ગાથાઓ છે, જેમાં આચાર, અંગ, ચરણ, શસ્ત્ર, સંજ્ઞા, દિશા, પૃથ્વી, વિમોક્ષ, ઉર્યા, આદિ શબ્દોના નિક્ષેપપર્યાય વગેરે આપ્યા છે. આ નિર્યુક્તિ ઉત્તરાધ્યયન નિર્યુક્તિની પછી અને સૂત્રકૃતાંગ નિર્યુક્તિની પહેલાં લખાઈ છે. આચારાંગ નિર્યુક્તિના બે શ્રુતસ્કંધ આપવામાં આવ્યા છે. પ્રથમ શ્રુતસ્કંધમાં કહ્યું છે કે - 'ઉપર આપેલા દસેયનો નિક્ષેપ કરવો જોઈએ.' તે ઉપરાંત ચરણ અને દિશા સિવાયના બાકીનાનો નિક્ષેપ ચાર પ્રકારનો છે. ચરણનો છ પ્રકારનો અને દિશાનો સાત પ્રકારનો છે. અહીં ભાવાચારના વિષયમાં વિશેષ પ્રકાશ પાડવામાં આવ્યો છે.

આ અધ્યયનોનો અર્થાધિકાર બતાવ્યો છે. ત્યાર બાદ નિર્યુક્તિકાર સૂત્રસ્પર્શી નિર્યુક્તિનો પ્રારંભ કરે છે. પ્રથમ શ્રુતસ્કંધમાં નવ બ્રહ્મચર્યાધ્યનોનું પ્રતિપાદન કર્યું છે. તેમાં સમસ્ત નિર્નાક્ષત અર્થનું અભિધાન પૂરતું ન થઈ શક્યું, તેથી દ્વિતીય શ્રુતસ્કંધની રચના કરવામાં આવી. આચારાંગના પરિમાણની ચર્ચા કરવાનો નિર્દેશ કરવામાં આવ્યો છે કે તેમાં નવ બ્રહ્મચયાભિધ્યાયી અધ્યયનો અષ્ટાદસ સહસ્ર પદો અને પાંચ ચૂલિકાઓ છે.

**(૫) સૂત્રાકૃતાંગ નિર્યુક્તિ** : આ નિર્યુક્તિમાં ૨૦૫ ગાથાઓ છે. રચનાકારે અઢારમી અને વીસમી ગાથામાં 'સૂત્રકૃતાંગ' શબ્દનો વિચાર કર્યો છે. છાસઠ-સડસઠમી ગાથામાં પંદર પ્રકારના પરમાધાર્મિકોનાં નામ ગણાવ્યા છે. પછીની ગાથાઓમાં નરકવાસીઓની દુઃખદ દશાનું વર્ણન કર્યું છે. ત્યાર બાદ મત-મતાંતરોનો નિર્દેશ કર્યો છે. તે ઉપરાંત અનેક પદોમાં નિક્ષેપ પદ્ધતિનું વિવેચન કર્યું છે. આ નિર્યુક્તિમાં આર્દ્રપદની વ્યાખ્યા કરતી વખતે આર્દ્રની જીવનકથા પણ આપવામાં આવી છે. અંતમાં અધ્યયનની નિર્યુક્તિ નામના ચાર પ્રકારના નિક્ષેપોની વ્યાખ્યા કરી છે અને રાજગૃહ નગરની બહાર નાલંદા વસ્યું હતું એવો ઉલ્લેખ કર્યો છે.

**(૬) દશાશ્રુતસ્કંધ નિર્યુક્તિ** : આ નિર્યુક્તિ દશાશ્રુતસ્કંધ નામના છેદસૂત્ર પર છે. રચનાકારે પ્રથમ અધ્યયનમાં અસમાધિસ્થાનની નિર્યુક્તિમાં દ્રવ્ય અને ભાવ સમાધિનું સ્વરૂપ બતાવ્યું છે. બીજા અધ્યયનમાં શબલ વગેરે ચાર નિક્ષેપો પર વ્યાખ્યાન છે. તેમાં કહ્યું છે કે - 'અંશતઃ પતિત વ્યક્તિ ભાવશબલ છે.' ત્રીજા અધ્યયનમાં આશાતનાની બે પ્રકારની વ્યાખ્યા આપી છે. ચોથી ગણિસંપદાની નિર્યુક્તિમાં ગણિ અને સંપદા પદોની નિક્ષેપ વૃત્તિ પર વિચાર કરવામાં આવ્યો છે. પાંચમા અધ્યયનની નિર્યુક્તિમાં ચિત્ત અને સમાધિનું નિક્ષેપપૂર્વક વ્યાખ્યાન છે, ઉપાસક-પ્રતિમા નામના છટ્ઠા અધ્યયનની નિર્યુક્તિમાં ઉપાસક અને પ્રતિમાનું નિક્ષેપપૂર્વક વ્યાખ્યાન કરવામાં આવ્યું છે. સાતમામાં ભિક્ષુ-પ્રતિમાનો અધિકાર છે. આઠમા અધ્યયનની નિર્યુક્તિમાં પર્યુષણા કલ્પનું વ્યાખ્યાન છે. નવમામાં મોહનીય-સ્થાનનો અધિકાર છે અને દસમામાં આયાંત-સ્થાનનો અધિકાર છે. આયાંત અર્થાત્ જન્મ-મરણ તથા મોક્ષ પ્રાપ્ત કરવાના ઉપાયો - આ બંને પ્રશ્નોનું સમાધાન આ નિર્યુક્તિમાં છે.

**(૭) બૃહત્ કલ્પનિર્યુક્તિ** : આ નિર્યુક્તિમાં તીર્થંકરોને નમસ્કાર કર્યા બાદ જ્ઞાનના ભેદો બતાવવામાં આવ્યા છે. મંગલનું નિક્ષેપ પદ્ધતિથી અને જ્ઞાનના ભેદોની ચર્ચા કરી છે, પ્રથમ ઉદ્દેશકમાં પ્રલંભન સૂત્રનો અધિકાર છે. તેની સૂત્રસ્પર્શિક નિર્યુક્તિ કરતાં કહ્યું છે કે - 'આદિ નકાર, ગ્રંથ, આમ, તાલ, પ્રલજ્બ અને ભિન્ન - આ બધા ચાર પ્રકારના નિક્ષેપો છે.

તે ઉપરાંત અહીં જિન-કલ્પિક અને સ્થવિર કલ્પિત આહાર-વિહારની ચર્ચા છે. પ્રથમ ઉદ્દેશકના અંતમાં આર્યપદના બાર પ્રકારના નિક્ષેપો દ્વારા વિચાર કર્યો છે. આર્યક્ષેત્રની બહાર વિચરણ કરનારા દોષોનું સદૃષ્ટાંત નિરૂપણ કર્યું છે, અને જ્ઞાન, દર્શન અને ચારિત્રની રક્ષાની વૃદ્ધિ માટે આર્યક્ષેત્રની બહાર વિચરવાની આજ્ઞા પણ સંપ્રતિરાજાનાં દૃષ્ટાંતો દ્વારા આપી છે.

**(૮) વ્યવહાર નિર્યુક્તિ** : વ્યવહાર સૂત્ર અને બૃહત્કલ્પ સૂત્ર એક-બીજાના પૂરક છે. જે રીતે બૃહત્કલ્પ સૂત્રમાં શ્રમણ-જીવનની સાધના માટે આવશ્યક વિધિ-વિધાન, દોષ-અપવાદ વગેરેનો નિર્દેશ કરવામાં આવ્યો છે. એ રીતે વ્યવહાર સૂત્રમાં પણ આ વિષયો પરના ઉલ્લેખ છે. આ કારણે વ્યવહાર નિર્યુક્તિમાં પણ એ પ્રકારના વિષયોનું વિવેચન છે, જે બૃહત્કલ્પ નિર્યુક્તિમાં ઉપલબ્ધ છે. આ રીતે આ બંને નિર્યુક્તિઓ પરસ્પર પૂરક છે.

આચાર્ય ભદ્રબાહુએ દસનિર્યુક્તિઓની રચના કરી છે. તેમાંથી છેલ્લી બે ઉપલબ્ધ નથી, બાકીની આઠ ઉપલબ્ધ છે. આ નિર્યુક્તિઓના આચાર્યશ્રીએ જૈન ન્યાય-સંમત નિક્ષેપ પદ્ધતિનો આધાર લીધો છે.

આવશ્યક નિર્યુક્તિ સર્વ નિર્યુક્તિઓમાં શ્રી ભદ્રબાહુ સ્વામીએ નવસર્જકનું બહુમાન અપાવવા પૂર્ણ રીતે સમર્થ છે.

દશવૈકાલિક આ કૃતિ સાહિત્યસર્જનની દિશામાં નવી ભાત પાડે છે.

છેદ સૂત્રોનું આચાર્ય ભદ્રબાહુ સ્વામીએ કરેલું સંકલન અદ્ભુત પાંડિત્ય તેમની દીર્ઘદૃષ્ટિ અને સ્યાદ્વાદના રહસ્યવેત્તા તરીકેના ગૌરવમાં ઉમેરો કરે છે. *- જૈન પરંપરાનો ઈતિહાસ ભાગ-૧ પાનું-૧૦૩*

**(૯) વસુદેવચરિયં** : આચાર્ય ભદ્રબાહુ સ્વામીએ વસુદેવચરિયં પ્રાકૃતમાં રચ્યું હતું. અલબત્ત આ ગ્રંથ આજે ઉપલબ્ધ નથી. પૂર્ણતલ ગચ્છના આચાર્ય **દેવચંદ્રસૂરિ** જેઓ કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના ગુરુદેવ છે, તેઓ પોતાના પ્રાકૃતમાં રચેલા **'સંતિનાહચરિયં'**માં આ ગ્રંથનો પરિચય નીચે મુજબ આપે છે -

*वंदामि भद्रबाहु जेण य अइ सरियं बहुकलाकलियं ।*
*रइम सपाय-लक्खं, चरिय वासुदेवरायस्य ॥*

જેમણે અતિરસિક અને કલાપૂર્ણ એવું ૧૨૫૦૦૦ શ્લોક પ્રમાણે વસુદેવચરિત્ર રચ્યું છે, તે ભદ્રબાહુ સ્વામીને હું વંદુ છું.

**(૧૦) ભદ્રબાહુ સંહિતા** : આચાર્ય ભદ્રબાહુ સ્વામીએ પ્રાકૃતમાં ભદ્રબાહુ સંહિતા નામનો જ્યોતિષશાસ્ત્રનો ગ્રંથ બનાવ્યો હતો. આ ગ્રંથ પણ વર્તમાનમાં ઉપલબ્ધ નથી. એના છૂટા છૂટા ખંડો એક બ્રાહ્મણ પાસે જોવામાં આવ્યા હતા, જેમાં વ્યવસ્થિત જન્મ-કુંડલીઓ, તેના ફલાદેશો, તે કુંડલીમાં જન્મેલાની વિશિષ્ટ જીવનકથાઓ, દુઃખ અને રોગના ઉપાયો, અંતરાય દૂર કરવાની આરાધના વિધિ, તીર્થંકરોની પૂજા, અધિષ્ઠાયક દેવોના જાપો, ઉપયોગી મંત્રો વગેરેનું વર્ણન હતું.

કેટલાક લોકોનું માનવું છે કે - 'પ્રાકૃત-ભદ્રબાહુ સંહિતા કચ્છ કોડાય ગામના જૈન ગ્રંથ ભંડારમાં છે. પણ આ પ્રાકૃત ગ્રંથના આધારે સંસ્કૃત ભદ્રબાહુ સંહિતા બનેલી છે. જે છપાઈ ગઈ છે અને તેનું ભાષાંતર પણ પ્રકાશિત થઈ ગયું છે. *- જૈન પરંપરાનો ઈતિહાસ ભાગ-૧ પાનું-૧૦૮*

આ રીતે આચાર્ય ભદ્રબાહુ સ્વામી - જે આગમના ખજાનારૂપ હતા, તેમની અગાધ વિદ્વત્તાનો લાભ આપી તેમણે જિનાગમરૂપી ગૂઢ મંદિરના દરવાજા ખોલવા માટે ચાવીરૂપ દસ નિર્યુક્તિઓ, ચાર છેદ સૂત્રો વગેરેની રચનાઓ કરી છે.

## દિગંબર અને શ્વેતાંબર પરંપરાઓમાં ભદ્રબાહુ સ્વામીને જીવન વિષયક મતભેદો :

બંને પરંપરાઓમાં ભદ્રબાહુ નામ ધરાવતા બે-ત્રણ આચાર્યોનાં જીવન-ચરિત્રોની ઘટનાઓને અંતિમ ચતુર્દશપૂર્વધર આચાર્ય ભદ્રબાહુ જીવનચરિત્ર સાથે જોડી દેવામાં આવી છે.

દીક્ષાગ્રહણ કર્યા પહેલાંના ભદ્રબાહુનો પરિચય શ્વેતાંબર અને દિગંબર બંને પરંપરાઓનાં ગ્રંથોમાં ઉપલબ્ધ છે. ભદ્રબાહુના ગૃહસ્થજીવનની બાબતે એટલું કહી શકાય કે - 'તેમનો જન્મ વીર નિર્વાણ સં. ૯૪માં થયો હતો, તેઓ પ્રાચીન ગોત્રીય બ્રાહ્મણ હતા અને ૪૪ વર્ષની વયે આચાર્ય યશોભદ્ર પાસે ઉપદેશ ગ્રહણ કરી ભાગવતી દીક્ષા લીધી હતી.'

## શ્વેતાંબર પરંપરાગત પરિચય :

દીક્ષા ગ્રહણ કર્યા પછી તેમના જીવન વિશેનો પરિચય 'તિત્થોગાલિયપઈન્ના', 'આવશ્યકચૂર્ણિ' ગ્રંથોમાં સંક્ષિપ્તમાં પ્રાપ્ત થાય છે. દીક્ષાગ્રહણ કર્યા પહેલાનું જીવનવૃત્તાંત 'ગચ્છારપઈન્નો'ની ગાથા ૮૨ની ટીકામાં, પ્રબંધ-ચિંતામણિ તથા રાજશેખર સૂરિકૃત પ્રબંધકોશ આદિ અર્વાચીન ગ્રંથોમાં ઉપલબ્ધ થાય છે :

(અ) 'તિત્થોગાલિય પઈન્ના' ગ્રંથના આધારે શય્યંભવના સર્વગુણસંપન્ન શિષ્ય જસભદ્ર તેમના કુલમાં સંભુત અને ત્યાર બાદ સાતમા આચાર્ય શ્રી ભદ્રબાહુ આચાર્ય ભદ્રબાહુ ચતુર્દશપૂર્વધર હતા. તેમણે બાર વર્ષ સુધી યોગની સાધના કરી અને છેદ સૂત્રોની રચના કરી.

આ ગ્રંથમાં ભયંકર દુકાળ તથા સાધુઓના વિચરણના ઉલ્લેખો છે, અને ભદ્રબાહુ નેપાળમાં રહી યોગસાધનામાં નિરત રહ્યા એનો ઉલ્લેખ છે અને પાટલીપુત્રની આગમવાચનાના પ્રસંગનો ઉલ્લેખ પણ છે.

(બ) 'આવશ્યકચૂર્ણિ'માં ઉપરોક્ત તથ્યો સંક્ષિપ્તમાં પ્રાપ્ત થાય છે.

(ક) 'ગચ્છાચારપઈન્ના'ની અને દોઘદવૃત્તિ :

ગચ્છાચારપઈન્નાની ગાથા ૮૨મી ટીકામાં આચાર્ય ભદ્રબાહુના ગૃહસ્થજીવનથી લઈને સ્વર્ગારોહણ સુધીનો પરિચય વિસ્તારથી આપવામાં આવ્યો છે.

(ડ) 'પ્રબંધચિંતામણિ'માં વરાહમિહિરને પાટલીપુત્રનો નિવાસી અને ભદ્રબાહુના મોટા ભાઈ તથા નંદ દ્વારા પ્રતિષ્ઠા પ્રાપ્ત નૈમિત્તિક બતાવ્યા છે. આ ગ્રંથ પ્રમાણે વરાહમિહિરે દીક્ષા લેવાના, બાર વર્ષ સુધી શ્રમણત્વનું પાલન કરવાનો, આચાર્યપદ ન મળવાને કારણે ક્રોધિત થઈ શ્રમણત્વનો ત્યાગ કરવાનો અને ભદ્રબાહુ દ્વારા દસ નિર્યુક્તિઓની રચના કરવાના ઉલ્લેખ નથી.

પણ આ ગ્રંથમાં ભદ્રબાહુને ચતુર્દશપૂર્વધર બતાવ્યા છે.

**(ઇ) 'પ્રબંધકોશ'** : આ ગ્રંથની રચના રાજશેખરસૂરિએ કરી છે. પ્રબંધકોશમાં ભદ્રબાહુ અને વરાહમિહિરને પ્રતિષ્ઠાનપુર નિવાસી, નિર્ધન, નિરાશ્રિત વિદ્વાન બ્રાહ્મણ હોવાનો, યશોભદ્રના ઉપદેશથી દીક્ષા લઈ ચતુર્દશપૂર્વધર બનવાની તથા દસ નિર્યુક્તિઓની રચના કરવાનો ઉલ્લેખ છે.

**દિગંબર પરંપરાના વિભિન્ન ગ્રંથોના અધ્યયન દ્વારા** નીચેનું તથ્ય પ્રાપ્ત થાય છે અને તે એ કે ભદ્રબાહુ નામના પાંચ આચાર્ય થઈ ગયા.

(૧) અંતિમ શ્રુતકેવળી આચાર્ય ભદ્રબાહુ અપરનામ યશોબાહુ જેમનો સ્વર્ગવાસ વીર નિર્વાણ સં. ૧૬૨માં થયો, જે ભગવાન મહાવીરના આઠમાં પટ્ટધર હતા.

(૨) છવ્વીસમા પટ્ટધર આર્ય ભદ્રબાહુ અપરનામ યશોભદ્ર જે આઠ અંગોના ધારક હતા અને જેમનો સમય વીર નિર્વાણ સં. ૪૯૨ થી ૫૧૫માં માનવામાં આવે છે.

(૩) પ્રથમ અંગધર આચાર્ય ભદ્રબાહુ, જેમનો સમય વીર નિર્વાણ સં. ૧૦૦૬ની આસપાસ અનુમાનિત કરવામાં આવે છે.

(૪) નંદીસંઘ, બલાત્કાર ગણની પટ્ટાવલી અનુસાર આચાર્ય ભદ્રબાહુ જેમનો આચાર્યકાળ વીર નિર્વાણ સં. ૬૦૯ થી ૬૩૧ માનવામાં આવે છે, એમના શિષ્યોનું નામ ગુપ્તિગુપગત હતું.

(૫) નિમિતજ્ઞ ભદ્રબાહુ જેઓ એકાદશાંગીના વિચ્છેદ પછી થયા શ્રતુસ્કંધના કર્તા અનુસાર એમનો સમય ત્રીજી શતાબ્દીની પ્રારંભનો છે.

ઉપર આપેલા ઉલ્લેખોનો નિષ્કર્ષ એ કાઢી શકાય કે આ બધા ઉલ્લેખો સંભવતઃ કિંવદતીઓ, દંતકથાઓ એ લોકકથાઓને આધારે કરવામાં આવ્યા હોય, તેના માટે કોઈ પુષ્ટ પુરાવાઓ પ્રાપ્ત નથી.

એક પ્રબળ પ્રમાણ એ છે કે - 'પાર્શ્વનાથ બસ્તીના શિલાલેખમાં જેનો લેખનકાળ વીર નિર્વાણ સં. ૧૧૨૭ છે. તેમાં સોળ આચાર્યોનાં નામો છે,

તેમાં આચાર્ય ભદ્રબાહુને નિમિત્તજ્ઞ બતાવ્યાનો ઉલ્લેખ છે એ તેમણે ભાવિ બાર માસની દુષ્કાળની સંઘને સૂચના આપી હતી તથા સંઘે દક્ષિણ તરફ પ્રયાણ કર્યું તેનો ઉલ્લેખ છે.'

**નામ-સામ્યને લીધે ભ્રાંતિ :**

વીર નિર્વાણ સં. ૧૫૬ થી ૧૭૦ સુધી આચાર્યપદ પર રહેલ છેદ-સૂત્રકાર ચતુર્દશપૂર્વધર આચાર્ય ભદ્રબાહુને અને વીર નિર્વાણ સં. ૧૦૩૨ની આસપાસ વિદ્યમાન વરાહમિહિરના સહોદર ભદ્રબાહુને એક જ વ્યક્તિ માનવાનો ભ્રમ પ્રાચીન સમયથી વિદ્વાનોમાં રહ્યો છે.

ઘણા પ્રાચીન સમયથી શ્વેતાંબર પરંપરામાં આ માન્યતા ચાલી આવી રહી છે કે - 'ચતુર્દશપૂર્વધર આચાર્ય ભદ્રબાહુ દ્વારા જ છેદસૂત્રોની તથા નિર્યુક્તિઓની રચના કરવામાં આવી છે.

સર્વપ્રથમ સંભવત : **ડૉ. હર્મન જેકોબીએ** ઈ.સ. ૧૬૬૧માં આ માન્યતાની સમીક્ષા કરતા આચાર્ય હેમચંદ્રકૃત પરિશિષ્ટ પર્વની પ્રસ્તાવનામાં લખ્યું છે -

**"There are ten sutras to which Bhadrabahu a late namesake of sixth partiarch, has written Niryukties i.e., - systematic exposition of the subject of sutras to which they belong."**

**ડૉ. હર્મન જેકોબીએ** આગળના પાના નં. ૭૫૨માં લખ્યું છે :

**"The author of Niryukties Bhadrabahu is identified by jains with partiach of that name who died in 170 A.V. There can be no doubt that are mistaken for the account of seven schims(Ninhaga) in the Avashyaka Nryauty V111-56-100 must have been written 584 and 609 of the vira era. There are the dates on the 7th and 8th schims of which only former is mentioned in Niryukties. It is therefore, certain tthat the Niryukties was composed before 8th schims - 609 A.V."**

ડૉ. હર્મન જેકોબી દ્વારા આ તથ્યને પ્રકાશમાં આવ્યા પછી અનેક અન્ય વિદ્વાનોએ પણ આ દિશામાં સંશોધન કર્યું અને પરિણામસ્વરૂપ અનેક વિચારણીય તથ્યો વિદ્વાનોની સામે આવ્યાં.

બધા વિદ્વાનોએ એકમતે સ્વીકાર કર્યો કે - 'છેદસૂત્રોના કર્તા અસંદિગ્ધ-રૂપે ચતુર્દશપૂર્વધર આચાર્ય ભદ્રબાહુ જ હતા.'

# ઉવસગ્ગહરં સ્તોત્ર - એક સમીક્ષા

**અરુણ જોષી**

ખૂબ જ પ્રભાવશાળી આ સ્તોત્ર વિશે વિચાર કરતાં પહેલાં સ્તોત્ર એટલે શું ? તે જાણી લઈએ.

'સ્તોત્ર' શબ્દ સંસ્કૃત ભાષાનો છે. તે 'સ્તુ' નામના ક્રિયાપદમાંથી બનેલ શબ્દ છે. 'સ્તુ'નો અર્થ સ્તુતિ કરવી એવો થાય છે. તે ક્રિયાપદમાંથી 'સ્તવન' શબ્દ પણ નિષ્પન્ન થયેલો છે. આમ, આ સ્તોત્રમાં સ્તુતિ થયેલી છે. માનવમાત્રને જીવનમાં સુખ અને દુ:ખની અનુભૂતિ થયા કરે છે. તડકો અને છાંયડો આવ્યા જ કરે છે. ભગવાન મહાવીરને પણ રાજવી-સુખ છોડ્યા બાદ માનવીય, દૈવી અને તિર્યંચકૃત ઉપસર્ગોરૂપી દુ:ખનો અનુભવ કરવો પડ્યો હતો. ગીતાના શ્રીકૃષ્ણને પણ શિશુપાલ જેવા રાજાઓએ કરેલાં અપમાનો સહન કરવાં પડ્યાં હતાં. મહાત્મા ગાંધીજીના જીવનમાં પણ દુ:ખદાયક પ્રસંગો બનતા રહ્યા હતા. કહેવાનું તાત્પર્ય એ છે કે સુખની ત્વરિત ગતિ વીત્યા બાદ દુ:ખોની દીર્ઘક્ષણો સહુને ભોગ-વવી પડે છે. દુ:ખની વિષમ-સ્થિતિને સહ્ય બનાવવા માટે હરકોઈને પોતાનાથી અધિક શક્તિશાળી તત્ત્વના આધારની જરૂર પડે છે. 'માનવમાત્ર તો અપૂર્ણાંક છે. પૂર્ણાંક તો માત્ર ભગવાન છે' એમ શ્રી બ. ક. ઠાકોરે 'પંચોતેરમે' નામના ગ્રંથમાં જણાવ્યું છે. તે રીતે જન્મધારી માનવ પોતાના કરતાં સરસાઈ ધરાવનારનું શરણું શોધે છે. ભગવાનમાં અનુરક્તિ આ બે શબ્દોના પ્રથમ અને અંતિમ અક્ષરો સાથે લેતાં 'ભક્તિ' શબ્દ નિષ્પન્ન થાય છે. પોતાનાથી ચડિયાતા તત્ત્વનું શરણું એટલે જ ભક્તિ. ગીતામાં 'ભજસ્વ મામ્' શબ્દો આ જ બાબત સૂચવે છે. સારાંશ એ કે - 'ભજન અથવા ભક્તિ કરનાર જ્યારે ઈશ્વરને શરણે જાય છે ત્યારે ઈષ્ટદેવને પ્રસન્ન કરવા તેની પ્રશંસા કરે છે. 'ખુશામત તો ખુદાને પણ પ્યારી' એમ કહેનારા ઘણાને આપણે સાંભળ્યા છે. આવી ખુશામત એ જ સ્તોત્ર. સ્તવનથી ભરપૂર 'ભક્તામર, કલ્યાણમંદિર, ભીષ્મ સ્તવન, દેવી અપરાધ ક્ષમાપન' આદિ અનેક સ્તોત્રો ભક્તોને ઈશ્વરનું ભજન કરવામાં ઉપયોગી થયાં છે એ આપણે સહુ જાણીએ છીએ.

પ્રસ્તુત ઉવસગ્ગહરં નામના સ્તોત્રમાં તીર્થંકર શ્રી પાર્શ્વનાથ ભગવાનને સ્તુતિ દ્વારા આરાધવામાં આવ્યા છે. હાલના વારાણસી, બનારસ કે કાશી નામે જાણીતા નગરમાં તેઓનો આવિર્ભાવ વિક્રમ સંવત પૂર્વે ૮૨૦ થી ૭૨૦નો મનાય છે. તેમનાં માતાપિતાનાં નામો વામાદેવી અને અશ્વસેન છે. દરેક તીર્થંકરોની જેમ શ્રી પાર્શ્વનાથ ક્ષત્રિય હતા અને તેમનાં માતા-પિતા કાશીનાં રાણી અને રાજા હતાં. કુશસ્થલની રાજકુંવરી પ્રભાવતી સાથે લગ્ન થયાં બાદ શ્રી પાર્શ્વનાથે મહાભિનિષ્ક્રમણ કરેલું અને દીક્ષા અંગીકાર કરી હતી. કેવળજ્ઞાન પ્રાપ્ત કરનાર આ તીર્થંકર ભગવાન એકસો વર્ષનું પૂર્ણ આયુષ્ય ભોગવી સમેતશિખર ઉપર નિર્વાણ પામ્યા હતા.

'જૈન સ્તોત્ર સંદોહ' નામના ગ્રંથમાં કહેવામાં આવ્યું છે કે - 'શ્રી પાર્શ્વનાથ ભગવાનનું નામ જ પરમ મંત્રરૂપ છે. જેમનું નામ-સ્મરણ સર્વ મંત્રોમાં શ્રેષ્ઠ છે, એવા આ ભગવાનની જે સ્તોત્રમાં ભક્તિ થઈ હોય તે સ્તોત્ર સ્વયં મંત્ર જ ગણાય.'

અત્રે આપણે 'મંત્ર' શબ્દની વ્યુત્પત્તિ તપાસી લઈએ. ઈ.પૂ. આઠમી સદીમાં થઈ ગયેલા યાસ્કાચાર્યે જણાવ્યું છે કે - 'મનન કરવાથી જે ત્રાણ અથવા રક્ષણ કરે તે મંત્ર.' આમ, પ્રભુનું નામ-સ્મરવાથી કલ્યાણ પ્રાપ્ત થાય છે. આ સ્તોત્રના રચનાર ભકત કવિનું નામ છે ભદ્રબાહુ સ્વામી.

આ ભદ્રબાહુ સ્વામી ઉપર એવી તે શી આફત આવી પડી કે તેમને પાર્શ્વનાથ ભગવાનનું શરણું શોધવું પડ્યું ? આ શંકાનું સમાધાન કરનારી એક કથા છે, જે નીચે મુજબ છે.

પ્રતિષ્ઠાનપુર નામના નગરમાં પુરોહિત વિષ્ણુમિત્ર અને તેની સોમા

નામની પત્નીને ભદ્રબાહુ અને વરાહમિહિર નામના બે પુત્રો જન્મ્યા. બંને ભાઈઓએ અનેક શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. તેમને યશોભદ્રસૂરિએ દીક્ષા આપી અને બંને બ્રાહ્મણ મટી જૈન બન્યા અને જૈન શાસ્ત્રો ભણવા માંડ્યાં. તેમાં વરાહમિહિર અગિયાર અંગોનો અભ્યાસ કરીને અટકી ગયા, જ્યારે ભદ્રબાહુએ બધાં અંગોનો અભ્યાસ કરી આચાર્યની પદવી પ્રાપ્ત કરી. જ્યારે કોઈ પદવી પ્રાપ્ત ન થતાં વરાહમિહિર દીક્ષાનો ત્યાગ કરી ફરીવાર બ્રાહ્મણ બન્યા.

વરાહમિહિરે જ્યોતિષવિદ્યાનો ઊંડો અભ્યાસ કરેલો. તે વિદ્યા વિશે તેમણે મહાન ગ્રંથ લખેલો. નગરના રાજાને વરાહમિહિરે જણાવ્યું કે -

'ચોમાસમાં અતિવૃષ્ટિ થશે અને પોતે દોરેલા કુંડાળામાં બાવન પળ વજનનું માછલું પડશે.' આ સમાચાર ભદ્રબાહુને સાંભળવા મળ્યા. તેમણે રાજાને કહ્યું કે - 'માછલું એકાવન પળના વજનનું હશે અને વર્તુળની કિનારીએ પડશે.' બન્યું પણ એમ જ. વરાહમિહિર ઝંખવાણા પડીને જૈન ધર્મનો વિરોધ કરવા લાગ્યા. એ અરસામાં રાજાને ત્યાં પુત્રજન્મ થયો. ત્યારે વરાહમિહિરે જણાવ્યું - 'તે પુત્ર સો વર્ષ જીવશે.' ભદ્રબાહુએ પોતાની વિદ્યાના પ્રભાવથી જણાવ્યું કે - 'બિલાડીના કારણે રાજાનો પુત્ર એક સપ્તાહમાં જ મૃત્યુ પામશે.' એમ જ બન્યું અને પછી તો વરાહ-મિહિર વધારે કોપાયમાન થયો અને મૃત્યુ બાદ વ્યંતરયોનિમાં જન્મી પૂર્વભવનું વેર લેવા તે રાજ્યમાં અનેક ઉપદ્રવો ફેલાવવા માંડ્યો. રાજા અને પ્રજાજનો ત્રાસી ગયા, ત્યારે સર્વનું કલ્યાણ કરવા માટે ભદ્રબાહુએ આ સ્તોત્રની રચના કરી. કહેવાય છે કે પહેલાં આ સ્તોત્રમાં સત્યાવીસ ગાથાઓ હતી. કાળક્રમે તે ઘટવા લાગી અને હાલ આ સ્તોત્રમાં પાંચ જ ગાથાઓમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનને સ્તવવામાં આવ્યા છે અને તેના પરિણામે રાજા અને પ્રજા બધા ઉપદ્રવો શાંત થતાં ખૂબ જ સુખી થયા. આમ, આ સ્તોત્રની રચના બાબતે જે કથા જૈન પરંપરામાં મળે છે તે આપણે જોઈ.

ઉપર આપણે નોંધ્યું છે તેમ આ સ્તોત્રની પાંચ જ ગાથાઓ હાલ ઉપલબ્ધ છે. હવે આપણે તે ગાથાઓ અને તેનો અનુવાદ જોઈશું.

**ઉવસગ્ગહરં પાસં પાસં વંદામિ કમ્મઘણમુક્કં ।**
**વિસહર વિસનિન્નાસં મંગલ કલ્લાણ આવાસં ॥૧॥**

**શબ્દાર્થ** : **ઉવસગ્ગ** - મહામારી જેવા રોગો, અપમાનો, દુઃખો, વિઘ્નો વગેરે, **પાસં** - પાર્શ્વનાથ ભગવાન, **વંદામિ** - પ્રણમું છું., **કમ્મ** - કર્મ, **ઘણ** - વાદળ, **મુક્કં** - મુક્ત, **વિસહર** - ઝેરી સાપ, **વિસ** - ઝેર, **નિન્નાસં** - નષ્ટ કરનાર, **આવાસં** - સ્થાન.

**અનુવાદ** : જેમની સમીપમાં વિઘ્નહર્તા, કર્મરૂપી વાદળોથી મુક્ત, ઝેરી સર્પનું ઝેર નષ્ટ કરનાર, મંગળ-કલ્યાણના આવાસરૂપ એવા ભગવાન પાર્શ્વનાથ રહેલા છે એવો હું (ભદ્રબાહુ) પાર્શ્વનાથ ભગવાનને વંદન કરું છું.

વિસહર ફુલ્લિંગમંતં, કંઠે ધારેઈ જો સયા મણુઓ ।
તસ્સ ગહ રોગ મારી દુટ્ઠ જરા જંતિ ઉવસામં ॥૨॥

**શબ્દાર્થ** : **વિસહર** - વિષ દૂર કરનાર, **ફુલ્લિંગ** - એ નામનો મંત્ર, **મંતં** - મંત્ર, **કંઠે** - કંઠમાં, **ધારેઈ** - ધારણ કરે, **સયા** - સદા, **મણુઓ** - માનવી, **તસ્સ** - તેના, **ગહ** - ગ્રહ, **મારી** - મહામારી જેવા રોગો, **દુટ્ઠજરા** - વિષમ પ્રકારના તાવ, **ઉવસામં જંતિ** - શાંત થઈ જાય છે.

**અનુવાદ** : જે માનવી ઝેર દૂર કરનાર વિષહર અને ફુલ્લિંગ નામના મંત્રોને હંમેશાં ગળમાં ધારણ કરે છે, તેનો ગ્રહ, રોગ, મહામારી જેવા ઉપદ્રવો અને ન મટે તેવા અસાધ્ય તાવ વગેરે શાંત થઈ જાય છે.

ચિટ્ઠઉ દૂરે મંતો, તુજ્જ પણામોવિ બહુ ફલો હોઈ ।
નર તિરિયેસુ વિ જીવા પાવંતિ ન દુક્ખ દોગચ્ચં ॥૩॥

**શબ્દાર્થ** : **ચિટ્ઠઉ** - રહે, **દૂરે** - દૂર, **મંતો** - મંત્ર (મંત્ર દૂર રહે એટલે મંત્રની વાત તો દૂર રહી), **તુજ્જ** - તમને કરવામાં આવેલ, **પણામોવિ** - પ્રણામ અથવા વંદન પણ, **બહુ** - અનેક, **ફલો** - ફળ, **હોઈ** - આપનાર બને, **નર** - માનવ, **તિરિયેસુ** - પ્રાણીઓ, **વિ** - પણ, **જીવા** - જીવાત્માઓ, **પાવંતિ** - પામે, **દુક્ખ** - દુઃખ, **દોગચ્ચં** - દૌર્ગત્ય અથવા દુર્ગતિ અથવા ખરાબ દશા.

**અનુવાદ** : મંત્રની વાત તો દૂર રહી, આપને કરવામાં આવેલ પ્રણામ પણ અનેક ફળો આપનાર બને છે. અરે ! માનવી કે પ્રાણી જેવા જીવાત્માઓ પણ દુઃખ કે ખરાબ દશા પામે નહિ.

તુહ સમ્મત્તે લદ્ધે ચિંતામણિ કપ્પપાયવબ્ભહિએ ।
પાવંતિ અવિગ્ઘેણં જીવા અયરામરં ઠાણં ॥૪॥

**શબ્દાર્થ** : **તુહ** - તેમને, **સમ્મત્તે** - સંમતિ, અનુમતિ, **લદ્ધે** - મળે, **ચિંતામણિ** - વિચારીએ એવું ફળ આપનાર મણિ, **કપ્પ** - કલ્પ, **પાયવ** - વૃક્ષ, **બ્ભહિયે** - અધિક, **પાવંતિ** - પામે છે, **અવિગ્ઘેણં** - વિઘ્ન-વગર, **અયરામરં** - અજરામર, **ઠાણં** - સ્થાન.

**અનુવાદ** : આપ પ્રસન્ન અથવા સંમતિ આપો તો જીવાત્મા એને ચિંતામણિ કે કલ્પવૃક્ષથી પણ અધિક ફળ આપે એવું આ અજરામર-સ્થાન વિના-વિઘ્ને મળે છે.

ઇઆ સંથુઓ મહાયશ, ભત્તિભર નિબ્ભરેણ હિયએણ ।
તા દેવ ! દિજ્જ બોહિં ભવે ભવે પાસ જિણચંદ ॥૫॥

શબ્દાર્થ : **સંથુઓ** - સ્તુતિ કરી છે, **મહાયશ** - જેની કીર્તિ મહાન છે તે, **ભત્તિભર** - ભક્તિથી ભરપૂર, **નિબ્ભરેણ** - ગાઢ, **હિયએણં** - હૃદયથી, **તા** - તો, દેવ ! - હે દેવ, સંબોધન છે, **દિજ્જ** - દેજો, આપજો, **બોહિં** - બોધ, **ભવે ભવે** - દરેક ભવમાં, **પાસ** - હે પાર્શ્વનાથ, **જિણચંદ** - જિનોમાં ચંદ્ર જેવા, **ઇઅ** - આમ.

અનુવાદ : હે મહાયશસ્વી, જિનોમાં ચંદ્રસમાન, પાર્શ્વનાથ દેવ, મેં આ રીતે ગાઢ ભક્તિભાવવાળા હૃદયથી આપની સ્તુતિ કરી છે, તો મને દરેક ભવમાં (જીવનોપયોગી) ઉપદેશ આપજો.

આ રીતે શબ્દાર્થ અને ભાષાંતરથી પરિચિત થયા બાદ હવે આપણે પ્રત્યેક ગાથા વિશે થોડો વધુ વિચાર કરીએ.

**પ્રથમ-ગાથામાં** સાડત્રીસ અક્ષર છે. ગણના કરતી વખતે જોડાક્ષરોને એક જ અક્ષર ગણવામાં આવે છે. અલંકારની રીતે વિચારીએ તો આ ગાથામાં શ્લેષ અને યમક અલંકારના દર્શન થાય છે. **'વિસહર'** શબ્દ શ્લેષમય છે. તેનો અર્થ વિષધર એટલે કે સર્પ થાય. બીજો અર્થ વિષને હરી લો એવો થાય. **'પાસં પાસં'** શબ્દોમાં યમક અલંકાર છે. આ અલંકારમાં એક જ શબ્દ બે વખત પ્રયોજાયો હોય છે. એક પાસનો અર્થ સમીપ થાય છે અને બીજો શબ્દ પાર્શ્વનાથનો પરિચાયક છે. આ ગાથામાં સર્પ અને તેના ઝેરને નષ્ટ કરવાની વાત કરવામાં આવી છે. તે માટેનું ખાસ પ્રયોજન છે. પાર્શ્વનાથ ભગવાનનાં માતા વામાદેવી જ્યારે ગર્ભવતી હતાં ત્યારે કૃષ્ણપક્ષની રાત્રિએ પોતાના પડખેથી પસાર થતાં એક સર્પને જોયો હતો. તેથી જન્મ બાદ રાજાએ કુમારનું નામ પાર્શ્વ પાડ્યું. તેમનું લાંછન સર્પનું છે. તેમનો સહાયક યક્ષ પાર્શ્વ અને સહાયિકા યક્ષિણી પદ્માવતી હતાં. નીલ વર્ણના છ ધનુષ્ય ઊંચાઈ ધરાવતા પૂર્વભવની દસની સંખ્યા ધરાવતા આ પ્રભુ તેત્રીસ મુનિઓની સાથે સમેતશિખર ઉપર નિર્વાણ પામ્યા હતા. ઉવસગ્ગહરં **'પાસં'**નો અર્થ બીજી રીતે જોઈએ તો આ પ્રમાણે પણ થઈ શકે છે 'જેની સમીપમાં પાર્શ્વયક્ષ, ધરણેન્દ્ર અને પદ્માવતી જે દેવો-વ્યંતરો વગેરેથી કરવામાં આવેલ અનેક પ્રકારના ઉપસર્ગોને દૂર કરનારા રહેલાં છે એવા પાર્શ્વનાથ. આ મંત્રમાં પ્રભુને સર્પનું ઝેર દૂર

કરનાર કહેવામાં આવ્યા છે.' પ્રભુની કૃપા હોય તો ઝેર પણ અમૃત બની જાય છે. આ બાબતમાં અમૃત જાણી ઝેરને પી જનાર મીરાંનું દૃષ્ટાંત આપી શકાય. ગર્ભસ્થ પ્રભુનું સામીપ્ય ઝંખતા સર્પનું ઝેર દૂર કરવાની પાર્શ્વનાથમાં શક્તિ હોય જ, એ બાબત વામાદેવીના ઉપર જણાવેલ પ્રસંગ પરથી મળી રહે છે. વળી સર્પો તેમને વશ હતા, એ બાબત તો પાર્શ્વનાથની મૂર્તિ નિહાળતાં જ સ્પષ્ટ થઈ જાય છે. તેઓ અનેક ઉપસર્ગો-રૂપી વિઘ્નોને દૂર કરનાર છે, એવી પ્રતીતિ ભક્ત કવિને થાય છે. ઉપસર્ગો કેવા હોય ! તેની વિવિધતાપૂર્વકની માહિતી 'ઉવાસગદશા'માંથી મળી રહે છે. આનંદ, કામદેવ, સુરાદેવ; ચૂલણીપિયા, કુંડકોલિક જેવા ગૃહસ્થોને અનેક પ્રકારના ઉપસર્ગો નડ્યા હતા, પણ ધ્યાનમાં તલ્લીન રહેવાથી તેઓ ઉપસર્ગો ઉપર વિજય મેળવી શક્યા હતા. આમ, પ્રભુની કૃપા મળે તો નિંદા, રોગ, ભય વગેરે ઉપસર્ગોને નાથી શકાય છે. ઉપર જણાવેલ કથા અનુસાર વરાહમિહિરે પોતાના બીજા ભવમાં જૈન સાધુઓ અને સંતો ઉપર વેર વાળવા મહામારી જેવા ઉપદ્રવો ફેલાવેલા, તેના નાશ માટે જ આ સ્તોત્ર રચાયેલું એ આપણે જોયું. આપણા જીવનમાં પણ અનેક ઉપસર્ગો આવે ત્યારે શાંતિપૂર્વક પરમ પ્રભુનું ધ્યાન ધરવાથી ઉપસર્ગો નાશ પામશે જ એવી શ્રદ્ધા આ ગાથા વાંચવાથી દૃઢ થાય છે.

**દ્વિતીય-ગાથામાં** આડત્રીસ અક્ષરો છે. અહીં કહેવામાં આવ્યું છે કે - 'શ્રી પાર્શ્વનાથ-પ્રભુનું નામ જપવાથી જ આ બધા અનર્થો દૂર થઈ જાય છે.' 'કલિયુગમાં નામજપનું ખૂબ જ માહાત્મ્ય છે' એવું પ્રતિપાદન નડિયાદના પૂ. મોટાએ કરેલ છે. આ 'મંત્ર' શબ્દનો વ્યુત્પત્તિગત અર્થ એટલે કે મનન કરવાથી જે ત્રાણ કરે છે તે મંત્ર, એ આપણે શરૂઆતમાં જોઈ ગયા છીએ. શ્રી પાર્શ્વનાથ-પ્રભુના નામથી અધિષ્ઠિત **'વિસહર ફુલ્લિંગ'** નામના મંત્રનો જાપ કરવાથી અનેક ફળ પ્રાપ્ત થાય છે એમ અહીં કહેવામાં આવ્યું છે. તેમનો જાપ કરવાથી ગ્રહપીડા, સાધ્ય કે અસાધ્ય રોગો વગેરે નષ્ટ થઈ જાય છે. આપણા ભારતદેશમાં નામ-સ્મરણનો બહુ મહિમા છે. 'સિરિવાલકહા, ઓખાહરણ' વગેરેના પાઠથી અનેક પ્રકારની અશાંતિઓ દૂર થઈ જાય છે, એવી આપણને શ્રદ્ધા છે. નવકારમંત્રથી કૅન્સર જેવા રોગ મટ્યાનાં ઉદાહરણો પણ મળી આવે છે.

**તૃતીય-ગાથામાં** આડત્રીસ અક્ષરો છે. આ ગાથામાં મંત્રની ઉપાસના જેનાથી શક્ય ન હોય તેને સાંત્વન મળી રહે છે. મંત્રજાપ ન કરી શકનાર

છેવટ ભગવાનને પ્રણામ તો કરી જ શકે. આવી સીધી-સૌદી અર્ચનવિધિ પણ અનેક પ્રકારનાં ફળ આપનારી બને છે, પ્રણામ તો માનવીની જેમ પ્રાણીઓને માટે પણ સુગમ છે. માથું નમાવતાં કે સૂંઢ ઊંચી કરતાં પ્રાણીઓ કે બહુ ભણેલ ન હોય, એવા માનવીઓ મંત્રનો જાપ ભલે ન કરી શકે, માત્ર વંદન કરવાથી પણ પાર્શ્વનાથ ભગવાન રીઝી જાય છે અને ભક્તને ન્યાલ કરી દે છે. આ રીતે જેઓ શંકર ભગવાનની જેમ આશુતોષ છે. તેમને કરવામાં આવેલ વંદન નિષ્ફળ જતાં નથી. વંદન કરનારને ક્યારે ય દુઃખનો અનુભવ થતો નથી કે ક્યારે ય દુર્ગતિનો અનુભવ થતો નથી. 'ભાગવત'માં મગરથી પકડવામાં આવેલ હાથીના મોક્ષની વાત જે ગજેન્દ્ર મોક્ષ તરીકે જાણીતી છે તેનો ઉલ્લેખ છે. ભગવાનને તેને દુર્ગતિમાંથી બચાવ્યો હતો. આમ, ભગવાનનું શરણું અનન્ય, પૂર્ણ - સમર્પણભાવે લેવાની અનેક પ્રકારના લાભ થાય છે.

**ચતુર્થ-ગાથામાં** પાંત્રીસ અક્ષર છે. આ ગાથામાં ચિંતામણિ અને કલ્પ-વૃક્ષનો ઉલ્લેખ થયેલ છે. કલ્પવૃક્ષ નંદનવનનું વૃક્ષ છે અને તેની છાયામાં બેસીને કરવામાં આવેલ સંકલ્પો ફળે છે એવી એક માન્યતા છે. ચિંતામણિ એક રત્ન છે. 'કુમ્માયુની ચરિય' નામના કાવ્યગ્રંથમાં સુલોચન મુનિએ માનવજીવનને ચિંતામણિ સાથે સરખાવ્યું છે. પ્રમાદને કારણે જેમ હાથીમાંથી સરી ગયેલ મણિ જળાશયમાંથી પાછો ન મળે, તેમ પ્રમાદથી જીવન પણ નષ્ટ થઈ જાય છે અને દુર્લભ એવો માનવ-જીવ ફરીવાર મળતો નથી. અહીં ગાથાનો અર્થ આપતી વખતે કહેવામાં આવ્યું છે કે - 'જો પાર્શ્વનાથ ભગવાન રાજી થાય, રજા આપે તો અજરામર-સ્થાન મળી શકે છે. 'ભાગવત'માં ભગવાનની કૃપાથી આવું સ્થાન મેળવનાર ધ્રુવનું વ્યાખ્યાન વાંચવા જેવું છે. પ્રભુનું સમ્યકૃત્વ પામવાથી દુર્લભ એવા સ્થાનની પ્રાપ્તિ થાય છે એમ કહીને પણ ગાથા સમજાવવામાં આવે છે. સમ્યકૃત્વ પામ્યા બાદ સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર પ્રાપ્ત થતાં જીવને રત્નત્રયી પામ્યાનો લાભ થાય છે અને મોક્ષપદ સુલભ બને છે.

**પંચમ-ગાથામાં** આડત્રીસ અક્ષરો છે. પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ કરવાથી ભક્તને જર-ઝવેરાત, ગાડી, લાડી કે વાડી મેળવવાની તમન્ના નથી. તેને તો **'ભવે-ભવ'** સુબોધ મેળવવાની ઝંખના છે. અહીં આપવામાં આવેલ વિગત પરથી વ્યંજના દ્વારા એ જાણવા મળે છે કે - 'પ્રભુને પ્રસન્ન

કરવા માટે ઉત્કટ ભક્તિભાવવાળું હૈયું જરૂરી છે. બાહ્ય આડંબરવાળી પૂજાવિધિ કરતાં ભક્તિભાવપૂર્વકનું અર્ચન જ પ્રભુને પ્યારું છે.' તેથી જ કહેવાય છે કે ભાવપૂજા મેરુપર્વત છે અને અંગપૂજા રાઈનો દાણો છે. **'ચઉ ભેઓ ધમ્મો, દાણં તવો સીલં ભાવો વિ'** એમ, **'સિરિવાલ કહા'**માં કહેવામાં આવ્યું છે. તેમાં ભાવનું મહત્ત્વ દાન, તપ કે શીલ કરતાં અધિક દર્શાવ્યું છે. આ ગાથામાં તીર્થંકર ભગવાનને મહાયશસ્વી અને દેવ ગણવામાં આવ્યા છે. **'જિણચંદ'** શબ્દ દ્વારા સંબોધન કરવામાં આવ્યું છે, તે પણ સહેતુક છે. ચંદ્ર શીતળતાનું પ્રતીક છે. સર્પો જેમ શીતળતા પ્રાપ્ત કરવા ચંદન વૃક્ષનો આશ્રય લે છે, તેમ પાર્શ્વનાથનું પણ સામીપ્ય ઝંખે છે.

આ સ્તોત્રની પાંચમી ગાથાઓમાં (૧) વંદન, (૨) મંત્ર, (૩) પ્રણામ, (૪) સમ્યક્ત્વ પ્રાપ્તિ (૫) ઉપદેશ પ્રાપ્તિ - એવા પાંચ વિષયોનું આલેખન છે. આ ગાથાઓમાં વલ્લભકર, સૌભાગ્યકર, જયશેષનાશક, વિષમ વિષનિગ્રહકર આદિ યંત્રોનું પણ સૂચન છે.

એકંદરે જોતાં આ સ્તોત્ર ખૂબ જ કલ્યાણકારી છે. વળી તેમાં સ્તોત્રનાં બધાં જ લક્ષણ સમાવિષ્ટ છે. હૃદયમાંથી સ્ફુરેલ હોવાથી સ્તોત્રમાં સરળતા હોય છે. ક્લિષ્ટ શબ્દો હોતા નથી. વાક્યરચના તરત જ સમજાય એવી હોય છે. આ સ્તોત્રમાં એ રીતે ખૂબ જ સરળતા જોવા મળે છે. પાંચે ય ગાથાઓનું સ્મરણ કરવાથી સર્વ કાર્યોની સિદ્ધિ થાય છે. જીવનની વિષમતાઓ દૂર થાય છે અને પુણ્ય, પાપમય પ્રભુતા વગેરેની પણ પ્રાપ્તિ થાય છે.

આ સ્તોત્ર મૂર્તિપૂજક શ્વેતાંબર જૈન સંપ્રદાયમાં ખૂબ જ શ્રદ્ધેય મનાયું છે. આ સ્તોત્રનો મહિમા અપરંપાર છે. 'નવકારમંત્ર, સંતિકરં સ્તોત્ર, તિજય પહુત્ત સ્તોત્ર, નમિઉણ સ્તોત્ર, અજિત શાંતિ સ્તોત્ર, ભક્તામર સ્તોત્ર, કલ્યાણમંદિર સ્તોત્ર અને બૃહદ્ શાંતિ સ્તોત્ર સાથે ઉવસગ્ગહરં સ્તોત્રની ગણના નવસ્મરણમાં થાય છે.

કરુણાના ભંડાર એવા ભદ્રબાહુ 'દશવૈકાલિક, આચારાંગ, સૂત્રકૃતાંગ' વગેરે દસ ગ્રંથો ઉપર નિર્યુક્તિઓ રચી છે. મહામંગલકારી કલ્પસૂત્રની પણ તેમણે જ રચના કરી છે.

આ ઉવસગ્ગહરં સ્તોત્ર ઉપર મળતી પાદપૂર્તિની રચના શ્રી વિજય ધર્મધૂરંધર સૂરિશ્વરજીએ કરેલી છે.

# શાંતિ અને કલ્યાણ માટેનાં પરમ ઉપકારક સ્તોત્રકાવ્ય તરીકે ઉવસગ્ગહરં સ્તોત્રનું મહત્ત્વ

ભારતી મહેતા

**પ્રારંભિક પ્રસ્તાવના :**

ઉવસગ્ગહરં એ સર્વજ્ઞભાષિત સૂત્રાત્મક સ્તુતિ-સ્તોત્ર છે. આ સૂત્ર અપેક્ષાએ કદમાં નાનું પરંતુ ભાવસભર હોઈ આત્મકલ્યાણ સાધવાનું મહત્ત્વનું સાધન છે. સૂત્રના અર્થનો બોધ થતાં, આત્મિક-ભાવોનું ઉત્થાન થાય છે અને અપ્રાપ્તપૂર્વહર્ષ સાંપડે છે. શ્રાવકોનાં દૈનિક છ આવશ્યકોમાં ત્રીજું આવશ્યક વંદન એટલે કે ચૈત્યવંદનામાં આ સૂત્રને સ્થાન છે અને તત્ત્વસંવેદન સાથે બોલાતાં સૂત્ર અવશ્ય અમૃતક્રિયા બની રહે છે. આ સૂત્રમાં ભક્તિયોગ, મંત્રયોગ ને યંત્રયોગનો સુંદર સુમેળ થયો છે.

**સ્તોત્રના રચયિતા :**

આ સૂત્રના રચયિતા મહાનિમિત્તિક, વિકૃષ્ટ તપસ્વી, સત્યસંકલ્પી, આ અવસર્પિણીના અંતિમ ચૌદપૂર્વધર, ચરમ તીર્થંકર શ્રી વર્ધમાન સ્વામીની છટ્ઠી પાટે થયેલ શ્રુતકેવળી, યુગપ્રધાન આચાર્યપુંગવ શ્રી ભદ્રબાહુ સ્વામી છે.

**સ્તોત્રનો રચનાકાળ :**

આ સ્તોત્રની રચનાનું નિશ્ચિત રચનાવર્ષ તો અપ્રાપ્ય છે, કિન્તુ એ વાત નિર્વિવાદ છે કે વીર સંવત ૧૫૬ થી ૧૭૦ સુધીનાં ચૌદ વર્ષના યુગપ્રધાન આચાર્ય તરીકેના રચયિતાના સમયગાળા દરમિયાન જ આ સ્તોત્ર રચાયું છે.

**સ્તોત્રમાં સંબોધન :**

મંગલ અને કલ્યાણનાં ધામરૂપ, મહાયશસ્વી, પાર્શ્વયક્ષ જેમના અધિષ્ઠાયક દેવ અને શ્રી સંઘના રક્ષકદેવ છે, એવા સામાન્ય કેવળી તારકોમાં ચંદ્રસમાન ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ-પ્રભુને સંબોધીને આ ભક્તિ-સ્તોત્રની પાવન રચના થયેલ છે.

**સ્તોત્રનું પ્રયોજન :**

આ સ્તોત્રની રચના જિનશાસનની રક્ષા તથા પ્રભાવનાના ઉદ્દેશથી કાર્યવશાત્ થયેલી છે. રચનાકારના સાંસારિક સહોદર, નૈમિત્તિક શ્રી વહાર-

મિહિર, દ્વેષના કારણે મૃત્યુ પશ્ચાત્ વ્યંતરદેવ થતાં શ્રી જૈન સંઘમાં મહામારીનો રોગ ફેલાવા લાગ્યો ત્યારે વ્યંતરકૃત ઉપદ્રવ દૂર કરવા આ મહાપ્રભાવક ઉવસગ્ગહરં સ્તોત્ર શ્રુતકેવળી ભદ્રબાહુ સ્વામીએ રચીને સર્વત્ર મોકલ્યું અને તેના પાઠ તથા સ્મરણના પ્રભાવે શ્રી સંઘ નિરુપદ્રવી થયો.

## સ્તોત્રની દેહરચના :

ઉવસગ્ગહરં એ પ્રાકૃત ભાષામાં, ગાહા છંદમાં, ૧૮૫ અક્ષર-પ્રમાણનું, પાંચ ગાથાસહિતનું પદ્યાત્મક સ્તોત્ર છે, જે સ્તવનીય સ્તુતિરૂપ સ્તોત્રનાં સર્વ લક્ષણોથી અલંકૃત, યંત્ર-મંત્રમય પરિપૂર્ણ સ્તોત્ર હોવાથી નિત્ય સ્મરણીય નવસ્મરણમાં શ્રી નવકારમંત્ર પછી તરત બીજું મહત્ત્વનું સ્થાન પામેલ છે.

## સ્તોત્રમાં વિષયવસ્તુ :

પ્રથમ-ગાથામાં શ્રી પાર્શ્વનાથ-પ્રભુની સ્તવનામંગલ થકી વંદના, દ્વિતીય-ગાથામાં તેમનાં નામથી અધિષ્ઠિત મંત્રાનો અપૂર્વ મહિમા, તૃતીય-ગાથામાં વિશુદ્ધ શ્રદ્ધાપૂર્વકના પ્રણામનું અચિંત્ય માહાત્મ્ય, ચતુર્થ-ગાથામાં સમ્યક્ત્વનાં ફળસમા નિર્વાણની અદકેરી પ્રાપ્તિ તથા પંચમ-ગાથામાં ઉપસંહારરૂપે મોક્ષ સુધીના દરેક ભવમાં બોધિની યાચના સમાવિષ્ટ છે.

## સ્તોત્રમાં 3 મંગલ :

શાસ્ત્રોના નિયમાનુસાર આ સ્તોત્રમાં પણ રચયિતાએ આદિ, મધ્ય, અંતમાં મંગલ મૂકેલું છે. પ્રથમ-ગાથામાં **'પાસં'** પદ મંગલ છે. ત્રીજી-ગાથામાં **'તુજ્જ પણામો'** પદ મંગલ છે. પાંચમી-ગાથામાં 'પાસ જિણચંદ' પદ મંગલ છે.

## સ્તોત્રમાં સમાસનો ઉપયોગ :

આ સ્તોત્રમાં ૧૫ સામાસિક પદો છે, જેમાં મુખ્યત્વે બહુવ્રીહિ, કર્મધારય, તત્પુરુષ, દ્વન્દ્વ, અવ્યયીભાવ સમાસનો અત્યુચિત ઉપયોગ થયો છે.

## સ્તોત્રમાં પ્રણિધાન :

શાસ્ત્રના નિયમાનુસાર સ્તવનાનાં અંતે સંકલ્પપૂર્વકનાં ફળની યાચનાના ન્યાયે આ સ્તોત્રમાં પણ સ્તોત્રકાર મહર્ષિએ સ્વયં પોતે જ પ્રાર્થના કર્યા બાદ પ્રાન્તે પ્રણિધાન તરીકે મોક્ષપર્યંત દરેક ભવે બોધિપ્રાપ્તિની યાચના કરેલ છે.

## ઉવસગ્ગહરં સ્તોત્રની શાંતિ અને કલ્યાણપ્રદ પરમોપકારક સ્તોત્ર-કાવ્ય તરીકેની મહત્ત્વની મુલવણી :

**સ્તોત્ર શીર્ષક** : પ્રાકૃતમાં 'ઉવસગ્ગ' શબ્દનો અર્થ આપદા, વિપત્તિ, મુશ્કેલી, સંકટ, ઉપસર્ગ થાય છે. નામ જ સૂચવે છે તે રીતે આ સ્તોત્ર આપદાહરણ કરનાર સૂત્ર છે. સ્તોત્રનામ બહુવ્રીહિ સમાસથી વ્યુત્પન્ન થયેલ છે. વિગ્રહ કરીએ તો - **'ઉપસર્ગાન હરતિ ઇતિ ઉપસર્ગ હરઃ'** તેમ નિષ્પન્ન થાય છે. આમ, ઉપસર્ગોના હરનાર એ સ્તોત્રનું નામ સુધ્ધાં શાંતિ-દાયક તથા કલ્યાણપ્રદ છે, કારણ કે દેવ, મનુષ્યો, તિર્યંચો અને આત્મ-સંવેદનીય એમ ચારે પ્રકારના ઉપસર્ગોનાં દુરિતોનું શમન શાંતિને જ જન્મ આપે છે. ભક્તોના ઉપદ્રવો દૂર કરવા તત્પર એવા પાર્શ્વયક્ષ માટેનું **'ઉવસગ્ગહરં'** વિશેષણ યોગ્ય જ છે.

આ સ્તોત્રને શાંતિદાયક એવં કલ્યાપ્રદ સ્તોત્ર તરીકેના મહત્ત્વને મૂલ-વવાના સંદર્ભે હવે ક્રમશઃ દરેક ગાથાનો ક્રમવાર વિશેષ તાત્પર્યાર્થ જોઈએ:

### ગાથા - ૧

**ઉવસગ્ગહરં પાસં પાસં વંદામિ કમ્મઘણમુક્કં ।**
**વિસહર વિસ નિન્નાસં મંગલ કલ્લાણ આવાસં ॥૧॥**

**શબ્દાર્થ** : ઉપસર્ગને દૂર કરનાર શ્રી પાર્શ્વયક્ષ જેમની સમીપ છે, જેઓ ઘાતી-અઘાતી એમ આઠે કર્મોનાં સમૂહથી મુક્ત થયેલ છે, વળી જે દ્રવ્યવિષધરો (અનંત વાસુકી, તક્ષક, કર્કોટ, પદ્મ, મહાપદ્મ, શંખપાલ, કુલિક, જય, વિજય નામના દસ નાગકુલોમાં ઉત્પન્ન થયેલ સવિષ નાગો) અને ભાવવિષધરો(કષાયો-વિષયો)ના વિષનો નિશ્ચિત રીતે નિર્નાશ કરનારા છે, એવા પરમમંગલ - પરમકલ્યાણનાં ધામરૂપ શ્રી પાર્શ્વપ્રભુને વંદન કરું છું.

**તત્ત્વાર્થ** : આ સ્તોત્રની પ્રથમ-ગાથામાં શ્રી પાર્શ્વપ્રભુને શુદ્ધભાવથી અને સૂક્ષ્મ-રીતિએ (મારી સર્વ ભાવનાઓ સહિત સંપૂર્ણ શરણાગતિ-પૂર્વક) કરાયેલું વંદન એ ઉત્કૃષ્ટ ભાવમંગલ છે, જે અનિવાર્યપણે આત્યંતિક સુખશાંતિદાયી, કષ્ટમાં સમતાદાયી અને પુણ્યાનુબંધી પુણ્યના પ્રકૃષ્ટ બંધનથી તત્કાળ અથવા કાળક્રમે શાશ્વત સુખ આપનાર, પરમ ઉપકારી છે. લૌકિક અને લોકોત્તર મંગલો અને કલ્યાણોનાં ક્રીડાસ્થાન આવાસસમા પ્રભુપાર્શ્વને કરાયેલ વંદન એ કર્મનો ક્ષય, ઇહલોકમાં

આરોગ્ય, મનની પ્રસન્નતા તથા પરલોકમાં સદ્ગતિ અને પરંપરાએ નિર્વાણદાતા એવા રત્નત્રયી દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી આત્માના ગુણને વિકસાવનાર છે.

**'મંગલાતિ ઇતિ મંગલમ્ ।'** શુભકલ્યાણને લાવે તે મંગલ. **'મામ્ પાપાત્ ગાલયતિ ઇતિ મંગલમ્ ।'** પાપોથી જે ગાળે તે મંગલ. જે સર્વ પ્રાણીઓનાં હિત માટે પ્રવર્તે તે મંગલ. જેનાં વડે દુર્ભાગ્ય દૂર ચાલ્યું જાય તે મંગલ. સંપત્તિઓનો ઉત્કર્ષ કરી સુખને લાવે તે કલ્યાણમંગલ. અહીં કલ્યાણ-માર્ગના પાથિકોને યથાતથ જ્ઞાત છે જ કે **'શ્રેયાંસિ બહુ વિઘ્નાનિ ।'** ધર્મસાધનાનાં કઠિન પથે તો શતસહસ્ર વિઘ્નોની સંભાવના છે જ, તે વેળાએ પરિષહો સમક્ષ આત્મસત્ત્વને સ્થિર રાખવા પંચપરમેષ્ઠીને કરેલ ભાવપૂર્વકના વંદનથી વિકસેલ આત્મસ્થિરતા જ કામ લાગશે.

આમ, આ મહાપ્રભાવક સ્તોત્રની પહેલી-ગાથામાં જ સ્ફૂટ થાય છે કે - 'પાર્શ્વપ્રભુને કરાતાં વંદન થકી વિઘ્નો વિદારાઈ જતાં જ ભક્તોને અનુપમ શાંતિ પ્રાપ્ત થાય છે તે કલ્યાણમાર્ગે આત્માને આગળ ધપવા પ્રેરે છે,' તેથી તેનું મહત્ત્વ અદકેરું છે.

ઉપરાંત ઉપરોક્ત પ્રથમ-ગાથામાં જગદ્વલ્લભ યંત્ર, સૌભાગ્યકર યંત્ર, લક્ષ્મીવૃદ્ધિકર યંત્ર, ભૂતાદિનિગ્રહકર યંત્ર, જ્વરનિગ્રહકર યંત્ર, શાકિનીનિગ્રહકર યંત્ર, વિષમવિષ-નિગ્રહકર યંત્ર, ક્ષુદ્રોપદવનિર્નાશ યંત્રનું વિધાન છે. આમ, જે સ્તોત્રની પહેલી જ ગાથામાં ઉપસર્ગહર શ્રી પાર્શ્વયક્ષ જે ભક્તોનાં દરેક સંકટો હરી લેવા તત્પર છે, શ્રી પાર્શ્વપ્રભુને કરેલું વંદન પરમ કલ્યાણકારી છે અને નવસ્મરણ પરમ-શાતા ને શાંતિપ્રદાયક છે તેવું સમગ્ર સ્તોત્ર તો કેટલું બધું શાંતિ-કલ્યાણપ્રદ ઉપકારી હોઈ શકે તે વાત નિઃશક છે.

## ગાથા - ૨

**વિસહર ફુલિંગ મંતં, કંઠે ધારેઈ સો સયા મણુઓ ।**
**તસ્સ ગહ રોગ મારિ, દુટ્ઠ જરા જંતિ ઉવસામં ॥**

**શબ્દાર્થ** : જે મનુષ્ય વિષહર ફુલિંગ (શબ્દો જેમાં આવે છે તે) મંત્રનું પળે પળે સ્મરણ કરે છે. તેનાં ગોચરથી ગ્રહો, રોગ, મરકી, દુષ્ટ જ્વર આદિ વિઘ્નો સદાને માટે શાંતિ પામે છે.

**તત્વાર્થ** : 'પ્રભાવકચરિયના માનતુંગસૂરિપ્રબંધ' નામની રચનામાં ઉલ્લેખ છે કે - 'શ્રી નાગરાજ ધરણેન્દ્રએ શ્રી માનતુંગસૂરિજીને પ્રસન્ન થઈ અઢાર અક્ષરની વિશિષ્ટ રચનાવાળો મંત્ર પ્રદાન કરેલ તે મૂળમંત્ર આ પ્રમાણે છે : ***'નમિઊણ પાસ વિસહર વસહ જિણ ફુલિંગ'*** આ અષ્ટદશાક્ષરી મંત્રથી ગર્ભિત 'ચિંતામણિયંત્રકલ્પ'આ ગાથાનાં સ્મરણથી સાધકોનું શ્રેય ને કલ્યાણ સાધનાર બને છે.

મંત્રબળ એ આધ્યાત્મિક બળનું પૂરક તત્ત્વ છે. મનનું રક્ષણ કરે તે મંત્ર, ગુરુ દ્વારા ગુપ્ત રીતે મેળવાય તે મંત્ર, જ્ઞાન ને રક્ષણ જેનાથી નિશ્ચિતપણે થાય તે મંત્ર. વળી આ સૂત્રસ્થિત મંત્ર તો દેવાધિષ્ઠિત, જેની સાધના ન કરવી પડે તેવી અક્ષરોની રચનાવાળો સમૂહ વિશેષ, પઠિતસિદ્ધ વિશેષ મંત્ર છે. આ મંત્ર પુરશ્ચરણ, ઉત્તરચરણ, હોમ, તપ-જપાદિ પ્રક્રિયાની સિદ્ધ થઈ ગયેલો હોવાથી તે નિશ્ચે શાંતિ ને કલ્યાણપ્રદ ઉપકારી મંત્ર છે, અને તેથી જ તેનું મહત્ત્વ અધિકાધિક થઈ જાય છે.

તે ઉપરાંત પાછળથી ઉપરોક્ત મંત્રને આદિમાં ***'ૐ હ્રીં શ્રીં અર્હં'*** એમ ચાર બીજોથી તથા પ્રાન્તે ***'હ્રીં નમઃ',*** એમ બે બીજોથી પૂર્વાચાર્યો દ્વારા સમૃદ્ધ કરવામાં આવ્યો છે. આમ છ બીજો, આઠ સંપદા, સત્યાવીસ અક્ષરોનું પરિણામ ધરાવતો વિપ્રકીર્ણાક્ષરી પદ્ધતિથી, ચિંતામણિ મંત્ર આ ગાથામાં રહસ્યમય રીતે તિરોહિત કરાયો છે.

ગાથાર્થ આગળ જોઈએ તો, આ મંત્રસ્મરણ કરવાથી ભક્તજનોનાં રોગ (એટલે કે વાત, પિત્ત, શ્લેષ્મ, સન્નિપાતજન્ય વ્યાધિના ભેદ, ખાંસી, શ્વાસ, ભગંદર, કોઢ જેવા મહારોગો), મારી (એટલે કે અશિવ, યંત્ર, મંત્ર, યોગિની દ્વારા કરાયેલ મહાભયંકર ઉપસર્ગ, તાવ, સર્વવ્યાપી મૃત્યુસ્વરૂપ અશિવ મરકી) અને દુષ્ટ જ્વર, દાહ, નિત્ય-વેળા જ્વર, મહૂર્તજ્વર, દુષ્ટજનો, શત્રુઓ, કોપાયમાન રાજા વગેરેથી થતા ઉપસર્ગો શાંતિ પામે છે. અહીં સ્ફુલિંગ એટલે ક્ષુદ્ર ઉપદ્રવો નિવારનાર અગ્નિના કણો, એટલે કે પદ્માવતીદેવી અને વિષહર એટલે શ્રી ધરણેન્દ્રદેવનો માર્મિક ઉલ્લેખ થયેલો છે. આમ, આ સ્તોત્રની બીજી-ગાથામાં રહેલ મંત્રથી શાંતિ વ્યાપે છે ને અભેદભાવે મંત્રસ્મરણ કરતાં જ મંત્ર ચૈતન્ય થકી ભક્તનું કલ્યાણ થાય છે.

## ગાથા - ૩

ચિટ્ઠઉ દૂરે મંતો, તુજ્જ પણામો વિ બહુફલો હોઈ ।

નર તિરિએસુ વિ જીવા, પાવંતિ ન દુક્ખ દોગચ્ચં ॥

**શબ્દાર્થ** : મંત્ર પ્રભાવશાળી છે તે વાત દૂર રાખીએ તો પણ, શ્રદ્ધાપૂર્વકના કરાયેલા માત્ર એક જ પ્રણામથી તિર્યંચ ને મનુષ્યગતિનાં દુઃખ-દૌર્ભાગ્ય દૂર થઈ જાય છે.

**તત્ત્વાર્થ** : વિશુદ્ધ શ્રદ્ધાપૂર્વકનો, પ્રકૃષ્ટ કોટિનો ફક્ત એક જ નમસ્કાર મનુષ્યોને તિર્યંચનાં દુઃખ ને દારિદ્રય દૂર કરે છે ને મનુષ્યો એનાં ફળરૂપે સૌભાગ્ય, આરોગ્ય, ધન, ધાન્ય, સ્ત્રી, પુત્ર, દ્વિપદ, ચતુષ્પદ, રાજ્ય, સ્વર્ગાદિ મેળવે છે અને તિર્યંચમાં સુવર્ણ, રત્ન, ચિંતામણિ, કલ્પવૃક્ષ, પટ્ટઅશ્વ, જયકુંજર હાથી આદિપણાને પામી ત્યાં પણ પૂજાય છે.

આ તૃતીય-ગાથા પરત્વે વંધ્યાશબ્દાપાહ, કાકવંધ્યાદોષ નિવારણ, બાલગ્રહપીડા નિવારણ, સૌભાગ્યકર યંત્રો સમન્વિત છે. આમ, આ ગાથા યંત્ર, મંત્ર અને તીર્થંકરને કરાતા ભાવવાહી માત્ર એક પ્રણામનાં ફળ એટલે કે નીરોગીપણું, મનચિંતવ્યા પદાર્થો પ્રાપ્ત થવા, ઋદ્ધિથી સમૃદ્ધ થવું અને સૌનું બહુમાન પામવાનાં સામર્થ્ય પ્રત્યે ઉજાગર કરે છે. અહીં ગાથાના ત્રીજા ચરણમાં **'વિ'** અક્ષરપ્રયોગ સહેતુક વિસ્મયસૂચક છે કે નર વા તિર્યંચના ભવોમાં દુઃખ ને દારિદ્રય ન હોય તે સંભવિત જ નથી, છતાં પ્રણામથી તે શક્ય બને છે.

આમ, જે ભવમાં દુઃખ ને દારિદ્રય જ ન રહે, તે કેટલું શાંતિપ્રદ ને કલ્યાણકર જીવન હોય તે સહજ કલ્પનીય છે. દુઃખનો સર્વથા અભાવ અને સુખનો એકાંતે સદ્ભાવ અને પરંપરાએ શાશ્વત મોક્ષ સાધવાનું કારણ એટલે અરિહંતને કરેલ ભાવપૂર્વકના પ્રણામ. મંત્રોના આરાધનથી તો પ્રભાવ ફેલાય જ, પરંતુ વગર મુશ્કેલીનો, તપ-જપ કર્યા વગર પણ જો અશરણના શરણરૂપ એવા પ્રભુપાર્શ્વને કરેલ ફક્ત એક જ હૃદયપૂર્વકના પ્રણામ સૌભાગ્યપ્રદ છે, સુખશાંતિપ્રદ છે, કલ્યાણકર છે, ભવોભવ પરોપકારી છે તો તેનું મહત્ત્વ અપરિમેય વધી જાય છે.

## ગાથા - ૪

તુહ સમ્મત્તે લદ્ધે, ચિંતામણિ કપ્પપાયવબ્ભહિએ ।

પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં ॥

**શબ્દાર્થ** : હે પ્રભો ! તમારાં મહામૂલા (સુદેવ, સુગુરુ, સુધર્મ ઉપરની નિશ્ચલ શ્રદ્ધા રૂપ) સમ્યક્ત્વરત્નને જે (મનોવાંછિત ફળપ્રદાતા) ચિંતામણિરત્ન કે કલ્પવૃક્ષથી પણ અધિક મૂલ્યવાન છે, તે પામ્યા પછી તો ભક્તિવાન જીવો શીઘ્રપણે, વિઘ્નરહિતતાપૂર્વક અજર-અમર એવા મોક્ષના સ્થાનને પામે છે.

**તત્ત્વાર્થ** : આ સ્તોત્રની ચતુર્થ-ગાથામાં શ્રીપાર્શ્વનાથ-પ્રભુના સમ્યક્ત્વનો પરમ અપૂર્વ મહિમા દર્શાવ્યો છે. **'તત્ત્વાર્થશ્રદ્ધાનું સમયગ્દર્શનમ્ !'** આત્મામાં મિથ્યાત્વ-મોહનીય કર્મની પ્રકૃતિના ક્ષયોપશમથી પેદા થનારો વિશિષ્ટ કોટિનો ગુણ એટલે સમ્યક્ત્વ. તે દેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વના નિશ્ચયરૂપ છે. દેવમાં દેવત્વની, ગુરુમાં ગુરુપણાની શુદ્ધબુદ્ધિ તે જ સમ્યક્ત્વ છે.

**'અવિગ્ઘેણં'** શબ્દનો ગૂઢાર્થ અહીં એ સૂચન કરે છે કે સમ્યક્ત્વ પ્રાપ્ત જીવોને જ્યાં સુધી મુક્તિ ન મળે ત્યાં સુધી નિર્વિઘ્નપણે તેને મનુષ્યજન્મ, આર્યદેશ, આર્યકુલ, પંચેન્દ્રિય પરિપૂર્ણતા, જિનધર્મની પ્રાપ્તિ, સદ્ગુરુનો યોગ, ધર્મશ્રવણેચ્છા તથા ધર્મકાર્યો કરવા માટે જોઈતી અનુકૂળતાઓ સામેથી જ સાંપડ્યા કરે છે.

પ્રીતિથી કરેલ સ્તુતિથી, મંત્ર-પાઠ નથી, પ્રણામથી સમ્યક્ત્વ નિર્મળ થાય છે અને એ વિશુદ્ધ શ્રદ્ધા તો ભવસાગર પાર ઉતારનાર છે. આમ, નિર્વાણ જેવું ઉત્તમોત્તમ ફળ પણ નિર્વિઘ્ને મેળવી આપનાર સમ્યક્ત્વ એ શાંતિપ્રદ ને કલ્યાણકર મહોપકારી તત્ત્વ છે, તે વાત પુનઃ સિદ્ધ થાય છે. જે સ્તોત્રમાં શીઘ્રપણે, વિઘ્નરહિત, મોક્ષપ્રાપ્તિનો સહજ-સરળ માર્ગ દર્શાવાયો હોય, તે સ્તોત્ર તો સુખશાંતિ કલ્યાણરાશિ જ હોય તે નિર્વિવાદ મહત્ત્વનું સત્ય જ છે.

## ગાથા - ૫

**ઈઅ સંથુઓ મહાયસ ! ભત્તિભર નિબ્ભરેણ હિયએણ ।**

**તા દેવ ! દિજ્જ બોહિં, ભવે ભવે પાસ ! જિણચંદ ॥**

**શબ્દાર્થ** : ત્રણે ભુવનમાં જેમનો વિસ્તૃત યશ ફેલાયો છે, તેવા મહાયશસ્વી, સામાન્ય કેવળીતારકો વચ્ચે તીર્થંકરરૂપ ચંદ્રસમાન શોભતા એવા હે પ્રભોપાર્શ્વ ! આ રીતે મેં ભક્તિથી પૂર્ણ છલકતા હૃદયે તારી

સ્તવના કરી છે, તે કારણથી ફળરૂપે હે દેવ ! મને ભવોભવને વિશે સમકિત બોધિરત્ન આપો.

**તત્ત્વાર્થ** : વિશિષ્ટ કોટિનાં આદેય નામકર્મ ઉદયવાન એવા પ્રભુપાર્શ્વ પ્રત્યે ભક્તિથી સંનિવિષ્ટ હૃદયે, પોતાના મનના નિર્મળ અધ્યવસાયની સાક્ષીરૂપે, ઉપસંહાર વેળાએ રચયિતા શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુ સ્વામીજી યાચના કરે છે કે - 'સ્તુતિના બદલામાં હે પ્રભુ ! પ્રણિધાનરૂપે મોક્ષપર્યંત મને અપ્રાપ્ત ઉચ્ચતર કક્ષાની જિનધર્મની પ્રાપ્તિ ને શ્રદ્ધેયતા ભવાંતરમાં પણ આપો.'

આ પંચમ-ગાથા પરત્વે શાંતિપૌષ્ટિક યંત્ર દર્શાવાયું છે. તેઓ રાગાદિથી આક્રાંત નથી, યોગક્ષેમના કરનાર છે ને સદા શાંતિ, કલ્યાણ અને ચિત્તપ્રસન્નતાનો ધોધ છે તેવા અરિહંતે શ્રી પાર્શ્વપ્રભુ સમીપ, રચયિતા પોતાનાં સમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિકય એમ સમકિતના પાંચે ગુણોને ઉજ્જવળ કરવાની, તત્ત્વોના અર્થ પરત્વેની શ્રદ્ધેયતાને, મુક્તિપર્યંતના ભવ સુધી દૃઢ કરી રાખવાની યાચના કરે છે.

શ્રેષ્ઠ પાસે હંમેશાં શ્રેષ્ઠની જ માગણી કરાય, તે ન્યાયે પ્રાંતે સ્તોત્ર-કારથી પ્રાર્થેયનાં ત્રણ ઉત્કૃષ્ટ સંબોધનો મહાયશસ્વી, દેવ અને જિનચંદ્ર રૂપ બહુમાનને આગળ કરી ધીમેથી પોતાનો દૃઢ સંકલ્પ પ્રભુપાર્શ્વ સમક્ષ મૂકે છે. આમ, આ સ્તોત્રની પાંચમી-ગાથા સિદ્ધત્વની યાત્રા કરાવે છે. જેની વિકસ્વર રોમરાજીમાં પ્રભુ પરત્વેની ભક્તિ, આદર, બહુમાન ઉભરાતાં હોય, જેની રચનાના દરેક અક્ષરોમાં ગૂઢાતિગૂઢ અર્થો છુપાયેલા હોય, જેના હૈયાના દરેક અણુઅણુમાં શ્રી સંઘ ઉપરના ઉપદ્રવો દૂર કરવાના સંકલ્પ છલકતા હોય, તેની જ રચનામાં આવું રહસ્યગર્ભિત સામર્થ્ય પ્રગટી શકે. આ રીતે ઉપરોક્ત પાંચે ગાથાના સ્મરણ-પાઠથી આલોક-પરલોકનાં સર્વકાર્યોની સિદ્ધિ થઈ, નિર્વિઘ્ને મોક્ષપ્રાપ્તિ થાય છે.

**દૃષ્ટાંત રૂપે** : ઉવસગ્ગહરં સ્તોત્રના પ્રભાવથી અપૂર્વ ઇહલૌકિક એવં પારલૌકિક સુખ-સંપદાઓ પ્રાપ્ત થઈ હોય તેવી વ્યક્તિઓમાં મોખરે જેની કથા જૈન સાહિત્યમાં ઉપલબ્ધ છે, તે છે અક્ષપુર નગરના રાજા અરિદમનના પુત્ર એવા શ્રી પ્રિયંકર રાજવી. 'પ્રિયંકરનૃપ કથા'માંથી જ્ઞાત થાય છે કે કઈ રીતે આ મહાપ્રભાવક સ્તોત્રનાં સેવનથી તેમની લેશ્યા શુદ્ધ થતી ગઈ અને પ્રિયંકર રાજવી પ્રતિબોધ પામી સદ્ગતિ પામ્યા.

આચાર્ય **શ્રી જિનપ્રભસૂરિએ** પોતાની રચેલી **'અર્થકલ્પલતા' ટીકામાં** જણાવ્યું છે કે - 'વિદ્યાઓનું સર્વસ્વ અને મંત્રોનું ઉપાદનકરણ પંચપરમેષ્ઠીઓ જ છે.' ક્વચિત્ તેથી જ મહાપ્રભાવક એવા આ ઉવસગ્ગહરં સ્તોત્રમાં નમસ્કાર કરવાયોગ્ય તે પંચપરમેષ્ઠીઓના નામના આદિ અક્ષરોની રચના નીચે મુજબ ગર્ભિત રીતે નિરૂપિત થયેલી જોવા મળે છેઃ

(૧) પ્રથમ-ગાથાની આદિમાં **'ઉવ'** એટલે ઉપાધ્યાય છે, જેની સમીપ રહીને અધ્યયન કરી શકાય તે ઉપાધ્યાયો છે. **'જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ'**ના પ્રણેતા એટલે ઉપાધ્યાયો સૌ પહેલાં નિરૂપ્યા છે.

(૨) બીજી-ગાથાની આદિમાં **'વિસ'** એટલે સાધુ છે. વિષની જેમ સાધુઓ પણ સર્વ રસાત્મક છે, તેથી શ્રવણો વિષસમાન કહ્યા છે. ઉપાધ્યાય પાસે અધ્યયન કરનાર ને સાધુઓ જ સહાયરૂપ થાય છે. એ તેમનો જ અધિકાર છે, તેથી ઉપાધ્યાપ પછી સાધુઓ કહ્યાં છે.

(૩) ત્રીજી-ગાથાની આદિમાં **'ચિટ્ઠ'** એટલે આચાર્ય છે. સંસ્કૃતનાં 'તિષ્ઠ' ધાતુને પ્રાકૃતથી ચિટઠ આદેશ થવા પામ્યો છે. 'તિષ્ઠ' એટલે તેનો એક તીર્થ થાય છે, આચાર્યો છે ત્યાં સુધી તીર્થો રહેવાનાં છે, અથવા 'સત્ ચિત્' એ દ્રવ્યગુણને પર્યાયથી આચાર્યો ચિત્તસ્થ રહે છે, તે અર્થ થાય છે. અધ્યયન કરાયેલ સૂત્રનો અર્થ આચાર્યો જ કરે છે તેથી સાધુઓ પશ્ચાત્ આચાર્યો મૂક્યા છે.

(૪) ચોથી-ગાથાની આદિમાં **'તુહ'** એટલે અરિહંત છે. 'તુહ'નો અર્થ થાય છે નાશ કરવો. જેઓ ઘાતી કર્મ ચતુષ્ટચનો તથા સકલ જગતના સંશયોના સમૂહનો નાશ કરે તે વિહરમાન અર્હત ભગવંતો. આચાર્યના ઉપદેશથી જ અર્હતોનું જ્ઞાન થતું હોવાથી આચાર્યો પછી અરિહંતો મૂક્યા છે.

(૫) પાંચમી-ગાથાની આદિમાં **'ઈય'** એ બે વર્ણો દ્વારા સિદ્ધ ભગવંતો ગ્રાહ્ય છે. 'ઈ' એટલે ગતિ કરવી. 'ઈય' એટલે ગયેલા. ફરી પાછા ન આવવા માટે મુક્તિમાં ગયેલા એવા સિદ્ધો.

આમ, જે સ્તોત્રને પંચપરમેષ્ઠીના નામમંત્રરૂપ પ્રભાવ પણ પ્રાપ્ત થયો હોય તે સ્તોત્ર પરિસરથી વૈજ્ઞાનિક રીતે તથા મનોવૈજ્ઞાનિક રીતે સૌ માટે પરમ શાંતિ, કલ્યાણ, સૌભાગ્યકારી મહત્ત્વનું સ્તોત્ર જ હોય તે વાત પુનરપિપુનઃ પ્રતિપાદિત થાય છે.

**ઉપસંહાર :**

ઉવસગ્ગહરં એ મહાઉપકારી મહત્ત્વનું સ્તોત્ર છે, કારણ કે તેમાં આઠે કર્મોથી મુક્ત થયેલાં ને મંગલ-કલ્યાણના ધામરૂપ શ્રીપાર્શ્વનાથ ભગવાનનો, ઉપસર્ગહર શ્રીપાર્શ્વયક્ષ તથા શ્રીધરણેન્દ્રદેવ ને પદ્માવતી-દેવીનો, અઢાર અક્ષરના 'વિસહર ફોલિંગ' મંત્રનાં નિત્યસ્મરણનો, પ્રભુને કરાતાં ભાવપૂર્વકનાં પ્રણામનો, મનોવાંછિત પૂર્ણ કરનાર એવા ચિંતામણિ-રત્ન કે કલ્પતરુથી પણ અધિક વાંછાપૂર્ણી એવા સમકિતરત્નનો, મોક્ષ-સ્થાનનો, ભક્તિપૂર્ણ હૃદયે કરેલ સ્તુતિનો અને તે પછી ફળપ્રાપ્તિરૂપે બોધિ માંગવાનાં અધિકારનો પ્રભાવ વર્ણવ્યો છે.

વળી તેમાં મનુષ્યો કે તિર્યંચોને થતાં ઉપસર્ગો, સંકટો, દુરિતો, દ્રવ્યવિષ કે ભાવવિષનો, નડતા ગ્રહોનો, નાના-મોટા રોગોનો, મારી-મરકીનો, દુષ્ટ તાવનો, દુઃખ-દારિદ્રચતા-દુર્ગતિરૂપી વિઘ્નોનો નાશ કરનાર બીજો, યંત્રો તથા મહામંત્રો ગર્ભિત રીતે સમાવિષ્ટ છે. તેથી જ આ સૂત્ર સંકટમાં એકવીસ વખત શ્રદ્ધાપૂર્વક ભણવાથી ભવિજનોનાં પ્રાયઃ સઘળાં કષ્ટો નાશ પામે છે.

આ સૂત્ર, જેના દરેક અક્ષરોમાં, શબ્દોમાં, પદ-ચરણમાં અચિંત્ય સામર્થ્ય ભાવિત થયેલું છે તે સૂત્ર ઉપર, સૂત્રનાં રચયિતા ઉપર અને રચનાના પ્રાર્થેય શ્રી પાર્શ્વપ્રભુ પરત્વે અનુરાગમય કૃતાર્થતાના પરિણામે અપ્રાપ્તપૂર્વ સદ્‌ભાગ્ય સાંપડ્યાનો હર્ષ - બહુમાન ઉત્પન્ન થાય તેમાં શી ? નવાઈ રહસ્યાનંદ બોધ પ્રાપ્ત કરાવતું, લોકોત્તર ભાવમંગલથી ઉભરાતા હૃદયઘટથી કરાતી ભક્તિનું ફળ મુક્તિ અર્પતું એવા આ સ્તોત્રના મહત્ત્વ વિશે તો હવે સુજ્ઞજનોને કિં બહુના ? પરમાત્મા સાથેનું તીવ્ર તાદાત્મ્ય સાધી આપનાર આ સમગ્ર સ્તોત્ર આ રીતે શાંતિ અને કલ્યાણ માટેનું પરમ ઉપકારક સ્તોત્રકાવ્ય તરીકે ખૂબ ખૂબ ઊંચું મહત્ત્વ પામે છે.

# શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રનાં વૈજ્ઞાનિક રહસ્યો

રેણુકાબહેન પોરવાલ

શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રના આશ્ચર્યચકિત પ્રભાવોનો અનુભવ દરેક જૈનને હોય જ છે. ઉપસર્ગને હરનાર, વિઘ્નનિવારક પીડાનાશક અને સિદ્ધિદાયક સ્તોત્ર તરીકેની એની ખ્યાતિ સદીઓથી છે.

સંસાર એક વિષમ ચક્ર છે, એની સમસ્યાનો કદી અંત નથી પછી એ અર્વાચીનકાળ હોય કે પ્રાચીન, જીવ હંમેશાં કુદરતી આફત, મહામારી કે યુદ્ધના સમયે ભયથી પીડિત હોય છે. આથી કટોકટીની પળે ચમત્કારિક ઉપવગ્ગહરં સ્તોત્ર વહારે આવે છે, શ્રાવકોને આત્મિક-બળ આપે છે અને દુઃખનાં વાદળો વિખરાય જાય છે.

**પરિચય :**

આ સ્તોત્રની રચના 'કલ્પ સૂત્ર', 'આવશ્યક સૂત્ર', 'આચારાંગ સૂત્ર' વગેરે દશ આગમશાસ્ત્રો પર નિર્યુક્તિની રચના કરનાર આચાર્ય ભદ્રબાહુ - દ્વિતીય દ્વારા થઈ છે. આ પ્રભાવશાળી સ્તોત્રની રચના પાછળનો હેતુ લોકોને મહામારીના ઉપદ્રવથી બચાવવાનો હતો. તે સમયે આપણે જેને અંગ્રેજીમાં **'Questions of survival'** કહીએ છીએ તેવો જ. જીવન-મરણનો પ્રશ્ન શ્રી સંઘ સમક્ષ ઉપસ્થિત થયો હોવો જોઈએ. એકાએક મરકી-મારી (મોટા ભાગે પ્લેગ જેવો રોગચાળો) ફેલાતા સર્વત્ર ભય અને મોતનું તાંડવ પ્રસરેલું હતું. શ્રી સંઘે લોકોને બચાવવા જરા પણ સમય ન વેડફતા તરત જ આચાર્યશ્રી પાસે એમાંથી ઊગરવાનો ઉપાય કરવા કહ્યું. આથી મહાન યોગી શ્રી ભદ્રબાહુએ તત્કાળ વિઘ્ન-નિવારણ સ્તોત્ર રચી શ્રી સંઘને આપ્યું. જેના પઠન-પાઠનથી સાક્ષાત્ દેવો પ્રસન્ન થઈ ઉપસર્ગનું શમન કરતા. આ સ્તોત્રની રચના આચાર્યશ્રીએ પ્રાકૃત ભાષામાં કરી, જેથી સ્ત્રીઓ અને બાળકો સુધ્ધાં એનું સરળતાથી પઠન કરી નીરોગી રહી શકે. આ સ્તોત્રમાં તેમણે મંત્રશક્તિનો અદ્‌ભુત ખજાનો ભર્યો છે.

ભારતીય પરંપરામાં મંત્ર, યંત્ર, સ્તોત્ર કે શિલાના સર્જન પાછળ પ્રકૃતિ, માનવી અને બ્રહ્માંડના સંબંધો હોય છે. તેનું સર્જનશક્તિના સ્રોતને વહેતો મૂકવા થાય છે અને એ શક્તિ જ માનવને મદદ કરે છે અને જગતનું કલ્યાણ થાય છે.

પ્રસ્તુત નિબંધમાં આ સ્તોત્ર મંત્ર-રહસ્ય અને વૈજ્ઞાનિક-રહસ્યોનો સમાવેશ કર્યો છે.

**મંત્ર-રહસ્ય :**

સ્તોત્ર તથા મંત્રરચનામાં અક્ષરોની ગૂંથણી ધ્વનિની' આવૃત્તિ પર આધારિત હોય છે. એના વડે દેવતાઈ તત્ત્વોનું આહ્‌વાન થતું હોવાથી મંત્રોમાં હ્રસ્વ કે દીર્ઘ સ્વર, સૂર, છંદ વગેરેની વિચારપૂર્વક ગોઠવણી કરવામાં આવે છે. મંત્રમાં ગહન રીતે સ્થાપિત થયેલા બીજાક્ષરો ધારેલું ફળ આપવા શક્તિમાન બને છે. (જેમ કે - બીજમાંથી વૃક્ષ તૈયાર થઈ ફળ આપે તેમ)

ભારતના મુખ્ય ધર્મ - જૈન, વૈદિક અને બૌદ્ધ છે. એ ત્રણેમાં યક્ષ તથા યક્ષિણીઓનાં સ્વરૂપમાં નહિવત્ જ ફેરફાર હોય છે. જેમ કે - 'જૈન પરંપરાના પાર્શ્વયક્ષ કાચબા પર સવાર હોય છે અને એના હાથમાં મૂષક હોય છે, જ્યારે એ જ સ્વરૂપ ધરાવતા વૈદિક પરંપરાના ગણપતિના ચરણ નજીક મૂષક હોય છે. શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રની પ્રથમ-ગાથામાં બે **'પાસં'** શબ્દ આવે છે, એમાં પ્રથમ 'પાસં' એ પાર્શ્વપ્રભુનો સેવક પાર્શ્વયક્ષ છે. એના પ્રથમ ચરણમાં પાર્શ્વયક્ષ અને પાર્શ્વપ્રભુને વંદન કરી તરત જ વિઘ્નનાશ માટે વિનંતી કરવામાં આવે છે. વળી પ્રથમ-ગાથામાં પ્રભુને મંગલ અને કલ્યાણના આવાસ કહ્યા છે. અહીં ઉપમા રૂપમાં રૂપક જેવા કોઈ પણ અલંકારિક શબ્દો નથી, પરંતુ પ્રભુ સાક્ષાત્ મંગળ અને કલ્યાણના ઘર જ કહ્યા છે, કારણ કે જ્યાં પ્રભુપાર્શ્વ હશે, ત્યાં મંગળ અને કલ્યાણ જ થશે. તે ઘરમાં સર્વત્ર મંગળ કાર્યો જ થતાં રહેશે. જો સાધક પ્રભુના દરબારમાં જાય તો ત્યાં એ મંગળ અને શુભના કેન્દ્રમાં જ રહેશે, અર્થાત્ સાધકની આસપાસ કલ્યાણ અને શુભમંગળનું વલય સર્જાશે, જેથી એનું કોઈ અહિત નહિ કરી શકે.

સ્તોત્રની બીજી-ગાથામાં વિષને હરનાર ફુલ્લિંગ મંત્રને કંઠમાં ધારણ કરનાર ભક્ત વિશે કહેવામાં આવ્યું છે. ફુલ્લિંગ મંત્ર અઢાર અક્ષરનો છે, જેની વિગત આપણને **માનતુંગસૂરિ દ્વારા રચિત 'નમિઊણ સ્તોત્ર'**માંથી મળે છે. એ મૂળમંત્ર આ પ્રમાણે છે -

**'નમિઊણ પાસ વિસહર વસહ જિણ ફુલિંગ'**

આ મંત્રને આગળ અને પછી બીજાક્ષરો જોડવાથી ચિંતામણિ, ફુલિંગ વગેરે મંત્રો બને છે.

ફુલિંગ મંત્રના સતત જાપ કરવાથી (પ્રગટ રીતે કે મનમાં) અથવા જો નાનું બાળક હોય તો માદળિયામાં મંત્ર લખી એને ધારણ કરવાથી વિઘ્ન નાશ પામે છે.

**વૈજ્ઞાનિક રહસ્ય :**

શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રનું પઠન-પાઠ-જાપ વિવિધ પ્રણાલીથી થાય છે, જેમાં મુખ્યત્વે -

(૧) સ્તોત્રની ગાથાઓને શુદ્ધ ઉચ્ચારપૂર્વક મોટેથી હ્રસ્વ અને દીર્ઘ સ્વર પ્રમાણે લયપૂર્વક પ્રગટ રીતે બોલવામાં આવે છે.

(૨) આ સ્તોત્રનો મનમાં જાપ કરાય છે.

(૩) એની માળા ગણવામાં આવે છે.

(૪) કાયોત્સર્ગ - કાઉસગ્ગની ક્રિયામાં આ સ્તોત્રનો જાપ કરાય છે.

(૫) કોઈ ભારે વિઘ્નના નિવારણ અર્થે અટ્ઠમ તપ કરી વિધિવત્ ત્રણ દિવસ આ સ્તોત્રના જાપ કરવામાં આવે છે.

ઉપરોક્ત કોઈ પણ પ્રકારે સ્તોત્રનું પઠન કરવાથી એના સૂર કંઠમાં રેલાય છે, જે કંઠમાં સ્થિત થાઈરોઈડ ગ્રંથિને ચેતનવંતી કરે છે. મંત્રજાપ સમયે ચિત્ત નિર્મળ હોવું જોઈએ. ચિત્તની શુદ્ધિ કર્યા બાદ એકાગ્રતાથી ચેતન-કેન્દ્રો પર જાપ કરવાથી શરીરમાં સ્થિત વિવિધ અંતઃસ્રાવી ગ્રંથિઓમાં વહેતો સ્રાવ - હોર્મોન નિયમિત થઈ શરીર નીરોગી બને છે.

અંતઃસ્રાવી ગ્રંથિઓ (Endocrine glands) અને સ્તોત્ર સાદના વચ્ચેનો સંબંધ વૈજ્ઞાનિક સંબંધ નીચે મુજબ છે :

અંતઃસ્રાવી ગ્રંથિઓમાંથી વહેતો સ્રાવ (હોર્મોન્સ) સીધો જ રક્તમાં પ્રવાહિત થાય છે. એ રક્ત શરીરના સંપૂર્ણ અવયવોમાં ફરે છે. આ સર્વ અંતઃસ્રાવી ગ્રંથિઓનું એક સક્ષમ તંત્ર (Endocrine system) બને છે, જે શરીરનું નિયમન કરે છે.

જ્યારે સાધક લયપૂર્વક એકાગ્રતાથી મંત્રોચ્ચાર કરે છે, ત્યારે એના રટણથી વાઈબ્રેશન થાય છે. આ વાઈબ્રેશન વડે કપાળથી અંદર મસ્તકમાં રહેલી પીચ્યુટરી ગ્લેન્ડ જાગૃત થાય છે. મગજની ભીતર કેવીટી (ખાલી જગ્યા) સાયનેસ હોય છે, જ્યાં મંત્રના વાઈબ્રેશન અને ગુંજનનો પડઘો પડે છે. આ પડઘાઓની અસર ત્યાં રહેલી અન્ય ગ્રંથિઓ પર પણ થાય છે. આ પ્રમાણે સ્તોત્ર ભણવાથી મગજની બધી ગ્રંથિઓ કાર્યાન્વિત થાય છે.

આ સ્તોત્રના મંત્રોચ્ચારનો પ્રભાવ સ્વરયંત્રની નજીક રહેલી ગ્રંથિ અને પેરાથાઈરોઈડ ગ્રંથિ પર પણ અનુભવાય છે. શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રના અક્ષરોના ધ્વનિના ગુંજનથી ઉપરોક્ત બંને ગ્રંથિઓ જાગૃત (Stimulate) થાય છે. આ બંને ગ્રંથિઓનું કાર્ય પાચનતંત્રનું નિયમન કરવા ઉપરાંત

શરીરમાં બહારથી આવતા કૅલ્શિયમના પુરવઠાને ક્યાં મોકલવો એનો નિર્ણય કરે છે. જ્યારે આ બંને ગ્રંથિઓ બરાબર કાર્ય ન કરે ત્યારે થાઇરો-ઈડીઝેમ અને હાયપરથાઈરોઈડીઝમ નામની બીમારી થાય છે. આ ગ્રંથિઓ અતિ સંવેદનશીલ હોય છે, જેના કારણે તનાવ, સ્ટ્રેસ, ચિંતા આદિથી તરત જ પ્રભાવિત થઈ જાય છે. દર ત્રીજી વ્યક્તિ એનો શિકાર બને છે. આ સ્તોત્રને મોટેથી - પ્રગટ રીતે ભણવાથી થાઈરોઈડના રોગ પર નિયંત્રણ આવે છે. આજકાલ મેડિકલ ચિકિત્સકો પણ આ રોગની સારવાર માટે અવાજ ખોલીને ગીતો ગાવાનું સૂચન કરે છે.

મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર નિયમિત ભણવાથી એડ્રેનલ ગ્રંથિઓ પણ પ્રભાવિત થાય છે. આ ગ્રંથિની જોડ નાભિની નજીક આવેલી છે. જીવન ઉપયોગી ઘણા વિવિધ સ્રાવોનું ઉત્પાદન કરે છે. જ્યારે મંત્ર-જાપમાં સાધક દેવ-ગુરુને વંદન કરે છે ત્યારે ઝૂકે છે, એ સમયે આ ગ્રંથિ પર દબાણ આવવાથી ધીરે ધીરે કાર્યાન્વિત થઈ જાય છે. આ ક્રિયાને લઈને એનામાં અહંકારનો ક્ષય થાય છે અને વિનય તથા નમ્રતાના ગુણોનો વિકાસ થાય છે. ક્રોધ, ભય, ઉત્તેજના, આર્તધ્યાન વગેરે વારંવાર કરવાથી એડ્રાનિલિન નામનો હોર્મોન રિક્ત થઈ જાય છે, જેથી વ્યક્તિ ઘણા રોગનો ભોગ બને છે. શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રના જાપથી તૈજસ કેન્દ્ર પર કરવાથી એડ્રેનલ ગ્રંથિ જાગ્રત થાય છે. અને સાધક ગુસ્સો, ડર, શોક વગેરે કષાયો પર કાબૂ મેળવે છે.

શ્રી જૈન વિશ્વભારતી લાડનૂના બી.એ.ના 'જીવવિજ્ઞાન'ના પુસ્તકમાં આધ્યાત્મિક વિજ્ઞાનના સમન્વય કરતા થોડા પ્રયોગો દર્શાવ્યા છે. એમાં જણાવ્યા મુજબ કોઈ પણ વ્યક્તિની શારીરિક અને માનસિક પીડા ધાર્મિક પ્રવચન સાંભળવાથી શાંત થાય છે. કૅન્સરથી પીડિત રોગીઓ પણ ધાર્મિક ગીતો સાંભળતી વખતે દુઃખ વિસરી ગયા. વિજ્ઞાન-જગતની વ્યાખ્યા પ્રમાણે જ્યારે વ્યક્તિ પોતાની શ્રદ્ધાના વિષયની વાત શ્રવણ કરે છે, ત્યારે મસ્તિષ્કમાં પ્રશાંતભાવ જાગૃત થાય છે, જેથી એન્ડોરફીનની માત્રા વધે છે. આ રસાયણ પીડા શાંત કરે છે.

આ સર્વ અંતઃસ્રાવી ગ્રંથિઓ શરીરનાં ચૈતન્ય કેન્દ્રોની પાસે આવેલી હોવાથી એકાગ્ર ચિત્તે આ સ્તોત્ર ભણવાથી તે જાગૃત થાય છે. ગ્રંથિઓમાંથી ઝરતો સ્રાવ નિયમિત થતાં એકાગ્રતા, સહનશીલતા, ક્ષમા આદિ ગુણો ખીલે છે.

શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રના જાપથી આભામંડળ, લેશ્યાં, ઓરા પણ પ્રભાવિત થાય છે. સાધક જો કષાયરહિત થઈ શુદ્ધભાવધારા વહાવી નિર્મળ થઈ મંત્રજાપ કરે તો એનામાં શુભધ્યાનની ધારા વહેતી થાય છે. આત્મા શુભધ્યાનમાં હોવાથી મંત્રજાપ દ્વારા તેની ભાવલેશ્યા, તેજ, પદ્મ અને શુકલ બને છે. આ શુભભાવ લેશ્યાની અસરથી આભામંડળ દેદીપ્યમાન થાય છે. ધર્મધ્યાન અને શુક્લધ્યાન બંને ધ્યાનની સર્વોચ્ચ સ્થિતિ છે, જ્યાં ચેતન્ય કેન્દ્રો જાગૃત થઈ જાય છે.

**આચાર્ય શ્રી મહાપ્રજ્ઞજીએ આભામંડળ - ઓરા** માટે શ્રી લિકીયાન દંપતી દ્વારા થયેલા **વૈજ્ઞાનિક પ્રયોગોનું નિરૂપણ** જૈનયોગમાં કર્યું છે તેઓ લખે છે -

**''सोवियत रुस के इलेक्ट्रोनिक विशेषंश सेमयोन किर्लियान तथा उनकी वैज्ञानिक पत्नी वेलेन्टिना ने फोटोग्राफी की एक विशेष विधि का आविष्कार किया । उस विधि द्वारा प्राणियों और पौधों के आसपास होने वाली सूक्ष्म विद्युतीय गतिविधियों का छांयाकन किया जा सकता है । उन्होंने उस विशेष विधि द्वारा अत्यंत निकट से मानवशरीर के छायाचित्र खींचे । उन छायाचित्रों में गरदन, हृदय, उदर आदि अवयवों पर विभिन्न रंगों के सूक्ष्म धब्बे दिखाई दिये । वे उन अवयवों से विसर्जित होने वाली विद्युत ऊर्जाओं के द्योतक थे ।''**

આ પ્રમાણે વિજ્ઞાનના પ્રયોગો દ્વારા મનુષ્યશરીરની આસપાસ રહેલા આભામંડળના ફોટાઓ લઈ શકાય છે. શ્રી લિંકીયાન દંપતી દ્વારા વૃક્ષ પરથી તોડેલાં પાંદડાંના ફોટોગ્રાફ્સમાં પાંદડાંની આસપાસ પણ ઝગમગાતું આભામંડળ દૃષ્ટિગોચર થયું હતું. જે અનુક્રમે દસ કલાક પછી ક્ષીણ થતું ગયું. આના પરથી જૈન ધર્મનો સિદ્ધાંત જીવમાત્રને લેશ્યા હોય છે તે સાબિત થાય છે.

શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રની કાયોત્સર્ગ - કાઉસગ્ગમાં જાપ કરવામાં આવે છે. કાયોત્સર્ગની ક્રિયા છ આવશ્યક ક્રિયાઓમાંની એક છે. આ ક્રિયા તન અને મનની ચંચળતા દૂર કરે છે. કાઉસગ્ગની ક્રિયામાં સાધક મન શાંત રાખી મૌનપણે સર્વ અવયવોને શિથિલ કરી આંતરમન દ્વારા એના પર દૃષ્ટિ ફેરવે છે, એટલે કે શરીર પ્રેક્ષા કરે છે. ચૈતન્ય કેન્દ્રો પર આ સ્તોત્રના જાપ કાયોત્સર્ગની ક્રિયા વડે કરવાથી સંકલ્પબળ વધે છે, અને જે સંકલ્પો હોય તે સિદ્ધ થાય છે. આ સાધકનો પ્રભાવ પ્રસરે છે અને એનું કાર્ય નિર્વિઘ્ને પાર પડે છે.

આ સ્તોત્રની અસર સબકોન્શિયસ માઈન્ડ (આંતરમન) પર પણ જોવા મળે છે. જ્યારે વ્યક્તિ પૂર્ણ શ્રદ્ધા અને ભક્તિ વડે નીરોગી થવા માટે કે વિઘ્નના નિવારણ અર્થે સંકલ્પ કરીને મંત્રજાપ કરે છે, ત્યારે એના આંતરમનમાં સારા થવાનો વિશ્વાસ હોય છે. તેની નજર સમક્ષ મંત્રની ફળશ્રુતિ અને હકારાત્મક વલણ હોય છે, જે કાર્ય સફળ બનાવે છે. વૈજ્ઞાનિક સિદ્ધાંત પ્રમાણે દરેક વસ્તુના વાઈબ્રેશન હોય છે. જ્યારે સાધક મંત્રોચ્ચાર કરે છે ત્યારે અલગ અલગ ફ્રિક્વન્સીના વાઈબ્રેશન પેદા થાય છે. રેઝોનન્શ (પડઘા)ની થિયરી પ્રમાણે સાધકના આંતરમનમાં પણ એ વાઈબ્રેશનના પડઘાઓ પડે છે, જેને કારણે એ સંપૂર્ણ જાગૃત થઈ જાય છે. દા.ત., વહેલી સવારે ઊઠીને મંત્રજાપ કરવાથી સબકોન્શિયસ માઈન્ડ વધુ શક્તિશાળી હોવાથી તે તરત જાગૃત થાય છે, જેને કારણે સાધકનું મસ્તિષ્ક એકદમ કાર્યશીલ સ્ફૂર્તિમય બની જાય છે, સામાન્યપણે સર્વ માનવીઓના સબકો-ન્શિયસ માઈન્ડ જાગૃત હોતા નથી, પરંતુ એમાં અનંતશક્તિ છુપાયેલી હોય છે, માટે જ ઘણી વ્યક્તિઓને સ્વપ્નમાં આવનારા બનાવોની આગોતરી જાણ થઈ જતી હોય છે.

આ સ્તોત્રના ઉચ્ચારપૂર્વક લયબદ્ધ જાપ કરતા સમયે એના ધ્વનિનાં વલણો વાતાવરણમાં એક ખાસ અસર - સ્પેશિયલ ઈફેક્ટ ઊભી કરે છે, જેના દ્વારા સાધકના સર્વ સંકલ્પો સિદ્ધ થાય છે. મંત્રધ્વનિથી અદૃશ્ય રીતે દેવી-દેવતા સહાય કરવા તત્પર થાય છે અને આદરેલાં શુભકાર્યો નિર્વિઘ્ને પૂરાં થાય છે.

આ પ્રમાણે ગૂઢ રહસ્યોથી ભરપૂર, ગહન, અર્થસભર, અતિ પ્રભાવશાળી અને અતીવ ચમત્કારિક આ સ્તોત્રનો નિયમિત પાઠ સાધકને સર્વ વિઘ્નોથી દૂર રાખી સર્વ સુખ પ્રદાન કરે છે.

## સ્તોત્રમાં સમાયેલા ગૂઢાર્થ તથા સંકેતો :

શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર પર ચિંતન-મનન કરતાં એમાં વણાયેલા અર્થસભર દેવ-દેવીનાં નામો સિદ્ધદાયક પંક્તિઓમાં નજરે પડે છે.

પ્રથમ-ગાથાનો ભાવાર્થ ખાસ એ છે કે - 'પ્રભુના યક્ષ-યક્ષીઓ ભગવાનમાં ભક્તોને મદદ કરવા સદા તત્પર હોય છે. માટે જ્યારે પ્રભુને કે તેમના યક્ષદેવ પાર્શ્વને મુશ્કેલીમાંથી માર્ગ દર્શાવવા વિનંતી કરવામાં આવે તો એ તત્ક્ષણ માર્ગ દર્શાવે છે.

બીજી-ગાથામાં બીજી પંક્તિ છે - **'કંઠે ધારેઇ જો સયા મણુઓ'** અહીં **'મણુઓ'** અર્થાત્ મંત્રની વાત કરી છે. વિષહરનારા ફુલ્લિંગ મંત્રને જે કંઠમાં ધારણ કરે છે, બોલે છે, યાદ કરે છે અથવા માદળિયામાં બાંધે છે.

(જો બાળક હોય તો) અથવા હર પળે સમરે છે તેના નડતર ગ્રહો પીડા કરતા નથી તથા મરકી જેવા રોગો પણ કાબૂમાં આવી જઈ ઉપશાંત થઈ જાય છે. આ પંક્તિમાં **'ધારેઈ'** શબ્દ આવે છે તે દ્વિઅર્થી હોઈ શકે - એક અર્થ ધારણ કરવું અને દ્વિતીય અર્થ સાક્ષાત્ ધરણેન્દ્રદેવ, જો દેવને સતત સ્મરણમાં રાખીએ તો ઉપસર્ગ શાંત થઈ જાય છે. ફુલ્લિંગ મંત્રનો મૂળમંત્ર અઢાર અક્ષરનો આગળ આપ્યો છે, એમાં ***'ૐ હ્રીં, શ્રીં, અર્હં'*** એ બીજાક્ષરો સાથે સંયોગ થઈ ચિંતામણિ મંત્ર અને ફુલ્લિંગ મંત્ર તૈયાર થાય છે.

*'ૐ હ્રીં શ્રીં અર્હં નમિઊણ પાસ વિસહર વસહ*

*જિણ ફુલિંગ હ્રીં શ્રીં નમઃ'*

સ્તોત્રની ત્રીજી-ગાથાની અંતિમ પંક્તિ - **'પાવંતિ ન દુક્ખ દોગચ્ચં'** અહીં **'પાવંતિ'** શબ્દનો અર્થ માતા પદ્માવતી હોય શકે, કારણ કે જ્યાં માતા પદ્માવતી હોય ત્યાં દુઃખ કે દારિદ્ર ન સંભવી શકે.

સ્તોત્રની ચોથી-ગાથામાં પણ **'પાવંતિ'** શબ્દ આવે છે -

'પાવંતિ અવિગ્ઘેણં જીવા અયરામરં ઠાણં'

અર્થાત્ માતામાં તમે શ્રદ્ધા રાખો એ વિના-વિઘ્ને તમને મોક્ષમાં લઈ જશે. અજરામર સ્થાન અપાવશે *(ઉપર દર્શાવેલ અર્થ ફક્ત અનુમાન પ્રેરિત છે)*

## ચિંતામણિરત્નથી અધિક મોક્ષ :

મનુષ્ય જેવો ઉપાધિ-મુક્ત થાય કે તરત જ એને મોક્ષ પામવાની ઇચ્છા જાગૃત થાય છે. મોક્ષમાર્ગ સમ્યક્ રીતે આદરેલ, જ્ઞાન, દર્શન અને ચારિત્ર થકી કરેલો પુરુષાર્થ છે.

## ઉપસંહાર :

શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રનું પઠન મુશ્કેલીમાંથી માર્ગ દર્શાવે છે. સાધકને મંત્રજાપથી શારીરિક રીતે સક્ષમ કરે છે. માતા પદ્માવતી ભક્તનો વગર-વિઘ્ને સિદ્ધશિલા પર સ્થાન અપાવે છે. જો એમને સમ્યક્ રીતે યાદ કરીએ, પાર્શ્વપ્રભુને ભક્તિભાવ અને નિર્મળ હૃદયથી પ્રાર્થીએ તો સર્વ પીડા નિશ્ચિત રૂપે મટે જ છે.

આની સાથે શરીરમાં આવેલ ચૈતન્ય કેન્દ્રનું છાયાચિત્ર રજૂ કર્યું છે.

વીતરાગની આજ્ઞા વિરુદ્ધ કંઈ પણ ગલત પ્રરૂપણા થઈ હોય તો મન-વચન-કાયાથી હું ખમાવું છું.

# ઉવસગ્ગહરં સ્તોત્ર - કાવ્યની સર્વાંગી સમીક્ષા

પ્રવીણભાઈ સી. શાહ

ભક્તકવિ સ્તોત્ર દ્વારા ઈષ્ટદેવની, તીર્થંકરની કે આચાર્યાદિની સ્તુતિ કરે છે. સ્તોત્ર (સ્તુતિ) તો સંસ્કૃત સાહિત્યનો, જૈન સાહિત્યનો એક લોકપ્રિય તેમ જ કંઠહાર સમો કાવ્યપ્રકાર છે. વૈદકીય હિંદુ ધર્મની જેમ જૈન ધર્મમાં પણ અનેક સૂરિશ્રીઓ, વિદ્વાનો, કવિઓ દ્વારા રચાયેલાં ભક્તિરસમય, વૈરાગ્યગર્ભિત અને નિર્વાણપ્રબોધક અસંશય સ્તોત્રો પ્રાપ્ત થાય છે, જે રાગદ્વેષાદિ-અષ્ટદશ-દોષમુક્ત દેવાધિદેવ જિનોની કે તીર્થંકરોની કે સિદ્ધોની સ્તુતિરૂપ છે.

સ્તોત્રનાં પાઠ-ગાન આપણી આધ્યાત્મિક પ્રવૃત્તિનું એક પ્રધાન અંગ છે. તીર્થંકરાદિની સ્તુતિ કોને ન રુચે ? પ્રાચીન જૈન આગમાદિ ગ્રંથોમાં પણ સ્તવ-સ્તોત્રનો મહિમા ગાયો છે : જ્વર-શૂલાદિનું શમન કરનાર રત્ન-માણેકની જેમ સ્તુતિ-સ્તોત્રો પણ જ્વરાદિ રોગોનું શમન કરનાર છે. તે તો ભાવરત્નો છે, પારમાર્થિક માણિક્યરત્નો છે.

આ સ્તોત્રમાં ભક્તકવિ ઈષ્ટદેવનાં નામ, ધામ, રૂપ, ગુણ અને અદ્‌ભુત ચરિત-કાર્યોનો મહિમા ગાઈ રોમાંચિત થાય છે, કૃતકૃત્ય બની જાય છે. ગ્રીષ્મકાળમાં સરોવરનાં શીતળ જલકણ જેટલી શાતા આપે તેટલી જ શાતા ભવજળમાં રહેલ માનવને મળે છે.

## સૂત્રનો પરિચય :

પ્રસ્તુત સૂત્રનો પ્રારંભ 'ઉવસગ્ગહરં' પદથી થતો હોવાથી તેનું ઉવસગ્ગ-હરં નામ યોજાયું છે. આ નામ 'અનુયોગદ્વાર સૂત્ર' ૧૩૧માં સૂચવાયેલા આદાનપદનું સ્મરણ કરાવે છે. આદાનપદ સાથે 'સૂત્ર'નો પ્રયોગ થવાથી જેવી રીતે 'લોગસ્સ સૂત્ર', 'નમુત્થુણં સૂત્ર' વગેરે નામો અસ્તિત્વમાં આવ્યાં, તેવી જ રીતે ઉવસગ્ગહરં સૂત્ર પણ નામ પણ અસ્તિત્વમાં આવ્યું છે.

ઉવસગ્ગહરં એ પાંચ-ગાથા-પ્રમાણ સ્તોત્ર છે, અને તેથી તેને 'ઉવસગ્ગહરંથોત્તં' એ નામથી પણ સંબોધાય છે.

## સ્તોત્રની વ્યાખ્યા :

સ્તોત્રની વ્યાખ્યા પ્રાચીન પૂર્વાચાર્યોએ આ પ્રમાણે કરી છે :

(૧) જેમાં ઘણા શ્લોકો હોય તે સ્તોત્ર કહેવાય છે.

(૨) પ્રાકૃત ભાષામાં નિબદ્ધ હોય તે સ્તોત્ર કહેવાય છે.

પ્રસ્તુત સ્તોત્રમાં ઉપર્યુક્ત બંને લક્ષણો ઘટિત થાય છે.

આ સ્તોત્ર દ્વારા સ્તવનીય શ્રી પાર્શ્વનાથ ભગવંત છે, જે સર્વ કર્મમલ-કલંકથી રહિત થયેલા છે તથા અદ્ભુત પુણ્યપ્રકૃતિ સંપન્ન છે, તેથી આ સ્તોત્ર મહાપ્રભાવક છે.

આ સ્તોત્રના રચયિતા છેલ્લા ચૌદપૂર્વધર, શ્રુતકેવળી, મહાનિમિત્તિક, ચરમ તીર્થંકર શ્રી વર્ધમાન સ્વામીની છટ્ઠી પાટે થયેલા આચાર્ય શ્રી ભદ્રબાહુ સ્વામી છે, તેથી આ સ્તોત્ર અનેક અર્થોથી સભર છે, તથા આ સ્તોત્ર સર્વજ્ઞ(ચૌદપૂર્વધર) ભાષિત છે, તેથી દેવાધિષ્ઠિત છે તથા લક્ષણોપેત છે.

આ સ્તોત્રની રચના કાર્યવશાત્ થઈ છે. જ્યારે શ્રી સંઘમાં વ્યંતરકૃત ઉપદ્રવ શરૂ થયો, ત્યારે તેના નિવારણ માટે તત્કાલીન યુગપુરુષ, યુગપ્રદાન, ચતુર્દશપૂર્વધર શ્રી ભદ્રબાહુ સ્વામીએ શ્રી સંઘનાં કષ્ટો નિવારવા માટે આ સ્તોત્ર રચ્યું હતું.

**ગાથાઓનું પ્રમાણ :**

ઉવસગ્ગહરં સ્તોત્રની ગાથાઓનાં પ્રમાણ વિશે ઘણો મતભેદ છે. કોઈક તેની વર્તમાનમાં ઉપલબ્ધ થતી પાંચ ગાથાઓ ઉપરાંત છટ્ઠી ગાથા પણ હોવાનું અને તે આચાર્ય શ્રી ભદ્રબાહુ સ્વામી દ્વારા સંહરાઈ હોવાનું માને છે. તો કોઈકે તેની પાંચ ગાથાઓ ઉપરાંત બીજી બે ગાથાઓ હોવાનું અને તે સંહરાઈ હોવાનું માને છે.

**સ્તોત્રનો મહિમા :**

પોતાની ઈચ્છા સિદ્ધ કરવાની જેમનામાં શક્તિ હોય અથવા પોતે જ ઈચ્છા કરે તે સિદ્ધ થાય તેવી શકિતવાળા સત્યસંકલ્પ કહેવાય છે.

આ સ્તોત્ર સર્વ પ્રકારની નિવૃત્તિ આપનાર છે. આ સ્તોત્રનું સ્મરણ કરનારા આધિભૌતિક તથા આધિદૈવિક ઉપદ્રવો નાશ થાય છે. તે હકીકત સ્તોત્રની બીજી-ગાથામાં સ્તોત્રકારે સ્પષ્ટ કરેલ છે, અને પરંપરાએ તે આધ્યાત્મિક નિવૃત્તિ આપનાર છે તે સ્તોત્રની ચોથી-ગાથામાં સ્પષ્ટ કરેલ છે. એટલે આ સ્તોત્ર સર્વ પ્રકારની નિવૃત્તિ આપનાર છે.

ઉવસગ્ગહરં સ્તોત્રનો વિધિપૂર્વક તેના અર્થના ચિંતનમાં ઉપયોગવાન બનવાપૂર્વક જો માત્ર જાપ જ કરવામાં આવે તો પણ તે ફળદાયક કરવામાં થાય છે. કારણ કે શ્રી પાર્શ્વનાથ ભગવંતના નામરૂપી મંત્રથી આ સ્તોત્ર અધિષ્ઠિત છે અને ભગવંતનું નામ એ જ સિદ્ધમંત્ર છે, તેથી તેનો જાપ પણ ઈષ્ટ-ફળદાયક થાય છે.

ચોવીસ તીર્થંકરોનું નામ, સ્મરણ કે ધ્યાન ઉપદ્રવોને નિવારનાર છે, પરંતુ ભગવાન શ્રી પાર્શ્વનાથ સ્વામી વિશિષ્ટ પુણ્ય-પ્રકૃતિસંપન્ન હતા, પુરુષાદાનીય હતા. જેમની પૂજા, ભક્તિ, નામસ્મરણ, ગુણગાન અને ધ્યાનનું બળ ઉત્કૃષ્ટ કોટિનું ફળદાયક હોવાથી તે પરમેશ્વરના સ્તવનામય સ્તોત્રની રચના કરી છે.

ઉપસર્ગનો અર્થ છે જેના યોગે જીવ પીડા આદિની સાથે સંબંધ પામે તે. **'ઉપસૃજ્યતે પીડાદિમીઃ સહ જીવસ્તેનેત્યૂપસર્ગઃ'**

ટૂંકમાં, કહીએ તો ઉપસર્ગો એટલે ઉપદ્રવો. કોઈ પણ ઉપસર્ગ દેવકૃત, મનુષ્યકૃત, તિર્યંચકૃત અથવા આત્મસંવદનીય જ હોય. આ સિવાયનો કોઈ ઉપસર્ગ હોઈ શકે નહિ, માટે ઉપસર્ગો ચાર પ્રકારના છે એમ કહેવાયું છે.

## ઉવસગ્ગહરં સ્તોત્રનો રચનાકાળ :

ઉવસગ્ગહરંના પ્રણેતા ચૌદપૂર્વધર શ્રી ભદ્રબાહુ સ્વામીનો જન્મ વીર સંવત ૯૪માં થયો હતો. તેમનો ગૃહસ્થપર્યાય ૪૫ વર્ષનો હતો અને ચારિત્રપર્યાય ૩૧ વર્ષનો હતો. તે ૩૧ વર્ષોમાં ૧૭ વર્ષે તેઓ મુનિ તરીકે રહ્યા, જ્યારે ૧૪ વર્ષ યુગપ્રધાન આચાર્ય તરીકેનો કાળ હતો, એટલી વીર સં. ૯૪માં ભદ્રબાહુ સ્વામીનો ૪૫ ગૃહાવસ્થામાં તથા ૧૭ મુનિપણાનાં વર્ષો ઉમેરતાં વીર સં. ૧૫૬ આવે છે. વીર સં. ૧૭૦ સુધીનો તેમનો યુગપ્રધાનકાળ હોવાથી તેમણે ઉવસગ્ગહરંની રચના આ ૧૪ વર્ષના ગાળા દરમિયાન કરી છે તે નિર્વિવાદ છે. પરંતુ તેમણે નિશ્ચિતરૂપે કયા વર્ષમાં તે રચના કરી, તે જાણવાનું આપણી પાસે હાલ કોઈ સાધન નથી.

સંસ્કૃત સ્તોત્ર-સાહિત્યના આરંભિક યુગમાં સ્તોત્ર-કાવ્યને પ્રતિષ્ઠિત કરવામાં મૂલ્યવાન ફાળો આપ્યો છે. જૈન પરંપરામાં સૌથી પ્રાચીન સ્તોત્રકાર તરીકે ભદ્રબાહુ છે, છેદસૂત્રોના કર્તા ભદ્રબાહુથી તેઓ ભિન્ન છે. તેમણે પ્રાકૃત ભાષાની પાંચ ગાથાઓમાં ઉપસર્ગહર સ્તોત્ર રચ્યું. સ્તોત્રના આરંભે કવિ કર્મબંધનમુક્ત, મંગલ-કલ્યાણના આવાસરૂપ અને **'વિષધર વિષનિન્નાસ'** સ્વરૂપ પાર્શ્વનાથને વંદન કરે છે.

## ભગવાન શ્રી પાર્શ્વનાથની વિશેષતા :

ભગવાન શ્રી પાર્શ્વનાથ સ્વામી વિશિષ્ટ કોટિના આદેય નામકર્મના ઉદય-વાળા હતા અને જેમના નામનો પ્રભાવ કલિકાળમાં વિશેષ હોય તેવા હતા. તેમ કહેવાથી બીજા શ્રી તીર્થંકર ભગવંતોની ન્યૂનતા દર્શાવાતી નથી.

શ્રી પાર્શ્વનાથ સ્વામીના અધિષ્ટાયકો અન્ય તીર્થંકરો ભગવંતો કરતાં વિશેષ છે, એ પણ ભગવાન શ્રી પાર્શ્વનાથનો મહિમા વધવામાં નિમિત્તભૂત ઘટના છે. ભગવાન શ્રી પાર્શ્વનાથની ઘણી આર્યાઓ દેવીપણાને તથા ઈન્દ્રાણી-પણાને પામી છે, એ હકીકત **'જ્ઞાતાધર્મકથા સૂત્ર'ના દ્વિતીય શ્રુતસ્કંધમાં** દર્શાવાઈ છે.

ત્યાં જણાવાયું છે કે - 'અમરેન્દ્રની અગ્રમહિષીઓ, બલીન્દ્રની અગ્રમહિષીઓ, દક્ષિણ વિભાગના(અસુરેન્દ્ર સિવાયના) ઈન્દ્રોની અગ્રમમહિષીઓ, ઉત્તર વિભાગના(અસુરેન્દ્ર સિવાયના) ભવનપતિ ઈન્દ્રોની અગ્રમહિષીઓ, દક્ષિણ વિભાગના વ્યંતરદેવોની અગ્રમહિષીઓ, ઉત્તર વિભાગના વાણવ્યંતર-દેવોની અગ્રમહિષીઓ, ચંદ્રની અગ્રમહિષીઓ, સૂર્યની અગ્રમહિષીઓ, શકેન્દ્રની અગ્રમહિષીઓ, ઈશાનેન્દ્રની અગ્રમહિષીઓ - એ બધી પૂર્વભવમાં ભગવાન પાર્શ્વનાથની સાધ્વીઓ હતી અને તે બધી જ તે તે ઈન્દ્રોની ઈન્દ્રાણીરૂપે ઉત્પન્ન થઈ છે.

પ્રસ્તુત સ્તોત્ર જેમને નમસ્કાર કરવામાં આવેલ છે તે શ્રી ભગવાન પાર્શ્વનાથ ત્રેવીસમા તીર્થંકર છે. તેમનો સમય વિક્રમ સંવત પૂર્વે ૮૨૦ થી ૭૨૦નો છે. તેઓ કાશીનરેશ અશ્વસેન અને વામાદેવીના પુત્ર હતા એ પ્રભાવતી નામની કુશસ્થલની રાજકુમારી સાથે તેમનો વિવાહ થયો હતો. વિ. સં. પૂર્વે ૭૯૦માં તેમણે મહાભિનિષ્ક્રમણ કર્યું અને રાજકુમારમાંથી તેઓ મુનિ બન્યા, મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત કર્યું. તેમના જીવનની આસપાસ અનેક દંતકથાઓ અને રહસ્યાનુભૂતિપ્રેરક પ્રસંગો વણાયેલા છે, જે બધા ધાર્મિક માન્યતાઓ દૃઢ કરે છે.

તેમનો સત્તાકાળ આ અવસર્પિણીનો ચોથો આરો, જ્યારે ત્રણસો ત્રેપન વર્ષ અને સાત માસ જેટલો બાકી હતો, ત્યારથી આરંભી તે બસો ત્રેપન વર્ષ અને સાત માસ જેટલો બાકી રહ્યો ત્યાં સુધીનો (પૂરાં સો વર્ષનો) હતો.

શ્રમણ ભગવાન મહાવીરના જન્મથી ૨૭૮ વર્ષ પૂર્વે તે પરમતારકે મનુષ્યલોકમાં જન્મ લીધો હતો અને શ્રમણ ભગવાન મહાવીર પરમાત્માના જન્મથી ૧૭૮ વર્ષ પૂર્વે તે પરમેશ્વર નિર્વાણ પ્રાપ્ત કર્યું હતું.

આ મંત્ર ધરણેન્દ્ર, પદ્માવતી તથા પાર્શ્વયક્ષથી અધિષ્ઠિત છે, તેથી તે મહામહિમાવંત તથા નિશ્ચિત ફળદાયક છે.

**ઉવસગ્ગહરં સ્તોત્રની મંત્રમયતા :**

**વિસહર ફુલિંગ મંતં, કંઠે ધારેઈ જો સયા મણુઓ ।**
**તસ્સ ગહ રોગ મારિ દુટ્ઠજરા જંતિ ઉવસામં ॥**

વિષધરો એટલે ઝેરી સર્પો. જેવા કે અનંત, વાસુકી, તક્ષક, કર્કોટ, પદ્મ, મહાપદ્મ, શંખપાલ, કુલિક, જય, વિજય વગેરે દસ નાગકુલો પૈકી નાગકુલોમાં ઉત્પન્ન થયેલા નાગો. તેમનું વિષ એટલે ઝેર, તેનું નિશ્ચિત રીતે અપહરણ કરનારા તે વિષધર વિષર્ન્નિશ. તેમને અહીં 'સર્પ' શબ્દ ન મૂકતા 'વિષધર' શબ્દ એટલા માટે મૂક્યો છે કે સર્પ નિર્વિષ પણ હોઈ શકે છે, જ્યારે અહીં તો સવિષ સર્પો અભિપ્રેત છે. આ પદ દ્વારા સ્તોત્રકાર સૂચવે છે કે - 'ભગવંતના નામથી પવિત્ર થયેલાં મંત્રના જાપથી સર્વ વિષધરોના વિષનો નાશ થાય છે અને આ વાત માંત્રિકોને સુપ્રતીત જ છે.'

ઉવસગ્ગહરં સ્તોત્ર એ સૂત્રાત્મક છે. માત્ર સૂચન કરે તે સૂત્ર કહેવાય, તેથી અહીં તે સંપૂર્ણ મંત્ર ન લખતાં માત્ર તે મંત્રમાં આવતા **'વિસહર'** અને **'ફુલિંગ'** શબ્દને જ સાંકેતિક રીતે દર્શાવીને સંપૂર્ણ મંત્ર સૂચવાયો છે. મંત્ર તેને કહેવાય કે જે મનનું રક્ષણ કરે, અથવા તો જે ગુપ્ત રીતે કહેવાય.

ઉપર્યુક્ત બંને લક્ષણો અહીં ઘટિત થાય છે, કારણ કે **'નમિઊણ પાસ વિસહર વસહ જિણ ફુલિંગ'** મંત્ર મનનું, તનનું સર્વનું રક્ષણ કરે છે તથા ગુરુ દ્વારા ગુપ્ત રીતે મેળવાય પણ છે.

આ મંત્ર 'વિસહર ફુલિંગ' મંત્ર એટલા માટે કહેવાય છે કે તે વિષધરો એટલે સર્પો તથા સ્ફુલિંગો એટલે અગ્નિકણો તેના ઉપલક્ષણથી બીજા પણ ક્ષુદ્ર ઉપદ્રવ્યો, તેના નિવારક છે. આ સ્તોત્ર સર્વ પ્રકારની નિવૃત્તિ આપનાર છે. એ સ્તોત્રનું સ્મરણ કરનારા અકધિભૌતિક તથા આદિદૈવિક ઉપદ્રવો નાશ થાય છે. તે હકીકત સ્તોત્રની બીજી-ગાથામાં સ્તોત્રકારે સ્પષ્ટ કરેલ છે અને પરંપરાએ તે આધ્યાત્મિક નિવૃત્તિ આપનાર છે. તે સ્તોત્રની ચોથી-ગાથામાં સ્પષ્ટ કરેલ છે, એટલે આ સ્તોત્ર સર્વ પ્રકારની નિવૃત્તિ આપનાર છે.

ઉવસગ્ગહરં પરમેશ્વર શ્રી પાર્શ્વનાથની સ્તવના દ્વારા ભક્તિરસને વહાવતું એક આધ્યાત્મિક સુંદર સ્તોત્ર હોવા સાથે મંત્રોથી યુક્ત કૃતિ છે કે જેના દ્વારા અનેક ભવ્યાત્માઓએ પોતાના ઈષ્ટદેવ સાથે નૈકટ્ય સાધવાપૂર્વક પોતાનાં આધિભૌતિક કષ્ટોથી મુક્ત પ્રાપ્ત કરી છે.

ચૌદપૂર્વમાં નિમિત્તજ્ઞાન, વિદ્યાઓ તથા મંત્રોનો વિષય આવતો હતો, જેનું સંપૂર્ણ જ્ઞાન આચાર્ય શ્રી ભદ્રબાહુ સ્વામીને હતું. બીજું, વિદ્યા અને મંત્ર દૂષિત નથી પણ તેનો દૂરુપયોગ કરવો તે દૂષિત છે. જો વિદ્યા અને મંત્ર દૂષિત હોત તો ભગવાન શ્રી મહાવીર પ્રભુના ઘણા અંતેવાસીઓ વિદ્યા-પ્રધાન તથા મંત્રપ્રધાન હતા, એવો આગમોમાં ઉલ્લેખ પ્રાપ્ત ન થાત. પરંતુ તેમ નથી, અને તેથી જ જ્યારે શાસન ઉપર, ચતુર્વિધ સંઘ ઉપર, ચૈત્યો ઉપર આપત્તિઓ આવી છે, ત્યારે ત્યારે પૂર્વાચાર્યોએ તે તે આપત્તિઓનું નિવારણ મંત્રો દ્વારા પણ કર્યાનાં અનેક દૃષ્ટાંતો ઉપલબ્ધ થાય છે. આ રીતે કેટલાંક સ્તોત્રો પણ મહાપ્રભાવક પૂર્વાચાર્યો દ્વારા રચાયેલાં હોવાથી તે સ્તોત્રો જ મંત્રસ્વરૂપ થઈ જાય છે અને તેથી તે સ્તોત્રનો એકાગ્ર મનથી કરાયેલા પાઠ જ સમસ્ત આપત્તિઓનું નિવારણ કરનાર બને છે.

ઉવસગ્ગહરં સ્તોત્ર પણ આવી જ રીતનું હોવાથી તેનું એકાગ્ર મનથી કરાયેલ સ્મરણ, ચિંતન કે પાઠ પણ સમસ્ત આપત્તિઓનું નિવારણ કરનાર છે.

**સ્તોત્રમાં દાર્શનિકતા :**

આ સ્તોત્રમાં ભક્તિ અને દર્શનનો અપૂર્વ સમન્વય થયો છે. સામાન્યતઃ સ્તોત્રકાર ઈષ્ટદેવને પરમોત્તમ માની તેનું તાત્ત્વિક-સ્વરૂપ પણ નિરૂપે છે.

**સ્તોત્રમાં યાચનાભાવ :**

આ સ્તોત્રમાં પ્રાર્થના કે યાચનાનો અંશ હોય છે. આવી યાચના ભક્ત-હૃદયનું કરુણક્રંદન કે ક્વચિત્ કાકલુદીની પણ અનુભૂતિ થાય છે.

**સ્તોત્ર-પાઠનું ફળ :**

આ સ્તોત્રના અંતે સ્તોત્ર-પાઠનું ફળ બતાવ્યું છે, જેમ કે - 'આ સ્તોત્ર-માલિકા કંઠે ધારણ કરવાથી મોક્ષરૂપી લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે' એમ **સિદ્ધસેન દિવાકર 'ભક્તામર સ્તોત્ર'ના અંતે** (શ્લોક-૪૮) કહે છે. **જિનવલ્લભસૂરિ પણ પોતાના પાર્શ્વજિન સ્તોત્ર**નું ફળ દર્શાવતા કહે છે કે - 'આ સ્તોત્રનો આનંદપૂર્વક પાઠ કરનાર સંસાર-સમૃદ્ધિનો અનુભવ કરી મુક્તિરૂપી લક્ષ્મીને પામે છે.'

**સૂત્રનો ટૂંકસાર :**

ઉવસગ્ગહરં સ્તોત્રની રચના શ્રી ભદ્રબાહુ સ્વામીએ શ્રી સંઘમાં થયેલ મહામારીનો ઉપદ્રવ શાંત કરવા કરેલ, તે અંગેના પુરાવાઓ અને ગાથાઓ મળી આવેલ છે. શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સ્મરણ કરતાં આ સ્તોત્રના

અધ્યયનથી પુરુષોને પાંચ પ્રકારની પ્રાપ્તિ થાય છે - (૧) પુણ્ય, (૨) પાપક્ષય, (૩) પ્રીતિ, (૪) પદ્મા અને (૫) પ્રભુતા.

સ્તોત્રની પ્રથમ-ગાથામાં જેમની સમીપ રહેલા દેવો પાર્શ્વયક્ષ, ધરણેન્દ્ર, પદ્માવતી આદિ ઉપસર્ગોને દૂર કરનારાં છે, તેવા અને કર્મના સમૂહથી મુક્ત, દ્રવ્યવિષધર એમ બંને પ્રકારના વિષધરોના વિષને નાશ કરનારા, પરમ-મંગલ તથા પરમ-કલ્યાણમય શ્રી પાર્શ્વનાથ ભગવાનને વંદન કરવામાં આવેલ છે.

મંત્રની અપેક્ષાએ ભગવાનને કરવામાં આવેલ પ્રણામનું મહત્ત્વ સ્થાપિત કરતાં ત્રીજી-ગાથામાં વર્ણવેલ મંત્ર પ્રભાવશાળી છે એ વાત દૂર રાખીએ, તો પણ આપને શ્રદ્ધાપૂર્વક કરાયેલો નમસ્કાર પણ મહાન ફળ આપનારો છે. જેનાથી મનુષ્યગતિ અને તિર્યંચગતિમાં પણ જીવો - આત્માઓ દુઃખ તથા દુર્ગતિને પામતા નથી, જ્યારે ચોથી-ગાથામાં શ્રી પાર્શ્વનાથ-પ્રભુના સમ્યક્ત્વનો પરમ મંગલ મહિમા દર્શાવતાં ભૌતિક સુખો કરતાં પણ તેની અધિકતા વર્ણવી કહ્યું છે કે - 'ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષથી પણ અધિક ફળદાયી એવું પ્રભુનું સમ્યક્ત્વ પામવાથી જીવો કોઈ પણ વિઘ્ન-વિના અજરામર(મોક્ષ) સ્થાનને પામે છે.' સમ્યક્ત્વ એટલે સમ્યક્દર્શન પ્રાપ્ત થવાથી કાળક્રમે જીવને સમ્યગ્જ્ઞાન અને ત્યાર પછી સમ્યક્ચારિત્ર પ્રાપ્ત થાય છે. એ રીતે રત્નત્રયીના પરિણામે જીવ મોક્ષ પામે છે તેવો જૈનતત્ત્વ ચિંતનનો મુક્તિનો ખ્યાલ પણ આવે એ માટે અહીં ધ્વન્યાત્મક પરિભાષામાં વ્યક્ત થયો છે.

માત્ર પાંચ જ ગાથાનું આ નાનકડું સ્તોત્ર **મુનિશ્રી યશોવિજયજી કહે** છે તેમ - 'આ સ્તોત્ર મૂર્તિપૂજક સંપ્રદાયમાં મંદિરમાં જઈને નિત્યક્રમરૂપે ચૈત્યવંદનમાં નિશ્ચિત સ્થાન પામેલું છે.' લાખો જૈનો મંદિરમાં જઈને બોલે છે અને પોતાના ઘરમાં રહીને પણ ૧૦૮, ૨૧, ૭ વાર ગણનારા હજારો ભાવિકો છે. ભગવાન શ્રી પાર્શ્વનાથ ઉપરની હાર્દિક ભાવનાના કારણે તેમના સ્તોત્ર-સ્તુતિ ઉપર પણ એવો જ ભાવ સ્વાભાવિક રીતે જાગે જ, એટલે વિદ્યમાન વિવિધ અન્ય સ્તોત્રોમાં સહુથી વધુ વ્યક્તિઓ દ્વારા સહુથી વધુ સંખ્યામાં ગણાતું આ સ્તોત્ર હશે, એમ મારું માનવું છે.

પ્રાકતિ ભાષાના 'ઉવસગ્ગ' શબ્દનો અર્થ આપદા એવો થાય છે. આ પરથી જ સમજીએ તો પ્રસ્તુત સ્તોત્ર સર્વ પ્રકારની વિપત્તિ-મુશ્કેલી-આપદા હરણ કરનારું છે.

આ સ્તોત્રની ૫, ૬, ૭, ૮, ૯, ૧૩, ૧૭, ૨૧, ૨૭ સંખ્યા જેટલી ગાથાઓ દર્શાવવામાં આવે છે, પરંતુ તમામ ટીકાકારોએ બાબતમાં સહમત છે કે સ્તોત્ર પાંચ ગાથામાં રચાયું હતું, પરંતુ પાછળથી આરાધક ભક્તોએ આ ગાથાઓમાં પોતાના અનુભવો અનુસાર ઉમેરાઓ કર્યા હોય.

ઇષ્ટદેવ શુદ્ધભાવે નમસ્કાર કરવાથી દુર્ભાગ્ય દૂર ચાલ્યું જાય છે, એટલે વિઘ્નો નડતાં નથી, આપત્તિઓ સતાવતી નથી તથા મુશ્કેલીઓ કે મૂંઝવણો ગંતવ્યમાર્ગનો અવરોધ કરતી નથી અથવા તેનાથી હિત સધાય છે.

આર્યાવર્તમાં એક સમયે જેની પાસે મંત્રશક્તિ હોય, તેને મહાન માનવામાં આવતું. અને મંત્રો અને વિદ્યાઓની સંખ્યા સારા પ્રમાણમાં વધી હતી. જેનો સંગ્રહ દ્વાદશાંગીના દૃષ્ટિવાદ અંગના પૂર્વગત વિભાગમાં દશમા પૂર્વમાં હતો, પણ અન્ય પૂર્વોની જેમ સમય જતાં વિદ્યાપ્રવાહ લુપ્ત થયું. એમાંથી કેટલીક ઉદ્ધરેલી કૃતિઓમાં ઉવસગ્ગહરં સ્તોત્ર હોય તેમ માનવામાં આવે છે.

આ સ્તોત્રની પ્રથમ-ગાથા પરત્વે આઠ યંત્રો-જગદ્‌વલ્લભ યંત્ર, સૌભાગ્ય યંત્ર, લક્ષ્મીવૃદ્ધિ યંત્ર, ભૂતાદિનિગ્રહકર યંત્ર, જ્વરનિગ્રહકર યંત્ર, શાકિનીગ્રહકર યંત્ર, વિષમવિષનિગ્રહકર યંત્ર અને ક્ષુદ્રોપદ્રવ-નિર્નાશા યંત્રનું વિધાન છે.

બીજી ગાથાનો અર્થ આપતાં કહેવામાં આવ્યું છે કે - 'વિષધર ફુલિંગ મંત્રને જે મનુષ્યો કે માંત્રિકો નિરંતર કંઠમાં ધારણ કરે છે અથવા કંઠસ્થ કરી તેનું સ્મરણ કરે છે. તેના ગ્રહચાર, રોગ, મરકી આદિ ઉપદ્રવો તથા વિષમજ્વરો ઉપશાંતિને પામે છે.

વિષધર સ્ફુલિંગ મંત્ર - **'નમિઊણ પાસ વિસહર વસહ જિણ ફુલિંગ'** એવા અઢાર અક્ષરની વિશિષ્ટ રચનાવાળો છે. જે નાગરાજ ધરણેન્દ્ર શ્રી માનતુંગસૂરિને આપ્યાનો ઉલ્લેખ **પ્રભાવકચરિત્રના 'માનતુંગસૂરિપ્રબંધ'માં** જોવા મળે છે. આ મંત્રના બીજાક્ષરો તથા પલ્લવાદિ ઉમેરીને ચિંતામણિ મંત્ર, કુકકુટેશ્વર પાર્શ્વનાથનો મંત્ર, સર્વકામદા વિદ્યા વગેરે જેવા મંત્રો બનાવ્યા છે અને તેમનું જુદી જુદી રીતે અનુષ્ઠાન થાય છે.

ટૂંકમાં, કોઈ પણ આપદામાંથી મુક્તિ મેળવવાથી શ્રી પાર્શ્વનાથ-પ્રભુના નામનું રટણ કરવું એ સર્વશ્રેષ્ઠ ઉપાય છે.

તૃતીય-ગાથા પરત્વે વંધ્યાશબ્દાપહ, કાકવંધ્યાદોષ નિવારણ, બાલ-ગ્રહપીડા નિવારણ, સૌભાગ્ય(દ્વિતીય) યંત્ર અને બીજા વિવિધ યંત્રો હોવાની

સ્પષ્ટતા છે; જ્યારે ચતુર્થ-ગાથામાં સર્વ અર્થોનું સાધક લઘુદેવકુલ યંત્ર હોવાની નોંધ **શ્રી પૂર્ણચંદ્રાચાર્યકૃત 'અર્થકલ્પલતાવૃત્તિ'**માં દર્શાવેલ છે.

ઉપર પ્રમાણે ચાર ગાથાઓમાં દેવની સ્તુતિ કરવામાં આવી. હવે પાંચમી-ગાથામાં આ નમસ્કાર - પ્રાર્થનાના બદલામાં સાધક શું ઇચ્છે છે તે સ્પષ્ટ કરતાં કહેવાયું છે કે - 'મેં આપને આ પ્રમાણે ભક્તિથી ભરપૂર હૈયા વડે સ્તવ્યા છે, તેથી હે દેવાધિદેવ ! હે પાર્શ્વનાથ ! હે જિનચંદ્ર ! મને ભવોભવમાંથી બોધિ - સમ્યક્ત્વ આપજો. જૈન ધર્મની પ્રાપ્તિ આપજો.'

## પ્રત્યેક ગાથાની અર્થ-સંકલના :

**ગાથા-૧** : પ્રથમ-ગાથાનો અર્થ એ છે કે ઉપસર્ગોને દૂર કરનાર પાર્શ્વયક્ષ છે, જેને (જેની સેવા કરી રહ્યો છે) એવા, કર્મરૂપી મેઘોથી અથવા ઘાતી કર્મોથી રહિત, ઝેરી સર્પોના વિષનો સંપૂર્ણપણે નાશ કરનાર અને વિપત્તિઓનું ઉપશમન તથા સંપત્તિઓનો ઉત્કર્ષ કરનાર શ્રી પાર્શ્વનાથ ભગવંતને હું વંદન કરું છું.

**ગાથા-૨** : જે મનુષ્ય વિસહર ફુલિંગ મંત્રને સદાકાળ કંઠમાં ધારણ કરે છે, તેના કુપતિ ગ્રહો, રોગો, મરકી આદિ ઉપદ્રવો તથા દુષ્ટ એવા જ્વરો અથવા દુર્જનો ઉપશાંત થાય છે.

**ગાથા-૩** : મંત્રનો મહિમા તો એકબાજુ રહો, પરંતુ તમને કરેલા પ્રણામ પણ બહુ ફળદાયક છે. તેનાથી મનુષ્ય કે તિર્યંચ યોનિમાં પણ જીવો દુઃખ કે દારિદ્ર્યને પામતા નથી.

**ગાથા-૪** : ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષથી પણ અધિક એવું તમારું સમ્યક્ત્વ પ્રાપ્ત થવાથી જીવો અજરામર-સ્થાનને નિર્વિઘ્ને મેળવે છે.

**ગાથા-૫** : હે મહાયશસ્વી ! ભક્તિના સમૂહથી સંપૂર્ણ હૃદય વડે આ પ્રમાણે મેં તમને સ્તવ્યા, તેથી હે દેવ ! જિનચંદ્ર ! શ્રી પાર્શ્વનાથ ભગવંત ! ભવોભવ મને બોધિ (જિનધર્મ-પ્રાપ્તિ) આપો.

## સ્તોત્રમાં રહેલા વિશિષ્ટ શબ્દોનો ભાવાર્થ :

**પ્રણામ** : અહીં 'પ્રણામ' શબ્દ ઉપયોગમાં લેવાયો છે, જે સૂચક છે, 'પ્ર' ઉપસર્ગ પ્રકૃષ્ટ અર્થને જણાવે છે એટલે કે પ્રકૃષ્ટ કોટિના નમસ્કાર.

પ્રકૃષ્ટ નમસ્કાર એટલે - આ અપાર અને ઘોર સંસારસાગરમાં આમથી તેમ અથડાતા અનંતાનંત જીવો કે જે અનાદિકાળથી માર્ગદર્શકના સંયોગના અભાવે સંસારસાગરના તીરને પામી શકતા નથી અને જેમનાં વિવેક-

લોચનો મોહના યોગે બિડાઈ ગયાં છે, તેમને જો કોઈ સત્યમાર્ગ દર્શાવનાર હોય અને સંસારસાગરથી પાર ઉતારનાર હોય, તો તે શ્રી જિનેન્દ્ર ભગવંતો જ છે. નિખિલ વિશ્વમાં તેના સમાન કોઈ જ તારક નથી અને કોઈ જ શરણ નથી. તેમણે જે કંઈ પ્રરૂપ્યું છે, જે કંઈ દર્શાવ્યું છે જે કંઈ ઉપદેશ્યું છે, તે જ સત્ય છે, તે જ શંકા વિનાનું છે અને કલ્પાંતર પણ તેમાં પરિવર્તન થનાર નથી, આવી શ્રદ્ધાપૂર્વક, હું ધન્ય છું, કૃતપુણ્ય છું કે આ અપાર ભવસમુદ્રમાં મને ભગવંત શ્રી જિનેન્દ્રની વંદના કરવાને સુયોગ સાંપડ્યો !' આવા ભાવોલ્લાસથી તે પરમ નિસ્તારકને કરાયેલ નમસ્કાર તે પ્રકૃષ્ટ નમસ્કાર છે અને તે જ વાસ્તિવક પ્રણામ છે.

અહીં સમ્યક્ત્વની ચિંતામણિ તથા કલ્પવૃક્ષથી અધિકતા દર્શાવી તેનું ફળ નિર્વાણ છે તે સૂચવાયું છે અને તે નિર્વિઘ્ને મળે તે સ્પષ્ટ કરાયું છે.

સારાંશ એ છે કે હેયને (ત્યાગ કરવાલાયકને) હેય માનવી, જ્ઞેયને (જાણવાલાયકને) હેય માનવી, જ્ઞેયને (જાણવાલાયકને) જ્ઞેય માનવી અને ઉપાદેયને (આદરવાયોગ્યને) ઉપાદેય માનવી આનું નામ વિશિષ્ટ કોટિનું દર્શન સમ્યગ્દર્શન છે.

અરિહંત તે સુદેવ છે, પંચમહાવ્રતધારી સાધુ તે સુગુરુ છે અને રાગ-દ્વેષથી સર્વથારહિત શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપેલો ધર્મ તે સુધર્મ છે.

આ ત્રણ પ્રત્યેની શ્રદ્ધા એટલે કે સુદેવમાં સુદેવત્વબુદ્ધિ, સુગુરુમાં સુગુરુત્વબુદ્ધિ અને સુધર્મમાં સુધર્મત્વબુદ્ધિ તે સમ્યક્ત્વ કહેવાય છે.

આ ગાથામાં પરમેશ્વર શ્રી પાર્શ્વનાથ ભગવંતે ત્રણ વિશેષણોથી બિરદાવવામાં આવ્યા છે - (૧) મહાયશસ્વી, (૨) દેવ અને (૩) જિનચંદ્ર, મહાયશસ્વીનો અર્થ છે ત્રણે લોકમાં એટલે સ્વર્ગ, મૃત્યુ અને પાતાળલોકમાં જેનો યશ વ્યાપી ગયો છે તેવો.

એક દિશામાં ફેલાતી પ્રશંસાને કીર્તિ કહેવામાં આવે છે અને સર્વદિશામાં ફેલાતી પ્રશંસાને યશ કહેવામાં આવે છે.

અહીં 'યશ' શબ્દનો પ્રયોગ થયો છે એટલે સર્વદિગ્વ્યાપી પ્રશંસા એ અર્થ અભિપ્રેત છે.

અર્થાત્ ત્રણે ય લોકમાં અને ત્યાં પણ દશે ય દિશાઓમાં જે મહાભાગનો યશ, ફેલાઈ ચૂક્યો છે એવા.

'દેવ' શબ્દ સાહિત્યમાં સન્માનસૂચક શબ્દ તરીકે છે. જેઓ રાગ વગેરેથી આક્રાંત નથી, યોગ અને ક્ષેમને કરનારા છે અને સદા પ્રસન્નતાના

પાત્ર છે, તેમને મુનિઓ દેવ કહે છે. અહીં આ શબ્દ શ્રી પાર્શ્વનાથ સ્વામીના સંબોધન રૂપ છે. જિનચંદ્ર એટલે જિનોમાં ચંદ્ર. જિનોનો અર્થ છે સામાન્ય કેવળીઓ એટલે જેમને કેવળજ્ઞાન પ્રગટ થયું છે તેવા મહાત્માઓ. જિનશાસનરૂપી નભમાં ચમકતા સામાન્ય કેવળજ્ઞાનીરૂપી તારકોમાં ભગવાનની શ્રી તીર્થંકર પરમાત્મા ચંદ્રની જેમ ચમકી રહ્યા છે, માટે તેમને જિનચંદ્ર કહેવામાં આવ્યા છે.

આ ગાથામાં સ્તવના કરનાર, પ્રણિધાન એટલે કે પોતાના મનના અધ્યવ-સાય, ભાવના - પરમતારક પરમેશ્વર સમક્ષ રજૂ કરતાં કહે છે કે - **'દિજ્જ બોહિં'** બોધિ આપો. બોધિ એટલે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર અથવા તો અપ્રાપ્ત ઉચ્ચતર કક્ષાના જૈન ધર્મની પ્રાપ્તિ યા તો જિન ધર્મની પ્રાપ્તિ.''

ભક્ત-હૃદયને આ સ્તવના ફળ તરીકે કોઈ વસ્તુની ખેવના નથી. તેને માત્ર બોધિ જ જોઈએ છે અને તે બોધિ પણ તેને માત્ર એક જન્મમાં જ નથી જોઈતી પણ જનમોજનમ જોઈએ છે.

'બોધિ'નો અર્થ ભવાંતરમાં જિનધર્મની પ્રાપ્ત એવો એટલા માટે કરાયો છે કે જે આત્મા બોધિની યાચના કરવાની દશા સુધી પહોંચ્યો છે, તેને આ જન્મમાં તો બોધિ પ્રાપ્તિ થઈ જ હોવાનો સંભવ છે. તેથી હવે પછીના ભવોમાં આ પ્રાપ્ત થયેલી બોધિ ચાલી ન જાય તે માટેની તકેદારી રાખવાની છે અને તે માટે પરમેશ્વરને વિનવવાના છે.

ઉવસગ્ગહરં સ્તોત્ર દ્વારા શ્રી પાર્શ્વનાથ ભગવંત પાસે સંસારની કોઈ જ યાચના કરવાની નથી કે ભૌતિક પદાર્થોની કોઈ જ કામનાને હૃદયમાં સ્થાન આપવાનું નથી તે દર્શાવવા સ્તોત્રકાર મહર્ષિએ સ્વયં પોતે જ તે પરમતારક પાસેથી ભક્તહૃદયે જે વસ્તુની અપેક્ષા રાખવાની છે, તેને કહી બતાવવા દ્વારા એ વસ્તુ આડકતરી રીતે જણાવી છે કે તે પરમેશ્વર પાસે બોધિ સિવાયની કોઈ યાચના કરવી વાસ્તવિક નથી - ઉચિત નથી.

હા, આટલું નક્કી છે કે તે પરમેશ્વરની સ્તવના કરનારનાં સર્વ પ્રકારનાં અનિષ્ટો નાશ પામે છે, મન-ચિંતવ્યા પદાર્થો અને સંયોગો સ્વયંમેવ પ્રાપ્ત થાય છે. પરંતુ તે માટે તેમની સ્તવન કરવાની નથી. સ્તવના કરતી વેળા માત્ર એક જ લક્ષ રાખવાનું કે બોધિપ્રાપ્તિ કે જે મોક્ષપર્યંત લઈ જનાર છે. તે મને મળો અને તે માટે જ હું સ્તવના કરું છું.

**ઉપસંહાર :**

મંત્રોનું સ્મરણ એ સર્વકાલીન ન હતું, તે આપત્તિ-નિવારણ પૂરતું જ આવશ્યક મનાયું હતું અને તેથી તે કાળના સમર્થ ગીતાર્થ પુરુષોને શ્રી સંઘનાં કષ્ટોના નિવારણ માટે મંત્રો દ્વારા શાંતિ કરવાની વ્યવસ્થા તે તે કાળ પૂરતી કરી આપવી પડી હતી. જેનું સમર્થન 'લઘુશાંતિ'ની રચના પણ પૂરી પાડે છે.

આ સ્તોત્ર દ્વારા સ્તવનીય દેવાધિદેવ ભગવાન પુરુષદાનીય શ્રી પાર્શ્વનાથ છે. આ સ્તોત્રના પ્રણેતા ભદ્રબાહુ સ્વામી શ્રી ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન મહાવીરની પાટ પરંપરામાં થયેલા હતા. તેમણે શ્રમણ ભગવાન મહાવીરની સ્તવના દ્વારા સ્તોત્ર ન બનાવતાં પુરુષાદાનીય ભગવાન શ્રી પાર્શ્વનાથની સ્તવનાને જ આમાં કેમ સમાવિષ્ટ કરી ? એ શંકા થવી સ્વાભાવિક છે. પરંતુ તેનું સમાધાન એ જ હોઈ શકે કે ભગવાન શ્રી પાર્શ્વનાથ અન્ય તીર્થંકર ભગવંતો કરતાં નિરાળા, વિશિષ્ટ તથા ભવ્યત્વવાળા હતા તથા જેમના અધિષ્ટાયક દેવો અનેક હોય તેવા હતા. તેથી જ આ સ્તોત્ર દ્વારા તેમની સ્તવના કરવામાં આવી.

આ સ્તોત્ર ૧૮૫ અક્ષર પ્રમાણે છે.

*(સંયુક્ત અક્ષરને એક જ અક્ષર ગણવાનો છે)*

પહેલી-ગાથામાં ૩૭, બીજી-ગાથામાં ૩૮, ત્રીજીમાં ૩૭, ચોથીમાં ૩૫ અને પાંચમીમાં ૩૮ અક્ષરો છે, જે બધા ભેગા કરતાં ૧૮૫ થાય છે.

પ્રતિદિન સ્મરણ કરવાયોગ્ય સ્તોત્રો કે જેને નવસ્મરણ કહેવામાં આવે છે, તેમાં આ સ્તોત્રનું સ્થાન 'પંચમંગલમહાશ્રુતસ્કંધ સૂત્ર' એટલે શ્રી નમસ્કાર મહામંત્ર પછી તરત જ છે. આનું ઉત્કૃષ્ટ સ્થાન દર્શાવે છે.

નવસ્મરણોમાં શ્રી નમસ્કાર સૂત્ર તો અનાદિ છે, તે સિવાયનાં સર્વ સ્તોત્રોમાં રચનાકાળની દૃષ્ટિએ પણ ઉવસગ્ગહરં પ્રથમ છે.

રચયિતાની દૃષ્ટિએ પણ ઉવસગ્ગહરંના રચયિતા મહાજ્ઞાની, ચૌદપૂર્વધર અને સર્વ સ્તોત્રના રચયિતામાં પ્રથમ સ્થાને બિરાજમાન ભદ્રબાહુ સ્વામી છે.

શ્રમણ ભગવાન મહાવીરની પટ્ટપરંપરામાં સ્તોત્રકાર આચાર્યો જે કોઈ થયા તેમાં પણ સર્વપ્રથમ ભદ્રબાહુ સ્વામી જ હતા. તેમની પૂર્વ થયેલા પણ આચાર્ય ભગવંતે સ્તોત્રની રચના કર્યાનું જાણવામાં નથી.

ઉવસગ્ગહરં સ્તોત્રમાં ત્રણ પ્રકારના ભક્ત-આત્માઓ દર્શાવાયા છે અને તે ત્રણ પ્રકારના આત્માઓની કક્ષાનુસાર તેમને પ્રાપ્ત થતાં ફળ પણ દર્શાવાયાં છે. તેમાં સર્વ પ્રથમ કક્ષાના આત્મા (જઘન્ય) મનુજ દર્શાવ્યા છે કે જેઓ ભૌતિક આપત્તિઓના નિવારણને જ પ્રાધાન્ય આપે છે. સ્તોત્રકારે તેમને માટેનાં ફળો, ગ્રહ, રોગ, મારી અને દુષ્ટ જ્વરોનો નાશ ગણાવ્યાં છે, જે દર્શાવતી ગાથા **'વિસહર ફુલિંગ મંતં'** છે.

બીજી કક્ષાના આત્માઓ તરીકે પ્રણત આત્માઓ દર્શાવ્યા છે કે જે મધ્યમ કક્ષાના છે, તેમને પ્રાપ્ત થનારાં ફળો તરીકે **'બહુફલો'** - સ્વર્ગ આદિની સંપદાઓ, રાજ્ય, સુખ, સ્મૃદ્ધિ, દુઃખ માત્રનો નાશ દર્શાવ્યો છે, અને તે દર્શાવતી ગાથા **'ચિટ્ઠઉ દૂરે મંતો'** છે.

ત્રીજી કક્ષાના આત્માઓ તરીકે લબ્ધ સમ્યકૃત્વ આત્માઓ દર્શાવ્યા છે કે જે ઉત્તમ આત્માઓ છે. તેમને પ્રાપ્ત થનારાં ફળો તરીકે નિર્વિઘ્ને અજરામર-પદની પ્રાપ્તિ દર્શાવાઈ છે એટલે કે પરલોકમાં મોક્ષની પ્રાપ્તિ અને જ્યાં સુધી તે પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આ લોકમાં સુખ-સંપદાઓ તેને મળ્યા જ કરતી હોય છે તે બતાવ્યું છે.

આમ ત્રણે પ્રકારના આત્માઓ માટે આ સ્તોત્ર ફળદાયક છે અને સૌને પોતપોતાની કક્ષાનુસાર ફળો સાંપડે છે.

ઉવસગ્ગહરંની પ્રથમ-ગાથામાં 'મંગલ' તથા 'કલ્લાણ' અને ચોથી-ગાથામાં 'ચિંતામણિ' તથા 'કપ્પપાય' (કલ્પપાદપ) એમ ચાર શબ્દો વપરાયા છે, તે ચારે નામના પાર્શ્વનાથ સ્વામીની મૂર્તિઓ સાંપડે જ છે. પરંતુ તે ચારે ય નામની શ્રી પાર્શ્વનાથ સ્વામીની મૂર્તિઓ એક જ સ્થળે સાંપડતી હોય તેવું પણ જાણવા મળ્યું છે.

હજારો પાનાં ભરીને આ સ્તોત્રનું વિવેચન થઈ શકે એવું મહત્ત્વપૂર્ણ અને માહાત્મ્યવાળું છે, પણ પેજની મર્યાદા સાચવીને અત્રે સારાંશ પ્રસ્તુત કર્યો છે.

આજે પણ અંતરાયો-વિઘ્નો દૂર કરવા માટે રોજ એકવાર, સાતવાર કે સત્તાવીસવાર ઉવસગ્ગહરં સ્તોત્રનો પાઠ કરનારા ભાવિકો - મુનિ ભગવંતો જોવા મળે છે.

# શ્રી ઉવસગ્ગહરં શ્રુત એવોર્ડમાં ભાગ લેનાર અભ્યાસુઓ...

- શ્રીમતી નિર્મળાબહેન દોશી
- શ્રીમતી વિપાણી - રાજકોટ
- શ્રી હર્ષદરાય મહેતા
- શ્રીમતી જયશ્રી શાહ
- શ્રી ડો. કે. આર. શાહ
- શ્રીમતી પારુલ પરીખ
- પૂ. શ્રી અરુણ વિજયજી મ. સા.
- પૂ. શ્રી પ્રવર્તક મૃગેન્દ્ર વિજયજી મ. સા.
- ડૉ. રેખા વોરા
- શ્રીમતી સરયુબહેન મહેતા
- શ્રીમતી અનસૂયા શાહ
- ડો. શોભના શાહ - અમદાવાદ
- શ્રીમતી જયોતિ ખીમાણી - ચેન્નઈ
- ડો. અરુણ જોષી
- શ્રી ગોવિંદજી લોડાયા
- શ્રીમતી અનસૂયા મીઠાણી
- શ્રીમતી ચંપાબહેન સંઘવી
- કુ. કૃપાલી દોશી
- શ્રીમતી ડીંપલ શાહ
- શ્રીમતી ધીરજબહેન બાટવિયા
- શ્રીમતી સ્મિતા સંઘવી
- શ્રીમતી ભારતીબહેન મહેતા
- ડૉ. કલાબહેન શાહ
- ડૉ. કવિન શાહ
- શ્રીમતી પાયલ શાહ
- શ્રી પ્રફૂલ દોશી
- શ્રી પ્રવીણચંદ્ર ગોડા- રાજકોટ
- ડૉ. ભાનુમતી શાહ
- શ્રી મહેન્દ્રભાઈ રાંભિયા
- શ્રી ડૉ. નિરંજના વોરા
- ડો. છાયાબહેન શાહ
- શ્રી પ્રવીણભાઈ શાહ
- કુ. અમીબહેન શાહ - બેંગ્લોર
- શ્રીમતી મીનાબહેન કાપડિયા
- શ્રી મનોજ જૈન - ગાંધીનગર
- શ્રીમતી જલ્પા કપાસી - વડોદરા
- શ્રી નગીનભાઈ કપાસી
- ડૉ. રેણુકા પોરવાલ
- શ્રીમતી ચેતના શેઠ
- ગીતાબહેન શાહ રમેશભાઈ શાહ
- સુરેશ પારેખ

# શ્રી સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ
# જૈન ફિલૉસૉફિકલ ઍન્ડ લિટરરી
# રીસર્ચ સેન્ટર

ઘાટકોપર, મુંબઈ-૮૬

## સેન્ટરની કાયમી યોજનાના દાતાઓ

- માનવમિત્ર ટ્રસ્ટ, સાયન
- મુનિ સંતબાલજી પ્રેરિત -
  વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ, મુંબઈ-ચીંચણી
- ઉવસગ્ગહરં સાધન ટ્રસ્ટ પારસધામ - મુંબઈ - ઘાટકોપર

## સેન્ટરના પેટ્રન્સ

- શ્રી અખિલ ભારતીય સ્થાનકવાસી
  જૈન કૉન્ફરન્સ, મુંબઈ
- ધ્રાંગધ્રા નિવાસી હાલ - ઘાટકોપર
  શ્રી મનસુખલાલ અમૃતલાલ સંઘવી

## અર્હમ સ્પીરીચ્યુઅલ સેંટર સંચાલિત

## સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન ફિલૉસૉફિકલ ઍન્ડ લિટરરી રીસર્ચ સેન્ટર

સૌરાષ્ટ્રકેસરી પૂ. પ્રાણલાલજી મહારાજ સાહેબની શ્રુતપ્રભાવના વિશિષ્ટ હતી. શાસ્ત્રગ્રંથોનું પરિશીલન, તાડપત્રીય ગ્રંથોનો સંગ્રહ અને જાળવણી, શાસ્ત્રભંડારો અને પાઠશાળાની સ્થાપનામાં એમનું અનેરું યોગદાન હતું.

આ સંદર્ભના પરિપ્રેક્ષ્યમાં અધ્યાત્મયોગિની પૂ. લલિતાબાઈ મ.સા.નાં વિદ્વાન શિષ્યા પૂ. ડૉ. તરુલતાજીની પ્રેરણાથી 'સૌરાષ્ટ્રકેસરી પૂ. પ્રાણગુરુ જન્મ શતાબ્દી સમિતિ' મુંબઈના સહયોગથી ગુરુદેવની સ્મૃતિ ચિરંજીવ રાખવા પૂજ્યશ્રીની જન્મ શતાબ્દી પ્રસંગે સંસ્થાએ 'સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન ફિલૉસૉફિકલ ઍન્ડ લિટરરી રીસર્ચ સેન્ટર'ની સ્થાપના કરી છે. સેન્ટરના ઉદ્દેશ આ પ્રમાણે છે:

- જૈન તત્ત્વજ્ઞાન અને સાહિત્યનું અધ્યયન, સંશોધન, સંપાદન અને પ્રકાશન કરવું.
- સંસ્કૃતિ, ધર્મ અને અધ્યાત્મના સાહિત્યનું પ્રકાશન કરવું.
- જૈન ધર્મનાં તત્ત્વોની વૈજ્ઞાનિક રીતે રજૂઆત કરવી.
- પ્રાચીન હસ્તલિખિત અને તાડપત્રીય ગ્રંથોનું સંશોધન અને પુસ્તકાલયની પ્રવૃત્તિ કરવી.
- જૈન ધર્મને કેન્દ્રમાં રાખી માનવ ધર્મની પ્રવૃત્તિનો વિકાસ કરવો.
- જૈન સાહિત્યનાં અધ્યયન અને સંશોધનનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ (સ્કોલરશિપ) આપવી.
- જૈન સાહિત્ય જ્ઞાનસત્રનું આયોજન કરવું
- વિદ્વાનો અને સંતોનાં પ્રવચનોનું આયોજન કરવું.
- ધર્મ અને સંસ્કારનાં વિકાસ અને સંવર્ધન થાય તેવી શિબિર અને અન્ય કાર્યક્રમોનું આયોજન કરવું. સંસ્કારલક્ષી, સત્ત્વશીલ અને શિષ્ટ સાહિત્યનું પ્રકાશન કરવું.
- અભ્યાસ નિબંધ વાચન (Paper Reading), લિપિ વાચન અને પ્રાચીન જૈન ગ્રંથો- (Old Jain Manuscript)નું વાચન.
- જૈન ધર્મ પર સંશોધન M.A., Ph.D, M.Phil કરનારાં જિજ્ઞાસુ, શ્રાવક, સંત-સતીજીઓને સહયોગ અને સંશોધિત સાહિત્યનું પ્રકાશન.
- જૈન પ્રાચીન ગ્રંથો, ચિત્રો, શિલ્પ, સ્થાપત્યના ફોટાઓ વગેરેની સી.ડી. તૈયાર કરાવવી.
- દેશ-વિદેશમાં જૈન ધર્મ પર પરિસંવાદ, પ્રવચન-આયોજન, ઈન્ટરનેટ પર 'વેબસાઈટ' દ્વારા જૈન તત્ત્વજ્ઞાન અને સાહિત્ય વિષયક માહિતીનો પ્રચાર કરવો.

આપના સહયોગની અપેક્ષા સાથે -

**માનદ્ સંયોજક : ગુણવંત બરવાળિયા**

**સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રીસર્ચ સેન્ટર**

અર્હમ સ્પિરીચ્યુઅલ સેન્ટર, એચ નં. ૨૩૧, શાસ્ત્રીનગર, બુદ્ધ મંદિર સામે, પંતનગર, ઘાટકોપર, મુંબઈ-૪૦૦૦૭૫ ફોન : ૨૫૦૧૦૬૫૮

## સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રીસર્ચ સેન્ટર : ઘાટકોપર - મુંબઈ.

### સેન્ટરના પ્રકાશનો

- **ઉપદેશમાલા બાલાવ બોધ - ઉત્તરાર્ધ - પૂર્વાર્ધ**
- **અહિંસા મીમાંસા** - Comentry on non-violence
- **જીવન રેખા** (પૂ.પ્રાણગુરુનું જીવન ચરિત્ર)
- **શાશ્વતીની સાધના** - જયંત કથા કળશ
- **અરિહંત વંદનાવલી** - કામધેનુ
- **હું આત્મા છું ભાગ-૧-૨** (આત્મસિદ્ધિ શાસ્ત્ર પરનાં પ્રવચનો)
- **વિનોદ ચોત્રીસી** - અનુભવધારા - જૈન વ્રત તપ
- **જ્ઞાનધારા ભાગ - ૧ થી ૫** (જૈન સાહિત્ય જ્ઞાનસત્રના નિબંધો)
- **જ્યોતિર્ધરની જીવન ગાથા** (વીરચંદ રાઘવજી ગાંધીનું જીવન)
- **ઉત્તમ શ્રાવકો** - જૈન ભક્તિ સાહિત્ય
- **જૈન જ્ઞાન સરિતા** - ચૌવીશી સ્વરૂપ અને સાહિત્ય
- **તત્ત્વાભિનય** - જૈન ધર્મ (પરિચય પુસ્તિકા)
- Introduction of jainisim - જ્ઞાનસાધના અને સરસ્વતી વંદના
- **સર્વધર્મ દર્શન** - સંકલ્પસિદ્ધિનાં સોપાન (જૈનકથા)
- **અન્ય - મૃત્યુનું સ્મરણ - વાત્સલ્યનું અમીઝરણું - અધ્યાત્મ આત્મા**

### અન્ય પ્રાપ્તિસ્થાન

નવભારત સાહિત્ય મંદિર : પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨

સરસ્વતી પુસ્તક ભંડાર : રતનપોળ, હાથીખાના, અમદાવાદ-૧

પાર્શ્વ પ્રકાશન : નિશાપોળના નાકે, રિલીફ રોડ, અમદાવાદ-૧

પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.. પ્રેરિત ''પાવનધામ'' મહાવીરનગર - કાંદિવલી




# પાવનધામ - કાંદિવલી

- જ્યાં ધર્મપંથ કે સંપ્રદાયના બંધન વગર દરેક ધર્મના ભાવિકો માટે સાધના - આરાધનાનું પાવન સ્થાન સર્જાશે.
- જે માત્ર જૈનો કે સ્થાનકવાસી સંપ્રદાય માટેનું ધર્મ સ્થાનક ન રહેતાં, **''સર્વ ધર્મ સમભાવ''** સમાદરનું સદ્ભાવ પ્રતિક રૂપ સાધના સંકુલ બનશે.
- જ્યાં હિંદુ, જૈન, બૌધ્ધ, વૈષ્ણવ, સર્વધર્મની આરાધના કરનારા લોકો આવી શકશે અને સર્વ ધર્મના પ્રતિકો મૂકવામાં આવશે.
- જ્યાં સદ્ગુરુદેવની સાધના શક્તિથી સમૃધ્ધ પોઝીટીવ વાઈબ્રેશન્સ્ હશે... જે વ્યક્તિની નેગેટીવીટી દૂર કરી વ્યક્તિને પોઝીટીવ બનાવવા માટે સક્ષમ હશે...

**આ પાવનધામનું ભૂમિદાન વૈષ્ણવ પરિવાર અને ઈસ્કોન ટેમ્પલનાં ટ્રસ્ટીશ્રીએ પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.ને ગુરુભક્તિ ભાવે અર્પણ કરેલ છે.**